સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 14

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ચૈત્ર સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

રવિવાર, ૬ એપ્રિલ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આજે રામનવમીઃ દેશભરમાં હાઈ અલર્ટ

## ગુજરાત, યુપી, મહારાષ્ટ્ર, બંગાળ સહિતનાં રાજ્યોમાં શોભાયાત્રા વખતે ચાંપતો પોલીસ બંદોબસ્ત

અયોધ્યા / કોલકાતા / નવી દિલ્હીઃ દેશભરમાં છઠ્ઠી એપ્રિલ, રવિવારે રામનવમીની ઉજવણી કરવા એક બાજુ મોટા પાયે તૈયારી થઇ રહી છે, જ્યારે બીજી બાજુ અનેક સંવેદનશીલ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાના સંદર્ભે હાઇ અલર્ટ જાહેર કરાઇ છે. સંસદનાં બન્ને ગૃહ (લોકસભા અને રાજ્યસભા)માં ચાલુ સપ્તાહે જ પસાર કરાયેલા સુધારિત વકફ ખરડાના સંદર્ભે અમુક લોકો જનતાને ગેરમાર્ગે દોરીને તંગદિલી ઊભી કરવા પ્રયાસ કરી રહ્યા હોવાથી આ વખતે રામનવમી નિમિત્તે સલામતી વ્યવસ્થા વધારાઇ છે અને તે દિવસે નીકળનારી શોભાયાત્રાને વધુ સુરક્ષા પૂરી પાડવાનો નિર્ણય લેવાયો છે.

ગુજરાત, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ સહિતનાં અનેક રાજ્યોમાં પોલીસ અને અન્ય સુરક્ષા દળોને કોઇ પણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા તૈયાર રહેવા આદેશ અપાયો છે.

અમદાવાદમાં ઓછામાં ઓછી ૨૩ શોભાયાત્રા અને તેને સંબંધિત કાર્યક્રમો માટે પોલીસની પરવાનગી મગાઇ છે. શોભાયાત્રામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અને રાજ્ય અનામત પોલીસની ટુકડી યાત્રામાં સાથે રહેશે.

રામનવમીએ ઉત્તર પ્રદેશના ૪૨ જિલ્લામાં હાઇ અલર્ટ જાહેર કરાયું છે. અયોધ્યા,

(જુઓ પાનું ૨) ▸▸

## અયોધ્યામાં રામનવમીની ઉજવણીની તડામાર તૈયારી

અયોધ્યા (ઉત્તર પ્રદેશ ) : અયોધ્યામાં રામમંદિરમાં રામનવમીની ઉજવણીની તડામાર તૈયારી કરાઈ છે. રામમંદિરની મુલાકાતે આવી રહેલા શ્રદ્ધાળુને ટોચની પ્રાથમિકતા આપવાનું, ભીષણ ગરમીને લીધે શ્રદ્ધાળુને ઓરલ રીહાઈડ્રેશન (ઓઆરએસ) સોલ્યુશન આપવાની અને ટ્રાફિકની વ્યવસ્થા સત્તાવાળાઓ તરફથી કરવામાં આવી છે.

રામનવમી નિમિત્તે ઉત્તર પ્રદેશ સરકાર રામભગવાનની જન્મભૂમિ અયોધ્યામાં બે લાખ દીવા પ્રગટાવશે.

અયોધ્યા રેન્જના આઈજી પ્રવીણ કુમારે કહ્યું હતું કે ઉજવણી માટે અયોધ્યાને વિવિધ ઝેન અને સેક્ટરમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ભારે વાહનોને પૂર્વાંચલ એક્સપ્રેસવેથી વાળવામાં આવશે જેથી શ્રદ્ધાળુને તકલીફ ન થાય. મહાકુંભની જેમ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. પીએસી અને સિવિલ પોલીસ સહિત અર્ધલશ્કરી દળોને સુરક્ષા માટે તહેનાત કરવામાં આવ્યાં છે. સરયુ નદીની આસપાસ એનડીઆરએફ, એસડીઆરએફ અને વોટર પોલીસને સાબદી કરાઈ છે.

સવારના નવ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીના ધસારાના સમયે રામમંદિરમાં પ્રવેશવા અપાયેલા ખાસ પાસ રદ કરવામાં આવ્યા છે. નિયમિત શ્રદ્ધાળુને પ્રાથમિકતા આપવામાં આવશે.

અયોધ્યા ડિવિઝનલ કમિશનર ગૌરવ દયાલે કહ્યું હતું કે રામનવમી તહેવાર માટે અયોધ્યા આવી રહેલા ભાવિકોના નિર્વિઘ્ન દર્શન તેમ જ યાત્રા માટે બધી વ્યવસ્થા કરવામાં આવી છે. ભાવિકોને કોઈ મુશ્કેલી ન નડે એ માટે બધી તૈયારી કરવામાં આવી છે. રામમંદિર અને હનુમાન ગઢી સહિતના અગત્યનાં સ્થળોએ ભાવિકોને કાળઝાળ

(જુઓ પાનું ૨) ▸▸

## શ્રીલંકાના સર્વોચ્ચ 'મિત્ર વિભૂષણ' એવોર્ડથી મોદીનું સન્માન



સન્માનઃ શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમારા દિસાનાયકેએ શનિવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા પદવીદાન સમારોહમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને શ્રીલંકાના સર્વોચ્ચ ગણાતા 'મિત્ર વિભૂષણ' એવોર્ડથી નવાજ્યા હતા. (એજન્સી)

નવી દિલ્હીઃ શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમારા દિસાનાયકેએ શનિવારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને શ્રીલંકાના સર્વોચ્ચ ગણાતા 'મિત્ર વિભૂષણ' એવૉર્ડથી નવાજ્યા હતા

ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનાવવા ભજવેલી ભૂમિકા બદલ મોદીને આ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૮માં શ્રીલંકાના તત્કાલીન પ્રમુખ મહિન્દા રાજાપક્સેએ આ એવૉર્ડની શરૂઆત કરી હતી.

અગાઉ માલ્દીવ્સના પ્રમુખ મૌમૂન (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં મોંઘવારી વધી

### જરૂરી આયાતી ચીજો ખરીદવા પડાપડી

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વિવિધ દેશમાંથી આયાત કરાતી અનેક ચીજો પરના ટૅરિફમાં વધારો કર્યો હોવાથી તેના ભાવમાં ભારે વધારો થયો છે અને અમેરિકાના લોકો પોતાની જરૂરિયાતની આયાતી ચીજો ખરીદવા માટે ભારે ધસારો કરી રહ્યા છે.

દાખલા તરીકે અમેરિકાના ટેક્સાસના ઓસ્ટિનના જૉન ગટિરેઝને પોતાના ફોટોગ્રાફીના કામ માટે ઝડપી પ્રોસેસર અને વધુ સ્ટૉરેજવાળું તાઇવાનની બ્રાન્ડનું લૅપટૉપ ખરીદવું હતું, પરંતુ ટ્રમ્પે તેના પર ૩૨ ટકા આયાત જકાત નાખી દેતા હવે તે ઘણું મોંઘું થઇ ગયું છે.

જૉન ગટિરેઝે જણાવ્યું હતું કે અમેરિકામાં આયાત કરાતી મોટા ભાગની ચીજોના ભાવ વધી ગયા છે.

અમેરિકાના અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી હતી કે અમેરિકામાં અસંખ્ય ચીજોના ભાવ વધી ગયા હોવાથી દેશનો આર્થિક વિકાસ નબળો પડશે.

દરમિયાન, વાઇટ હાઉસ દાવો કરે છે કે ટ્રમ્પે આયાત કરાતી ચીજો પર નાખેલા વધારાના ટૅરિફને લીધે

(જુઓ પાનું ૨) ▸▸

## ઈરાન આર્થિક સંકટમાંઃ એક ડૉલરના દસ લાખ રિયાલ

તહેરાનઃ અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રવર્તી રહેલી તણાવપૂર્ણ સ્થિતિને કારણે ડૉલરની સરખામણીએ રિયાલનું મૂલ્ય શનિવારે નિમ્ન સ્તરે પહોંચ્યુ હતું. એક ડૉલર બરાબર દસ લાખ રિયાલના દરે શનિવારે ટ્રેડિંગ થયું હતું. રિયાલનું મૂલ્ય હજુ વધુ નીચે જવાની સંભાવના છે.

પર્શિયન ન્યૂ યર એટલે કે નવરોઝ નિમિત્તે ઈરાનની રાજધાની તહેરાનમાં એક્સચેન્જ રેટ વધુ ઘટીને ૧૦,૪૩,૦૦૦ રિયાલ બરાબર એક ડૉલર જેટલો થઈ ગયો હતો. રિયાલનું મૂલ્ય હજુ કેટલું ઘટશે એવી અચોક્કસતા વચ્ચે કરન્સી એક્સચેન્જના અમુક ટ્રેડરોએ એક્સચેન્જ રેટ દર્શાવતા ઈલેક્ટ્રોનિક ઉપકરણો બંધ કરી દીધાં હતાં. ખાસ કરીને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ઈરાન સાથેના (જુઓ પાનું ૨) ▸▸

## ભારત-શ્રીલંકા વચ્ચે સંરક્ષણ સહકાર કરાર થયા


કોલંબો : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમાર દિસાનાયકે વચ્ચેની મંત્રણાના પગલે બન્ને દેશોએ પહેલી વાર મહત્ત્વાંકાક્ષી સંરક્ષણ સહકાર કરાર પર સહીસિક્કા કર્યા છે. મોદીએ દ્વિપક્ષીય સહકારની વ્યાપક રૂપરેખા સમજાવતા કહ્યું હતું કે બન્ને દેશોની સલામતી સંકળાયેલી છે અને એકબીજા પર અવલંબન રાખે છે.

બન્ને નેતાઓની વ્યાપક વાતચીતને પગલે સાત ચાવીરૂપ કરારો કરવામાં આવ્યા છે. આમાં સંરક્ષણ કરારનો સમાવેશ થાય છે. ભારતના શાંતિરક્ષક દળની દરમિયાનગીરીના ચાર દાયકા પછી વ્યૂહાત્મક નાતાને મોટું પ્રોત્સાહન સંરક્ષણ કરાર (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પે ટિકટોકને અમેરિકામાં વધુ ૭૫ દિવસની મુદત આપી

વૅસ્ટ પામ બિચ (યુએસ): ટિકટોક સોશિયલ મીડિયા પ્લેટફૉર્મને અમેરિકાની માલિકી હેઠળ લાવવા માટે વહીવટીતંત્રને વધુ સમય ફાળવવા ટિકટોકને અમેરિકામાં ૭૫ દિવસની મુદત લંબાવી આપતા એક્ઝિક્યૂટિવ ઑર્ડર પર સહી કરી હોવાનું અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટિકટોકને ૧૯ જાન્યુઆરી સુધીમાં ચીન પાસેથી ખરીદી લેવા અથવા અમેરિકામાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવે એવો અમેરિકી કૉંગ્રેસનો મત હતો, પરંતુ ટિકટોક અમેરિકામાં ચાલુ રહે તે માટેના કરાર અંગે વાટાઘાટ કરવા ટ્રમ્પે એકપક્ષી નિર્ણય લઈ મુદત લંબાવી આપવાનો નિર્ણય લીધો હતો. લોકપ્રિય સોશિયલ મીડિયા સાઈટ ટિકટોકનો હિસ્સો ખરીદવા અમેરિકાના બિઝનેસમેનો તરફથી અનેક પ્રસ્તાવ આવ્યા હતા, પરંતુ ટિકટોકની માલિકી ધરાવતી ચીનની બાઈટડાન્સે ભારપૂર્વક કહ્યું હતું કે ટિકટોક વેચાણ માટે નથી.

ટિકટોકને અમેરિકામાં જાળવી રાખવા અમારું વહીવટીતંત્ર સખત પરિશ્રમ કરી રહ્યું છે અને તેમાં અમે સારી એવી પ્રગતિ કરી છે. તમામ જરૂરી મંજૂરી પર સહી થાય તે માટે વધુ સમયની જરૂર હોવાને કારણે જ મેં આ એક્ઝિક્યૂટિવ ઑર્ડર પર સહી કરી છે, એમ ટ્રમ્પે કહ્યું હતું. (એજન્સી) ■



**હિમચાદરઃ** ચારધામ યાત્રાના આરંભની તૈયારી ચાલી રહી છે ત્યારે ઉત્તરાખંડના પ્રયાગરાજ જિલ્લામાં કેદારનાથ મંદિરની આસપાસના વિસ્તારમાં હિમચાદર પથરાયેલી જોવા મળી રહી છે. (એજન્સી)

## નક્સલવાદીઓ શસ્ત્રો છોડે અને વિકાસમાં ભાગીદાર બનેઃ અમિત શાહ

દાંતેવાડાઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે નક્સલવાદીઓ છત્તીસગઢના બસ્તર વિસ્તારમાં આદિવાસીઓનો વિકાસ રોકી નહિ શકે. નક્સલવાદીઓએ હથિયારો હેઠાં મૂકીને આ વિસ્તારની વિકાસયાત્રામાં ભાગીદાર બનવું જોઇએ.

તેમણે બસ્તરમાં એક મહોત્સવ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમના સમાપન સમારંભને સંબોધતા જણાવ્યું હતું કે મોદી સરકાર નક્સલવાદના દૂષણને ૨૦૨૬ના માર્ચ સુધીમાં નાબૂદ કરવા કટિબદ્ધ છે.

અમિત શાહે જણાવ્યું હતું કે જે નક્સલવાદીઓ શરણે આવશે, તેઓને સમાજની મુખ્યધારામાં સમાવી લેવાશે, જ્યારે બાકીના નક્સલવાદીઓને સુરક્ષા દળો 'જોઇ લેશે'. બસ્તરમાં ગોળીબાર ન થતો હોય અને બૉમ્બ ફેંકાતા ન હોય, એવા દિવસો હવે દૂર નથી. હું નક્સલવાદીઓને શસ્ત્રો હેઠાં મૂકીને આદિવાસી ભાઇઓ અને બહેનોની સાથે વિકાસયાત્રામાં જોડાવા આમંત્રણ આપું છું.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે શરણે આવનારા ઉગ્રતાવાદીઓને કેન્દ્ર અને રાજ્ય સરકાર પૂરું રક્ષણ આપશે.

બસ્તરનો છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન વિકાસ નહોતો થયો, પરંતુ મોદી સરકાર હવે તેનો ઝડપી વિકાસ કરાવવા માગે છે.

અહીંના રહેવાસીઓને આરોગ્ય અને તેઓનાં બાળકોને શાળાઓની સારી સુવિધા આપવા સરકાર કટિબદ્ધ છે. દરેક લોકોને આધાર કાર્ડ, રેશન કાર્ડ અને આરોગ્ય વીમાની સુવિધા અપાશે.

તેમણે જણાવ્યું હતું કે જે નક્સલવાદીઓને ખબર છે કે ઝડપી વિકાસ માટે આઇઇડી અને ગ્રેનેડ નહિ, પણ કમ્પ્યૂટર અને પેન જરૂરી છે, તેઓ હથિયારો હેઠાં મૂકી રહ્યા છે.

૨૦૨૫માં અત્યાર સુધીમાં કુલ ૫૨૧ નક્સલવાદીઓએ હથિયાર હેઠાં મૂક્યાં છે, જ્યારે ૨૦૨૪માં ૮૮૧ નક્સલવાદીઓ શરણે આવ્યા હતા. (એજન્સી) ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૬–૪–૨૦૨૫ થી તા. ૧૨–૪–૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કર્ક રાશિમાં સ્થિર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી બુધ મીન રાશિમાં તા. ૭મીએ માર્ગી થાય છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં વક્રીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કર્ક રાશિમાં રહે છે. તા. ૮મીએ સિંહ રાશિમાં, તા. ૧૦મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વેપારમાં તેજી–મંદી બંને તરફ સાવચેતી રાખવી જરૂરી છે. બેધ્યાનપણું દાખવવું નહીં. ગ્રહયોગો વેપાર માટે લાભદાયી નથી. નોકરીમાં તા. ૭, ૧૧, ૧૨ શુભ છે. નવા કામકાજમાં અનુકૂળતા રહેશે. મિલકતની પ્રવૃત્તિઓ તા. ૭, ૮મીએ સફળ થશે. નાણાં આવકના સાધનો મેળવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સદસ્યોનો પ્રાસંગિક જવાબદારીમાં પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનના કામકાજમાં નિયમિતતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વેપારમાં લાભ મેળવશો. આત્મવિશ્વાસ, કાર્યદક્ષતા, અનુભવ ઉપયોગી થશે. નોકરીમાં વ્યક્તિગત પ્રભાવ વધશે. તા. ૭, ૧૦, ૧૧ના નિર્ણયો શુભ પુરવાર થશે. મુસાફરી સફળ બની રહેશે. અર્થવ્યવસ્થા વધુ સફળ બની રહેશે. મહિલાઓને કુટુંબના મતભેદોમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસની તકો પ્રાપ્ત કરશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરી માટે તા. ૮, ૯ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં યશસ્વી બનશો. માનપાન વધશે. કુટુંબના સભ્યોમાં આર્થિક વ્યવહારો પૂર્ણ થશે. મતભેદો દૂર થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓના અધ્યયનના નિર્ણયો સફળ બની રહેશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ દઢ બનશે. વ્યાપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૭, ૧૧, ૧૨ શુભ પુરવાર થશે. નોકરી અર્થે પ્રવાસ સફળ બની રહેશે કુટુંબના કારોબારમાં યશસ્વી અનુભવ થાય. કુટુંબના સભ્યોની પ્રગતિ અનુભવશો. મહિલાઓને પ્રાસંગિક જવાબદારી, તીર્થપ્રવાસમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ રહેશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. તા. ૬, ૭, ૧૨ નોકરી માટે અનુકૂળ બની રહેશે. નોકરીના સહકાર્યકરોમાં યશ મેળવશો. વ્યવસ્થા, કાર્યદક્ષતા, નિર્ણય શક્તિ અને અનુભવને પૂર્ણપણે કારોબારમાં ઉપયોગમાં લેવા માટે ગ્રહગોચરફળ શુભ જણાય છે. નાણાંના આવકનાં સાધનો વધુ પ્રબળ બનશે. મહિલાઓના આ સપ્તાહના કુટુંબના કામકાજ એકંદરે શુભ પુરવાર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયનની તક પ્રાપ્ત થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં પરિવર્તનો આવે તેમ છે. નોકરીના મિત્રો સાથેના વ્યવહારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૭, ૧૦, ૧૧મીએ કાર્યક્ષેત્રે યશસ્વી અનુભવ થાય. ભાગીદારના સંબંધમાં સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસમાં સફળતા મેળવશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ થતો જણાશે. નોકરી માટે તા. ૬, ૭, ૧૦ શુભ જણાય છે. નોકરીમાં સહકાર્યકરોમાં સંપ અનુભવશો. અનારોગ્યમાં ઝડપી સુધારો થશે. પ્રવાસ દ્વારા કામકાજનાં અધૂરાં કાર્યો પૂર્ણ થશે. નાણાં ઉઘરાણીનાં કામકાજમાં સફળતા મેળવશો. વેપાર વધશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબ જીવનનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓને અધ્યયનની મૂંઝવણમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર અને રોકાણની પ્રવૃત્તિઓમાં અનુકૂળતા અનુભવશો. નોકરી માટે તા. ૮, ૯, ૧૦ શુભ જણાય છે. કુટુંબના સભ્યો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. કુટુંબના સભ્યોમાં મતભેદો દૂર થશે. પ્રવાસ દ્વારા કારોબારના અધૂરા કામકાજ પૂર્ણ કરશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબ જીવનનો યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસ માટે જરૂરી સાધન સામગ્રી પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કાર્યદક્ષતા, કાર્યક્ષમતા અનુભવનો ઉપયોગ સફળતાથી કરી શકશો. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૨ શુભ જણાય છે. નોકરીના મિત્રો અને ઉપરી અધિકારીમાં પ્રિય થશો. કારોબારમાં પ્રગતિ જણાશે. વાહનનો નિર્ણય લઈ શકશો. વાહનના તથા મિલકતના કારોબારમાં પ્રગતિ થશે. મહિલાઓને પરિવારના વૈચારિક મતભેદમાં ઉકેલ જણાશે. કુટુંબના સભ્યો વિદ્યાર્થીઓને ઉપયોગી થશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના નાણાં રોકાણ સફળ બની રહેશે. નોકરીમાં આ સપ્તાહમાં સહકાર્યકરો સાથેના મતભેદો દૂર થશે. તા. ૬, ૭, ૧૨ સફળતા દર્શાવે છે. ભાઈ–બહેનોના મતભેદો દૂર થશે. વ્યવસ્થા, કાર્યદક્ષતા જાળવવામાં સફળ રહેશો. નાણાંઆવક જળવાઈ રહેશે. મહિલાઓના તીર્થપ્રવાસ સફળ રહેશે. કુટુંબના સભ્યો વિદ્યાર્થીઓને અધ્યયનમાં મદદરૂપ થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૭, ૮, ૯ સફળ બની રહેશે. ભાઈ–બહેનોના સાથેના નાણાં વ્યવહાર પૂર્ણ થશે. કુટુંબના આ સપ્તાહના પ્રસંગો એકંદરે સફળ બનતા જણાશે. વ્યક્તિગત મૂંઝવણો કાર્યક્ષેત્રે દૂર થશે. નાણાં આવકના સાધનો વધુ મજબૂત બનશે. મહિલાઓને કુટુંબજીવનનો યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ જળવાઈ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરી માટે તા. ૮, ૯, ૧૦ શુભ પુરવાર થશે. સંતાન પરિવારના કારોબારમાં જોડાઈ શકશે. સરકારી અધિકારી કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. ભાઈ–બહેનો સાથેના આર્થિક વ્યવહાર સંપન્ન થશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,

### રવિવાર, તા. ૬–૪–૨૦૨૫, શ્રી રામ નવમી, શ્રી સ્વામીનારાયણ જયંતી,

ભારતીય દ્દિનાંક ૧૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬,
ચૈત્ર સુદ –૯
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ–૯
પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ,
માહે ૯મો આદર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૭મો સરોશ,
માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૭મો, માહે ૧૦મો શવ્વાલ,
સને ૧૪૪૬
મીસરી રોજ ૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૩૦–૨૪ સુધી (તા. ૭મી) પછી, આશ્લેષા.
ચંદ્ર કર્કમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
ભરતીઃ રાત્રે ક. ૧૯–૫૪
ઓટઃ બપોરે ક. ૧૨–૪૫, મધ્યરાત્રિ પછી ક.૦૨–૪૨ (તા. ૭)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – નવમી. શ્રી રામ નવમી, શ્રી સ્વામીનારાયણ જયંતી, ચૈત્ર નવરાત્રિ સમાપ્ત.
શુભાશુભ દ્દિનશુદ્ધિઃ પર્વશ્રેષ્ઠ દ્દિન
મુહૂર્ત વિશેષઃ ભગવાન રામનો જન્મોત્સવ, શ્રી સ્વામીનારાયણ જન્મોત્સવ, નવરાત્રિ પર્વની સમાપ્તિ. ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી માતાનું પૂજન, જાપ, હવન, શનિ–ગુરુ દેવતાનું પૂજન વિશેષરૂપે, પીપળાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, વિદ્યારંભ, હજામત, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, નવાવસ્રો, આભૂષણ, વાસન, વાહન, યંત્રારંભ, નવી નોકરી, દુકાન–વેપાર, ધાન્ય ભરવું, ખેતીવાડીના કામકાજ, બી વાવવું, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, શુક્ર–મંગળ ત્રિકોણ સોબતપ્રિય,
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, શુક્ર–મંગળ ત્રિકોણ
ગ્રહગોચરઃ સૂર્ય–મીન, માર્ગી મંગળ–કર્ક, વક્રી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૬–૪–૨૦૨૫ થી તા. ૧૨–૪–૨૦૨૫

રવિવાર, ચૈત્ર સુદ–૯, વિ. સં. ૨૦૮૧, તા. ૬ઠ્ઠી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૩૦–૨૪ સુધી (તા. ૭મી) પછી, આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. શ્રી રામ નવમી, શ્રી સ્વામીનારાયણ જયંતી, ચૈત્ર નવરાત્રિ સમાપ્ત. સામાન્ય દિવસ.

સોમવાર, ચૈત્ર સુદ–૧૦, તા. ૭મી નક્ષત્ર આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ધર્મરાજ દશમી, બુધ માર્ગી. શુભ દિવસ. લગ્ન,ઉપનયન.

મંગળવાર, ચૈત્ર સુદ–૧૧, તા. ૮મી એપ્રિલ, નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭–૫૪ સુધી, પછી મઘા

ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭–૫૪ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. કામદા એકાદશી (લવિંગ), શ્રી વલ્લભાચાર્ય વધાઈ, ભદ્રા સવારે ક. ૦૮–૩૧થી ક. રાત્રે ક. ૨૧–૧૨ સામાન્ય દિવસ. ઉપનયન.

બુધવાર, ચૈત્ર સુદ–૧૨, તા. ૯મી, નક્ષત્ર મઘા સવારે ક. ૦૯–૫૬ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. વામન દ્વાદશી, મદ્દન દ્વાદશી, વિષ્ણુ દમનોત્સવ. સામાન્ય દિવસ. ઉપનયન.

ગુરુવાર, ચૈત્ર સુદ–૧૩, તા. ૧૦મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૨–૨૪ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૧૯–૦૪ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. અનંગ ત્રયોદશી, પ્રદોષ .મહાવીર જયંતી (જૈન). શુભ દિવસ. સર્વદેવ પ્રતિષ્ઠા

શુક્રવાર, ચૈત્ર સુદ–૧૪, તા. ૧૧મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની બપોરે ક. ૧૫–૦૯ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. હાટકેશ્વર જયંતી, નૃસિંહ ડોલોત્સવ, શિવદમનક ચતુર્થી, હનુમાન જન્મોત્સવ ઉપવાસ, ત્રિવેન્દ્રમ આર્ટ (કેરાલા), ભદ્રા પ્રારંભ ક. ૨૭–૨૧.સામાન્ય દિવસ.

શનિવાર, ચૈત્ર સુદ–૧૫, તા. ૧૨મી નક્ષત્ર હસ્ત સાંજે ક. ૧૬–૦૭ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, ચૈત્રી પૂનમ, વૈશાખ સ્નાનારંભ, બહુચરાજીનો મેળો, હનુમાન જન્મોત્સવ, છત્રપતિ શિવાજી પુણ્યતિથિ, અન્વાધાન, મન્વાદિ. પારસી ૯મો આદર માસારંભ, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬–૩૫. શુભ કાર્ય વર્જ્ય છે.

# ટ્રમ્પે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીના વડાને પાણીચું આપ્યું

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીના ડિરેક્ટરને અચાનક બરતરફ કર્યા હતા. આમ છતાં, વાઇટ હાઉસ અને પેન્ટાગોને આ પગલાં અંગે કોઇ કારણ નહોતું આપ્યું.

અમેરિકાના લશ્કરના વરિષ્ઠ અધિકારીઓને હવાઇ દળના જનરલ ટિમ હૉગને પાણીચું અપાયું હોવાની માહિતી ગુરુવારે અપાઇ હતી.

જનરલ ટિમ હૉગ પેન્ટાગોનનું સાયબર કમાંડ સંભાળતા હતા. અમેરિકાના જાસૂસી વિભાગ અને સાયબર ઓપરેશન્સમાં ૩૩ વર્ષથી કામ કરતા ફૉર-સ્ટાર જનરલને બરતરફ કરવાના સંબંધમાં અગાઉથી કોઇ નોટિસ નહોતી અપાઇ.

હવાઇ દળના જનરલ ટિમ હૉગને પાણીચું આપવાનાં પગલાંનો કૉંગ્રેસના અનેક સભ્યોએ જોરદાર વિરોધ કર્યો હતો.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વાઇટ હાઉસમાંના રાષ્ટ્રીય સુરક્ષા માટેના અનેક અધિકારીને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા. જમણેરી કાર્યકર લૌરા લુમરે બુધવારે ઓવલ ઑફિસ ખાતેની મિટિંગમાં ટ્રમ્પને ‘અમેરિકાને ફરી મહાન’ બનાવવા માટે વફાદાર ન હોય એવા સરકારી કર્મચારીઓને નોકરીમાંથી કાઢવા વિનંતિ કરી હતી. પ્રમુખના કર્મચારીઓને લગતી ઑફિસે બુધવારે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિ (એનએસસી)ના ઓછામાં ઓછા ત્રણ વરિષ્ઠ અધિકારી અને નીચલા દરજ્જાના અનેક અધિકારીને પાણીચું આપ્યું હતું. (એજન્સી)■

## નેપાળમાં ભૂકંપઃ આઠ જણ ઘાયલ

કાઠમંડુઃ નેપાળના પશ્ચિમ જાજરકોટ જિલ્લામાં શુક્રવારે એક પછી એક આવેલા બે ભૂકંપમાં આઠ જણ ઘાયલ થયાં હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

આ ભૂકંપના આંચકા ત્રણ મિનિટના અંતરે અનુભવાયા હતા. સાંજે ૮ઃ૦૭ વાગ્યે ૫.૨ની તીવ્રતાનો પ્રથમ આંચકો અનુભવાયો હતો તો તેની ત્રણ મિનિટ બાદ એટલે કે ૮ઃ ૧૦ વાગ્યે ૫.૫ની તીવ્રતાનો બીજો આંચકો અનુભવાયો હતો.

આ બંને ભૂકંપનું કેન્દ્રબિન્દુ કાઠમંડુથી ૫૨૫ કિ.મી.ને અંતરે આવેલા જાજરકોટ જિલ્લામાં હતું.

ભૂકંપને કારણે જાજરકોટ જિલ્લામાં છ જણ તો રુકુમ વેસ્ટમાં બે જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

પશ્ચિમ નેપાળના પડોશી જિલ્લાઓમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જાજરકોટ, રુકુમ અને કાલિકોટ જિલ્લામાં અનેક ઘરોમાં તિરાડ પડી ગઈ હતી. (એજન્સી)■

## અનંત અંબાણી જામનગરથી દ્વારકા સુધીની ૧૭૦ કિ.મી.ની પદયાત્રા કરી રહ્યા છે



ભારતમાં જ્યાં પદયાત્રાઓ દેશના સભ્યતા વારસાનું એક આંતરિક તત્ત્વ છે ત્યાં દેશના સૌથી ધનિક પરિવારના એક વંશજ એ દિવ્યતા સાથે જોડાઈને પદયાત્રા શરૂ કરી છે. ૨૯ વર્ષના અનંત અંબાણી તેમના પૂર્વજોના વતન અને કર્મભૂમિ જામનગરથી ભારતના સૌથી પવિત્ર શહેરો પૈકીના એક દ્વારકા સુધીની ૧૭૦ કિલોમીટરની પદયાત્રા પર છે. ૨૯ માર્ચે નીકળ્યા પછી તેઓ દરરોજ લગભગ ૨૦ કિ.મી. અંતર કાપી રહ્યા છે. દરેક રાત્રે લગભગ સાત કલાક ચાલી રહ્યા છે. તેઓ તેમના ૩૦મા જન્મદિવસના એક દિવસ પહેલા ૮ એપ્રિલે ભારતના ધાર્મિક અને આધ્યાત્મિક વિદ્યામાં અંકિત શહેર દ્વારકા પહોંચશે.

રસ્તામાં અંબાણીને શ્રદ્ધા અને સદ્ભાવનાનો અનુભવ થયો છે. કેટલાક તેમની સાથે એકતામાં ચાલ્યા છે, કેટલાકે તેમને ભગવાન દ્વારકાધીશના તેમના ચિત્રો આપ્યા છે.

આ આધ્યાત્મિક પદયાત્રા દરમિયાન અનંત દ્વારકા જતા માર્ગ પર હનુમાન ચાલીસા, સુંદરકાંડ અને દેવી સ્રોતનો જાપ કરી રહ્યા છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણીના નાના પુત્ર એક શ્રદ્ધાળુ સનાતની છે. ભારતના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત ધાર્મિક સ્થળોમાં તેમના નિયમિત સ્થળો- બદ્રીનાથ, કેદારનાથ, કામાખ્યા, નાથદ્વારા, કાલીઘાટ અને કુંભમેળા છે. ■

## મેક્સિકોમાં ત્રણ વર્ષની બાળકી બર્ડ ફ્લુનો પ્રથમ કેસ

મેક્સિકો સિટી : મેક્સિકો પશ્ચિમના ડુરાન્ગો રાજ્યની ત્રણ વર્ષની બાળકીને બર્ડ ફ્લુ હોવાનું સમર્થન મળતાં આ દેશમાં કોઈ માનવીમાં એવિયન ફ્લુ ફેલાયાનો પહેલો કેસ છે, એવી આરોગ્ય ખાતાના અધિકારીએ માહિતી આપી હતી. અમેરિકામાં પ્રાણીઓ વાટે એચફાઈવએનવન ઈન્ફ્લુએન્ઝા થોડા લોકોમાં ફેલાયો છે. ગયા વર્ષથી અમેરિકામાં ૭૦ કેસ નોંધાયા છે, એવી માહિતી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)એ આપી છે. જોકે સંશોધકો અને અભ્યાસ સૂચવે છે કે આ આંકડો વાસ્તવિક આંકડા કરતાં ઓછો છે.

મેક્સિકોમાં પડોશના રાજ્ય કોહુલિયાના ટોરેઓનની હૉસ્પિટલમાં બાળકીની હાલત ગંભીર છે. તેનો ઉપચાર ફ્લુવિરોધી દવા આપીને કરાઈ રહ્યો છે. એની કોઈ જાણકારી નથી કે બાળકીને વાઈરસનો ચેપ કેવી રીતે લાગ્યો હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તપાસકારો બાળકીના ઘરની નજીક જંગલી પક્ષીનું પરીક્ષણ કરી રહ્યા છે.

## આગામી ત્રણ વર્ષમાં યુપી ગરીબી હટાવીને સમૃદ્ધ બનશેઃ યોગી

મહારાજગંજ (યુપી)ઃ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે કહ્યું કે ઉત્તર પ્રદેશ ગરીબી નાબૂદ કરીને આગામી ત્રણ વર્ષમાં સમૃદ્ધ રાજ્ય તરીકે ઊભરી આવશે અને તેમની સરકાર રાજ્યની અર્થવ્યવસ્થાને દેશમાં નંબર વન બનાવશે.

અહીં એક કાર્યક્રમને સંબોધતા, તેમણે અગાઉની સરકારો પર આકરા પ્રહારો કરતા કહ્યું કે તેઓએ ‘‘એક જિલ્લો, એક માફિયા’’ ને પ્રોત્સાહન આપ્યું હતું, જ્યારે ભાજપના શાસને તેને ‘‘એક જિલ્લો, એક મેડિકલ કોલેજ’’ સાથે બદલી નાખ્યું હતું.

આદિત્યનાથે વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૫ને સંસદમાં પસાર કરવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહનો આભાર માન્યો હતો, અને દાવો કર્યો હતો કે તે વક્ફ બોર્ડના નામે કરવામાં આવતી ‘‘લૂંટ’’ પર રોક લગાવશે.

તેઓ રોહિન બેરેજના ઉદ્ઘાટન માટે મહારાજગંજમાં હતા. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, તેમણે રૂ. ૬૫૪ કરોડના ૬૨૯ વિકાસલક્ષી પ્રોજેક્ટનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કર્યું હતું. ‘‘આગામી ત્રણ વર્ષમાં, ઉત્તર પ્રદેશ ગરીબી નાબૂદ કરીને એક સમૃદ્ધ રાજ્ય તરીકે સ્થાપિત થશે. અમે શૂન્ય ગરીબીનું લક્ષ્ય હાંસલ કરીને ઉત્તર પ્રદેશને દેશની નંબર વન અર્થવ્યવસ્થા બનાવીશું’’ એમ તેમણે કહ્યું હતું. આદિત્યનાથે ભારપૂર્વક જણાવ્યું હતું કે ‘‘નવા ભારતમાં’’ વિકાસ કાર્યો ભેદભાવ વિના કરવામાં આવે છે. પીએમ મોદીના નેતૃત્વમાં લોકો નવા ભારતના ઉદ્ભવના સાક્ષી છે . રાજ્ય કક્ષાના કેન્દ્રીય નાણાં પ્રધાન પંકજ ચૌધરી, ઉત્તર પ્રદેશના જલ શક્તિ પ્રધાન સ્વતંત્રદેવ સિંહ, આયુષ પ્રધાન દયાશંકર મિશ્રા દયાલુ અને ધારાસભ્યો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ■

## કેનેડામાં ભારતીયની છરીના ઘા ઝીંકીને હત્યા

ઓટાવાઃ કેનેડાના ઓટાવા શહેર નજીક એક ભારતીય નાગરિકની છરીના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી છે. આ મામલે પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. આ જાણકારી કેનેડામાં ભારતીય દૂતાવાસે આપી હતી. કેનેડાની રાજધાની ઓટાવામાં ભારતીય હાઇ કમિશને જણાવ્યું કે આ ઘટના રોકલેન્ડમાં બની હતી. હજુ સુધી પીડિતની ઓળખ જાહેર કરવામાં આવી નથી. હાઇ કમિશને એક્સ પર જણાવ્યું કે અમે ઓટાવા નજીક રોકલેન્ડમાં છરીના ઘા મારીને એક ભારતીય નાગરિકની હત્યાથી ખૂબ જ દુઃખી છીએ. આ મામલે એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

પહેલા પાનાનું ચાલુ

### આજે રામનવમી

વારાણસી, મથુરા, પ્રયાગરાજ, મેરઠ, કાનપુર, ચિત્રકૂટ અને મિર્ઝાપુર સહિત અનેક જિલ્લામાં સલામતી વધારવામાં આવી છે. શોભાયાત્રા દરમિયાન રસ્તા પર ડ્રોન કેમેરા અને સીસીટીવીથી સતત નજર રખાશે.

દરમિયાન, કલકત્તા વડી અદાલતે હાવડામાં રામનવમીની શોભાયાત્રા કાઢવા શરતી મંજૂરી આપી છે. શોભાયાત્રામાં ભાગ લેનારા લોકોને સાથે લાકડી, હથિયાર કે કોઇ પણ પ્રકારના શસ્ત્ર નહિ રાખવાની સૂચના અપાઇ છે. શોભાયાત્રા સવારે ૮.૩૦થી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં જ યોજવા હુકમ કરાયો છે. શોભાયાત્રામાં ભાગ લેનારા લોકોએ પોતાના કેટલાક દસ્તાવેજો પોલીસ પાસે જમા કરાવવા પડશે.

કલકત્તા વડી અદાલતે હિંદુ સંગઠન અંજનીપુત્ર સેનાને જૂના માર્ગે શોભાયાત્રા કાઢવાની પરવાનગી આપી હતી. અગાઉ પોલીસે આ માર્ગ બદલવાનો આદેશ આપ્યો હતો, પણ તેને વડી અદાલતમાં પડકારાયો હતો.

પશ્ચિમ બંગાળમાં ભાજપ અને શાસક તૃણમૂલ કૉંગ્રેસની વચ્ચે ભારે તંગદિલી છે અને ભાજપે અંદાજે ૨૦,૦૦૦ શોભાયાત્રા કાઢવાની યોજના જાહેર કરી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રામનવમી નિમિત્તે કોલકત્તામાં ઓછામાં ઓછી ૬૦ શોભાયાત્રા નીકળવાની છે. પોલીસના ૩,૫૦૦થી વધુ જવાન પહેરો ભરવાના છે. ડેપ્યુટી કમિશનર અને જોઇન્ટ પોલીસ કમિશનરની રેન્કના ઉચ્ચ અધિકારીઓ શોભાયાત્રા પર સતત નજર રાખશે.

કોલકાતાના લાલબજારમાંના પોલીસ વડા મથક ખાતેથી શોભાયાત્રાના સીધા પ્રસારણ પર નજર રખાશે. હાવડા, હુગલી, ઉત્તર ૨૪ પરગણા, આસનસોલ, પૂર્વ વર્ધમાન, માલ્દા, મુર્શીદાબાદ, જલપાઇગુડી, સિલિગુડી જેવાં અનેક સ્થળે કડક સુરક્ષા વ્યવસ્થા કરાઇ છે.

અયોધ્યામાં ભારે વાહનોને પૂર્વાંચલ એક્સપ્રેસ ખાતેથી વાળવાનો નિર્ણય લેવાયો છે. રેપિડ એક્શન ફોર્સને પણ તૈયાર રખાઇ છે.

ઝારખંડમાં રાંચી, જમશેદપુર, ગિરિડીહ, હઝારીબાગ જેવાં અનેક સ્થળને સંવેદનશીલ જાહેર કરાયા છે. મુખ્ય પ્રધાન હેમંત સોરેને તૈયારીના ભાગરૂપે એક ઉચ્ચ સ્તરની બેઠક બોલાવી હતી. (એજન્સી)

### તડામાર તૈયારી

ગરમીથી બચાવવા છાયડા અને ચટાઈની વ્યવસ્થા કરવામાં આવી છે. બધાં મોટાં સ્થળોએ ઠંડું પીવાનું પાણી ઉપલબ્ધ હશે.

ગરમીને ધ્યાનમાં રાખીને મેળામાં બધા હંગામી આરોગ્ય કેન્દ્રમાં ઓઆરએસ સોલ્યુશન ઉપલબ્ધ હશે. આ

આરોગ્ય વિભાગે ૧૪ સ્થળો હંગામી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખોલ્યાં છે. આ માટે પૂરતા તબીબોની નિમણૂક કરવામાં આવી છે. તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા સાત સ્થળોએ ૧૦૮ની એમ્બ્યુલન્સ તૈયાર રખાઈ છે.

મુખ્ય પ્રધાનના આદેશથી સ્વચ્છતા માટે અયોધ્યા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીની સમર્પિત ટીમને સવાર, બપોર અને સાંજે સાફસુફી માટે તહેનાત કરાઈ છે.

માહિતી ખાતાએ અયોધ્યાના ભાવિકો જીવંત પ્રસારણ જોઈ શકે એ માટે ફિક્સ્ડ એલઈડી ડિસપ્લે અને વિવિધ એલઈડી ડિસપ્લે બોર્ડ ગોઠવવામાં આવ્યાં છે. દૂરદર્શને તેની લાઈવ લિન્ક પણ આપેલી છે.

ડિવિઝનલ કમિશનરે અયોધ્યાની મુલાકાત લેનારા ભાવિકોને સહકાર આપવાની અને કોઈ પ્રશ્ન ઊભા થાય તો સ્થળ પર હાજર અધિકારીની મદદ લેવાની અપીલ કરી છે. (એજન્સી)

### ઈરાન આર્થિક સંકટમાં

અણુકરારમાંથી ખસી જવાનો ટ્રમ્પે વર્ષ ૨૦૧૮માં એકપક્ષી નિર્ણય લીધા બાદ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોની ઈરાનના અર્થતંત્ર પર ગંભીર અસર પડી છે.

આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ હટાવી લેવાના બદલામાં ઈરાને યુરેનિયમનાં સમૃદ્ધિકરણ અને સંગ્રહને મર્યાદિત કરવાની વર્ષ ૨૦૧૫માં તૈયારી દર્શાવી હતી ત્યારે રિયાલનું મૂલ્ય એક ડૉલરની સરખામણીએ ૩૨,૦૦૦ રિયાલ હતું. માર્ચમાં એક ડૉલર બરાબર ૯,૩૦,૦૦૦ ડૉલર હતા.

પ્રમુખ તરીકેની બીજી મુદત દરમિયાન ટ્રમ્પે પ્રતિબંધ વધુ આકરાં કરી ઈરાન પર દબાણ વધાર્યું હતું. (એજન્સી)

### અમેરિકામાં

અમેરિકાના માલસામાન અને અન્ય ચીજોની નિકાસ વધશે તેમ જ અમેરિકી કંપનીઓને સ્વદેશમાં ઉત્પાદન વધારવાની ફરજ પડશે.

વર્જિનિયાના આર્લિંગ્ટનના બોબ બ્લેકવેલ અને તેના પત્નીએ નવી ઇલેક્ટ્રિક કાર ખરીદવી હતી, પરંતુ ટૅરિફમાં થયેલા વધારાને લીધે આયાત કરાતી કાર હવે મોંઘી થઇ ગઇ છે અને આ દંપતી આર્થિક મૂંઝવણમાં મુકાયું છે.

આવી જ સમસ્યા કેલિફોર્નિયાની કંપની બરબૅન્કના વડા લી વોચનરને છે. તેમને પણ નવી કાર ખરીદવી હતી, પરંતુ ટૅરિફમાંના વધારાને લીધે તે મોંઘી થઇ જતાં હવે તેમણે લીઝ પર કાર લીધી છે.

અમેરિકામાં હજી પણ ઘણી ચીજોના ભાવ વધવાની અને મોંઘવારી બહુ વધવાની હોવાની ભીતિ છે. (એજન્સી)

### શ્રીલંકાના

અબ્દુલ ગયુમ અને પેલેસ્ટાઈનના દિવંગત નેતા યાસર અરાફતને આ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા.

શ્રીલંકાના પ્રમુખ દ્વારા શ્રીલંકાના સર્વોચ્ચ ગણાતા ‘મિત્ર વિભૂષણ’ એવૉર્ડથી મારું સન્માન કરવામાં આવ્યું એ મારા માટે તેમ જ ૧૪૦ કરોડ દેશવાસીઓ માટે ગૌરવની વાત છે, એમ મોદીએ કહ્યું હતું.

કોલંબોમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા પદવીદાન સમારોહમાં મોદીને આ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા.

એવૉર્ડમાં પ્રશસ્તિપત્ર, ધર્મચક્ર, નવ પ્રકારના કિંમતી રત્ન અને કમળ, ગ્લોબ, સૂર્ય, ચંદ્ર અને ધાન્યનું પ્રતીક ધરાવતાં રજતચંદ્રકનો સમાવેશ થાય છે. (એજન્સી)

### ભારત–શ્રીલંકા

આપશે એમ મનાય છે.

મોદીએ અખબારી નિવેદનમાં કહ્યું હતું કે અમે માનીએ છીએ કે અમારા સલામતી હિતો સામાન્ય છે. બન્ને દેશોની સુરક્ષા એકબીજા સાથે સંકળાયેલી છે અને એકબીજા પર આધાર રાખે છે. ભારતીય હિત પ્રત્યેની સંવેદનશીલતા દાખવવા બદલ હું પ્રમુખ દિસાનાયકેનો આભારી છું.

દિસાનાયકે કહ્યું છે કે શ્રીલંકા ભારતના સુરક્ષા હિતને નુકસાનકારક હોય એ રીતે તેના ક્ષેત્રનો ઉપયોગ કરવાની છૂટ નહીં આપે. તેમણે જણાવ્યું હતું કે ભારતે કટોકટીના સમયે શ્રીલંકાને હંમેશાં મદદ કરી છે અને હંમેશાં ટેકો આપ્યો છે એ વાત અમારા હૃદયમાં અંકાયેલી છે.

બન્ને દેશોએ ત્રિન્કોમાલીને એનર્જી હર્બ બનાવવાના પણ કરાર થયા છે. વધુ એક કરાર શ્રીલંકાના પૂર્વ વિસ્તારને નવી દિલ્હીની બહુક્ષેત્રીય ગ્રાન્ટની મદદ કરવાનો છે.

વડા પ્રધાન મોદી અને પ્રમુખ દિસાનાયકેએ સંપુર સોલર પાવર પ્રોજેક્ટનું ઓનલાઈન ઉદ્ઘાટન કર્યું હતું.

મોદીએ કહ્યું હતું કે આ સૌર ઊર્જા પ્લાન્ટ શ્રીલંકાને ઊર્જા સુરક્ષામાં મદદરૂપ થશે. ત્રિન્કોમાલીને એનર્જી હબ તરીકે વિકસાવાથી અને મલ્ટિપ્રોડક્ટ પાઈપલાઈન નાખવાથી શ્રીલંકાના બધા લોકોને લાભ થશે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે બે દેશો વચ્ચેની ગ્રિડને જોડવાથી શ્રીલંકા માટે વીજળીની નિકાસ કરવાનો વિકલ્પ ખુલ્લો થશે. મોદીની ‘પડોશી પહેલા’ની ભારતની નીતિમાં અને ‘મહાસાગર’ વિઝનમાં શ્રીલંકાનું ખાસ સ્થાન છે.

પ્રમુખ દિસાનાયકેની ભારતની મુલાકાત પછીના છેલ્લા ચાર મહિનામાં બન્ને દેશ વચ્ચેનો સહકાર સુદઢ થયો છે.

મોદી બેંગકોકમાં બિમસ્ટેક ( બે ઑફ બંગાળ ઈનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોર્પોરેશન) શિખર પરિષદમાં ભાગ લઈને શુક્રવારે શ્રીલંકાની રાજધાનીમાં આવ્યા હતા. આના એક દિવસ બાદ બન્ને વડા વચ્ચે વાતચીત થઈ હતી. (એજન્સી)

# ગુજરાતમાં હિટવેવનો આકરો રાઉન્ડ શરૂ : સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીનું રેડ અને ઓરેન્જ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં તાપમાનમાં ઝડપી ગતિથી વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સહિતના રાજ્યના ભાગોમાં પણ આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

ચામડી દઝાડે તેવી કાળઝાળ ગરમીની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગે રાજ્યમાં આકરી ગરમી પડવાની આગાહી સાથે હિટવેવની વોર્નિંગ આપી હતી. જેમાં કચ્છ માટે બે દિવસના હિટવેવના રેડ એલર્ટની આગાહી કરી હતી. જ્યારે સૌરાષ્ટ્રના મોરબી અને રાજકોટ માટે ઓરેન્જ એલર્ટ જ્યારે ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હિટવેવનું યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. ગુજરાતના કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકિનારે પણ અકળામણ થાય તેવી ગરમી રહેવાની આગાહી પાંચ દિવસ માટે કરવામાં આવી હતી.

હવામાન વિભાગે છ અને સાત એપ્રિલ માટે આગાહી કરી હતી, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. જેમાં કચ્છમાં બે દિવસ રેડ એલર્ટ જ્યારે મોરબી અને રાજકોટમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું હતું. આ સિવાય સૌરાષ્ટ્રના પોરબંદર અને જૂનાગઢમાં હિટવેવનું યલો એલર્ટ રહેશે. જ્યારે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા તથા ગાંધીનગર માટે પણ બે દિવસનું યલો એલર્ટ આપવામાં આવ્યું હતું.

આ પછી આઠ અને નવ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હિટવવેનું એલર્ટ આપવામાં આવ્યું હતું. જેમાં કચ્છમાં બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જ્યારે મોરબી, રાજકોટ અને જૂનાગઢ માટે પણ યલો એલર્ટ આપ્યું હતું. જેમાં જૂનાગઢ માટે માત્ર આઠમી તારીખ માટે યલો એલર્ટ અપાયું હતું.

આ જ તારીખો દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગર માટે હિટવેવનું યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. આ સાથે જ પાંચ દિવસ માટે સૌરાષ્ટ્ર-કચ્છ તથા દક્ષિણ ગુજરાતના અને ખંભાતના અખાતના દરિયાકાંઠાના ભાગોમાં અકળામણ થાય તેવી ગરમી પડવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી હતી. ■

# ટ્રમ્પના ટૅરિફથી ગુજરાતના ડાયમંડ ઉદ્યોગને ફટકો

## નિકાસમાં પ્રતિ કેરેટે ₹બે લાખ સુધીનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનો ડાયમંડ ઉદ્યોગ ભયાનક આર્થિક મંદીનો સામનો કરી રહ્યો છે, તેમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૬ ટકા જેટલા ટૅરિફની જાહેરાત પરિસ્થિતી વધુ ચિંતાજનક બની છે. હીરાની નિકાસ પર પહેલાં ૦ ટકા ટૅરિફ હતો, હવે સીધો જ ૨૬ ટકા કરી નાખવાના કારણે અમેરિકામાં નેચરલ ડાયમંડની નિકાસમાં પ્રતિ કેરેટે ૨ લાખ રૂપિયા સુધીનો વધારો થઈ ગયો છે અને લેબગ્રોનમાં ૨,૬૩૫ રૂપિયાનો વધારો થઈ ગયો છે.

નોંધવા જેવી બાબત એ છે કે, ભારતથી જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્ર કુલ રૂપિયા ૨.૯૨ લાખ કરોડની વિદેશમાં નિકાસ કરે છે. ભારતથી આ ઉદ્યોગનો લગભગ ૩૫ ટકા માલ માત્ર અમેરિકામાં નિકાસ થાય છે અને દક્ષિણ ગુજરાત જેમ્સ અને જ્વેલરી માટે મહત્ત્વના કેન્દ્ર તરીકે ઓળખાય છે, જે દેશના જેમ્સ એન્ડ જ્વેલરીનું ૯૦ ટકા ઉત્પાદન કરે છે અને લગભગ ૨ લાખ લોકો આ ઉદ્યોગમાં કાર્યરત છે.

અમેરિકાએ પોલિશ્ડ હીરા પર ડ્યૂટી ૦ ટકાથી વધારીને ૨૬ ટકા, લેબગ્રોન હીરા પર ૦ ટકાથી ૨૬ ટકા અને ગોલ્ડ જ્વેલરી પર ૫.૫ ટકાથી ૭ ટકા વધારીને ૩૧.૫ ટકાથી ૩૩ ટકા નક્કી કરી છે. આ ઉપરાંત સિલ્વર જ્વેલરી અને જેમસ્ટોન જ્વેલરી પર વર્તમાન ડ્યૂટી ૫ ટકાથી ૬ ટકા અને ૩૧ ટકાથી ૩૨ ટકા સુધી વધારવામાં આવી છે. આ ફેરફારો ભારતીય નિર્માતાઓ અને નિકાસકારો માટે ગંભીર પડકારો ઊભા કરી શકે છે.

ડાયમંડ ઉદ્યોગના વેપારીઓના જણાવ્યા મુજબ થોડાઘણા અંશે લેબગ્રોન ડાયમંડના કારણે સ્થિતિ સચવાઈ હતી, પરંતુ હવે ટૅરિફ લાગુ થતાંની સાથે જ ડાયમંડ ઉદ્યોગ કેવી રીતે સુરક્ષિત રહેશે એને લઈને સૌ કોઈ ચિંતામાં છે. ■

# દુષ્કર્મી જૈન મુનિ શાંતિસાગરને ૧૦ વર્ષની સજાઃ પીડિતાને આઠ વર્ષે ન્યાય મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની કોર્ટે નાનપુરાના જૈન ઉપાશ્રયના જૈન મુનિ શાંતિસાગર ઉર્ફે સજ્જન લાલ શર્માને વડોદરાની શ્રાવિકા પર દુષ્કર્મ આચરવાના કેસમાં ૧૦ વર્ષની સજા ફટકારી હતી. આ સાથે જ કોર્ટે મુનિને ૨૫ હજાર રૂપિયાનો દંડ પણ ભરવાનો આદેશ આપ્યો હતો. મુનિ શાંતિસાગર આ કેસમાં છેલ્લા આઠ વર્ષથી જેલમાં છે, એટલે હવે તેઓ વધુ બે વર્ષ જેલવાસ ભોગવશે. શાંતિસાગરને સજા અંગે શનિવાર સવારથી જ સુરત કોર્ટમાં ભારે ઉત્તેજના હતી. સરકારી વકીલ અને બચાવ પક્ષના વકીલો દ્વારા આ કેસમાં પોતાની આખરી દલીલો ચાર એપ્રિલ શુક્રવારના રોજ પૂર્ણ કરવામાં આવી હતી. ઘટના વખતે યુવતી ૧૯ વર્ષની તથા જૈન મુનિની વય ૪૯ વર્ષ હતી. સરકારી વકીલે કોર્ટમાં ધારદાર દલીલો કરી હતી અને આરોપીને આકરી સજા થાય તે માટે પ્રયાસ કર્યા હતા.

આ દુષ્કર્મ કેસમાં કોર્ટે આઠ વર્ષ બાદ પોતાનો ચુકાદો આપ્યો હતો, જેમાં આરોપીને દોષી ઠેરવવામાં આવ્યો હતો. આ કેસમાં કુલ ૬૦ જેટલા પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૨૫૦ પાનાંની ચાર્જશીટ પણ ફાઈલ કરવામાં આવી હતી. કોર્ટમાં પીડિતા, તેના માતા-પિતા અને ભાઈની જુબાની લેવામાં આવી હતી. આ કેસમાં અલગ અલગ સાક્ષીઓને પણ તપાસવામાં આવ્યા હતા અને કલમ ૧૬૭ મુજબના નિવેદનો નોંધવામાં આવ્યાં હતાં. મેડિકલ, સાયન્ટિફિક અને એફએસએલના પુરાવા પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૭માં વડોદરાની શ્રાવિકા અને તેના પરિવારને જૈન મુનિ શાંતિસાગરે સુરત બોલાવ્યા હતા. ત્યારબાદ તાંત્રિક વિધિ કરવાના બહાને શ્રાવિકાને નાનપુરાના જૈન ઉપાશ્રયના બંધ રૂમમાં લઈ જઈને તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. સુરત કોર્ટે આરોપી જૈન મુનિ શાંતિ સાગરને આ દુષ્કર્મ કેસમાં શુક્રવારે દોષી જાહેર કર્યા હતા. શનિવારે કોર્ટે તેમને ૧૦ વર્ષના કારાવાસની કડક સજા સંભળાવી હતી.■

# વતનપ્રેમ યોજના હેઠળ એનઆરઆઈએ ગુજરાતના ગામડાઓનું ચિત્ર બદલી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારની વતન પ્રેમ યોજનાએ રાજ્યના ગામડાઓનું ચિત્ર બદલી નાખ્યું છે. વતન પ્રેમ યોજના પ્રવાસી ભારતીયો (એનઆરઆઈ)ને જાહેર-ખાનગી ભાગીદારી મૉડેલ હેઠળ તેમના મૂળ ગામોના વિકાસમાં યોગદાન આપવા પ્રોત્સાહિત કરે છે. વર્ષ ૨૦૨૧ માં શરૂ કરવામાં આવેલી આ યોજના ગુજરાતી મૂળના એનઆરઆઈને તેમના મૂળ ગામોમાં શાળાઓના નવીનીકરણ અને અન્ય માળખાકીય કાર્યો માટે સ્વૈચ્છિક ભંડોળ પૂરું પાડવા માટે પ્રોત્સાહિત કરે છે.

ખેડા જિલ્લાના ખડલ ગામના સરપંચ ફૂલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે આ યોજનાથી ગામને, ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે ફાયદો થયો છે. તેમણે જણાવ્યું હતું કે ગામના વિકાસ માટે એનઆરઆઈએ ૭૨ લાખ રૂપિયાનું દાન આપ્યું છે અને ગામમાં હવે એક નવી શાળા છે જે લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડે છે. એનઆરઆઈના આ કાર્યો અન્ય ગામોને પ્રેરણા આપે છે. તેવી જ રીતે, ખેડાના ઉત્તરસંડા ગામના એનઆરઆઈ પણ આવું જ યોગદાન આપી રહ્યા છે.

ઉત્તરસંડાને એનઆરઆઈ ફંડ રૂપે નવ કરોડ રૂપિયા મળ્યા છે, જેથી ૧૨ હજારની વસ્તી ધરાવતા આ સ્માર્ટ ગામમાં સ્મશાન ઘાટ, તળાવોનું નવીનીકરણ અને આધુનિક બસ સ્ટેન્ડ, અત્યાધુનિક મોડર્ન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ સહિતના પ્રોજેક્ટ શક્ય બન્યા છે. આવા જ એક દાતા કૌશિકભાઈ પટેલે કહ્યું હતું કે, અમે વિદેશમાં રહીએ છીએ પણ અમને અમારા દેશ પ્રત્યે ખૂબ પ્રેમ છે અને આ જ વાત અમને પ્રેરણા આપે છે અને તેથી જ અમે ગામડા માટે કામ કરવા માટે કટિબદ્ધ છીએ.

આમ વતન પ્રેમ યોજના સહિયારા વિકાસનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જ્યાં સામુદાયિક પ્રયાસ અને એનઆરઆઈ યોગદાન પ્રગતિના સમાન લક્ષ્યની દિશામાં કામ કરે છે.■

# કેસર કેરી, કચ્છી ખારેક અને ભાલિયા ઘઉં પછી હવે અમલસાડના ચીકુને જીઆઈ ટેગ મળ્યું

અમદાવાદઃ નવસારી સહિત દક્ષિણ ગુજરાતમાં ઘણી ખેત પેદાશો છે, જે એના વિસ્તાર તેમજ લાક્ષણિકતાઓથી ઓળખાય છે. પરંતુ તેના માટે જરૂરી એવો જીઆઈ ટેગ મેળવવામાં ન આવતા ખેડૂતોને આર્થિક સાથે અન્ય નુકશાની વેઠવી પડે છે. નવસારી જિલ્લાના અમલસાડના ચીકુને જીઆઈ ટેગ મળ્યું હતું. અમલસાડ ચીકુ અથવા સાપોડિલા, ભૌગોલિક સૂચક ટેગ મેળવવા માટે ગુજરાતમાંથી ૨૮મી આઇટમ બની છે. કેસર કેરી, કચ્છી ખારેક (સૂકી ખજૂર) અને ભાલિયા ઘઉં પછી, તે પ્રતિષ્ઠિત ટેગ મેળવનારી રાજ્યની ચોથી ખાદ્ય વસ્તુ બની છે. અમલસાડ ચીકુ માટે જીઆઈ ટેગ માત્ર હેરિટેજનું જ રક્ષણ કરશે નહીં, પરંતુ ખેડૂતો માટે વૈશ્વિક બજારો સુધી પહોંચવા માટેના દરવાજા પણ ખોલશે. અમલસાડ ચીકુના જીઆઈ વિસ્તારમાં ગણદેવી તાલુકાના ૫૧ ગામો, જલાલપોર તાલુકાના ૬ ગામો અને નવસારી તાલુકાના ૩૦ ગામોનો સમાવેશ થાય છે. જે એકંદર ઉત્પાદનમાં ૩૦ ટકા ફાળો આપે છે. ■

# ગુજરાતમાં મહિલાઓને નોકરીમાં નાઈટ શિફ્ટ કરવાની છૂટ મળશેઃ કાયદામાં સુધારો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફેક્ટરીઓ અને કોમર્શિયલ એકમોમાં મહિલાઓ નાઈટ શિફ્ટમાં કામ કરી શકે તે માટે સરકાર કાયદામાં સુધારો કરવાની યોજના બનાવી રહી છે. કાયદાની વર્તમાન જોગવાઈઓ હેઠળ, મહિલાઓને ફક્ત સવારે ૬ થી સાંજે ૭ વાગ્યા સુધી જ કામ કરવાની મંજૂરી છે.

રાજ્ય સરકારના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ, આ માટે એક વટહુકમ તૈયાર કરવામાં આવ્યો છે. કાયદા વિભાગ દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી છે. ફેક્ટરીઓમાં નાઈટ શિફ્ટમાં કામ કરવાની મહિલાઓને મંજૂરી આપતો વટહુકમ આગામી થોડા દિવસોમાં બહાર પાડવામાં આવે તેવી આશા છે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, મહિલા કાર્યબળને સશક્ત બનાવવા માટે આ એક સીમાચિહ્નરૂપ પહેલ હશે. ફેક્ટરી એક્ટ ૧૯૪૮ માં સુધારા પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. એક્ટની કલમ ૬૫ હેઠળ સત્તાઓનો ઉપયોગ કરીને રાજ્ય સરકાર વટહુકમ દ્વારા આ એક્ટની કલમ ૬૬ (બી)માં ફેરફાર કરવાનો હેતુ ધરાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફેક્ટરી કાયદાની કલમ ૬૬ મુજબ સવારે ૬ થી સાંજે ૭ વાગ્યા સુધી જ કોઈ પણ મહિલાને કોઈપણ ફેક્ટરીમાં કામ પર રાખી શકાય છે અથવા તેને કામ કરવાની મંજૂરી આપવામાં આવતી નથી. આ જોગવાઈ રાત્રિના સમયે મહિલાઓના રોજગારને પ્રતિબંધિત કરે છે. કલમ ૬૬માં સુધારો કરવામાં આવશે, જેનાથી મહિલાઓને રાત્રિના સમયે પણ કામ કરવાની મંજૂરી મળશે. કાર્યસ્થળ પર મહિલાઓની સુરક્ષા મજબૂત બનાવવી પડશે, સલામતીના પગલાં વધારવા પડશે અને નાઈટ શિફ્ટમાં કામ કરતી મહિલાઓ માટે જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવી પડશે. આ પ્રસ્તાવિત સુધારાઓથી રોજગારમાં મહિલાઓની ભાગીદારી વધારશે અને એક સમાવિષ્ટ અને પ્રગતિશીલ કાર્ય વાતાવરણ કેળવાશે.

વર્તમાનમાં રાજ્યમાં કાર્યરત કંપનીઓ, મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ નાઈટ શિફટમાં મહિલા કર્મચારીઓને રાખવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. પ્રસ્તાવિત સુધારાથી તમામ પ્રકારની સંસ્થાઓને નાઈટ શિફ્ટમાં મહિલાઓને રોજગાર આપવામાં સુવિધા મળશે. ■

# કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે ૧૫ જૂન પહેલાં પેટાચૂંટણી યોજાવાની શક્યતા

## મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટે કાર્યક્રમ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી યોજાવાના સંકેત મળી રહ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આ બંને બેઠકો માટે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે, જે ૮ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી ચલાવાશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પાંચ મે ૨૦૨૫ સુધીમાં સુધારેલી મતદાર યાદી જાહેર થશે અને આ બંને બેઠકો પર ૧૫ જૂન પહેલા પેટાચૂંટણી યોજાવાની સંભાવના છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કડી વિધાનસભા બેઠક પર ભાજપના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીનું ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં અવસાન થયું હતું. જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભૂપતભાઈ ભાયાણીએ ૨૦૨૩માં રાજીનામું આપ્યું હતું. જેથી આ બંને બેઠક ખાલી પડી છે.

૨૦૨૨માં વિસાવદર બેઠક પરથી કૉંગ્રેસના પાટીદાર નેતા હર્ષદ રિબડિયાએ જીત મેળવી હતી. જે બાદ બીજા જ વર્ષ તેઓએ કૉંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ ગયા હતા, જેના કારણે આપના ભૂપત ભાયાણીએ આ બેઠક પર વિજય મેળવ્યો હતો. રિબડિયાએ વિસાવદરની ચૂંટણીના પરિણામને હાઇ કોર્ટમાં પડકારતા આ બેઠક પર લાંબા સમય સુધી ચૂંટણી થઈ શકી નથી. હવે કાયદાકીય ગૂંચ ઉકેલાતા, પેટાચૂંટણીનો માર્ગ મોકળો થયો છે.

નોંધવા જેવી બાબત એ છે કે વર્ષ ૨૦૨૨ પછી રાજ્યમાં ખંભાત, વિજાપુર, વાઘોડિયા, પોરબંદર અને માણાવદર સહિતની બેઠકો માટે પેટાચૂંટણી યોજાઈ ચૂકી છે. નવેમ્બર ૨૦૨૪માં વાવ વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ હતી, ત્યારે વિસાવદર માટે કોર્ટ કેસ પેન્ડિંગ હોવાને કારણે ત્યાં ચૂંટણી થઈ ન હતી. હવે કડી અને વિસાવદરની પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચે તૈયારીઓ શરૂ કરી છે.

રાજકીય રીતે કડી અને વિસાવદરની પેટાચૂંટણી ભારે રસાકસીભરી રહી શકે છે. કારણ કે ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી ફરી એક વખત મેદાનમાં હશે. હવે ચૂંટણી પંચની આગામી જાહેરાત પર સૌની નજર રહેશે. ■

# પાવાગઢ-અંબાજીમાં ચૈત્રી નવરાત્રીના આઠમા નોરતે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૈત્ર સુદ આઠમના શુભ અવસરે અંબાજી અને પાવાગઢ મહાકાલી મંદિરમાં વહેલી સવારથી જ ભાવિક ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો. અંબાજી આઠમ ભરવાનું વિશેષ મહત્ત્વ હોવાથી વહેલી સવારે મંગળા આરતીમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. બોલ મારી અંબે, જય જય અંબેના નાદથી અંબાજી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. તે જ પ્રકારે મા મહાકાલીના પ્રાગટ્ય દિવસને પગલે મંદિરમાં ભક્તોની ભારે ભીડ જામી હતી. વહેલી સવારે ૪ વાગ્યાથી જ ભક્તો માતાજીના દર્શન કરી શકે તે માટે મંદિર ખુલ્લું મુકાયું હતું. આઠમના દિવસે હજારો ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પાવાગઢ ડુંગર પર મા કાલિકાના દર્શન માટે વર્ષ દરમિયાન આસો નવરાત્રી, ચૈત્રી નવરાત્રી, આઠમનો હવન તથા જાહેર રજાઓ દરમિયાન ગુજરાત સહિત મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ મોટી સંખ્યામાં માતાજીના ભક્તો ઉમટ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિંદુ ધર્મશાસ્ત્રોમાં આસો, મહા, ચૈત્ર, અષાઢ એમ ચાર નવરાત્રીમાં શક્તિ આરાધનાનો વિશેષ મહિમા વર્ણવવામાં આવ્યો છે. આમ, સામાન્ય દિવસોની તુલનાએ નવરાત્રીમાં શક્તિ આરાધનાનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. જે શ્રદ્ધાળુઓ શક્તિની આરાધના કરવા ઇચ્છતા હોય તેમણે નવરાત્રીના ઉપવાસ રાખીને માતાજીની આરાધના કરે છે. ■

# વાતાવરણના ફેરફારથી અમરેલીમાં આંબાના પાકને ૯૦ ટકા નુકસાન

## ખેડૂતોની સહાયની માગ

અમદાવાદઃ અમરેલી જિલ્લો કેસર કેરીનો ગઢ ગણાય છે. આ જિલ્લામાં સાવરકુંડલા, ધારી અને ખાંભા તાલુકામાં સૌથી વધુ આંબાનું વાવેતર થાય છે. ધારી તાલુકામાં આ વર્ષે આંબાના પાકમાં સારી રીતે ફલાવરિંગ આવ્યું હતું, પરંતુ વાતાવરણમાં થયેલા ફેરફારોના કારણે કેરી ખરી પડી છે. ધારી તાલુકાના ખેડૂતોના આંબા ઉપર હાલમાં ૫ થી ૭ કિલો કેરી દેખાઈ રહી છે, જેથી ખેડૂતો દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે અને બાગાયતી પાકમાં સહાય માટે માગણી કરી છે.

અમરેલી જિલ્લામાં મોટા પ્રમાણમાં આંબાના બાગાયતી પાકનું વાવેતર થાય છે, પરંતુ હાલના સમયમાં આંબાના પાકને ૭૦ થી ૯૦ ટકા સુધી નુકસાન પહોંચ્યું છે. વાતાવરણમાં બદલાવના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક ખેડૂતોએ જણાવ્યું હતું કે, દર વર્ષે આંબામાં સારું ફ્લાવરિંગ અને ઉત્પાદન મળે છે. આ વર્ષે શરૂઆતમાં ખૂબ જ સારું ફ્લાવરિંગ આવ્યું હતું, જે છેલ્લા દસ વર્ષમાં હતું ન હતું. પરંતુ વાતાવરણના બદલાવને કારણે ૯૦ ટકા પાક, આંબા ઉપર આવેલી કેરીઓ પડી ગઈ છે. આ વર્ષે આંબામાંથી માત્ર ૧૦ ટકા ઉત્પાદન મળે તેવી શક્યતા છે. ઝાકળ અને વાતાવરણ બદલવાના કારણે કેરીઓ પડી ગઈ છે અને ફ્લાવરિંગ બળી ગયું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે,આ વર્ષે એવું લાગતું હતું કે સીઝનમાં ઘણી સારું પાક ઉત્પાદન થશે. કેરીનો પાક પણ સારું પેદા થશે, પરંતુ વાતાવરણમાં ફેરફારને કારણે કેરીનો પાક ૯૦ ટકા નિષ્ફળ ગયો છે. સરકાર દ્વારા સેટેલાઇટ સર્વે કરી ખેડૂતોને સહાય આપવામાં આવે તે માટે માગ કરવામાં આવી છે. ■

# ડીસા બ્લાસ્ટ કેસમાં ઈજાગ્રસ્ત યુવકનું મોત થતાં મૃત્યુઆંક વધી ૨૨ થયો

## ફેક્ટરી માલિકનું ભાજપ કનેક્શન બહાર આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના ડીસામાં એક એપ્રિલ (મંગળવારે) ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉનમાં ભીષણ વિસ્ફોટ અને આગના કારણે ૨૧ શ્રમિકોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે કેટલાક ગંભીર રીતે દાઝી ગયા હતા. આ લોકોને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં સારવાર દરમિયાન વધુ એક યુવકનું મોત નીપજ્યું હોવાથી કુલ મૃત્યુઆંક ૨૨ પર પહોંચ્યો છે. જ્યારે ડીએનએ રિપોર્ટ બાદ બે મૃતદેહની ઓળખ થઈ હતી. મૃતકો અને ઘાયલો સહિત આ તમામ લોકો મધ્ય પ્રદેશના હરદા અને દેવાસ જિલ્લાના રહેવાસી હતા.

મળતી વિગતો મુજબ અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા મધ્ય પ્રદેશના ૨૩ વર્ષીય વિજય કાજમીનું મોત થતાં મૃત્યઆંક ૨૨ પર પહોંચ્યો છે. આ દુર્ઘટનાનો ભોગ બનેલા ૧૯ લોકોના મૃતદેહને પરિવારને સોંપવામાં આવ્યા છે. જ્યારે ડીસા સિવિલમાં રખાયેલા બે મૃતદેહના ડીએનએ રિપોર્ટ આવ્યા બાદ મૃતકો લક્ષ્મી અને સંજય નામ હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં સંજયના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે મધ્ય પ્રદેશ તેમના વતનના ગામ મોકલી અપાયો હતો.

આ દરમિયાન ૨૨ લોકોનો જીવ લેનારા ફટાકડાની ફેક્ટરીના માલિક દીપક સિંધીનું ભાજપ સાથેનું કનેક્શન બહાર આવ્યું છે. દીપક સિંધી ઉર્ફે દીપક મોહનાની ઉર્ફે દીપક મુલાણી ડીસા શહેર યુવા ભાજપમાં મંત્રી છે અને ભૂતકાળમાં ઉપપ્રમુખ હતો. ડીસામાં ભાજપના કાર્યક્રમોમાં નિયમિત હાજરી આપતા દીપકને ભાજપના નેતાઓ સાથે ગાઢ સંબંધો હતા.

વળી, દીપક સિંધી પોતાના ફટાકટા વેચવા માટે નરેન્દ્ર મોદીના નામનો ઉપયોગ કરતો હતો. દીપકની કંપની દીપક ટ્રેડર્સ દ્વારા ફટાડકાના પેકેટ પર મોદીનો ફોટો લગાવીને મોદી બ્રાન્ડના ફટાકડા બજારમાં વેચવામાં આવતા હતા. ફેક્ટરીમાં વિસ્ફોટ પછી પોલીસને બાજુમાં આવેલા ગોડાઉનમાંથી મોટા પ્રમાણમાં ફટાકડાના પેકિંગ માટેનાં રેપર મળ્યાં હતા. આ રેપર પર મોદીના ફોટા સાથે મોદી બ્રાન્ડનો ઉલ્લેખ છે. ■

# ગુજરાતમાં રખડતા શ્વાનોએ છેલ્લાં ત્રણ વર્ષમાં ૮.૯૪ લાખ લોકોને બચકાં ભર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહાનગરોથી લઇને ગ્રામ્ય વિસ્તારમાં રખડતા શ્વાનોની સંખ્યા અને તેના કરડવાની સંખ્યામાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ સુધીના ત્રણ વર્ષ અને ૨૦૨૫ના જાન્યુઆરી માસ મળીને રાજ્યમાં શ્વાન કરડવાના કુલ ૮,૯૪,૬૭૯ બનાવ બન્યા છે. બાળકો અને વૃદ્ધો ઉપર પણ હવે હુમલો કરતા શ્વાનોનો આટલો ઉત્પાત છતાં રાજ્ય સરકાર સ્થિતિને નિયંત્રણમાં લઇ શકી નથી. ૨૦૨૫ના જાન્યુઆરી મહિનામાં જ ૫૩,૯૪૨ લોકોને શ્વાને બચકાં ભર્યાં હતાં.

ગુજરાતમાં ગ્રામ પંચાયતથી લઇ મહાનગરપાલિકા અને સરકાર વિવિધ પ્રકારના ટેક્સ નાગરિકો પાસેથી વસૂલ કરે છે પરંતુ શ્વાન કરડવા જેવી બાબતથી મુક્તિ અપાવી શકતી નથી. રસ્તા પર જતી વ્યક્તિ કે વાહનચાલકને શ્વાનના ત્રાસથી ડરતા રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. લોકસભામાં એક સવાલના જવાબમાં રજૂ કરાયેલા આંકડા પ્રમાણે દર વર્ષે શ્વાન કરડવાની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. ગુજરાતમાં રોજના સરેરાશ ૧૮૦૦ લોકોને શ્વાન કરડે છે.મહાનગરોમાં શ્વાન પકડવાનું કે તેના ખસીકરણની કામગીરી કેટલી કંગાળ હશે તે સ્પષ્ટ છે.

કેટલાક રાજ્યને બાદ કરતા ગુજરાતમાં શ્વાન કરડવાનું પ્રમાણ વધારે હોવાનું પણ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. ૨૦૨૫ના જાન્યુઆરીના આંકડા મુજબ ગુજરાતમાં શ્વાન કરડવાના ૫૩,૯૪૨ બનાવ સામે બિહારમાં ૩૪,૪૪૨, દિલ્હીમાં ૩૧૯૬, કર્ણાટકમાં ૩૯,૪૩૭, મધ્ય પ્રદેશમાં ૧૬,૧૭૦, મહારાષ્ટ્રમાં ૫૬,૫૩૮, રાજસ્થાનમાં ૧૫,૦૬૨ અને ઉત્તર પ્રદેશમાં ૨૦,૪૭૮ બનાવ બન્યા હતા. ■

# અમદાવાદ મનપા શહેરની પચીસ લાખ મિલકતો પર ક્યૂઆર કોડ લગાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આવેલી અંદાજે ૨૫ લાખથી વધુ કોમર્શિયલ-રહેણાક મિલકતો બહાર મનપા દ્વારા ક્યુઆરકોડ લગાવવામાં આવશે. મનપાની યોજનાઓ લોકો સુધી પહોંચાડવા આ પ્લાન ઘડવામાં આવ્યો છે. આનાથી મનપાની ટેક્સની આવક પણ વધશે. તમામ મિલકતોનું જીયોગ્રાફિકલ ઈન્ફર્મેશન સિસ્ટમ આધારિત મેપિંગ કરાશે. કોડ સ્કેન કરી લોકો મનપાને કોઈપણ પ્રકારની ફરિયાદ પણ નોંધાવી શકશે. શહેરમાં આવેલી તમામ મિલકતોનું ડ્રોનથી સર્વે કરાવી ડ્રોન ઈમેજ તૈયાર કરાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શહેરીજનોને અપાતી ડોર ટુ કોન્ટ્રાકટથી વેસ્ટ કલેકશન, પ્રોપર્ટી ટેક્સ, ફાયર સેફ્ટી સહીતની સેવાઓને આવરી લેવાશે.

આ અંગે રેવન્યુ કમિટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, ક્યુઆરકોડ માટે ટૂંકમાં ટેન્ડર બહાર પડાશે. લોકોના ટેનામેન્ટ નંબરને આધારે તે તૈયાર થશે અને તે મોબાઇલ આધારિત રહેશે. એકવાર ક્યુઆરકોડ સિસ્ટમ અમલમાં આવે પછી લોકોને ટેક્સ બિલની વિગતો પણ મોબાઇલ પર મળી જશે. પ્રોફેશનલ ટેક્સ પણ આ રીતે મોકલાશે. આ ઉપરાંત જીયોગ્રાફિકલ ઈન્ફર્મેશન મેપિંગને કારણે કોઈપણ જગ્યાએ ગેરકાયદે બાંધકામ થતું હશે તો તેને પણ પકડી શકાશે અને સંબંધિત વિભાગને જાણ કરી કાર્યવાહી કરાશે. શહેરમાં આવેલી મિલકતોના ડ્રોનથી સર્વે કરી મિલકતોનું મેપીંગ કરવા સહિતની અન્ય કામગીરી કરાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રીકવેસ્ટ ફોર પ્રપોઝલ મંગાવવામાં આવશે. ■

# વડોદરાના મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે એક થી ચાર વાગ્યા સુધી બંધ રાખવા ટ્રાફિક પોલીસનો નિર્ણયઃ લોકોને ગરમીથી રાહત મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાતની સાથે વડોદરામાં પણ આકરી ગરમી પડી રહી છે. બપોરના સમયે શહેરમાં નિકળવું પણ મુશ્કેલ બન્યુ છે. વધુમાં હવામાન વિભાગે ચાર દિવસ હિટવેવની આગાહી કરતા શહેરીજનોની હાલત કફોડી બની છે. આ દરમિયાન વડોદરાના વાહનચાલકોને રાહત આપવા માટે શહેર ટ્રાફિક પોલીસે મહત્ત્વનો નિર્ણય કર્યો હતો. કાળઝાળ ગરમીથી લોકોનો બચાવ થાય તેને ધ્યાનમાં રાખીને શહેરના મુખ્ય ટ્રાફિક સિગ્નલો શનિવાર બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો શહેર પોલીસ કમિશનર દ્વારા નિર્ણય લેવાયો હતો. જોકે કેટલાક નાના જંક્શન ઉપર ટ્રાફિક સિગ્નલો કાર્યરત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગરમીમાં બપોરના સમયે વધુ વખત તાપમાં રહેવાથી લૂ લાગવાના અને સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે. પરિણામે બપોરના સમયે મુખ્ય માર્ગો સુમસામ થઈ જતા હોય છે. આ ઉપરાંત ટ્રાફિક સિગ્નલો પર વધુ સમય વાહનો ઊભું રાખવું હિતાવહ નથી. જેથી શહેરીજનોની સુખાકારી માટે અને ગરમીથી બચાવના ઇરાદે શનિવારથી મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે ૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જોકે આમ છતાં વાહનચાલકોએ શિસ્ત ભંગ કરીને અકસ્માત થાય એવી રીતે વાહન ચલાવવું નહીં તેની ટકોર પણ કરવામાં આવી હતી.■

# ભારતીય સત્તાવાળાઓના દબાણને લીધે ૪૦ કલાકની યાતનાનો અંત આવ્યો

## આવું કહેવું છે તૂર્કીના ઍરપોર્ટ પર ફસાયા પછી પાછા ફરેલા વર્જિન એન્ટલાન્ટિક એરના પ્રવાસીઓના પરિવારજનનું

મુંબઈ: આમ આદમી પાર્ટી (આપ)ના નેતા પ્રીતિ શર્મા મેનને શનિવારે જણાવ્યું હતું કે પ્રવાસીઓ, ભારતીય સત્તાવાળાઓ અને મીડિયાના દબાણને કારણે આખરે ૪૦ કલાક સુધી તૂર્કીમાં ફસાયેલા મુસાફરોને 'બચાવવા' માટે વર્જિન એન્ટલાન્ટિક સક્રિય થઈ હતી.

શુક્રવારે મોડી સાંજે ભારતીયો સહિત ૨૫૦થી વધુ વર્જિન એન્ટલાન્ટિક એરલાઇનના યાત્રીઓ મુંબઈ એરપોર્ટ પર ઉતર્યા હતા. બુધવારે લંડનથી મુંબઈ જઈ રહેલા વિમાનને ડાયવર્ટ કરવામાં આવ્યા બાદ યાત્રીઓ તૂર્કીના દિયારબાકીર એરપોર્ટ પર અટવાઇ ગયા હતા.

'આપ'ના મુંબઈનાં પ્રમુખ મેનનના સંબંધીઓ આ ફ્લાઇટમાં હતા. તેમણે જણાવ્યું હતું કે એરલાઇને ૨૭૦ મુસાફરોને દૂરના લશ્કરી દિયારબાકીર એરપોર્ટ પર રેઢા મૂકી દીધા હતા અને સ્થાનિક કર્મચારીઓ પાસે તેમની સંભાળ રાખવાની પૂરતી સાધના પણ નહોતી.

તૂર્કીમાં ભારતીય રાજદૂતના હસ્તક્ષેપ પછી તેમને ધાતુની ખુરશીઓ પર બેસવાની અને માત્ર એક જ શૌચાલયની વ્યવસ્થા જેવી ૨૬ કલાકની પરેશાની બાદ સારું ભોજન અને હોટલમાં રોકાણ આપવામાં આવ્યું હતું એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# 'મોમો'નો સ્ટૉલ શરૂ કરવા વૃદ્ધાની હત્યા કરી લૂંટ ચલાવી

થાણે: જેલમાંથી છૂટ્યા પછી 'મોમો'નો સ્ટૉલ શરૂ કરવા નાણાંની જરૂર હોવાથી રેકોર્ડ પરના આરોપીએ વૃદ્ધાની હત્યા કરી હોવાની ઘટના થાણે જિલ્લાના કલ્યાણ નજીક બની હતી.

પોલીના જણાવ્યા મુજબ ૨૦ માર્ચે રંજના પાટેકર (૬૦)નો મૃતદેહ તેના આંબિવલીના ઘરમાંથી મળી આવ્યો હતો. આ પ્રકરણે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ બાદ આરોપી અકબર મુહમ્મદ શેખ ઉર્ફે ચાંદ (૩૦)ની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ઘટનાની સાંજે આરોપી ચાંદે પાટેકરના ઘરનો દરવાજો ખટખટાવ્યો હતો અને પીવાનું પાણી માગ્યું હતું. પાણી લેવા પાટેકર ઘરમાં ગઈ ત્યારે આરોપી પણ તેની પાછળ ઘરમાં ઘૂસ્યો હતો. ઘરમાં વૃદ્ધા એકલી હોવાનું જોઈ આરોપીએ તેનું કાસળ કાઢવાનું નક્કી કર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ ઘરમાં ટીવીનો અવાજ મોટો કર્યો હતો, જેથી વૃદ્ધાની મદદ માટેની બૂમો કોઈ સાંભળી ન શકે. બાદમાં ગળું દબાવી વૃદ્ધાની હત્યા કરી હતી. હત્યા પછી આરોપી એક લાખ રૂપિયાના મૂલ્યની સોનાની ઈયરિંગ્સ લૂંટી આરોપી ફરાર થઈ ગયો હતો. ડેપ્યુટી પોલીસ કમિશનર અતુલ ઝેન્ડેએ જણાવ્યું હતું કે ખડકપાડા પોલીસ સ્ટેશનના એક કેસમાં ચાંદ આધારવાડી જેલમાં બંધ હતો. આઠ મહિના અગાઉ જ તે જેલમાંથી બહાર આવ્યો હતો.

બહાર આવ્યા પછી તેની પાસે કોઈ કામ નહોતું એટલે તે મોમોનો સ્ટૉલ શરૂ કરવા માગતો હતો. સ્ટૉલ શરૂ કરવા નાણાંની જરૂર હોવાથી તેણે ગુનો આચર્યો હોવાનું તપાસમાં જણાયું હતું. ચાંદની અટાલી વિસ્તારમાંથી શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી લૂંટેલી ઈયરિંગ્સ હસ્તગત કરવામાં આવી હતી, એમ ખડકપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અમરનાથ વાઘમોડેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# સંસ્થા સમાચાર

## રાજકોટમાં વિરાણી પૌષધશાળામાં નવપદ આયંબિલ આરાધના પર્વની ઉજવણી



શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ, વિરાણી પૌષધશાળા ખાતે પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં નવપદ આયંબિલ ઓળી પર્વ પ્રસંગે મનને જાણો મનને જીતો પ્રવચન શ્રેણીમાં ભાવિકો લાભ લઈ રહેલ છે.

કાયમી જૈનશાળા પુરસ્કાર અને આયંબિલ તપ અનુમોદનાનો ડૉ. કેશુભાઈ નરસિંહદાસ મહેતા અને કાંતિલાલ પ્રેમચંદ વોરા હ. મુકેશ, હરેશ, દર્શના ગાંધીએ લાભ લીધેલ છે.

આયંબિલ પર્વની અનુમોદનામાં આરતીબેન અનિલભાઈ વિરાણી, સુવિધિ હિમાંશુભાઈ બોટાદરા, એડવોકેટ ઉન્નતિ જુઠાણી, ધારા જીતુભાઈ બેનાણી, અમન અનીશ બદાણી, ડૉ. કેશુભાઈ એન. મહેતા, નયનાબેન યોગેશભાઈ મહેતા વગેરે લાભ લઈ રહેલ છે.

તા. ૯ ને બુધવારે જીતો પ્રેરિત નવકાર મહામંત્ર જાપ તથા તા. ૧૦ના મહાવીર જન્મ કલ્યાણક શોભાયાત્રા અને મોટા સંઘમાં સમાપન અને ગૌતમપ્રસાદ યોજાશે.

તા. ૧૩ ને બપોરે મેગા મહિલા શિબિરનું ૩ થી ૪.૩૦ કલાકે આયોજન કરેલ છે. પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં તા. ૧૧-૦૫ને રવિવારે ગોંડલમાં નિદ્રાવિજેતા પૂ. ડુંગરગુરુદેવની પુણ્યતિથિ નિમિત્તે પધારશે.

## AACAની નવી એક્ઝિક્યુટિવ કમિટીની ઘોષણા



ગુજરાતમાં એડવર્ટાઈઝીંગ એજન્સીઓ માટે અગ્રગણ્ય સ્વરૂપે કાર્ય કરતી અમદાવાદ એડવર્ટાઇઝીંગ વેલફેર સર્કલ એસોસિએશન (AACA) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૭ માટે નવી એક્ઝિક્યુટિવ કમિટીની નિમણૂક કરવામાં આવી છે. AACA એજન્સીઓ વચ્ચે સારા સંબંધો, હેલ્થી કોમ્પિટિશન અને પ્રોફેશનલ ગ્રોથ માટે સતત પ્રયત્નશીલ છે.

AACAના નવા પ્રમુખ શ્રી મનીષ પી. ગાંધી તથા કમિટી એડવર્ટાઈઝીંગ ક્ષેત્રના વિકાસ માટે નવા ઇનોવેટિવ પ્રોગ્રામ કરવા સતત પ્રયત્ન રહેશે.

AACA 2025-2027 એક્ઝિક્યુટિવ કમિટી

પ્રમુખઃ મનીષ પી. ગાંધી (પી. ગૌતમ એન્ડ કંપની), સેક્રેટરીઃ જગત બી. ગાંધી (દિપ્તી એડ્સ), ઉપપ્રમુખઃ ભદ્રેશ બી. ગાંધી (રાકેશ એડવર્ટાઇઝીંગ), ઉપપ્રમુખઃ પીનલ એ. શાહ (શાર્પ મીડિયા સર્વિસીસ), જોઈન્ટ સેક્રેટરીઃ હાર્દિક એ. શાહ (અરવીન એન્ડ કું.), ટ્રેઝરરઃ હિરેન એમ. શાહ (હિરેન એડવર્ટાઈઝીંગ).

કારોબારી સભ્યોઃ- અજીતભાઈ આર. શાહ (અજીત એડ્સ), સંદીપભાઈ એન. શાહ (અમોલા એડવર્ટાઇઝીંગ), રાજેન્દ્રભાઈ સોની (પૂર્ણિમા એડ્સ), સમીર એન. શાહ (આદિશ્વર એડવર્ટાઇઝીંગ), પ્રશાંત પી. નારેચાણીયા (વર્ધમાન એડવર્ટાઇઝીંગ), પ્રદીપ એસ. મહેતા (વૃષ્ટિ કોમ્યુનિકેશન), કેતન એસ. દેસાઈ (આસ્થા માર્કેટીંગ), જીગ્નેશ જે. ગાંધી (શ્રીગિરીરાજ એડવર્ટાઈઝીંગ), અભિક એમ. પટેલ (અભિક એડ્સ), ચિંતન શાહ (અજીત એડ્સ), મૌલીન સોની (પૂર્ણિમા એડ્સ).

### ન્યૂ ઈન્ડિયા બેંક કેસઃ

# હિતેશ મહેતાએ બ્રેઈન મેપિંગ ટેસ્ટમાં ગુનાની કબૂલાત કરી

## બ્રેઈન મેપિંગ ટેસ્ટના પોઝિટિવ અહેવાલથી કેસને મજબૂત આધાર મળવાની પોલીસને આશા

મુંબઈઃ ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બેંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસમાં ધરપકડ કરાયેલા ભૂતપૂર્વ જનરલ મૅનેજર અને અકાઉન્ટ હેડ હિતેશ મહેતાએ બ્રેઈન મેપિંગ ટેસ્ટમાં ગુનાની કબૂલાત કરી હોવાનું અહેવાલ પરથી સ્પષ્ટ થાય છે. બ્રેઈન મેપિંગ ટેસ્ટના પોઝિટિવ અહેવાલને પગલે મહેતાએ અત્યાર સુધીની તપાસમાં આપેલી મહત્ત્વપૂર્ણ માહિતીને આધાર મળ્યો હોવાનું કહેવાય છે.

રોકડની ઉચાપતના મામલે આર્થિક ગુના શાખાની પૂછપરછમાં હિતેશ મહેતા સહકાર આપતો ન હોવાથી કલિનાની ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીમાં તેની બ્રેઈન મેપિંગ ટેસ્ટ કરવામાં આવી હતી. લગભગ ત્રણ કલાક સુધી આ ટેસ્ટ ચાલી હતી. હવે ટેસ્ટનો અહેવાલ આર્થિક ગુના શાખાને પ્રાપ્ત થયો છે.

કેસની તપાસ કરતા એક અધિકારીએ જણાવ્યું હતું કે ટેસ્ટનો અહેવાલ પોઝિટિવ આવ્યો છે. મહેતાએ અત્યાર સુધીમાં કરેલી કબૂલાતને આ અહેવાલથી આધાર મળ્યો છે. ટેસ્ટ દરમિયાન તેણે ગુનાની કબૂલાત કરી હતી અને તેણે જે આરોપીઓનાં નામ આપ્યાં હતાં તેમની સંડોવણીને સમર્થન મળ્યું છે.

અગાઉ મહેતા પર પોલિગ્રાફ ટેસ્ટ કરવામાં આવી હતી. એ ટેસ્ટમાંથી કોઈ તારણ નીકળ્યું ન હોવાથી મહેતાની બ્રેઈન મેપિંગ ટેસ્ટ કરાઈ હતી.

અધિકારીના જણાવ્યા મુજબ હવે એવું સામે આવ્યું છે કે બૅંકના ભૂતપૂર્વ ચૅરમૅન હિરેન ભાનુ અને મહેતાએ ભાનુના અંગત ઉપયોગ માટે બૅંકના વૉલ્ટમાંથી રોકડની ઉઠાંતરી કરી હતી. અમુક મહિના પછી આ નાણાં પાછાં જમા કરી દેવાતાં હતાં. આ પછી મહેતાએ પોતાની મેળે નાણાંની ઉચાપત કરવાનું શરૂ કર્યું હતું. નાણાં પર સારું વળતર મેળવ્યા પછી મૂળ રકમ વૉલ્ટમાં પાછી મૂકી દેવાતી હતી.

મહેતાએ બિલ્ડર ધર્મેશ પૌનને એસઆરએ પ્રોજેક્ટ માટે રૂપિયા આપ્યા હતા. આ રૂપિયા તેણે વ્યાજ સાથે પાછા આપવાના હતા. આ જ રીતે રાજીવ રંજન પાંડેને પણ નાણાં આપવામાં આવ્યાં હતાં, જેણે કંપનીઓમાં રોકાણ કરવાથી વધુ નાણાં મળશે, એવું મહેતાને કહ્યું હતું.

દરમિયાન કોર્ટે આર્થિક ગુના શાખાની અરજીના જવાબમાં મહેતાના સાત ફ્લૅટ, એક દુકાન અને બંગલો સહિત ૨૧ મિલકતને ટાંચ મારવાની મંજૂરી આપી હતી. કોર્ટે બૅંકના ભૂતપૂર્વ ચૅરમૅન હિરેન ભાનુ અને તેની પત્ની ગૌરીને ભાગેડુ પણ જાહેર કર્યાં હતાં.

# મઢ આઈલૅન્ડમાં ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ:મઢ આઈલેન્ડ પરિસરમાં એરંગલ વિલેજમાં ગેરકાયદે બાંધકામ સામે પાલિકાના પી-ઉત્તર વોર્ડ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી કરીને તેને તોડી પાડવામાં આવ્યું હતું.

પી-ઉત્તર વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર કુંદન દળવીના જણાવ્યા મુજબ મઢ આઈલેન્ડમાં મઢ-માર્વે રોડ પર એરંગલ વિલેજમાં એક ગેરકાયદે બંગલો હતો. લગભગ બે હજાર ચોરસ ફૂટના ક્ષેત્રફળ વિસ્તારમાં ઊભા કરવામાં આવેલા બંગલાને શનિવાર, પાંચ એપ્રિલના તોડી પાડવામાં આવ્યો હતો.

અધિકારીના જણાવ્યા પ્રમાણે આ બંગલો રૂપવીર તરીકે ઓળખાતો હતો અને શૂટિંગ માટે ભાડા પર આપવામાં આવતો હતો. બંગલામાં છ મેક-અપ રૂમનો પણ સમાવેશ થતો હતો. એક પોકલેન અને બે જેસીબીની મદદથી ૧૦ કામગરા, ચાર પોલીસ અને આઠ એન્જિનિયરોની મદદથી આ બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**શ્રીગોડ બ્રાહ્મણ**

જંબુસર નિવાસી હાલ કાંદીવલી, દિપક કૃષ્ણશંકર જોશી (ઉં. વ. ૭૪) તા. ૩-૪-૨૫ના કૈલાસવાસી થયેલ છે. જે અરુણાબેનના પતિ. બોસ્કી શ્રોફ તથા હાર્દિક જોશીના પિતા. તે સ્વ. વ્રજલાલ જીવરામ ત્રિવેદીના જમાઈ ઉના નિવાસી. લૌકિક વ્યવહાર રાખેલ નથી. નિવાસ સ્થાનઃ રૂમ નં. ૨, ૪-બી વિંગ, મજીઠીયા નગર, એસ.વી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**કચ્છી સતવાર પટેલ**

ગામ દુધઇ હાલ ઘાટકોપર સ્વ. દામજીભાઇ, રાજાભાઇ પિતરિયાના સુપુત્ર સ્વ. નરશી પિતરિયા (ઉં. વ. ૬૮) તા. ૩-૪-૨૫ના ગુરુવારના કૈલાસવાસ થયેલ છે. તે રૂડીબેનના પતિ. દિનેશભાઇ, ભાવિકાબેન, હિરેનભાઇના પિતાશ્રી. સ્વ. ભોજરાજભાઇ, સ્વ. દેવજીભાઇ, સ્વ. કરસનભાઇ, સ્વ. રણછોડભાઇનાં ભાઇ. અમીતાબેન દિનેશ, જાગૃતિબેન હિરેન, તુષારભાઇ રમેશભાઇ સસરા. વંશીકા, મોક્ષાના દાદા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૬-૪-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, લવંડર બાગની બાજુમાં, ૯૦ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**જામનગર મોઢ વણિક**

અ. સૌ. હંસાબેન મણીયાર (ઉં.વ.૯૩) હાલ પ્રભાદેવી તે શાંતિલાલ (મનુભાઇ) વૃંદાવનદાસ મણીયારના પત્ની. તે સ્વ. વૃજકુંવર નરભેરામ મહેતાની પુત્રી. તે કિરણભાઇ અને હીનાબેન રમેશભાઇ રાઘવનના માતુશ્રી. તે કલ્પનાબેનના સાસુ. તે તન્વી ચિરાગ મકવાણાના દાદી. તે સ્વ. વ્રજલાલભાઇ (બાલુભાઇ) અને ચંદ્રકલાબેન મહેતાના બેન. તા. ૪-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૬-૪-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. હોલ ઓફ હારમની. નહેરુ સેન્ટર, વરલી ખાતે રાખેલ છે.

# જૈન મરણ

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ માટુંગા, સ્વ. કમળાબેન પુરુષોત્તમદાસ દોશીના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૮૨)નું તા. ૫-૪-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે સરોજબેનના પતિ. ભરતભાઈ (કળાબેન), રવિન્દ્રભાઈ (મીનાક્ષીબેન), શારદાબેન રજનીકાંત સંઘવી અને કોકીલાબેન રજનીકાંત ગાંધીના ભાઈ. ફાલ્ગુની દેવાંગભાઈ કામદાર, સેજલ અને નેહલ પરેશભાઈ સંઘવીના પિતા. ધ્રાંગધ્રાં નિવાસી ભીખાલાલ નરશીભાઈ સંઘવીના જમાઈ. હિતેશ (અપેક્ષા), નિવેદીતા, જ્યોતી અને રૂપલના મોટા કાકા. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**માંગરોળ દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી હાલ અંધેરી, સ્વ. હેમલતા નવીનકાન્ત શાહના સુપુત્ર ચેતન શાહ (ઉં. વ. ૬૨) તા. ૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ રશ્મી શાહના પતિ. જીતેન અને જસ્મીન ભદ્રેશ શાહના ભાઈ. આશાના કેયુર દલાલના પિતા. સ્વ. વીમળાબેન કરમચંદ કોઠારીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૬-૪-૨૫ રવિવારના જલારામ હોલ, રોડ નં. ૬, જે.વી.પી.ડી. સ્કીમ, વીલે પારલે વેસ્ટ, સાંજના ૪.૩૦ થી ૬.૩૦. ચક્ષુ તથા ત્વચા દાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પીપરાળી નિવાસી, હાલ ડોમ્બિવલી સ્વ. કાંતાબેન પરમાણંદદાસ મહેતાના સુપુત્ર નરેશભાઇ (ઉં.વ. ૬૪) તા. ૪-૪-૨૫ના અવસાન પામેલ છે. તે અલ્પાબેનના પતિ. તે નગીનદાસ વનમાળીદાસ મહેતાના ભત્રીજા. મહેન્દ્રભાઇ તથા શશીકાંતભાઇ, વર્ષાબેન જગદીશકુમાર, રંજનબેન પ્રદીપકુમાર પાલિતાણાવાળા, આશાબેન ઊર્મિષકુમાર મેથળાવાળાના ભાઇ. તે જાગૃતિબેન તથા દિપ્તીબેનના જેઠ. તથા શ્વસુર પક્ષે ગુણવંતરાય ઓઘડભાઇ સાંગાવદરવાળાના જમાઇ. ઠે. રૂમ નંબર-૨૦૨, બીજે માળે, સ્વાનંદ બિલ્ડિંગ, ગોગરાસવાડી, પ્રકાશ વિદ્યાલય સામે, ડોમ્બિવલી (ઇસ્ટ). સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રી. સ્થા. જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. મણીકાન્તભાઇ પ્રભુદાસભાઇ વિરાણીના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૯૩) તે બીપીનભાઇ, કૌશીકભાઇ તથા કેતનભાઇના માતુશ્રી. અંજલીબેન, રેણુકાબેન તથા ચેતનાબેનના સાસુ. હાર્દિક, નિલય, કુનાલ, સ્વ. પરીત તથા જીમીતાબેન કંપાણીના દાદી. પિયર પક્ષે બગસરા નિવાસી સ્વ. ધીરજલાલ રેવાશંકર મેઘાણીના દીકરી. સ્વ. કાન્તીભાઇ, સ્વ. હસમુખભાઇ, નલીનભાઇ તથા સ્વ. શારદાબેન અરવિંદકુમાર ગાંધીના બેન. શુક્રવાર, તા. ૪-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ વાલકેશ્વર સ્વ. અનંતરાય હિરાચંદ શાહના ધર્મપત્ની તારાબેન શાહ (ઉં.વ. ૯૧) તા. ૫-૪-૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રદીપ, જગદીપ (રાજુ), નયના, વિશાખાના માતુશ્રી. શિલ્પા, વર્ષાના સાસુજી. જમાઇ જીતેન્દ્ર અને જયંત દીયર ચંદ્રકાન્તભાઇ. દેરાણી પ્રવીણાબેન. પીયર પક્ષે દીપચંદભાઇ શેઠના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવાવાસના ધીરજ પ્રેમજી વિસરીયા (ઉં. વ. ૮૦) ૪-૪ના દેહ પરિવર્તન કરેલ છે. ચંચળબેન (ભોઈમા) પ્રેમજી રવજીના પુત્ર. સ્વ. ઝવેરબેન, વિજયાના પતિ. મનીષ, રમેશના પિતાશ્રી. ચંદ્રકાંત, નિતીન, કુંદન (કુસુમ)ના ભાઈ. નાગલપુર લીલબાઈ ધારશી માલશી, હૈદરાબાદ સુધા વેંકટેશ નાયડુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધીરજલાલ પ્રેમજી, ૧૦૨, ઝી સ્વસ્તિક, નરીમાન રાડ, વિલે પાર્લા(ઈ).

વાંકીના બાલ બ્રહ્મચારી કસ્તુરબેન છેડા (ઉં. વ. ૮૨) તા. ૪-૪-૨૫ના અવસાન પામેલ છે. વાલીબેન ગેલા માણેક છેડાના પૌત્રી. સ્વ. મઠાંબાઇ લખમશીના પુત્રી. બેરાજાના લક્ષ્મીબેન માવજી ભેદા, નાગજી, કાનજી, જયંતીલાલના બહેન. પત્રીના મમીબેન નરશી વેલાની દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાનજી લખમશી છેડા, એ/૨૦૧, કોડાય એપાર્ટમન્ટ, દત્ત મંદિર રોડ, મલાડ (ઇ).

ચીઆસરના માતુશ્રી લક્ષ્મીબેન ઉમરશી રાયશી ગોસર (ઉં. વ. ૮૮) તા. ૩-૪-૨૫ના અવસાન પામેલ છે. ઉમરશી રાયશીના ધર્મપત્ની. માતુશ્રી લાધીબાઇ રાયશી સામતના પુત્રવધૂ. કસ્તુર, જ્યોતિ, ભાવના, ભક્તિના માતુશ્રી. ખારૂઆના રાજબાઇ, ઉમરબાઇ આણંદજી વેલજીના સુપુત્રી. નરેન્દ્ર, દેવેન્દ્ર, રંજન, ચાંગડાઇના ડો. કાંતિ, ડો. અજીત, ડો. સુરેશ, ડો. અશ્વિન, મીના, નયના પ્રબોધ, ત્રગડી પ્રભા ખીમજી, વિઢ ચંચળ જયંતી, દેઢીયા કલ્પના હરીશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાંતીલાલ દેવજી શાહ, ૧૦૦૧, જોય વાઇટ હાઉસ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વે.).

# રિવોલ્વરની ધાકે યુવતી પર બળાત્કાર કરનારો રીલ સ્ટાર નાશિકમાં પકડાયો

મુંબઈ: ઍરપોર્ટ પર નોકરી અપાવવાની ખાતરી આપીને રિવોલ્વરની ધાકે યુવતી પર કથિત બળાત્કાર ગુજારવાના કેસમાં ફરાર રીલ્સ સ્ટાર આખરે નાશિકની એક હોટેલમાંથી પકડાયો હતો. આરોપી વિરુદ્ધ બળાત્કારના બે ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

થાણે પોલીસની ખંડણી વિરોધી શાખાએ પકડી પાડેલા આરોપીની ઓળખ સુરેન્દ્ર પાંડુરંગ પાટીલ (૫૨) તરીકે થઈ હતી. ડોમ્બિવલી પૂર્વમાં ઠાકુર્લી નજીક રહેતા પાટીલને વધુ તપાસ માટે માનપાડા પોલીસના તાબામાં સોંપાયો હતો.

સુરેન્દ્ર પાટીલ તેની રીલ્સ અને શૉર્ટ વીડિયોને કારણે સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ ઈન્સ્ટાગ્રામ પર ઘણો પ્રખ્યાત છે. પાટીલ અને તેના ડ્રાઈવર વિરુદ્ધ નાશિકમાં રહેતી ૧૯ વર્ષની યુવતીએ માનપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચાલુ વર્ષની ૧૬ ફેબ્રુઆરીથી ૨૯ માર્ચ દરમિયાન આરોપીએ કુકર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

યુવતીની ઓળખાણ ઈન્સ્ટાગ્રામ પર પાટીલ સાથે થઈ હતી. એક વાર પાટીલે યુવતીને તેની ઑફિસમાં બોલાવી હતી. ઑફિસમાં ગયેલી યુવતી સાથે આરોપીએ રિવોલ્વરની ધાકે દુષ્કર્મ આચર્યું હતું. તેણે યુવતીના વડીલોને મારી નાખવાની ધમકી સુધ્ધાં આપી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

આ પ્રકરણે ગુનો નોંધાતાં પાટીલ ફરાર થઈ ગયો હતો. ખંડણી વિરોધી શાખાના ઈન્સ્પેક્ટર નરેશ પવાર અને એપીઆઈ સુનીલ તારમળેની ટીમે તપાસ કરતાં આરોપી નાશિકની હોટેલ સેલિબ્રેશનમાં સંતાયો હોવાનું જાણવા મળ્યું હતું. નાશિક પહોંચેલી પોલીસની ટીમે શુક્રવારે સ્થાનિક ઈન્દિરાનગર પોલીસની મદદથી આરોપીને પકડી પાડ્યો હતો. તેની વિરુદ્ધ ટિળકનગર પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો ગુનો નોંધાયેલો હોવાનું તપાસમાં જણાયું હતું.

# મધ્ય રેલવેમાં આજે માટુંગાથી મુલુંડ વચ્ચે હશે મેગાબ્લોક

મુંબઈ: ટ્રેક અને સિગ્નલિંગ સંબંધિત સમારકામ માટે રવિવારે તા. છઠ્ઠી એપ્રિલના મધ્ય અને ટ્રાન્સ હાર્બર લાઇન પર રવિવારે બ્લોક લેવામાં આવ્યો છે.

મધ્ય રેલવેમાં માટુંગાથી મુલુંડ અપ અને ડાઉન સ્લો લાઇન પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી બ્લોક રહેશે. બ્લોક દરમિયાન સીએસએમટીથી છૂટનારી સ્લો લાઇનની ટ્રેનો માટુંગા અને મુલુંડ સ્ટેશન દરમિયાન ડાઉન ફાસ્ટ લાઇન પર દોડાવવામાં આવશે. આ ટ્રેનોને સાયન, કુર્લા, ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ અને મુલુંડ સ્ટેશન પર હોલ્ટ આપી ફરી ડાઉન સ્લો લાઇન પર ડાઇવર્ટ કરવામાં આવશે. થાણેથી અપ ફાસ્ટ લાઇન પરની ટ્રેનો મુલુંડ અને માટુંગા દરમિયાન અપ ફાસ્ટ લાઇન પર ડાઇવર્ટ કરવામાં આવશે. આ ટ્રેન મુલુંડ, ભાંડુપ, વિક્રોલી, ઘાટકોપર, કુર્લા અને સાયન સ્ટેશને રોકાશે અને ગંતવ્યસ્થાને પંદર મનિટ મોડી પહોંચશે.

ટ્રાન્સ હાર્બર લાઇનમાં થાણેથી વાશી/નેરુળ અપ અને ડાઉન ટ્રાન્સ હાર્બર લાઇન પર સવારે ૧૧ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી બ્લોક રહેશે. બ્લોક દરમિયાન થાણેથી વાશી/નેરુળ/પનવેલ માટે છૂટનારી અને વાશી/નેરુળ/પનવેલથી થાણે માટે છૂટનારી ટ્રેનો રદ રહેશે.

# કૅન્સર પીડિત સગીરા સાથે દુષ્કર્મથી તે ગર્ભવતી બની: યુવાનની ધરપકડ

થાણે: બદલાપુરમાં સારવારમાં મદદરૂપ થવાને બહાને કૅન્સર પીડિત ૧૩ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ કરી તેને ગર્ભવતી બનાવવા બદલ પોલીસે યુવાનની ધરપકડ કરી હતી.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર શૈલેષ કાળેએ જણાવ્યું હતું કે ૨૯ વર્ષના આરોપીને બિહારથી પકડી પાડવામાં આવ્યો હતો. આરોપી અને સગીરાનો પરિવાર બિહારના એક જ ગામના વતની છે. આરોપીએ જ સગીરાના પરિવાર માટે બે મહિના અગાઉ બદલાપુરમાં ભાડેના ઘરની વ્યવસ્થા કરી હતી અને સારવારમાં તેમને મદદરૂપ પણ થતો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર સગીરા ઘરમાં એકલી હોવાનો આરોપી ફાયદો ઉઠાવતો હતો. ત્રણ વાર તેણે સગીરા સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું.

સગીરાને કેમોથેરપી માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવી ત્યારે રુટિન ચેકઅપ દરમિયાન સગીરા ગર્ભવતી હોવાની જાણ થઈ હતી. હૉસ્પિટલમાંથી આ બાબતે પોલીસને જાણ કરાઈ હતી. ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

તપાસ દરમિયાન પોલીસની ટીમ બિહાર પહોંચી હતી અને ગુરુવારે તેને તાબામાં લેવાયો હતો. ધરપકડ કરાયેલા આરોપીને કોર્ટે અદાલતી કસ્ટડી ફટકારી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

# બસ અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલાને ૧૦ લાખનું વળતર

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલએ ૨૦૧૮માં એક બસ અકસ્માતમાં ગંભીર ઈજાઓનો ભોગ બનેલી ૪૫ વર્ષની મહિલાને ૧૦.૨૫ લાખ રૂપિયાનું વળતર આપ્યું છે.

ટ્રિબ્યુનલના સભ્ય એસ.એન.શાહે બસના માલિક, અમેય ટ્રાવેલ્સ અને તેની વીમા કંપની બજાજ એલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડને વળતર ચૂકવવા જણાવ્યું હતું. ૧૮ માર્ચના આદેશની એક નકલ શનિવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

દાવેદારના વકીલ એડવોકેટ બળદેવ બી. રાજપૂતે ટ્રિબ્યુનલને માહિતી આપી હતી કે પહેલી જાન્યુઆરી, ૨૦૧૮ની રાત્રે મુંબઈના પેડર રોડ વિસ્તારમાં આવેલી એક ઇમારતના ગેટ સાથે બેદરકારીથી ચલાવવામાં આવેલી બસ ધડાકાભેર અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. મિત્રો સાથે નવા વર્ષની ઉજવણી કરીને પરત ફરી રહેલી દાવેદાર અમી ધર્મેન્દ્ર ભુતાને મલ્ટીપલ ફ્રેક્ચર તેમજ અન્ય ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ટ્રિબ્યુનલને જાણવા મળ્યું કે આ અકસ્માત બસ ડ્રાઇવરની બેદરકારીને કારણે થયો હતો. પોલીસે ડ્રાઇવર સામે ફોજદારી ગુનો પણ નોંધ્યો હતો. વીમા કંપનીને એક મહિનાની અંદર અરજી દાખલ થયાની તારીખથી આઠ ટકા વાર્ષિક વ્યાજ સાથે વળતરની રકમ જમા કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

તેરમા પાનાનું ચાલુ

## રામનવમી માટે

શોભાયાત્રા નીકળતી હોવાથી આવા વિસ્તારોની પોલીસ દ્વારા સમીક્ષા કરવામાં આવી છે. શોભાયાત્રાનો માર્ગ બદલવામાં ન આવે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે. મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારો પાસેથી કે જે પરિસરમાં મસ્જિદ નજીકથી શોભાયાત્રા પસાર થવાની હશે ત્યાં વધારાની સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે અને આવા વિસ્તારોમાં સીસીટીવી કૅમેરાથી નજર રાખવામાં આવશે. જરૂર જણાશે ત્યાં પોલીસ ડ્રોનની પણ મદદ લેશે. દરમિયાન વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ સતર્કતા ખાતર શહેરમાં ૨૦ ડેપ્યુટી પોલીસ કમિશનર અને ૫૧ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સુરક્ષાવ્યવસ્થા પર નજર રાખશે. સુરક્ષા માટે ૨,૫૦૦ પોલીસ અધિકારી અને ૧૧,૦૦૦ કર્મચારી ખડેપગે રહેશે. એ સિવાય મહત્ત્વનાં સ્થળોએ એસઆરપીએફની નવ ટુકડી ગોઠવી દેવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. અંધેરી વિસ્તારમાં ઘણા સ્થળોએ શોભાયાત્રા કાઢવામાં આવતી હોય છે. સુરક્ષાની સમીક્ષા ખાતર પોલીસે અંધેરીમાં રુટ માર્ચ પણ કરી હતી. ઉજવણી શાંતિથી થાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની તકેદારી પોલીસ દ્વારા લેવામાં આવી રહી છે.

## દોષીઓને સજા

હોસ્પિટલના શરૂઆતના વર્ષોમાં અમે ક્યારેય ડિપોઝિટ લીધી ન હતી. પરંતુ ગંભીર કેસોની સંખ્યામાં વધારો થતા જટિલ સારવારનો ખર્ચ વધતો ગયો અને એટલે હોસ્પિટલે કેટલાક ભારે ખર્ચવાળા કેસોમાં ડિપોઝિટ લેવાનું શરૂ કર્યું હતું.'

જોકે, તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને, અમે આ વ્યવસ્થાનું ફરીથી મૂલ્યાંકન કરી એક ઠરાવ પસાર કર્યો છે કે હોસ્પિટલ હવે પછી ઈમર્જન્સી ડિલિવરી અને પિડિયાટ્રિક ઈમર્જન્સી સહિત તાકીદે સારવાર માટે આવતા દર્દીઓ પાસેથી કોઈ ડિપોઝિટ લેશે નહીં. આનો તાત્કાલિક અસરથી અમલ કરવામાં આવશે,' એમ ડો.કેળકરે પત્રમાં જણાવ્યું હતું.

હોસ્પિટલનો બચાવ કરતા ડોક્ટરે જણાવ્યું હતું કે તેમણે પોતે મહિલાના સગાઓને સગવડ થાય એમ પૈસા ચૂકવવાનું કહ્યું હતું અને તમામ મદદ કરવાની તૈયારી સુધ્ધાં બનાવી હતી, પણ તેઓ કોઈને જાણ કર્યા વિના દર્દી સાથે ચાલ્યા ગયા હતા. (પીટીઆઈ)

## બુકમાયશોના

નહીં. ઉલ્લેખનીય છે કે કુણાલ કામરાના વિવાદ બાદ શિવસૈનિકો દ્વારા કરાયેલી તોડફોડમાં ક્નાલનું પણ નામ હતું.

### કુણાલ કામરા હાજર ન થયો

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિશે કથિત વાંધાજનક ટિપ્પણી કરવા સંબંધી કેસમાં ત્રણ વખત સમન્સ બજાવ્યા છતાં સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા પોલીસ સમક્ષ હાજર થયો નહોતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ ત્રીજી વખત સમન્સ મોકલાવ્યા છતાં કામરા હાજર થયો નથી. ત્રીજી વખત સમન્સ મોકલાવીને કામરાને પાંચમી એપ્રિલે ખાર પોલીસ સ્ટેશનમાં પૂછપરછ અને નિવેદન નોંધાવવા માટે આવવાનું પોલીસે કહ્યું હતું.એક શો દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન વિરુદ્ધ કથિત બદનક્ષીપૂર્ણ ટિપ્પણી કરવા બદલ શિવસેનાના વિધાનસભ્ય મુરજી પટેલે કરેલી ફરિયાદને આધારે ખાર પોલીસે કામરા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કામરાની ટિપ્પણી બાદ શિવસેનાના કાર્યકરો ઉશ્કેરાયા હતા અને ૨૩ માર્ચની રાતે સ્ટુડિયો અને હોટેલમાં તોડફોડ કરી હતી. અગાઉ બે વખત સમન્સ મોકલાવ્યા છતાં કામરા હાજર ન થતાં ખાર પોલીસ સ્ટેશનની એક ટીમ માહિમના તેના નિવાસસ્થાને પણ ગઈ હતી. નિવાસસ્થાને કામરા ન મળતાં તેને ત્રીજી વખત સમન્સ મોકલવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ‘વક્ફ એક્ટ’માં સુધારાથી ખરેખર શું શું બદલાશે?

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**વર્ષોથી વાદ-વિવાદમાં અટવાતું રહેતું ‘વક્ફ બોર્ડ’ના નવા સુધારાઓને હવે સંસદની મહોર લાગી જવાથી દાદાગીરી કરીને કોઈની પણ સંપત્તિઓ પચાવી પાડવાનો જે ખેલ ચાલતો હતો તે બંધ થશે અને એના અન્ય અનિષ્ટો પર પણ અંકુશ આવશે એવી ‘ઉમીદ’ આ નવા ખરડાથી જરૂર જાગી છે.**




કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે અંતે ‘વક્ફ એક્ટ, ૧૯૯૫’માં સુધારો કરવા માટેનો ખરડો સંસદનાં બંને ગૃહોમાં ‘ઉમીદ’ના નવા નામે પસાર કરી દીધો. મોદી સરકારે ગયા વરસે ઓગસ્ટમાં આ ખરડો લોકસભામાં રજૂ કર્યો ત્યારે મોદી જેમના ટેકે સરકાર ચલાવે છે એ ચંદ્રાબાબુ નાયડુ અને નીતીશ કુમારે વાંધો લેતાં ખરડો સંસદીય સંયુક્ત સમિતિ (જેપીસી)ને સોંપી દેવો પડ્યો હતો. બધા પક્ષોની બનેલી જેપીસીએ બેઠકો પર બેઠકો કર્યા પછી અંતે ૧૪ સુધારા સાથેનો ખરડો પસાર કરવામાં આવ્યો છે.

મોદી સરકારે પહેલાં વક્ફ એક્ટમાં ૪૦ જેટલા સુધારા કરવાનું નક્કી કરેલું પણ લોકસભા અને રાજ્યસભા બંનેમાં બહુમતી નથી એટલે સાથી પક્ષો કહે એ સુધારા માન્યા વિના છૂટકો નહોતો. તેના કારણે આ ખરડો મોળો બની ગયો છે અને અત્યંત જરૂરી એવી થોડીક જોગવાઈ પણ જતી કરવી પડી છે. એક જોગવાઈ એ છે કે, આ ખરડાનો અમલ પાછલી અસરથી નહીં થાય. મતલબ કે, વક્ફ બોર્ડને લગતા જે પણ વિવાદો છે એ જૂના કાયદા પ્રમાણે જ ઉકેલવા પડશે.

કોઈ સંપત્તિને ‘વક્ફ’ જાહેર કરાય ને વક્ફ ટ્રિબ્યુનલ તેને માન્ય રાખે પછી તેની સામે કોઈ કોર્ટમાં અપીલ કરી શકાતી નથી. જોકે, નવા કાયદામાં અદાલતમાં ટ્રિબ્યુનલના ચુકાદાને પડકારવાનો અધિકાર અપાયો છે. અહીં એક પ્રશ્ન એ જાગે કે જો પાછલી અસરથી કાયદો લાગુ ના થાય તો જૂના કેસોમાં ટ્રિબ્યુનલનો ચુકાદો જ અંતિમ ગણાય તો પછી બદલાશે શું?

અહીં મૂળ સમસ્યા જૂની સંપત્તિઓને લઈને છે. નવા કાયદામાં વક્ફ બોર્ડમાં બિન-મુસ્લિમોના સમાવેશને મંજૂરી અપાઈ છે, પણ ધાર્મિક બાબતોમાં કોઈ બિન-મુસ્લિમ દખલગીરી નહીં કરી શકે એવી પણ જોગવાઈ છે. વક્ફના વિવાદોમાં ધાર્મિક સ્થાનોને લગતા વિવાદની જ સૌથી મોટી મગજમારી છે. તેમાં બિન-મુસ્લિમ કશું કહી જ ના શકે તો પછી મતલબ શું છે ?

આ તો બે કાયદાના નિષ્ણાતોને ઊડીને આંખે વળગે એવાં બે ઉદાહરણ આપ્યાં છે, પણ જેમ જેમ કાયદાનો અભ્યાસ થતો જશે તેમ તેમ મોદી સરકારે ક્યા ક્યા મામલે સમાધાનકારી વલણ અપનાવ્યું છે તેની ખબર પડતી જશે.

બીજી બાબતો બહાર ના આવે તો પણ આ બે ઉદાહરણ જ મૂળ ખરડા કરતાં પસાર થયેલો ખરડો અલગ છે એ સાબિત કરવા માટે પૂરતાં છે.

અલબત્ત, આપણે ત્યાં વક્ફના નવા કાયદાથી અમુક કામ ચોક્કસ થશે. અત્યાર સુધી વક્ફ એક્ટની કલમ ૪૦ના જોરે રીતસરની લુખ્ખી દાદાગીરી કરીને સંપત્તિઓ પચાવી પાડવાનો ખેલ ચાલતો હતો એ બંધ થશે ને વક્ફની સંપત્તિઓનું યોગ્ય મેનેજમેન્ટ થશે તો પણ ઘણું છે.

૧૯૫૪માં જવાહરલાલ નહેરૂના શાસનમાં સંસદે વક્ફ એક્ટ ૧૯૫૪ પસાર કરીને વક્ફ બોર્ડની રચનાને કાયદેસર બનાવી. ૧૯૫૫માં કાયદામાં સુધારો કરીને રાજ્ય સ્તરે વક્ફ બોર્ડ બનાવવાની જોગવાઈ કરવામાં આવી.

૧૯૯૫માં નરસિંહરાવની સરકાર વખતે નવો વક્ફ બોર્ડ કાયદો આવ્યો અને ૨૦૧૩માં તેમાં સુધારા કરાયા હતા. તેમાં સૌથી ખતરનાક બાબત નરસિંહરાવની સરકારે બનાવેલા વક્ફ એક્ટ, ૧૯૯૫ની કલમ ૪૦ છે. એ કલમ હેઠળ વક્ફબોર્ડને કોઈ પણ સંપત્તિ વક્ફછે કે નહીં એ નક્કી કરવાનો અબાધિત અધિકાર મળેલો છે. વક્ફ બોર્ડમાં બેઠેલા ભ્રષ્ટ હોદ્દેદારોની મિલિભગતમાં મુસ્લિમોના બની બેઠેલા ઠેકેદારોએ આ કલમનો ભયંકર દુરુપયોગ કરીને સંપત્તિઓ હડપ કરી. કોઈ પણ સંપત્તિ પર નજર ઠરે કે કોઈની સાથે વાંકું પડે એટલે ખોટા દસ્તાવેજો બનાવીને એ સંપત્તિને વક્ફ સંપત્તિ જાહેર કરી દેવાનો ખેલ વરસોથી ચાલે છે.

વક્ફ બોર્ડ એક્ટ ૧૯૯૫ની કલમ ૪૦ મુજબ વક્ફ બોર્ડ સામેથી પણ કોઈપણ મિલકત પર પોતાનો અધિકાર જાહેર કરી શકે છે. બોર્ડને લાગે કે, આ સંપત્તિ વક્ફની છે કે તરત સંપત્તિની માહિતી એકત્રિત કરીને વક્ફ બોર્ડ તેને વક્ફ સંપત્તિ જાહેર કરી શકે છે. વક્ફના આ નિર્ણય સામે વાંધો હોય તો વક્ફ બોર્ડ ટ્રિબ્યુનલમાં અરજી કરી શકાય છે.

વક્ફના કિસ્સામાં ટ્રિબ્યુનલનો નિર્ણય અંતિમ ગણાય છે અને તેની સામે અપીલ કરવી હોય તો હાઈકોર્ટમાં જઈ શકાય પણ તેના માટેની કાનૂની પ્રક્રિયા બહુ અટપટી છે. આ જોગવાઈ ખરેખર તો લેન્ડ ગ્રેબિંગને કાયદેસરતા આપે છે તેથી તે નાબૂદ થવી જ જોઈતી હતી. મોદી સરકાર તેમાં સુધારો કરીને ટ્રિબ્યુનલને બદલે અદાલતોને વધારે સત્તા આપીને ખરેખર સારું કામ કર્યું છે.

અત્યારના કાયદાના કારણે વક્ફની સંપત્તિઓ ધૂળ ખાય છે અને દેશના વિકાસમાં કે મુસ્લિમોના કલ્યાણમાં પણ કોઈ યોગદાન નથી આપી શકતી. મોદી સરકારે નવા કાયદામાં વક્ફ સંપત્તિઓના મેનેજમેન્ટમાં સુધારો કરવાની જોગવાઈ કરી છે. આ જોગવાઈ રાષ્ટ્રના હિતમાં છે કેમ કે અત્યારે ૨ લાખ કરોડની વક્ફ સંપત્તિઓમાંથી માત્ર ૨૦૦ કરોડની આવક થાય છે.

ભારતમાં ૩૦ સુન્ની અને બે શિયા મળીને કુલ ૩૨ વક્ફ બોર્ડ છે. મુસ્લિમોની નોંધપાત્ર વસતિ ધરાવતાં ઉત્તર પ્રદેશ અને બિહારમાં શિયાઓ અને સુન્નીઓનાં અલગ અલગ વક્ફ બોર્ડ છે. આ ૩૨ વક્ફ બોર્ડ પાસે દેશભરમાં કુલ અચલ ૮,૭૨, ૨૯૨ સંપત્તિ છે. ૯.૪ લાખ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી વક્ફની સંપત્તિની કિંમત ૧.૨૦ લાખ કરોડ રૂપિયા અંદાજાય છે કેમ કે મોટા ભાગની વક્ફ મિલકતો ખંડિયેર હાલતમાં છે.

આ મિલકતોને બજારમાં વેચાણ માટે મૂકવામાં આવે તો તેમની કિંમત ૨ લાખ કરોડ રૂપિયાથી વધારે ઉપજે, પણ આ વક્ફ સંપત્તિઓમાંથી વાર્ષિક માત્ર રૂપિયા ૨૦૦ કરોડની કમાણી થાય છે. વક્ફ બોર્ડ્સ પાસે ૩,૫૬,૦૩૧ વક્ફ એસ્ટેટ અને ૧૬,૧૭૩ ચલ સંપત્તિ છે. મુસ્લિમોના સીધા ઉપયોગમાં લેવાતાં કબ્રસ્તાન, ઈદગાહો, મસ્જિદો વગેરે વક્ફ એસ્ટેટ ગણાય પણ તેનો બીજો ઉપયોગ ના થઈ શકે.

આ બધાનું તમે સાદુ વ્યાજ ગણો તો પણ ૧ ટકા લેખે ૧.૨૦ લાખ કરોડ રૂપિયાની જમીનો ધરાવતી વક્ફ સંપત્તિઓ વરસે ૧૨ હજાર કરોડ રૂપિયાની કમાણી કરી શકે. વક્ફ સંપત્તિઓમાંથી વધારે કમાણી નથી થતી કેમ કે વક્ફ બોર્ડમાં બિન- મુસ્લિમોને લઈ શકાતા નથી. બીજી તરફ મુસ્લિમોમાં સંપત્તિઓનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે સિનિયર સરકારી અધિકારીઓ કે વહીવટદારો જ નથી.

નવા કાયદાથી આ સ્થિતિ બદલાશે ને વક્ફ સંપત્તિઓ દેશના લાભાર્થે વપરાશે એવી આશા રાખીએ. ■

---

કરિયર

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

અવાજની દુનિયામાં કારકિર્દી બનાવવા માગો છો?

# ...તો બનો સાઉન્ડ એન્જિનિયર

એમ તો અવાજની દુનિયામાં, ખાસ કરીને મ્યુઝિક ઇન્ડસ્ટ્રીમાં હંમેશાં નક્કર કારકિર્દી રહી છે, પરંતુ આજે તે પહેલા કરતાં ઘણી વધારે દમદાર અને આદરણીય બની ગઈ છે, કારણ કે હવે તે ફક્ત મ્યુઝિક સુધી મર્યાદિત નથી પરંતુ સાઉન્ડ એન્જિનિયરિંગે પણ તેમાં મોટા પાયે ભૂમિકા ભજવી છે. તે સાચું છે કે અવાજના ચાહકો હંમેશાંથી રહ્યા છે, પરંતુ સાઉન્ડ એન્જિનિયર્સની આટલી પ્રશંસા અગાઉ ક્યારેય થઈ નથી. કદાચ એટલા માટે કે આ સોશિયલ મીડિયાનો યુગ છે, જેને આપણે મલ્ટી મીડિયા ફોર્મેટ પણ કહી શકીએ. આજના યુગમાં આપણે આપણી દરેક ક્ષણને કંઈક ખાસ બનાવવા માગીએ છીએ. આ જ કારણ છે કે આજે કોઈપણ પ્રકારનો મલ્ટીમીડિયા પ્રોગ્રામ સાઉન્ડ ઈફેક્ટ વિના પૂર્ણ થતો નથી. સાઉન્ડ એન્જિનિયરિંગનું કામ એક સામાન્ય અવાજને આ ઇફેક્ટની મદદથી જાદુઈ બનાવવાનો છે.



આજના સમયમાં સાઉન્ડ એન્જિનિયરિંગનો મ્યુઝિક, મૂવીઝ અને થિયેટરના રેકોર્ડિંગ, મિક્સિંગ અને રિપ્રોડક્શન સાથે ઊંડો સંબંધ છે. એમ તો, ૧૨૫ વર્ષ જૂના સિનેમા ઉદ્યોગમાં હંમેશાંથી જ સાઉન્ડ એન્જિનિયર્સ રહ્યા છે. પરંતુ આજનું સંગીત પહેલા કરતાં અલગ છે. તેમાં ઇલેક્ટ્રોનિક્સ છે, કોમ્પ્યુટર છે અને મોટા પાયે સાઉન્ડ એન્જિનિયરિંગ છે. આ જ કારણ છે કે આજે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સાઉન્ડ એન્જિનિયર્સની ભારે માગ છે. આ જ કારણ છે કે કારકિર્દી તરીકે સાઉન્ડ એન્જિનિયરિંગ એક સુરક્ષિત અને ગ્લેમરસ ક્ષેત્ર બની રહ્યું છે. કદાચ એ કહેવાની જરૂર નથી કે જો તમે સાઉન્ડ એન્જિનિયરિંગનો કોર્સ કરશો તો તમે સારી કારકિર્દી બનાવવાની ચિંતામાંથી મુક્ત થઈ જશો.

જો કે, અન્ય ક્ષેત્રોની તુલનામાં આ ક્ષેત્ર થોડું પડકારજનક છે, કારણ કે તેમાં એન્જિનિયરિંગની ચોકસાઈની સાથે કલાકારની શાર્પનેસ પણ જરૂરી છે. આનું કારણ એ છે કે સારા અવાજની ઓળખ એકલા મશીનો કરી શકતા નથી. આથી સાઉન્ડ એન્જિનિયરિંગ હેઠળ, સંગીત, સ્પીચ અને સ્ટુડિયો સાઉન્ડને ઉચ્ચ ગુણવત્તાવાળા બનાવવામાં આવે છે. આના કારણે ફિલ્મો, રેડિયો અને ટેલિવિઝનના કાર્યક્રમો સરળતાથી સંચાર થાય છે એટલું જ નહીં અસરકારક પણ બને છે. જો તમે પણ આ ક્ષેત્રમાં તમારી કારકિર્દી બનાવવા માગો છો તો તમારે બારમું ધોરણ ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને ગણિત પાસ કરેલ હોવું જોઈએ. જો એમ હોય, તો તમે સાઉન્ડ એન્જિનિયરિંગમાં બેચલર ડિગ્રી મેળવી શકો છો અને પછી જો તમે ઇચ્છો તો, તમે માસ્ટર ડિગ્રી પણ કરી શકો છો. સાઉન્ડ એન્જિનિયરિંગ કોર્સ અંતર્ગત સાઉન્ડ રેકોર્ડિંગ, એડિટીંગ અને મિક્સીંગ વિશે ટેકનિકલ અને પ્રેક્ટિકલ માહિતી આપવામાં આવે છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને ટેપ મશીન, સ્પીકર્સ, એમ્પ્લિફાયર, સિંગલ પ્રોસેસર અને માઈક્રોફોન વગેરે જેવા રેકોર્ડિંગ સાધનોનો ઉપયોગ કરવાનું શીખવવામાં આવે છે. ઓડિયો રાઇટિંગ, બેસિક થિયરી ઓફ સાઉન્ડ ફ્રિક્વન્સીઝ, સાઉન્ડ સ્પેશિયલ ઈફેક્ટ વગેરે વિશે પણ શીખવવામાં આવે છે.

ઘણા ઇન્સ્ટિટ્યૂટ સાઉન્ડ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા, સર્ટિફિકેટ અને પીજી ડિપ્લોમા સ્તરના કોર્સ ઓફર કરે છે. તેમની અવધિ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા શીખવવામાં આવતા કોર્સના આધારે ૬ મહિનાથી ૩ વર્ષ સુધીની હોય છે. આ કોર્સમાં એડમિશન માટે કોઈ વિશેષ શૈક્ષણિક લાયકાતની જરૂર નથી. જ્યાં સુધી હોદ્દાનો સંબંધ છે, તમે સાઉન્ડ એન્જિનિયર, ઓડિયો એન્જિનિયર, સ્ટુડિયો કંટ્રોલર ઉર્ફે મેનેજર, મલ્ટિમીડિયા ડેવલપર અને સ્ટુડિયો ટેકનિશિયન બની શકો છો. ડિગ્રી પૂર્ણ કર્યા પછી, તમે ટીવી ચેનલો, સ્ટુડિયો, મલ્ટિમીડિયા ડિઝાઇન અને એડવર્ટાઈઝિંગ વગેરે ક્ષેત્રોમાં એન્જિનિયર અથવા ટેકનિશિયન તરીકે દર મહિને ૩૦,૦૦૦ થી ૪૫,૦૦૦ રૂપિયાની પ્રથમ નોકરી સરળતાથી મેળવી શકો છો.

સાઉન્ડ એન્જિનિયર તરીકે, તમારા કાર્ય બે સ્તરના હોય છે - પ્રોડક્શન લેવલ અને બીજું પોસ્ટ-પ્રોડક્શન લેવલ.

પ્રોડક્શન લેવલ પર સાઉન્ડ એન્જિનિયરનું કામ મેકેનિકલ અને ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો દ્વારા વિવિધ પ્રકારના અવાજો બનાવવાનું અને તેને રેકોર્ડ કરવાનું હોય છે, જ્યારે પોસ્ટ પ્રોડક્શન સ્તરે, તેને એડિટ અને મિક્સ કરીને નવા અવાજમાં રૂપાંતરિત કરવાનું હોય છે. પહેલા કહ્યું તેમ, આ ક્ષેત્રમાં સફળ થવા માટે માત્ર એન્જિનિયરિંગની સમજ જ જરૂરી નથી, પરંતુ મ્યુઝિક અને સાઉન્ડ પ્રત્યે ઊંડો રસ પણ ખૂબ જ જરૂરી છે. તેથી જ આ ક્ષેત્રને હાફ એન્જિનિયરિંગ અને હાફ ક્રિએટિવ ફિલ્ડ કહેવામાં આવે છે. પરિણામે, તમારી પાસે સારી વાતચીત કૌશલ્ય, ધીરજતા, એકાગ્રતા અને સૌથી અગત્યની કલ્પના તેમજ ટીમમાં કામ કરવાની યોગ્યતા પણ હોવી જોઈએ.

અભ્યાસ માટેની મહત્ત્વની ઇન્સ્ટિટ્યૂટ નીચે મુજબ છે-

* ઑડિયોફિલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાઉન્ડ એન્જિનિયરિંગ, કોચી, કેરળ
* આઇઆઇઆઇ ખડગપુર પશ્ચિમ બંગાળ
* ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, લો કોલેજ રોડ, પુણે
* નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ ફિલ્મ એન્ડ ફાઇન આર્ટ, કોલકાતા
* સત્યજીત રે ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ, કોલકાતા,
* વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ, ગોરેગાંવ, મુંબઈ
* એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટીવી, નોઈડા, ઉત્તર પ્રદેશ
* એમજીઆર ગવર્નમેન્ટ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ, સીઆઈટી કેમ્પસ, ચેન્નાઈ
* એસએઇ ટેક્નોલોજી કોલેજ, અંધેરી, મુંબઈ. ■

---

સૉલ ઑફ ટૂર

# ઔરોરા સાથે આ વેકેશન માણો અને યાદગાર બનાવો



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

નમસ્તે ધવલભાઈ! વેકેશનની મોસમ આવી ગઈ છે અને રજાઓનો સમય પણ આવી ગયો છે! આજે આપણે આપણા પ્રવાસીઓ માટે કઈ કઈ રોમાંચક બાબતોની ચર્ચા કરવાના છીએ?

આજે, હું આપણા પ્રવાસોમાં આપવામાં આવતા સાહસ અને રોમાંચક અનુભવો વિશે વાત કરવાનો છું. આપણી ટ્રિપ્સ ફક્ત પુખ્ત વયના લોકો માટે જ નહીં, પણ બાળકો માટે પણ મનોરંજનથી ભરપૂર છે. ઉત્તેજક પ્રવૃત્તિઓથી લઈને અવિસ્મરણીય અનુભવો સુધી, અમે ખાતરી કરીએ છીએ કે દરેકનો સમય સારો રહે. એક સાહસથી ભરેલા પ્રવાસ માટે તૈયાર રહો જે સંપૂર્ણ પરિવાર માટે અવિસ્મરણીય યાદો બનાવે છે!

## તુર્કી:

જ્યારે તમે તુર્કીનો પ્રવાસ કરો છો, ત્યારે તમે કેપ્પાડોસિયામાં શ્વાસ લેતી હોટ એર બલૂન રાઈડનો અનુભવ કરી શકો છો, જે દરેકની બકેટ લિસ્ટમાં જરૂરી છે. આકાશમાંથી અદભુત દૃશ્યો અને મનોહર લેન્ડસ્કેપ્સમાં ક્વોડ બાઇકિંગનો રોમાંચ માણો. આ ઉપરાંત તમે બોડ્રમમાં આરામ કરી શકો છો અને સુંદર બોટ રાઈડનો આનંદ પણ માણી શકો છો. એકદમ સ્પષ્ટ પાણી અને મનોહર આસપાસનો વિસ્તાર તેને અવિસ્મરણીય અનુભવ બનાવે છે. તુર્કી એક જ પ્રવાસમાં સાહસ, ઉત્તેજના અને અદ્ભુત દૃશ્યો પ્રદાન કરે છે. યાદગાર ક્ષણોથી ભરેલી મુસાફરી માટે તૈયાર રહો!



## વિયેટનામ:

વિયેટનામમાં, બા ના હિલ્સનો ઉત્સાહ ભર્યો અનુભવ કરો, જે એક અદ્ભુત ટેકરીની ટોચ પરનું રિસોર્ટ છે જેમાં આકર્ષક દૃશ્યો છે. સન વર્લ્ડની મુલાકાત લો અને રોમાંચક રાઇડ્સ અને આકર્ષણોનો આનંદ માણો. મનોહર કેબલ કાર રાઇડ લો, જે વિશ્વની સૌથી લાંબી રાઇડ્સમાંની એક છે, જે મંત્રમુગ્ધ કરનારા લેન્ડસ્કેપ્સ પ્રદાન કરે છે. આ ઉપરાંત, વિનવંડર્સનું એક્સપ્લોર કરો, જે મનોરંજક પ્રવૃત્તિઓથી ભરેલો એક શાનદાર મનોરંજન પાર્ક છે. સાહસથી લઈને આરામ સુધી, વિયેટનામમાં દરેક માટે કંઈક ને કંઈક છે. આ સુંદર દેશમાં એક અવિસ્મરણીય અનુભવ માટે તૈયાર રહો!



## જાપાન:

જાપાનમાં, ટીમલેબ્સના જાદુનો અનુભવ કરો, જ્યાં કલા, ટેકનોલોજી અને સર્જનાત્મકતા એક અદ્ભુત પ્રદર્શનમાં એકસાથે આવે છે. બાળકો અને પુખ્ત વયના લોકો બંને ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો અને જાપાનના ડિજિટલ કલા જગતના આકર્ષક સૌંદર્યથી મંત્રમુગ્ધ થઈ જશે. યુનિવર્સલ સ્ટુડિયો જાપાનમાં ઉત્સાહમાં ડૂબકી લગાવો, જે રોમાંચક રાઇડ્સ અને આઇકોનિક મૂવી-થીમ આધારિત આકર્ષણોનું ઘર છે. ખરેખર મોહક અનુભવ માટે, ડિઝનીલેન્ડ અને ડિઝનીસીનું એક્સપ્લોર કરો, જ્યાં જાદુઈ સાહસો સાથે સપના જીવનમાં આવે છે. ભવિષ્યવાદી કલાથી લઈને વિશ્વ-સ્તરીય થીમ પાર્ક સુધી, જાપાન દરેક માટે અવિસ્મરણીય યાદોનું વચન આપે છે!




## દક્ષિણ કોરિયા:

સિઓલ દાલનો રોમાંચ અનુભવો, એક ટેથર્ડ હિલીયમ બલૂન રાઈડ જે શહેરના આકર્ષક મનોહર દૃશ્યો પ્રદાન કરે છે. રોમાંચક રાઈડ્સ અને આકર્ષણોથી ભરપૂર વિશ્વ-સ્તરીય થીમ પાર્ક, લોટ્ટે વર્લ્ડમાં એક રોમાંચક દિવસ વિતાવો. કોરિયાના સૌથી મોટા આઈસ રિંક પર મિત્રો, પરિવાર અથવા પ્રિયજનો સાથે આઈસ સ્કેટિંગનો આનંદ માણો, જે અવિસ્મરણીય યાદો બનાવે છે. એક અનોખા સાહસ માટે, હ્યુન્ડે સ્કાય કેપ્સ્યુલ પર કૂદકો લગાવો અને જમીનથી ૭ થી ૧૦ મીટર ઉપરના અદ્ભુત સમુદ્રનાં દૃશ્યોનો આનંદ માણતા દરિયાકિનારા પર ગ્લાઈડ કરો. રોમાંચક મનોરંજન પાર્કથી લઈને મનોહર અનુભવો સુધી, કોરિયા દરેક માટે અનંત આનંદ અને સાહસ પ્રદાન કરે છે. અઝરબૈજાનમાં, બાકુના આકર્ષક દૃશ્યો માટે હાઇલેન્ડ પાર્ક સુધી ફ્યુનિક્યુલર પર એક રાઈડ લો, ખાસ કરીને રાત્રે પ્રકાશિત થાય ત્યારે. બાકુ આઈનો અનુભવ કરો, એક ભવ્ય ફેરિસ વ્હીલ જે શહેર અને કેસ્પિયન સમુદ્રના મનોહર દૃશ્યો પ્રદાન કરે છે. તુફાન્ડાગ માઉન્ટેન રિસોર્ટ ખાતે ગાબાલા કેબલ કાર ચૂકશો નહીં, જ્યાં તમે કૌકાસસ પર્વતોના મનોહર ઢોળાવ પર ગ્લાઈડ કરી શકો છો.



જ્યોર્જિયામાં, ઉપરથી શહેરના અદ્ભુત લેન્ડસ્કેપ્સની પ્રશંસા કરવા માટે એગ્રો કેબલ કાર પર ચઢો. બાટુમી ખાડીમાં શાંત બોટ રાઈડ સાથે તમારા સાહસને પૂર્ણ કરો, જ્યાં તમે આ મોહક શહેરની દરિયાકાંઠાની સુંદરતામાં ડૂબી શકો છો. વેકેશન્સ પુખ્ત વયના લોકોથી લઈને બાળકો સુધી દરેક માટે છે, જે અદ્ભુત લેન્ડસ્કેપ્સ, મનોહર દૃશ્યો અને બાળકો માટે રોમાંચક સાહસોનું સંપૂર્ણ મિશ્રણ પ્રદાન કરે છે. અમે અમારા પ્રવાસો તમામ ઉંમરના લોકો માટે આનંદ અને ઉત્તેજના સુનિશ્ચિત કરવા માટે ડિઝાઇન કરીએ છીએ. પછી ભલે તે આકર્ષક સ્થળો હોય કે એક્શનથી ભરપૂર પ્રવૃત્તિઓ હોય, દરેક ક્ષણ આનંદ માટે રચાયેલ છે. અમારું લક્ષ્ય એવા અવિસ્મરણીય અનુભવો બનાવવાનું છે જે પ્રવાસીઓ જીવનભર જાળવી શકે. એક્સપ્લોર કરો, મજા કરો અને યાદો બનાવો જે કાયમ માટે ટકી રહે!

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ઓનલાઈન દુનિયાની કડવી સચ્ચાઈ સાથે બોધપાઠ આપતી ‘એડોલસન્સ’



બાળકોનું ડિજિટલ થવું એ આધુનિક સમયનાં માતા-પિતા માટે સૌથી મોટો પડકાર છે.‘નેટફ્લિક્સ’ પર આજકાલ ચર્ચાસ્પદ બનેલી ‘એડોલસન્સ’ નામની બ્રિટિશ ક્રાઇમ ડ્રામા સિરીઝનો આ કેન્દ્રિય વિચાર છે.

ભારતમાં પણ બાળકો મોટાભાગે મોબાઇલ ફોન પર નિર્ભર થઇ ગયાં છે. આવી સ્થિતિમાં આ સિરીઝ ભારતીય માતા-પિતા માટે એક સચોટ ચેતવણી સાબિત થઈ રહી છે. આજનાં બાળકો કોઈ પણ દેખરેખ વિના ગેમિંગ, સોશિયલ મીડિયા અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છે, જે એમના માનસિક અને શારીરિક વિકાસને અસર કરી રહ્યું છે. માતા-પિતા સમજે છે કે એમનાં બાળકો મોબાઇલમાં ખોવાઈ જાય છે, જે એમની આંખો અને માનસિક સ્વાસ્થ્ય પર ખરાબ અસર કરે છે, પરંતુ મોટાભાગનાં માતા-પિતા પાસે બાળકોને તેનાથી દૂર રાખવાનો કોઈ ઉપાય નથી. આ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ આ વેબ સિરીઝમાં ઉઠાવવામાં આવ્યા છે.

ખાસ કરીને ભારતીય માતા-પિતા માટે આ એક ચેતવણી છે કે પેરન્ટિંગ માત્ર એમના અભ્યાસ અને પરીક્ષા સુધી મર્યાદિત નથી, એમને ઇન્ટરનેટના ફાયદા-ગેરફાયદાથી સચેત કરવાં પણ જરૂરી છે.

આ સિરીઝમાં જેમી મિલર નામના ૧૩ વર્ષીય એક એવા વિદ્યાર્થીની વાર્તા છે, જે સોશિયલ મીડિયાના દુષ્પ્રભાવનો શિકાર છે અને એની અસરમાં કેટી લિયોનાર્ડ નામની એની સહપાઠીની હત્યા કરી નાખે છે. આ ઘટનાના સાંયોગિક પુરાવા પરથી એની ધરપકડ કરવામાં આવે છે. પોલીસ જયારે એની ઊલટતપાસ શરૂ કરે છે, ત્યારે એનાં માતા-પિતાની આંખો ખોલી નાખે તેવું સત્ય બહાર આવે છે.

આ સિરીઝની પ્રશંસા કરતાં ફિલ્મ નિર્માતા કરણ જોહરે એની ‘ઇન્સ્ટાગ્રામ’ પોસ્ટમાં લખ્યું છે, ‘હું જાણું છું કે બાળકનો ઉછેર કરવો એ એક આશીર્વાદ છે, પરંતુ તે એક મુશ્કેલ જવાબદારી પણ છે. કોઈ પણ પુસ્તક અથવા પોડકાસ્ટ તમને શ્રેષ્ઠ માતા- પિતા બનાવવાનું શીખવી નથી શકતું. સૌ પ્રથમ, તમારે ખુદ સારું બનવું પડશે.’

ડિજિટલની દુનિયા બાળકો માટે ચિંતાનું કારણ બની રહી છે તે આપણા સમયની એક હકીકત છે. બાળકો સ્ક્રીન સામે વધુ સમય પસાર કરી રહ્યા હોવાથી, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની ચિંતાઓ વધી રહી છે, અને તેમાં બાળકો એકલતાવાદી, હિંસક અને બિનઆરોગ્યપ્રદ બેઠાડુ જીવનશૈલીનો ભોગ બની રહ્યા છે. ઓનલાઇન વધુ સમય પસાર કરવાને કારણે નાનાં બાળકો પણ સાયબર ધમકીઓ, ઓનલાઇન ફ્રોડ અને અન્ય જોખમોનો ભોગ બની રહ્યાં છે. ‘એડોલસન્સ’નો જેમી આવો જ શિકાર છે.

બાળકો અને કિશોરોની સુરક્ષા માટે થઈને જ ભારતમાં ૨૦૨૩માં ‘ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ’ લાવવામાં આવ્યો હતો. આ કાયદાના નિયમો હેઠળ, સગીરો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ખોલવા માટે માતા-પિતા અથવા વાલીઓની સંમતિ ફરજિયાત છે.

બાળકોને ઓનલાઈનની દુનિયામાં વધતાં જોખમોથી બચાવવા માટે આ એક અસરકારક અને પ્રશંસનીય પગલું છે, પણ એ પૂરતું નથી. ગયા વર્ષે મોબાઈલ બનાવતી એક અગ્રણી કંપની અને આ વર્ષે એક ઇન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીએ, દેશના યુવા સ્માર્ટફોન યુઝર્સ પર હાથ ધરેલાં એક સર્વેક્ષણમાં બહાર આવ્યું હતું કે ફોનના વળગણના કારણે પેરન્ટ્સ અને સંતાનોના સંબંધોમાં દરાર પડી રહી છે, કિશોરોમાં ઉદ્વેગ (ઍંગ્ઝાયટિ), આક્રમકતા, એકાગ્રતાનો અભાવ, સ્ટ્રેસ માથાનો દુ:ખાવો અને અને આંખોની સમસ્યા વધી રહી છે.

એ અગાઉ, ૨૦૨૨માં, અન્ય એક સર્વેક્ષણમાં શહેરોમાં રહેતાં ૪૦ પ્રતિશત પેરન્ટ્સે એકરાર કર્યો હતો કે ૯થી ૧૭ વર્ષની વયનાં બાળકોમાં સોશિયલ મીડિયા, વીડિયો અને ઓનલાઈન જુગારની આદત ચિંતાજનક રીતે વધી છે.

‘ન્યૂયોર્ક યુનિવર્સિટી’ની સ્ટર્ન બિઝનેસ સ્કૂલમાં એથિકલ લીડરશીપના પ્રોફેસર અને સામાજિક મનોવિજ્ઞાનમાં ડોકટરેટ કરનાર જોનાથન હૈડટે તાજેતરમાં જ એક મહત્ત્વનું પુસ્તક લખ્યું છે : The Anxious Generation (વ્યથિત પેઢી).

આ પુસ્તક આંખ ઉઘાડનારું છે. આપણે એના વિશે એટલા માટે વાત કરવી જોઈએ, કારણ કે ભારતમાં લગભગ ૬૫ કરોડ સ્માર્ટફોન યુઝર્સ છે, જયારે અમેરિકામાં લગભગ ૨૮ કરોડ છે. ચીનમાં સૌથી વધુ ૯૫ કરોડ છે, પરંતુ ત્યાં ઇન્ટરનેટ પર જાતભાતની પાબંધીઓ છે એટલે ત્યાં કદાચ એવી સમસ્યાઓ ઓછી હશે. પુસ્તકમાં, જોનાથન હૈડટ લખે છે:

૨૦૧૦ના દાયકાની શરૂઆતમાં, કિશોરોમાં માનસિક બીમારીના દરમાં અચાનક વધારો નોંધાયો હતો અને ત્યારથી તેજ વધી રહ્યો છે. અમેરિકાની કોલેજોના વિદ્યાર્થીઓમાં, ૨૦૧૦ અને ૨૦૧૮ની વચ્ચે હતાશા અને ચિંતાનું પ્રમાણ બમણું થઈ ગયું છે. ૨૦૨૦ના દાયકામાં જાતને હાની પહોંચાડનારી કિશોરવયની છોકરીઓમાં ૧૮૮% અને છોકરાઓમાં ૪૮%નો વધારો થયો છે. યુવા કિશોરોમાં આત્મહત્યાનો દર પણ છોકરીઓમાં ૧૬૭% અને છોકરાઓમાં ૯૧% વધ્યો છે.

યુકે અને અન્ય ઘણા પશ્ચિમી દેશોમાં આવું જ વલણ જોવા મળ્યું છે. હૈડટ માને છે કે માનસિક સ્વાસ્થ્યની કટોકટી

સ્માર્ટફોનના અને સોશિયલ મીડિયાના મોટા પાયે થયેલા આગમનને આભારી છે. સ્માર્ટફોને બાળકોનું બાળપણ

છીનવી લીધું છે. અગાઉની પેઢીઓમાં, સ્ટ્રેસ અને ડિપ્રેશન વયસ્ક ઉંમરે જોવા મળતાં હતાં, પરંતુ ઘર બહાર જઈને

રમવાની ઉંમરે ઘરમાં બેસીને સ્માર્ટફોન સાથે મોટાં થતાં બાળકોમાં નાની ઉંમરથી જ માનસિક સમસ્યાઓ જોવા મળી રહી છે.

નવી સદીનાં બાળકોનો અભ્યાસ કરવા માટે શરુ થયેલી ‘બ્રિટિશ મિલેનિયમ કોહોર્ટ સ્ટડી’ એ ૨૦૦૦-૦૨માં જન્મેલાં ૧૯,૦૦૦ બાળકોનું સર્વેક્ષણ કરીને કહ્યું હતું કે ખાસ કરીને છોકરીઓમાં, સોશિયલ મીડિયા પર વિતાવેલા કલાકો સાથે ડિપ્રેશનનો દર વધ્યો છે. જે છોકરીઓ દિવસમાં પાંચ કલાકથી વધુ સમય સોશિયલ મીડિયા પર વિતાવે છે તો એમનામાં ડિપ્રેશનમાં આવવાની શક્યતા ત્રણ ગણી વધારે હોય છે.

આ પુસ્તક વાંચ્યા પછી બિલ ગેટ્સ લખે છે, ‘પુસ્તક વાંચીને મને આશ્ચર્ય થયું: જો હું આજની ટેકનોલોજી સાથે મોટો થયો હોત તો શું હું આ આદતો વિકસાવી શક્યો હોત? એક બાળક તરીકે મારા રૂમમાં એકલો હોઉં તો હું વિચલિત કરનારી એપ્લિકેશન સ્ક્રોલ કરતો હોઉં? કિશોર વયે હું પ્રોગ્રામિંગની સમસ્યાઓ ઉકેલવા બેઠો હોઉં ત્યારે ચાર નવાં નોટિફિકેશન આવીને પડ્યાં હોત? મારી પાસે જવાબ નથી-પણ આ એવા પ્રશ્નો છે જે યુવાન મનનો વિકાસ કેવી રીતે થાય છે તેની કાળજી રાખનાર દરેક વ્યક્તિએ પૂછવા જોઈએ.’

ડિજિટલ દુનિયાએ આપણા અસલી જીવનને ઘણું પ્રભાવિત કર્યું છે, જેનો સામનો માતા-પિતાએ કરવો પડે છે અને એમનું કામ વધુ પડકારજનક બની ગયું છે. માતા-પિતા ખુદને માટે આ બધું નવું છે. ‘એડોલસન્સ’ સિરીઝમાં જેમીનાં માતા-પિતાનો અફસોસ એ જ છે- છોકરો શું કરે છે અને એની સાથે શું થઇ રહ્યું છે તેની એમને જરાય ગતાગમ નથી. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# શૅરબજારના સોદાઃ નકલી ટ્રેડિંગ એપ્સ વત્તા વોટ્સએપથી સાવધાન

**શૅરબજારના ઉતાર ચઢાવ ઉપરાંત રોકાણકારોને સોદા માટે ઓફરની નકલી ટ્રેડિંગ એપ્સ અને વોટ્સએપના માધ્યમથી કઈ રીતે સાવચેત રહેવું એ સમજીએ...**





ઈન્ટરનેટ ટેક્નોલોજી અને સ્માર્ટફોનની સુવિધાને કારણે શેરબજારમાં સોદા કરવાનું આજકાલ આસાન-ઝડપી બની ગયું છે. તેને કારણે પણ લોકો શેરોમાં ઈન્વેસ્ટમેન્ટ કે સોદા કરવા માટે આકર્ષિત થઈ રહ્યાં છે, પરંતુ એની સાથોસાથ કૌભાંડકારીઓની સંખ્યા અને રોકાણકારોને છેતરવાની પ્રવૃત્તિ પણ વધી રહી છે.

તાજેતરના એક અહેવાલ મુજબ, હાલમાં જ મુંબઈમાં ૭૧ વર્ષના એક નિવૃત્ત ફાઈનાન્શિયલ વ્યાવસાયિક સાથે વોટ્સએપ મેસેજિંગ સર્વિસીસ માર્ગે શેરબજારના કૌભાંડમાં મોટા પાયે છેતરપિંડી કરવામાં આવી હતી. એમાં તે વ્યાવસાયિકે બે કરોડ જેટલી ધરખમ રકમ ગુમાવી હતી.

**આમાં વરિષ્ઠ નાગરિક કઈ રીતે ફસાયા?**

વેલ, કૌભાંડકાર એક મહિલા હતી. એણે પેલા વરિષ્ઠ નાગરિકને વોટ્સએપ પર એવું વચન આપ્યું હતું કે શેરબજારમાં ઈન્વેસ્ટ કરવાની એમના માટે એક સુવર્ણ તક છે અને એમાં એમને મોટી રકમનો લાભ ઓફર કર્યો હતો. વાસ્તવમાં, તે મહિલાએ નકલી મોબાઈલ ફોન એપ્લિકેશન મારફત વરિષ્ઠ નાગરિકને છેતર્યા હતા. દેખાવમાં તે એપ એક જાણીતી ઈન્વેસ્ટમેન્ટ કંપની જેવી જ હતી. મહિલાએ તે નાગરિકને એપ ડાઉનલોડ કરવા કહ્યું ને એમની મુસીબતનો આરંભ થયો. એક વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું હતું, જેમાં બીજા ઘણાં લોકો પણ સામેલ હતા. ‘ટિપસ્ટર’ દ્વારા આપવામાં આવેલી સલાહના આધારે શેરના વેપારમાંથી કથિત રૂપે મળેલા વળતર વિશે વોટ્સએપ ગ્રુપમાં કોઈને કોઈ વ્યક્તિ અવારનવાર બડાઈ હાંકતી હતી. એવું એક મહિના સુધી ચલાવવામાં આવ્યું. એની પાછળનો ઈરાદો પેલા વરિષ્ઠ નાગરિકનો વિશ્વાસ જીતવાનો હતો. અને પેલા ભાઈ એમાં છેતરાયા પણ ખરા. એમણે ઈન્વેસ્ટ કરવાનું નક્કી કર્યું અને ૨૪ જેટલા સોદા દ્વારા એમણે લગભગ બે કરોડ રૂપિયા જેટલી રકમ ટ્રાન્સફર કરી. નકલી એકાઉન્ટ ઉપર એમને પ્રોફિટ સ્ટેટમેન્ટ પણ બતાવવામાં આવ્યું હતું , જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે એમણે રૂ. ૧૪ કરોડની કમાણી કરી છે. પરંતુ જ્યારે એમણે એમાંના કેટલાક નાણાં ઉપાડવાનું નક્કી કર્યું ત્યારે એમને શંકા ગઈ કે પોતાની સાથે છેતરપિંડી થઈ છે, કારણ કે એમને પૈસા તો ઉપાડવા દેવાયા નહોતા અને ઊલટાનું એમ જણાવવામાં આવ્યું હતું કે વિથડ્રોઅલ ટેક્સ રૂપે એમણે વધારે પૈસા જમા કરાવવા પડશે. હાલ આ કેસ તપાસ હેઠળ છે.

**આંતરરાષ્ટ્રીય મોબાઈલનો ઉપયોગ**

અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કે દેશની અગ્રગણ્ય બ્રોકરેજ કંપનીએ ઈન્વેસ્ટરોને સાવચેત કર્યા જ હતા કે કંપનીના અધિકારીઓના સ્વાંગમાં અજાણ્યા લોકોના હાથે છેતરાય ન જવાય એનું ઈન્વેસ્ટરોએ ધ્યાન રાખવું. ધુતારા વ્યક્તિઓ અને કંપનીઓ ભારતીય અને આંતરરાષ્ટ્રીય મોબાઈલ ફોન નંબરોનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર છેતરપિંડીની પ્રવૃત્તિઓ કરે છે. આવી વ્યક્તિ નામાંકિત નાણાં સંસ્થાઓ સાથે પોતે સંકળાયેલા હોવાનો ખોટો દાવો કરે છે અને એવા કથિત સર્ટિફિકેટ પણ દર્શાવે છે.

હકીકત એ છે કે શેરબજારોમાં જયારે તેજી હોય ત્યારે ઘણા લોકો જુદા જુદા શેર્સમાં પૈસા ઈન્વેસ્ટ કરવા લાગે છે. તેજીમાં મોટાભાગના રોકાણકારોને એવું લાગે છે કે બીજા લઈ ગયા ને આપણે રહી ગયા.

આવા રોકાણકારોએ કઈ કઈ વાતે સજાગ રહેવું જોઈશે?

**‘અમે તમને ઊંચું વળતર આપીશું’...**

પોતે કરેલા ઈન્વેસ્ટમેન્ટમાંથી પૈસા બનાવવાનું તો દરેકને ગમે, પરંતુ એમાં કેટલું જોખમ છે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

જેમના નામ આપણે જાણતા હોઈએ અને જેમના શેર શેરબજારોમાં લિસ્ટેડ થયેલા હોય એવી અધિકૃત કંપનીઓના શેરોમાં ઈન્વેસ્ટ કરો તો ઠીક છે., પરંતુ, તમે ઈન્વેસ્ટ કરેલા પૈસા ક્યાં જાય છે એ તમે જાણતા જ ન હો તો શું થાય? ઊંચા વળતર અને સાવ ઓછા જોખમનો દાવો કરતી ઓફરો લાલ બત્તી ગણાય.

**ફોન કોલ્સને ટાળો, રુબરુ મળો**

વોટ્સએપ સહિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મસમોટાં વચનો આપનારાઓથી ચેતવું.

મુંબઈનો આ કિસ્સો જાણવા જેવો છે. એક વરિષ્ઠ નાગરિકને એક કૌભાંડી વ્યક્તિએ ફોન ને પોતાને ઈન્વેસ્ટમેન્ટ પ્રોફેશનલ હોવાનો દાવો કરનારી એ વ્યક્તિને પેલા વરિષ્ઠ નાગરિક ક્યારેય મળ્યા નહોતા. તે છતાં પેલાની વાતોમાં લલચાઈ જઈને - પૂરતી તપાસ કર્યા વિના રૂ. બે કરોડ જેવડી મોટી રકમ ટ્રાન્સફર કરી દીધી. આ તો ગંભીર ભૂલ કહેવાય.

એક નિષ્ણાતે સાચું જ કહ્યું છે કે, ‘જો તમને એસએમએસ, ઈમેલ કે સોશિયલ મીડિયા મારફત ટિપ્પ્સ મળે અને કોઈ અજાણી વ્યક્તિ તમારા મનમાં એવું ઠસાવવાનો પ્રયત્ન કરે કે કોઈ ચોક્કસ શેર બહુ સારો છે અને તમારે એમાં ઈન્વેસ્ટમેન્ટ કરવું જોઈએ તો સમજી લેજો કે તમે એ ઠગની જાળમાં સપડાઈ શકો છો.’ આર્થિક સલાહકારનો વ્યક્તિગત રીતે સંપર્ક કરવાનું જ હંમેશાં ઉત્તમ રહેશે.

આ વિષયમાં વધુ ચર્ચા હવે પછી કરીશું.... ■


હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# હાય હાય ગરમીઃ સૌથી હૉટેસ્ટ સ્થળે ઉષ્ણતામાન ૭૦ ડિગ્રી



રાજસ્થાન-ગંગાનગર



ઈરાનનું દસ્ત-એ-લૂટ

ઉનાળામાં ઠંડા ઠંડા બિઅર, આઈસક્રીમ, શરબત, એ.સી., કાશ્મીર અને સ્વીટ્ર્લૅન્ડની વાતો કરવી ગમે. ઉનાળામાં કચ્છ, રાજસ્થાનના ચુરુ અને પશ્ચિમ બંગાળના મર્શિદાબાદ છાશવારે ગરમીના વધુ પારા માટે સમાચારમાં ચમકતા રહે છે. આ સાંભળી-વાંચીને આપણને પરસેવો વળવા માંડે છે.

પરંતુ પૃથ્વી પરના સૌથી ગરમ સ્થળ પર તો સામાન્યપણે ૬૦ ડિગ્રી સેલ્શિયસથી વધુ ગરમી હોય છે અને ઉનાળામાં તો ક્યારેક આ આંક ૭૦.૭ ડિગ્રી સેલ્શિયસને આંબી જાય છે. આ સ્થળ છે ઈરાનનું દસ્ત-એ-લૂટ.

સૌથી પહેલાં ઈરાનના દક્ષિણ - પૂર્વમાં આવેલા રણ વિસ્તારના નામનો અર્થ જાણીએ. પર્શિયન ભાષામાં આ બે શબ્દમાં ‘લૂટ’નો અર્થ થાય છે ‘ઉજ્જડ’ અને ‘ખાલી’, તો ‘દસ્ત’ એટલે ‘સપાટ.’ આ સંપૂર્ણપણે ખાલી, ઉજ્જડ, એકાકી વિસ્તાર છે. દૂર-દૂર સુધી ક્યાંય માનવી તો જવા દો, વૃક્ષ-છોડ-પશુ-પંખી ય નજરે ન ચડે. અહીં ભાગ્યે જ કોઈ જવાની હિમ્મત કરે. કોઈ સાહસવીર પહોંચી જાય તો લાંબો સમય ટકી ન શકે. જેટલો સમય રહે ત્યાં સુધી શરીર આખેઆખું ઢાંકી રાખવું પડે. થોડી-થોડી અંતરે પાણીની જરૂર પડતી રહે.

ઈરાનના કેર્મન અને સિસ્તાન - બલુચિસ્તાનમાં પ્રસરેલું આ રણ વિશ્વના સૌથી મોટાં રણોની યાદીમાં ૩૩મા ક્રમે આવે છે. ૫૧,૮૦૦ ચોરસ કિલોમીટરમાં પ્રસરેલા આ રણમાં ક્યારેક શિયાળામાં થોડું પાણી વહેતું દેખાય પણ એને સુકાઈ જતા બહુ વાર ન લાગે. અહીં ૩૦૦ મીટરના ઢુવા (ટેકરા) જોવા મળે, જે વિશ્વના સૌથી ઊંચા ઢુવામાં સ્થાન મેળવે છે.

પૃથ્વી પરના સૌથી સુકાભઠ્ઠ સ્થળ તરીકે ઓળખાતા દસ્ત-એ-લૂટની અડધાથી વધુ સપાટી જ્વાળામુખીય પર્વતથી આચ્છાદિત છે. ખૂબ ગરમીના દિવસોમાં અહીં બાષ્પીભવન થતું ય નજરે પડે.

યુનેસ્કોએ હેરીટેજ સાઈટ જાહેર કરેલ દસ્ત-એ-લૂટ ખૂબ રસપ્રદ અતીત ધરાવે છે. ઈશુના જન્મના ૨૫૦૦ વર્ષ અગાઉ અહીં માનવ - વસાહત હતી. લૂટના પશ્ચિમ કાંઠે શહાદાદ નામનું પ્રાચીન શહેર હતું અને પૂર્વ ભાગમાં આજે શહર-એ-સુકતેહ નામનું શહેર હતું, જે આજે સુકાઈ ગયેલી હેલમંડ નદીમાં ફેરવાઈ ગયું છે.

ઈરાનના પુરાવતત્ત્વ વિભાગ માટે દસ્ત-એ-લૂટ મહત્ત્વપૂર્ણ પ્રાંત ગણાય છે. આ રણની આસપાસના વિસ્તારોમાં હાથ ધરાયેલા વ્યાપક પુરાતત્ત્વીય સર્વેક્ષણમાં ઈશુના જન્મપૂર્વે પાંચ લાખ વર્ષ જૂની ૮૭ સાઈટ મળી આવી હતી. આમાંની ૨૩ સાઈટ ચલકોથિલિ અને બ્રોન્ઝ એજ અર્થાત્ તામ્રયુગની હોવાનું બહાર આવ્યું છે.

અહીં અમેરિકાના ‘નાસા’ (નેશનલ એરોનોટિકલ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન)ના આકવા ઉપગ્રહે ૨૦૦૩થી ૨૦૧૦ વચ્ચે ગોઠવેલા મોડરેટ - રિઝોલ્યુશન ઈમેજિંગ સ્પેક્ટ્રોરેડિયોમીટર ઉષ્ણતામાન ૭૦.૭ સેલ્શિયસ ડિગ્રી નોંધાયું હતું.

દસ્ત-એ-લૂટ ઉપરાંત ઈરાનનું બંદર-એ-મશહર પણ ગરમીની બાબતમાં નોંધપાત્ર રેકોર્ડ ધરાવે છે. મશહર શહેરના બંદર જેવો અર્થ ધરાવતું આ સ્થળ ઈરાનના ખુસતન પ્રાંતમાં ફારસની ખાડી કિનારે સ્થિત બંદર અને શહેર છે.

તેલ અને પેટ્રોલિયમ પેદાશોના નિકાસ માટે જાણીતા આ સ્થળે ઉનાળામાં પારો એકવાર છેક ૭૪ ડિગ્રી સેલ્સિયસને આંબી ગયો હતો. એ અગાઉ અહીં સૌથી વધુ આંક ૫૧ ડિગ્રી સુધી નોંધાયો હતો. જરા કલ્પના કરો કે ૭૪ ડિગ્રી સેલ્શિયસે માણસોએ કેવી નર્કગારની અનુભૂતિ કરી હશે?

વિશ્વની સૌથી ગરમ જગ્યાઓની ઉકળતી યાદીમાં ચીનના ફલેમિંગ માઉન્ટેઈન્સ પણ ખરા. આ પર્વતીય વિસ્તારમાં ઉનાળામાં પારો ૬૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય. એકવાર વધુ પડતી ગરમીએ ૬૬.૮ ડિગ્રી સેલ્શિયસ સુધીનો પારો દેખાડ્યો હતો.

... અને આપણા ભારતમાં રાજસ્થાનનું શ્રીગંગાનગર ગરમી માટે નામચીન છે. ઉનાળામાં અહીં ૪૦થી ૪૫ ડિગ્રી સેલ્શિયસ ગરમી હોય જ. આ સ્થળે ૫૦ ડિગ્રી પણ જોઈ છે. ત્યાર બાદ ઝાંસી, નાગપુર, ડાલ્ટોન ગંજ, બિલાસપુર, વિજયવાડા, રેન્ટાચિંટાલા, તિતલાગઢ, વર્ધા, દિલ્હી, આગ્રા, સંબલપુર, મછલીપટ્ટનમ અને કુર્નુલ આવે, પરંતુ આ બધા જ ગરમીની રેન્જ ૫૦થી ૪૬ ડિગ્રી સેલ્સિયસ જેટલી હોય.

આ વાંચીને તરત પંખો ફાસ્ટ કરીને લીંબુ શરબત પી લો. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# શુભ - અશુભ વચ્ચે અટવાય છે પંચક

પંચક શબ્દ કાને પડતા રૂઢિવાદીઓનો જીવ ઊંચો થઈ જાય છે. દર ૨૭ દિવસે કુંભ અને મીન રાશિમાં ચંદ્ર આવે ત્યારે તે **પાંચ દિવસ પંચકના** કહેવાય છે. આ પંચકમાં પરદેશ નહીં જવાનું તેમ જ મકાન સંબંધી કોઈ કામ કરવા નહીં એમ કહેવાય છે. **પંચક બેસવા એટલે અશુભ સંજોગ આવવો** એવી માન્યતા છે. અલબત્ત જે શબ્દકોશમાં આવી વ્યાખ્યા આપી છે એમાં જ **પંચકલ્યાણ એટલે કલ્યાણકારી પાંચ ચિન્હ** જેની ઉપર હોય એવું, પાંચ શુભ ચિન્હવાળું એવી સમજણ પણ આપવામાં આવી છે. **પંચકલ્યાણ એટલે એક જાતનો શુકનવાળો ઘોડો** એવી પણ વ્યાખ્યા છે. આ ઘોડાના ચાર પગ અને માથા ઉપર સફેદ ટીલાની નિશાની હોય છે. ચાર પગ અને કપાળ એ પાંચનો ધોળો રંગ ઘોડા માટે શુભ ચિહ્ન ગણાય છે,



પાંચના સમૂહ માટે પણ પંચક શબ્દ વપરાય છે. **અમ્લ પંચક** એટલે બોર, દાડમ કોકમ, ચૂકો અને અમ્લવેતસ. ચૂકો અને અમ્લવેતસ વનસ્પતિના નામ છે. **આયુધ પંચક** એટલે સુદર્શન, વજ, પંચકસ, કૌમુદી અને નંદક. નંદક એટલે વિષ્ણુનું ખડગ. **કર્મેન્દ્રિય પંચક** એટલે વાચા, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા. ઉપસ્થ એટલે નિતંબ. **જીવન પંચક** એટલે મુક્ત, મુમુક્ષુ, સાધક, બુદ્ધુ અને પામર. મિત્ર પંચક એટલે ઘી, મધ, ગૂગળ, ચણોઠી અને ટંકણખાર. **વર પંચક** એટલે લગ્ન થઈ ગયા પછી મંડપમાં વરની સાથે રહેતા તેના કાકા, મામા વગેરે પાંચ માણસ. **સુગંધી પંચક** એટલે કેસર, અગર, કપૂર, કસ્તૂરી અને ચંદન.

આપણે ત્યાં સંયુક્ત કુટુંબની પરંપરા હવે લગભગ નામશેષ થઈ ગઈ છે. 'માય સ્પેસ'ના નામે બધાને હવે અલગ અલગ રહેવું વધારે ગમે છે. અલગતા દર્શાવતી કહેવત છે **અન્ન નોખા તેના મન નોખા.** સંયુક્ત કુટુંબમાંથી બધા ભાઈ છૂટા પડે એટલે સ્વાભાવિક છે કે દરેકના રસોડાં પણ અલગ અલગ થઈ જાય. રસોડું એટલે રસોઈ કરવાની જગ્યા કે ઓરડી, રાંધણિયું, ભોજન સ્થળ, બબરચીખાનું, ભઠિયારખાનું, રાંધણી જેવા પર્યાય ઉપલબ્ધ છે. **રસોડા અલગ થવા** એટલે દરેક પરિવાર અલગ રહેવા જઈ પોતાની રસોઈ જુદી કરે. કોઈ કેસમાં એક છાપરા નીચે રહેતા હોય અને એક જ રસોડાનો ઉપયોગ પણ કરતા હોય છતાં રાંધવાનું અલગ અલગ થાય. જોકે, સૌના મન પણ પછી પોતપોતાના સ્વાર્થ જોતા થઈ જાય છે. પહેલા જેવો સ્નેહભાવ કે મનમેળ પછી નથી રહેતો.

ઘણા લોકોને બીજાના ઘરે કે પાર્ટીમાં વધુ પડતું ઝાપટી લેવાની આદત હોય છે. આવા અકરાંતિયા માણસ માટે **અન્ન પારકું છે, કાંઈ પેટ પારકું છે?** કહેવત વપરાતી હોય છે. અન્ન ભલે બીજાએ તૈયાર કર્યું હોય પણ લિમિટ બહાર ખાવાથી પેટમાં દુખાવો થાય. એ પેટ તો પોતાનું જ હોય એટલે તકલીફ સહન કરવી પડે. **અન્ન અને દાંતને વેર** કહેવતમાં દુશ્મનાવટ છે એવું સમજી બેસવાની ભૂલ નહીં કરતા. અહીં વેર શબ્દની માણસની પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. કોળિયો ભોજન માટે પણ તકલીફ હોવી એ એનો ભાવાર્થ છે.

ENગ્લિશ વિંGLISH

## MEANING CHANGE

અંગ્રેજી ભાષામાં એવા ઘણા શબ્દો છે જેના જૂના અર્થ સાથે વર્તમાન અર્થ સરખાવો તો દિમાગ ચકરાવે ચડી જાય. The word HUSBAND once meant the male head of a household. Today, it specifically refers to a married man. Similarly, WIFE used to refer to any woman, but now signifies a married woman. હસબન્ડ એટલે પતિ અને વાઈફ એટલે પત્ની એ અર્થ આજે આપણે જાણીએ છીએ. જોકે, એક સમયે હસબન્ડનો અર્થ પતિ નહીં, પણ પરિવારનો મોભી એવો હતો. Think of it when women of household would introduce the seniormost as OUR HUSBAND. વિચાર કરો કે ઘરની સન્નારીઓ આ અમારા પતિ છે એવી ઓળખાણ આપતા હશે એ વિચારમાત્રથી આજે ખડખડાટ હસવું આવી જાય ને. મહાભારતની પાંચાલી - દ્રૌપદી યાદ આવી જાય. વાઈફ શબ્દ કોઈ પણ સ્ત્રી માટે વપરાતો. આજે પત્ની માટે વપરાય છે. Imagine people saying many wives are staying in our building. પુરુષ એ સમયે એવું કહેતો હશે ને કે મારા બિલ્ડિંગમાં ઘણી પત્નીઓ રહે છે. રજવાડાના રાજા અને એની પટરાણીઓ જેવી વાત થઈ ને.



કોઈ બાળક મસ્તીખોર કે તોફાની હોય તો એને અંગ્રેજીમાં 'નોટી બોય' કહેવાય છે. Naughty, which today means badly behaved rude, or indecent. It is primarily attached with children. નોટી યાને કે તોફાની અથવા શરારતી અર્થ મુખ્યત્વે બાળકો સાથે જોડવામાં આવે છે. ખરાબ વર્તન કે શરારતી વ્યક્તિ પણ 'નોટી પર્સન' તરીકે ઓળખાય છે. In the past Naughty used to mean that a person was poor or did not have anything. અગાઉના વખતમાં કોઈ વ્યક્તિ પાસે કશું જ ન હોય, ખાલીખમ હોય એને માટે 'નોટી' શબ્દ વપરાતો હતો. Naughty is derived from the Old English word naught. This word means nothing, as in the sense of having nothing or being poor and needy. Naughty (with the added y) did not acquire its current usage until some time in the late sixteenth century. 'નોટી' શબ્દ જૂની અંગ્રેજીનાં શબ્દ 'નોટ' પરથી ઊતરી આવ્યો છે. નોટ એટલે શૂન્ય, કશું જ નહીં. ખિસ્સા ખાલીખમ હોય, નિર્ધન અવસ્થા હોય, એને માટે આ શબ્દ વપરાતો હતો. સોળમી સદીમાં વર્તમાન અર્થ અસ્તિત્વમાં આવ્યો.

રાષ્ટ્ર ભાષા

## नानी-दादी की कहवतें

અસલના વખતની કહેવતો એટલે કે જે આપણને નાની અથવા દાદી કહેતા એમાં થોડામાં ઘણું કહી દેવાની શૈલી મજેદાર રહેતી. એક ઉદાહરણ પરથી વાત સમજાઈ જશે. **मूंछ उखाडे मुर्दा हल्को न होवो।** તમે દલીલ કરશો કે મૂછ અને મડદાને શો સંબંધ. અહીં ભાવાર્થ મહત્ત્વનો છે. સમગ્ર મૃતદેહમાં મૂછનું વજન કેટલું. નગણ્ય જ ને.

**ईस कहावत का अर्थ ईस रुप में लगाया जा सकता है कि छोटे-छोटे काम निपटाने से किसी बडे काम में सफळता नहीं मिलती। बडे काम को करने में इस तरह के छोटे छोटे प्रयासो मे मदद भी नहीं मिलती इस तरह के छोटे काम निरर्थक ही कहे जा सकते है।** નાના નાના કામ કરવાથી મોટા કામમાં સફળતા નથી મળતી. ટૂંકમાં નાના કામ નિરર્થક જ કહેવાય. મૂછ ઉખાડી લેવાથી મડદાનું વજન હલકું ન થાય એનો ભાવાર્થ સુપેરે સમજાઈ ગયો હશે. હવે બીજી કહેવત જાણીએ અને સમજીએ. **घर में नईयों दाने, अम्मा चली भुनानो नईयों-नही-हैं.** ઘરમાં દાણો અનાજ ન હોવા છતાં એને શેકવા બહાર નીકળવું. આ એનો શબ્દાર્થ છે. **यह कहावत ऐसे लोगों पर सटीक सिद्ध बैठती है जो स्वयं में कुळ न होने के बाद भी अपने आप में बहुत कुछ होने का दम भरते हैं। इसे दूसरे रुप में ऐसे भी देखा जा सकता है, कि व्यक्ति कैसे झूठी शान दिखाता धूमता है।** આ કહેવત ખાલી ખિસ્સાએ ધનપતિ હોવાનો ડોળ કરવા જેવી વાત છે. ખોટી શાન દેખાડતા ફરતા લોકો માટે આ કહેવત બંધબેસતી છે.

સગ્ગી બહિણ

## दगड्यांच्या म्हणी

મરાઠીમાં પથ્થર દગડ તરીકે ઓળખાય છે. **दगड ना काना, ना मात्रा, ना वेलांटी ना उकार. सरळ साधा, सोपा, जोडाक्षर जसलेला शब्द. असे असतानाही गुरुजी 'द'दपतराचा का म्हणायचे? है आजही न सुटलेला शब्द असतानाही गुरुजी 'द' अक्षर शिकवताना 'द' दगडाचा न म्हणता, द-दफ्तराचा का म्हणायचे? है आजही न सुटलेले कोडे आहे.** દગડ શબ્દ કેવો સીધોસટ છે. નથી કાનો, નથી માત્રા, નથી દીર્ઘ ઈ કે ઊ કે નથી હ્રસ્વ ઇ કે હ્રસ્વ ઉ. જોડાક્ષર પણ નહીં. મૂરખના જામ માટે કે અક્કલહીન વ્યક્તિ માટે **अगदी दगड आहे** એમ કહેવાતું હોય છે. મગજમાં પાણો ભર્યો છે કે શું? એવું તમે સાંભળ્યું હશે. મરાઠી લોકોમાં ચોથનું વિશેષ મહત્ત્વ હોય છે. સૌથી મોટી ચોથ ગણેશ ચતુર્થી. સંકષ્ટી ચતુર્થી વદમાં હોય અને બીજી એક ચોથ છે **दगडी चौथ.** દગડ ચોથ પણ કહેવાય છે. ભાદરવા સુદ ચોથ - ગણેશ ચોથને દિવસે કોઈ ચંદ્ર જુએ તો તેના ઉપર આળ આવે, છતાં ચંદ્ર જોનારો માણસ તે જ વખતે જો કોઈની ગાળ ખાય તો પછી આળ આવે નહીં એવી વહેમી માન્યતાને લીધે લોકો ચંદ્ર જોઈ ગાળ ખાઈ લેવાના ઈરાદાથી બીજા માણસના છાપરા ઉપર પથ્થર ફેંકે છે. એના પરથી આ ચોથ દગડ ચોથ પણ કહેવાય છે. **दगडाला शेंदूर फासणे** એટલે કોઈ વ્યક્તિ કે વસ્તુને વિના કારણ મહત્ત્વ આપવું એવો અર્થ છે. **दगडाला शेंदर फासला तर च त्याला देवपण येतां** પથ્થરને કારણ વિના મહત્ત્વ આપવાથી જ એને દેવત્વ પ્રાપ્ત થતું હોય છે. અખાની વાત યાદ આવી ગઈ હશેઃ એક મૂરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ. ■

વ્યંગ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# જીવનમાં 'જોક્સ' જરૂરી છે...!



ડોક્ટરઃ ચિંતા કરશો નહીં, આ એક નાની સર્જરી છે, ચિંતા કરવાની કોઈ વાત નથી!

દર્દીઃ પણ ડોક્ટર, હું ઓપરેશન માટે નથી આવ્યો!

ડોક્ટરઃ અરે હા, માફ કરશો! મને આમ કહેવાની આદત પડી ગઈ છે...!

આ જોક સરપ્રાઈઝ એલિમેન્ટ (અચાનક ટ્વિસ્ટ) પર આધારિત છે. જે મનને પળવારમાં આંચકો આપીને હસાવી દે છે. આવું થતાંની સાથે જ અચાનક આવેલું ટેન્શન દૂર થઈ જાય છે, જેના કારણે મૂડ હળવો અને ફ્રેશ થઈ જાય છે. આ ક્ષણ આપણને રોજબરોજની ગૂંચવણોમાંથી દૂર કરી ક્ષણભર માટે હળવાશ અને આનંદ તરફ લઈ જાય છે. તેથી, થોડીક સેકન્ડની મજાક પણ આપણો માનસિક થાક દૂર કરી શકે છે. થોડીક સેકન્ડનો જોક્સ કે મજાક આપણને પળવારમાં તાજગી આપે છે; કારણ કે જોક્સનો પ્રભાવ આપણા મન અને શરીર બંને પર પડે છે. જ્યારે આપણે હસીએ છીએ, ત્યારે આપણું મગજ એન્ડોર્ફિન્સ (ખુશીના હોર્મોન્સ) છોડે છે, જેના કારણે તણાવ ઓછો થાય છે અને આપણે હળવાશ અનુભવીએ છીએ. આ ઉપરાંત હસવાથી રક્ત પરિભ્રમણ સારું થાય છે, સ્નાયુઓને આરામ મળે છે અને મૂડ ફ્રેશ થઈ જાય છે. ઓશો જોક્સ વિશે ખૂબ જ ગંભીર વાત કહેતા હતા - 'જો તમારા જીવનમાં હસવાનાં ઓછાં કારણો હોય, આનો અર્થ એ નથી કે તમારી હાસ્યની જરૂરિયાત ઓછી થઈ ગઈ છે, તેનો અર્થ એ છે કે જરૂરિયાત વધી ગઈ છે!' કદાચ આ જ કારણ છે કે વિશ્વમાં મજાક અને રમૂજની પરંપરા એટલી જ જૂની છે જેટલો જૂનો માણસ પોતે છે અને માનવ સંસ્કૃતિ છે. સૌથી જૂના નોંધાયેલા જોક્સ લગભગ ૪,૦૦૦ વર્ષ જૂના છે.

વિશ્વના સૌથી જૂના રેકોર્ડ થયેલા ટુચકાઓ પ્રાચીન મેસોપોટેમિયા (૧૯૦૦ બીસી)ના છે, જેમાંથી એક આજે પણ પ્રખ્યાત છે. તે સુમેરિયન સભ્યતા (હાલનો ઈરાક પ્રદેશ)માંથી મળ્યો છે. આ જોક ટોયલેટ હ્યુમર પર આધારિત હતો, જે નીચે મુજબ છે.

૪૦૦૦ વર્ષ પહેલા પણ શરીરને લગતી રમૂજ અને હળવી વાતો લોકોને હસાવવાનું માધ્યમ હતું. પ્રાચીન ઇજિપ્તની સભ્યતા (૧૬૦૦ બીસી) માં, રાજાઓના દરબારમાં પણ ટુચકાઓ સંભળાવવામાં આવતા હતા. એક પ્રખ્યાત જોક આ પ્રમાણે છે - 'એક વખત ફારુન તેની હોડીમાં મુસાફરી કરી રહ્યો હતો. એક પ્રબોધકે કહ્યું કે તે ખૂબ લાંબુ આયુષ્ય જીવશે. ફારુને પૂછ્યું - શું હું ૧૦૦ વર્ષ જીવીશ? પ્રબોધકે હા કહ્યું. ફારુને ફરી પૂછ્યું - શું હું ૨૦૦ વર્ષ જીવીશ? પ્રબોધકે કહ્યું બિલકુલ! ફારુન ખુશ થયા અને કહ્યું - તો હું અમર છું! પ્રબોધકે કહ્યું - ના, પરંતુ જ્યાં સુધી તમે મને પ્રશ્ન પૂછતા રહેશો, હું હા કહેતો રહીશ.'

વાસ્તવમાં તે રાજાઓની ખુશામત કરવાનો અને આગાહીઓની મજાક ઉડાવવાનો એક માર્ગ હતો. ગ્રીક ફિલોસોફર પ્લેટો અને અરસ્તુ પણ રમૂજને જીવનના મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે જોતા હતા. પ્રાચીન એથેન્સમાં એક જોકર ક્લબ હતો, જેમાંથી ડઝનેક જોક્સ આજે પણ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, 'એક માણસ ડોક્ટર પાસે ગયો અને કહ્યું કે જ્યારે હું મારી આંખો ખોલું છું, ત્યારે મને કંઈ દેખાતું નથી! ડોક્ટરે કહ્યું, તમારી આંખો બંધ કરો અને જુઓ!' ઇજિપ્ત અને એથેન્સની જેમ, પ્રાચીન ભારતમાં પણ, સંસ્કૃત સાહિત્ય (નાટ્યશાસ્ત્ર, પંચતંત્ર, હિતોપદેશ, વિદુષક પાત્ર)માં રમૂજી વ્યંગનો પુષ્કળ ઉલ્લેખ છે. પંચતંત્રની વાર્તાઓમાં ચતુરાઇભર્યા જોક્સ અને વ્યંગ છે. ભારતીય ઈતિહાસમાં રાજાઓના દરબારમાં તેનાલી રામા અને બિરબલ જેવા વિદ્વાનોની હાજરી રહી છે, જેમણે પોતાની બુદ્ધિ અને કૌશલ્યથી દરબારનું વાતાવરણ બોજારૂપ બનતા અટકાવ્યું, સાથે ચતુરાઈભર્યા અને ચોંકાવનારા શબ્દો બોલીને રાજા સહિત દરબારીઓને ચોંકાવી દીધા હતા, જેના કારણે સમગ્ર દરબાર તાજગીનો અનુભવ કરતો.

જોક્સ કે ટુચકાઓના આધુનિક અને વ્યાપક યુગની શરૂઆત ૧૮મી-૧૯મી સદીમાં અખબારો અને પુસ્તકોમાં જોક્સના પ્રકાશન સાથે થાય છે. વીસમી સદીના ઉત્તરાર્ધ સુધીમાં, રેડિયો, ટીવી કોમેડી શો અને સ્ટેન્ડ-અપ કોમેડી દ્વારા જોક્સ દરેક જગ્યાએ અને દરેક વ્યક્તિ સુધી પહોંચી ગયા અને આ ૨૧મી સદીમાં, આપણે બધા ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને મીમ્સના રૂપમાં જોક્સના જલવા જોઈ રહ્યા છીએ. હકીકતમાં, જોક્સનો સૌથી ઝડપી અને સૌથી વધુ વૈવિધ્યસભર વિકાસ આ સમયગાળા દરમિયાન થઈ રહ્યો છે. આજે, મુંબઈ અને બેંગ્લોર જેવાં શહેરોમાં, સ્ટેન્ડઅપ કોમેડી શોએ થિયેટરોનું સ્થાન લીધું છે અને હાલમાં પણ જોક્સનો ઝડપી વિકાસ ચાલુ છે. બોટમ લાઇન એ છે કે હજારો જોક્સ વર્ષોથી અસ્તિત્વમાં છે અને માનવીય અભિવ્યક્તિની આ મૂળભૂત પરંપરા હંમેશાંથી એ જ રહી છે. રમૂજ હંમેશાં તમામ સંસ્કૃતિઓમાં મહત્ત્વપૂર્ણ રહી છે, પછી ભલે તે દરબારી મનોરંજનના રૂપમાં હોય કે સામાન્ય લોકોમાં હળવા હાજર જવાબીના રૂપમાં હોય. તેથી આજના મીમ્સ અને સ્ટેન્ડ-અપ કોમેડી એ ૪૦૦૦ વર્ષ પહેલાં શરૂ થયેલી પરંપરાનું આધુનિક સાતત્ય છે!

સવાલ એ છે કે દરેક સભ્યતામાં, દરેક યુગમાં, એટલે કે જીવનમાં જોક્સ હંમેશાં શા માટે જરૂરી છે? શું આજની આધુનિક તણાવપૂર્ણ જીવનશૈલીમાં તે વધુ મહત્ત્વપૂર્ણ બની ગયા છે? જવાબ હા છે, આજે જોક્સ સમાજ માટે, વ્યક્તિગત રીતે લોકો માટે અગાઉના કોઈપણ યુગ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગયા છે. કારણ કે જોક્સ માત્ર હસવા માટે નથી હોતા, પરંતુ તે માનસિક સ્વાસ્થ્ય, સામાજિક સંબંધો અને ભાવનાત્મક સંતુલન જાળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ આપણા તણાવને ઘટાડે છે, આપણને હસાવવામાં મદદ કરે છે અને હસવાથી શરીરમાં એન્ડોર્ફિન્સ (ખુશીના હોર્મોન્સ)નું સ્તર વધે છે, જે તણાવ અને પીડા બંનેને દૂર કરવામાં મદદ કરે છે. જોક્સ મનુષ્યને માનસિક સુરક્ષા પ્રદાન કરે છે. કારણ કે મુશ્કેલ પરિસ્થિતિઓમાં, રમૂજ સલામતી પદ્ધતિની જેમ કામ કરે છે, જે વ્યક્તિને સમસ્યાઓને હળવાશથી જોવાની મંજૂરી આપે છે. ઉપરાંત, જોક્સ આપણને સામાજિક રીતે લોકો સાથે જોડે છે. જોક્સ શેર કરવાથી લોકો વચ્ચે નિકટતા આવે છે અને સામાજિક બંધન મજબૂત થાય છે. ઉપરાંત, જોક્સ આપણી સર્જનાત્મકતા વધારે છે. રમૂજ આપણને વસ્તુઓને નવા પરિપ્રેક્ષ્યમાં જોવામાં અને અનન્ય રીતે સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરે છે.

એક મહત્ત્વનો પ્રશ્ન એ છે કે શું આધુનિક તણાવપૂર્ણ જીવનશૈલીમાં જોક્સ વધુ મહત્ત્વપૂર્ણ બની ગયા છે? આ પ્રશ્નનો જવાબ હા, ચોક્કસ છે. આજની આધુનિક જીવનશૈલીમાં લોકો કામના દબાણ, સોશિયલ મીડિયા, નાણાકીય ચિંતાઓ અને સંબંધોની ગૂંચવણોથી ઘેરાયેલા છે. આવી સ્થિતિમાં રમૂજ અને જોક્સ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગયા છે. આજે કાર્યસ્થળ પર તણાવ ચરમસીમાએ છે. જો મીટિંગ, ડેડલાઈન અને ટાર્ગેટ વચ્ચે ઓફિસમાં આનંદ અને હાસ્યનું વાતાવરણ હોય તો કર્મચારીઓની પ્રોડક્ટિવિટી વધે છે. સોશિયલ મીડિયા અને ઓનલાઈન વિવાદો પર સતત અપડેટેડ રહેવાની મજબૂરી વચ્ચે, મીમ્સ અને કોમેડી વીડિયો આપણને માનસિક રાહત આપે છે. ઉપરાંત, માનસિક રીતે સ્વસ્થ રહેવાનો આ એક સરળ માર્ગ છે. હસવાથી ડિપ્રેશન અને ચિંતા ઓછી થાય છે. તેથી જ માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો 'લાફ્ટર થેરાપી'ને ખૂબ જ અસરકારક માને છે. આજના તણાવપૂર્ણ જીવનમાં જોક્સ અને રમૂજ માત્ર મનોરંજન જ નહીં પરંતુ સ્વાસ્થ્યની જરૂરિયાત પણ બની ગયા છે. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# લોકગીતોમાં હાસ્ય રસ



દરેક વ્યક્તિને હસતો ચહેરો ગમે છે. એવું પણ કહેવાય છે કે હાસ્ય એ શારીરિક અને માનસિક લાક્ષણિકતાઓનો વિકાસ કરે છે. માનવજીવનનું આ સુખદ ટોનિક છે જે દુઃખ, પીડાને ભુલાવવા કે દૂર કરવા ઉપયોગી સાબિત થાય છે. શોકગ્રસ્ત હૃદયનો ભાર હળવો કરતા હાસ્યનો સમાવેશ કચ્છી લોકગીતો મજા પડે એ રીતે થયેલો છે.

વિવાહ એ જીવનનો સૌથી રોચક મુદ્દો છે. વિવાહ પહેલા અને પછી બંને અવસરે અનેક ભાવો ઉત્પન્ન થતા હોય છે જેનાથી આપણને લાગે કે જીવન ખરેખર રંગીન છે. ક્યારેક 'અંધારિયા' ભાવો તો ક્યારેક 'ઉજ્જવળ' ભાવો. અમુક પ્રકારનાં લોકગીતોમાં વિવિધ પ્રકારની રમૂજ કે કટાક્ષ હોય છે જેમકે, પતિ-પત્નીના ઝઘડા, સ્ત્રી કે પુરુષના મોહ, ઘરમાં સમસ્યાઓ, કોઈ ચોક્કસ વસ્તુ મેળવવા માટે બહાના બનાવવા, ગીતો અભિનય વગેરે દ્વારા હાસ્યથી પરિપૂર્ણ ગીતો ગવાતાં હોય છે. એવો જ એક ફટાણાને માણીએ,

*મો મંઢરો તા ન્યાર, પટ્યો ગારીયું તો ડે*
*જ વિગાઅં ભજાર ત કરે વિઠો આજાર.... મંઢરો તા*
*જિત વિગા પાણી ત કરે વિઠો જાણી.... મંઢરો તા*
*જ ખણા હાંઢો ત જોરે વજે ભાંઠો .... મંઢરો તા*
*જ આવઇયું ફુઇયું ત હણે વિઠો સુઇયું .... મંઢરો તા*
*જ આયા મામા ત ખાઇ વ્યો આમા.... મંઢરો તા*

-રામબાઈ નથુ, કાઠડા- માંડવી પાસેથી મેળવેલ ગીત

આ હાસ્ય ગીતમાં, એક પરિણીત બેમેલ થયેલા લગ્નના દુઃખને દૂર કરવા માટે આવાં ગીતો ગાય છે. આ ગીતમાં મંઢરો મતલબ લંગડો પતિ કઈ રીતે પત્નીને પરેશાન કરે છે તેનું વર્ણન છે. તેને બજાર જવું છે તો પરોક્ષ બહાના હેઠળ રોકી લે છે. પત્નીને પાણી ભરવા જવું છે તો એની કમર તોડી નાખે છે. તેની ફઈ મળવા આવે છે તો મેણાં મારે છે અને મામા આવે છે તો સઘળા આંબા ખાઈ જાય છે. મતલબ પરોક્ષ હરકતો દ્વારા તે પત્નીને કઈ રીતે પજવે છે તેનું વર્ણન જોવા મળે છે. કોઈનાથી પરેશાન થવું એ પણ પ્રેમનું એક સ્વરૂપ માનવામાં આવે છે. અને એ મીઠો સંઘર્ષ કચ્છના લોકગીતોમાં હાસ્યની લહેર ઉપજાવે છે.

ક્યારેક સ્વપ્નમાં કંઈક સારું (મીઠાઈ) ખાવાનું મન થાય છે. તે સ્ત્રી કદાચ સાસુ પાસેથી આવી સ્વાદિષ્ટ મીઠાઈ માગતા ન આપે તે ડરથી તે પોતાની સાસુ પાસે પેટના દુખાવાના બહાને મીઠાઈ કે બજારનું સારું ખાવાની માગણી ગીતમાં રજુ કરે છે. 'પેટસુર' એટલે કે પેટમાં દુખાવો.

*આઇયલ મા, પેટ ડુખે, ધોરો પી ધોરો*
*જીંજલ મા, પેટ ડુખે, ધોરો પી ધોરો*
*હુ ચેતી ધોરો ખા, કોઈ નતી ચે જલેબી ખા*
*કોઇ નતી ચે હલવો ખા, આઇયલ મા, પેટસૂર ધોરો પી....*

-મારિયાબાઈ હાજી વાઘેર, કાઠડા માંડવી પાસેથી મેળવેલ ગીત.

આમ, જલેબી કે હલવા જેવી સ્વાદિષ્ટ વાનગીઓના નામ રાખીને ગીત લખાયું છે. ગીતનો અર્થ આ પ્રમાણે છે કે, એક સ્ત્રી તેની સાસુને પેટમાં દુખાવાની ફરિયાદ કરતા તેને ધોરો (દહીં) પીવાનું કહેવામાં આવે છે. તેને આ ઈલાજ પસંદ નથી. તે કહે છે કે, સહુ મને ધોરો પી, ધોરો પી કહે છે કોઈ મને જલેબી કે હલવો ખાવાનું કહેતું નથી. અંતે નણંદ કહે છે કે ભલે હલવો ખાવાની છૂટ મળે છતાંય દહીં તો ખાવી જ પડશે. આમ, બે પેઢીઓ વચ્ચેના વૈચારિક મનોભાવનો ફરક સ્પષ્ટ થાય છે.

આનંદ કે ઉજવણીના સમયમાં, સ્ત્રીઓ ક્યારેક અભિનય પણ કરી લેતી હોય છે. તેમની સામાજિક મર્યાદાને ધ્યાનમાં રાખીને એ ઈચ્છે છે કે આનંદના ઉત્સવને શાંતિથી માણે. આવી ઘટનાઓ ખાસ કરીને રાત્રિ જાગરણના પ્રસંગે અને લગ્ન સમયે જોવા મળે છે. શું રાત કોઈ આનંદપ્રદ વસ્તુ વિના પસાર થઈ શકે? આ અભિનય ગીત એ પ્રસંગો દીપાવી દે છે. એક સુંદર ગીતમાં સ્ત્રી પોતાના બાળક (જે જવાબદારીના ભાગરૂપ છે) ને સંબોધીને ગાય છે.

*સુમી રો મુંજા હબીબડા રે, અજ મુંજો આનંધજો ડીં આય*
*સુમી રો મુંજા છપ્પર પગા રે, અજ મુંજો આનંધજો ડીં આય*
*તોજી ફુઇ અચીંધી ને ફુયાડો ગિન અચીંધી,*
*વાલા તોકે રે પેરાઇંધી, સુમી રો મુંજા છપ્પર પગા રે.*
*તોજી માસી અચીંધી ને માસીયાડો ગિન અચીંધી*
*મીઠા તોકે પેરાઇંધી, સુમી રો મુંજા ગુગરિયારા રે.*
*તોજી કાકી અચીંધી, રમકડા ગિન અચીંધી,*
*વાલા તોકે રમાઇંધી, સુમી રો મુંજા છપ્પર પગા રે.*
*તોજી માસી અચીંધી, મોસારો ગિન અચીંધી*
*ચાગલડા તોકે પેરાઇંધી, સુમી રો મુંજા લખણવારા રે...*

-ઝુલેખાબાઈ અબદુલ્લા લંઘા, ભુજ દ્વારા મેળવેલ ગીત

આ એક અભિનય ગીત હોવાથી, તેને અભિનય સાથે ગાતા હોવાથી લગભગ નાટક જેવો અનુભવ થાય છે. લગ્નોમાં મજાકનો સતત પ્રવાહ ચાલુ રહે છે. આખી રાત જાગતા રહેવા માટે સ્ત્રીઓ કોઈને કોઈ પ્રયાસો કરતી હોય છે જેથી રાત હાસ્યપૂર્વક પસાર થાય. વિશેષતઃ મુસ્લિમ જ્ઞાતિમાં લગ્નની આગલી રાત્રે ગીતો દ્વારા સમય પસાર કરવામાં આવે છે. સામાન્ય રીતે લંઘા જ્ઞાતિની સ્ત્રીઓ આ અભિનય બખૂબી કરતી હોય છે. અહીં બાળકોને અલગ અલગ ઉપમા આપીને વેળાસર સૂઈ જવા કહેવામાં આવે છે જેનાથી તે રાત્રિની હાસ્ય રમઝટને સારી રીતે માણી શકે. છપ્પરપગા જેવી ઉપમાઓ લોકોને હસાવવા માટે આપવામાં આવી છે. તે તેના બાળકને સૂતા રહેવાનું કહે છે તો જ તે પોતાનું ઘર અને બહારનું કામ પૂર્ણ કરી શકશે. બાળકના જન્મની ખુશીમાં, સગાંવહાલા જેમકે કાકી, માસી, મામી વગેરે બાળકને તેના જન્મની ખુશીમાં કંઈકને કંઈક આપે છે. જેમાં બાળકના ઘરેણાં, રમકડાં, કપડાં વગેરે ભેટ તરીકે અપાય છે.

આવાં લોકગીતોમાં, સૂક્ષ્મ સામાજિક વર્ણન દ્વારા હાસ્ય અને વ્યંગનું સ્વરૂપ ઊભરી આવે છે. જે રમૂજ કે વ્યંગ દ્વારા વ્યક્તિના પાત્રને અકુદરતી બનતા અટકાવે છે. ■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




અભિ દરેકને વ્યક્તિગત રીતે મળીને....ભેટીને....ગુડ નાઇટ કહીને પાર્ટીમાંથી નીકળી ગયો. રાતે લગભગ બારેક વાગ્યે ઘરમાં પ્રવેશ્યો. સીધો બેડરૂમમાં ગયો. સીમાને ઘસઘસાટ સૂતી જોઈને એને ખલેલ નહીં પહોંચડવાના આશયે ત્યાંથી નીકળીને બાજુના બેડરૂમમાં ગયો. કપડાં ઉતારતા જઇને ફર્સ પર ફેંકતો ગયો. વોરડ્રોબમાંથી નાઇટડ્રેસ કાઢીને પહેર્યો. ડ્રોઇંગરૂમમાં બાર પાસેના ઊંચા સ્ટુલ પર બેસીને પેગ બનાવીને એક સિપ મારી. કોઇ ઊંડા વિચારમાં ખોવાયેલો બેસી રહ્યો. એક પેગ, બીજો પેગ, ત્રીજો પેગ, ચોથા પેગ પછી એ ઊભો થયો. ફરી એકવાર બેડરૂમમાં જઇને સીમાને જોઇ આવ્યો. બીજા બેડરૂમમાં જઇને ફર્સ પરથી કપડાં ઊઠાવીને લોન્ડ્રી બેગમાં નાખ્યા. બાથટબ ભરવા નળ ચાલુ કર્યો. નાઇટડ્રેસ શરીર પરથી ફગાવીને શાવર નીચે ઊભો રહી ગયો. બાથટબમાં પાણી ભરાઇ ગયું...એ શાવર નીચેથી નીકળીને બાથટબમાં ઉતર્યો. થોડીક્ષણો બાદ હળવેકેથી કોઇ બાથરૂમમાં પ્રવેશ્યું. સાયલન્સરવાળી રિવોલ્વરમાંથી બે ગોળી અભિની છાતીમાં ધરબી દીધી. અભિના મોંમાંથી એક ઊંહકારો નીકળ્યો...બાથટબનું પાણી લાલ થવા લાગ્યું.

એક રહસ્યમય સંગીતના પ્રચંડ અવાજ સાથે ફિલ્મના પડદા પર લાલ અક્ષરે ઇન્ટરવલ શબ્દ ઝળક્યો ને પડદા પર સ્થિર થઇ ગયો.

ફિલ્મના શો પછીની પાર્ટીમાં તમામની જીભ પર અભિનય શ્રીવાસ્તવની ફિલ્મની વાત હતી. એવામાં એક વેઇટરે ખાતિરદારી કરી રહેલા અકબર પીઆરને કહ્યું: ‘સર, આપકે લિયે ફોન હૈ.’ અકબરે બાર કાઉન્ટર પર જઇને ફોન લીધો.

‘અકબરભાઇ, અભિનું મર્ડર થઇ ગયું. જલ્દી આવો.’ સીમાની રોકકળ, આક્રંદભર્યો અવાજ, ચીસ સંભળાઇ. અકબર કાંઇ સમજે, વિચારે, બોલે એ પહેલા ફોન કટ થઇ ગયો. માથું ઝકઝોળીને અકબર સ્વસ્થ થયો...એણે બાંદરા પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો. અપ્પા સાહેબને કોલ લગાડીને જાણ કરી. પત્ની શફીનાને જલ્દી સીમા પાસે પહોંચી જવા કહ્યું. પછી અશોક ટંડન પાસે ગયો. ‘ટંડન સા’બ, અભિ કા મર્ડર હો ગયા.’

‘ક્યા.?’ ટંડન ચોંકી ઉઠ્યો. ‘નહીં...નહીં યે સચ નહીં હો સકતા’

‘સચ હૈ ટંડન સા’બ. સીમા કા ફોન થા.’

ટંડને અભિના આઘાતજનક સમાચારની ઘોષણા કરી. બધાએ દારૂના ગ્લાસ ઊંધા વળી દીધા. પાર્ટી આટોપાઇ ગઇ. ફિલ્મની રસપ્રદ ચર્ચાને સ્થાને અભિના મર્ડરની વાતો થવા લાગી. હમણાં તો હજી, પોતાના જીવન પરની, પોતે બનાવેલી ફિલ્મ જોઇને ગયો. ઇટ્સ શોકિંગ. બધાના મોંમાં એક જ વાત હતી કે ‘ફિલ્મ કે ઇન્ટરવલ કે ડ્રોપ સીન મેં અભિ કા મર્ડર ઔર રિયલ કેસ મેં ભી અભિ કા મર્ડર. બાત ફિલ્મી હૈ, લેકિન અનબિલિવેબલ સચ હૈ.’

‘એક અભિનેતા કા રિલ મેં ઔર રિયલ મેં મર્ડર. ઇટ્સ વેરી શોકિંગ.’ નાટ્યદિગ્દર્શક સત્યદીપ ચૌબે કહ્યું.

***

થોડીવારમાં પાર્ટી માણી રહેલા તમામની મોટરોનો કાફલો અભિના ઘર તરફ રવાનો થયો. અપ્પા સાહેબની ખાસ સૂચનાને પગલે હરકતમાં આવી ગયેલી પોલીસે એસીપી આશિષ મોરેની ચાંપતી નજર હેઠળ પ્રાથમિક છાનબીન શરૂ કરી દીધી હતી. પોલીસે બંગલાને કોર્ડન કરી દીધો હતો. સમાચાર વાયુવેગે પ્રસરી ગયા હતા. કેટલાક નિશાચર રિપોર્ટરો સમાચાર મળતા જ બંગલાની બહાર ઊભા રહી ગયા હતા. સ્ટોપ પ્રેસમાં સમાચાર છપાવા લાગ્યા હતા...કેટલાક ટોચનાં અખબારો વધારાની એડિશન પ્રકાશિત કરવામાં લાગી ગયા હતા. પ્રેસ ફોટોગ્રાફરો કેમેરાની આંખે જોતા હતા. બંગલાની બહાર કારમાંથી ઊતરનારા મહાનુભાવોની તસવીરો ઝડપવા લાગ્યા હતા. પોલીસની કડક સૂચનાને પરિણામે અકબર સિવાય કોઇનેય અંદર જવાની પરવાનગી નહીં મળતા બાકીના બધા ધૂંધવાઇને જતા રહ્યા હતા. દેશના ટોચના અભિનેતાની એના જ ઘરમાં થયેલી રહસ્યમય હત્યાએ હાહાકાર મચાવી દીધો હતો. લોકપ્રિયતાની ટોચે બેઠેલા ફિલ્મકલાકારની હત્યાના સમાચાર ફિલ્મ ઇન્ડસ્ટ્રી અને રાજકીય ક્ષેત્રમાં પ્રસરવા લાગ્યા હતા. બંગલાની બહાર એના ચાહકોનો પ્રેમ અને રોષ ઊમટવા લાગ્યો હતો. સૌના મોં એક જ સવાલ હતોઃ મર્ડર કોણે કર્યું....અને શા માટે કર્યું.?

***

આદિલ ખાને વહેલી સવારે બસ્તા શેઠને ફોન જોડ્યો. શંકરની પૂજામાં બેઠેલા બસ્તા શેઠે ફોન ઉઠાવવાની તસ્દી લીધી નહીં. આદિલ ખાનનો ફોન થોડી થોડીવારે એમને પૂજામાં ખલેલ પાડતો રહ્યો...અંતે બસ્તા શેઠે ગુસ્સે થઈને ફોન ઊંચક્યો.

‘સૂબહ સૂબહ...કૌન હો તુમ, ક્યા કામ હૈ.?’ ક્રોધિત બસ્તા શેઠે પૂછ્યું.

‘બસ્તા શેઠ, થેન્ક યુ. આપ જબાન કે પક્કે હો.’ આદિલ ખાન બોલ્યો ને બસ્તા શેઠે ફોન પછાડીને મૂકી દીધો.

***

જોરાવરે મોતીબાબુને બસ્તા શેઠની સામે હાજર કર્યો. એમણે જોરાવરને જતા રહેવાનો ઇશારો કર્યો. બસ્તા શેઠે મોતીને ખિસ્સામાંથી પૈસાની ગડ્ડી કાઢીને આપી.

‘લો યે તુમ્હારી બક્ષિશ. સીમા સે શાદી તુમ્હારા બોનસ હોગા.’

> ‘પ્રિયાને ઇસી જગહ બૈઠ કર અભિ સે કહા થા આઇ વિલ કિલ યુ. મૈંને સમઝાને કી કોશિશ કી લેકિન વો ગુસ્સે મેં થી.’

‘શેઠ, આપકા હાથ મેરે સર પે હૈ...મુઝે ઔર ક્યા ચાહિયે.’ મોતીબાબુના ચહેરા પર ડર હતો....મનમાં મુંઝવણ હતી....એ કોઇ વાતે દુઃખી હતો...બેચેન હતો, પણ સહેજેય આનાકાની વગર રૂપિયાની થપ્પી ખિસ્સામાં સરકાવી દીધી.

‘મોતી, લેકિન તૂમ હો બડી પહોંચી હુઇ ચીજ.’ બસ્તા શેઠે કહ્યું.

‘યે સબ આપકી કિરપા હૈ.’ એણે હાથ જોડ્યા.

‘સીમા કો ગહેરે શોક મેં સે બાહર આને દે...તૂ ભી થોડા માતમ મના લે. સમઝ ગયાના તૂ.?’

‘હાં.’ બસ્તા શેઠે એને આંખે ઇશારે દરવાજો બતાવ્યો.

***

રાજ્યના ગૃહ મંત્રી અપ્પા સાહેબે સમાચાર મળતાં રાતે જ બાંદરા ઝોનના એસીપી આશિષ મોરેને અભિનય શ્રીવાસ્તવ મર્ડર કેસની તપાસનો હવાલો સોંપી દીધો હતો. એસીપી મોરેએ આ હાઇ પ્રોફાઇલ મર્ડર કેસની તપાસ કરીને તાબડતોબ અહેવાલ આપવાનો હતો એટલે એસીપી મોરે ખુદ રાતે જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. એમણે સ્વભાવિક રીતે જ તપાસની શરૂઆત સીમાથી કરી હતી.

‘તુમ ઔર અભિ અલગ અલગ બેડરૂમ મેં સોતે હો.?’ એસીપી મોરેએ પૂછ્યું.

‘નહીં.....વો દેર સે આતા હૈ તબ મુઝે ડિસ્ટર્બ નહીં કરતા...દુસરે બેડરૂમ મેં સો જાતા હૈ. લગતા હૈ, શાયદ વો મુઝે સોતી દેખ કર હમારે બેડરૂમ મેં આયા હી નહીં.....દુસરે બેડરૂમ મેં ગયા.....જહાં...’ સીમા ભાંગી પડી.

‘ઠીક હૈ સીમાદેવી, બાદ મેં બાત કરેંગે.....ઇનકો લે જાઓ.’ એસીપી મોરેએ શફીનાને કહ્યું. શફીના એને અંદરના રૂમમાં લઇ ગઇ.

‘સર, બહાદુર કી પૂછતાછ કરતે હૈ.’ એસીપી મોરેના પડછાયાની જેમ સાથે ફરીને તપાસમાં મદદ કરતા સિનિયર ઇન્સ્પેક્ટર શિંદેએ પૂછ્યું.

‘અભી નહીં....પહેલે અંદરવાલો કો બહાર કે લોગોં કે બારે મેં પૂછતે હૈ.’

એમણે અકબરપીઆરને બોલાવ્યો.

‘અકબરભાઇ, ફિલ્મ ઇન્ડસ્ટ્રી મેં કિસકે સાથ અભિ કી પ્રોફેશનલ દુશ્મની થી.?’

‘આદિલ ખાન કે સાથ. ફિલ્મ ઇન્ડસ્ટ્રી મેં ઔર પોલિટીકલ ફિલ્ડ...દોનોં મેં ઉનકી પ્રોફેશનલ દુશ્મની થી.’

‘અન્ડરવર્લ્ડ સે કોઈ ધમકી મિલતી થી.?’

‘મર્ડર કી ધમકી નહીં દી લેકિન ઓવરસીઝ રાઇટ્સ કે લિયે બસ્તા શેઠને ડિમાન્ડ કી થી.’ આ તબક્કે મોરે અને શિંદેએ સૂચક નજરે એકબીજાની સામે જોયું. ‘ઔર આદિલ ખાન અભિ સે જલતા થા. વો અભિ કે બારે મેં કૂછ ભી અનાપસનાપ બોલતા રહેતા થા. ઉનકી તરક્કી મેં બાધા ડાલને કી કોશિશ કરતા થા. અભિને પોલિટીક્સ જોઇન કરને કા ઐલાન કિયા તો આદિલ ખાનને ભી પાર્ટી જોઇન કરી....વો અગલા ઇલેક્શન ભી લડનેવાલા થા.’

‘અભિ ઇલેક્શન લડનેવાલા થા.?’ એસીપી મોરેએ પૂછ્યું.

‘હાં, શાયદ ઉનકો ટિકિટ મિલનેવાલી થી.’ અકબરે કહ્યું.

‘તુમકો કૈસે પતા ચલા...ઉનકો ટિકિટ મિલનેવાલી થી?’

‘મૈં અભિ કા પર્સનલ સેક્રેટરી હું.’

‘તો તુમ્હે અભિ કી પર્સનલ લાઇફ કે બારે મેં ભી પતા હોગા. સીમાદેવી ફિલ્મ ઇન્ડસ્ટ્રી મેં કામ કરતી હૈ?’

‘નહીં.’ અકબરે કહ્યું.

‘સમઝદાર એક્ટર થા. ફિલમવાલી કો નહીં પકડી. સીમાદેવી સે શાદી હુઇ હૈ યા એસે હી સાથ મેં રહેતે હૈ?’

‘શાદી હુઇ હૈ. મેરેજ સર્ટિફિકેટ હૈ.’ અકબરે કહ્યું.

‘ફિલ્મઇન્ડસ્ટ્રી મેં ઇસ શાદી કો લે કર...કિસી કો તો તકલીફ હુઇ હોગી.?’

અકબર ચૂપ થઇ ગયો. અભિ અને પ્રિયાની પ્રેમ કહાની...મર્ડર કરવાની એની ધમકી....એણે કરેલો ઝઘડો. આ બધું એનાથી ક્યાં છાનું હતું.

‘પ્રિયા અભિ કી શાદી કો લે કર ખુશ નહીં થી.’ એણે કહ્યું.

‘પ્રિયા એક્ટ્રેસ હૈ કી એક્સ્ટ્રા? મેરા મતલબ હૈ ગાને મેં પીછે ડાન્સ કરનેવાલી લડકી હૈ?’ શિંદેએ પૂછ્યું.

‘બહુત બડી એક્સપ્રેશન્સ એડવર્ટાઇઝ એજન્સી મેં કામ કરતી હૈ.’ અકબરે કહ્યું.

‘ક્યા હુઆ થા દોનોં કે બીચ મેં જરા ખુલ કર બતાઓ.’ એસીપી મોરેએ કહ્યું.

‘મૈં બતાતી હું.’ રડમસ ચહેરે ડ્રોઇંગ રૂમમાં પ્રવેશતાં સીમા બોલી. એની પાછળ શફીના હતી.

‘સીમા, તું હજી સદમામાં છો..પ્લીઝ, તું અંદર જઇને આરામ કર. સાહેબ તને પણ પૂછશે ત્યારે કહેજે.’

‘હું ઠીક છું, અકબરભાઈ.’ સીમા રડવા લાગી.

‘સીમાદેવી, આપ કહો જો કહેના હૈ.’ એસીપી મોરેએ કહ્યું.

‘પ્રિયાને ઇસી જગહ બૈઠ કર અભિ સે કહા થા આઇ વિલ કિલ યુ...મૈંને સમઝાને કી કોશિશ કી લેકિન વો ગુસ્સે મેં થી. આઇ વિલ કિલ યુ, આઇ વિલ કિલ યુ...બોલતી હુઇ નીકલ ગઇ. મૈં પીછે ગઇ.’

‘પ્રિયા કો બોલતે હુએ કિસીને સૂના થા.?’

‘બહાદુર થા. શાયદ ઉસને સૂના હોગા.’ સીમાએ કહ્યું.

‘બહાદુર કો બુલાઓ.’ એસીપી મોરેએ હુકમ છોડ્યો. એની બાજુમાં ઊભો રહીને ડાયરીમાં લખી રહેલો શિંદે દોડીને બહાદુરને બોલાવી લાવ્યો. બહાદુરે સલામ કરી.

‘એક મેડમ અભિ કો આઇ વિલ કિલ યુ બોલ કે ગઇ વો તુમને સૂના થા.?’

‘હાં શાબજી, એસા હી કૂછ બોલ રહી થી.’

‘તુમ ઉસકો પહેચાન લોગે.?’

‘હાં શાબ, બીલકુલ પહેચાન લેગા....ક્યું કી’ બોલીને બહાદુર અટકી ગયો. એના ચહેરા પર ડર જોઇને ઇન્સ્પેક્ટર શિંદેએ કહ્યું:

‘બોલો...ડરો મત બોલો.’

‘વો મેડમ કલ રાત કરીબ ગ્યારા બજે આઇ થી.’ એસીપી મોરે અને શિંદેએ એકબીજાની સામે જોયું.

‘ક્યું આઇ થી?’ શિંદેએ પૂછ્યું.

‘શાબ, મુઝે બોક્સ દે કર બોલી સીમા કો બોલના નહીં. યે અંગૂઠી તુમ્હારે શાબ કો દે દેના. બહુત ગુસ્સે મેં થી.’

‘અંગૂઠી કહાં હૈ.?’

‘હમ વો બોક્સ શાબ કો રાત મેં હી દે દિયા થા.’ બહાદુર બોલ્યો.

‘બહાદુર તુમ જાઓ.’ એસીપી મોરેએ કહ્યું.

‘મર્ડર કે કરીબ એક ઘંટે પહેલે પ્રિયા યહાં આઇ ઔર ગુસ્સે મેં બહાદુર કો સિર્ફ એન્ગેજમેન્ટ રીંગ વાપસ કર કે ચલી ગઇ, બડે તાજ્જુબ કી બાત હૈ,’ સિનિયર ઇન્સ્પેક્ટર બોલ્યો.

‘પ્રિયા ગુસ્સે મેં વાપસ ચલી ગઇ યા ગુસ્સે મેં અભિ કા મર્ડર કર કે ચલી ગઇ?’. એસીપી મોરેએ આશ્ચર્યથી સીમા અને અકબરની સામે જોયું.

(ક્રમશઃ) ■

## આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# હું, અપરાજિતા



આંખમાં ખુન્નસ ભરતાં માનસીએ એ હવસખોર સરદારને કહ્યું- દુષ્ટ તને તો આકરી સજા અપાવીને જ હું જંપીશ.

જેના બાપને માથે વોરંટ હોય, જેની મા જ દીકરીઓને દેહવેપારમાં ધકેલે એ મને સજા અપાવશે? જો, આ સરદારના હાથ બહુ લાંબા છે.

મને પ્લીઝ મારા ઘરે જવા દો. મારી મા રાહ જોતી હશે. રાતના નવ વાગી ગયા. મને અહીં ડર લાગે છે, ગભરાયેલી માનસીએ આજીજી કરતાં કહ્યું.

ત્યાં જ ફોનની ઘંટડી રણકી, સરદારે માનસીને સોફા પર ધકેલતાં કહ્યું- અગર જિંદા રહના હૈ તો મૂંહ બંધ રખ, નહીં તો રેડલાઈટ ભેજ દૂંગા.

અંકલ, મારે પપ્પા સાથે વાત કરવી છે. મંમા કહે છે કે સરદાર અંકલ બધું જાણે છે. અંકલ કહોને મારા પપ્પા કયાં છે?

તેરા બાપ તો કંપની કો ૨૫લાખકા ચૂના લગા કે ભાગ ગયા, ઔર મુઝે યે મનીબેંક દે દી- તેરી મા મુઝે ખુશ કરેગી ઔર તેરે હંસી જલવે સે બારડાન્સ કી રોનક રોજ નયે ચાંદસે સિતારે ચમકેંગે.

ત્યાં તો ફરી મોબાઈલ રણક્યો-

સામેથી ચંદ્રકાંત બોલી રહ્યો હતો- સરદાર, બસ એક વાર મને આ કસ્ટડીમાંથી બચાવી લે, તું જેમ કહીશ એમ કરીશ. જો, મારી પત્ની સુમન અને દીકરી માનસીને સાચવજે. અચાનક પોલીસ ઘરે જશે તો એ બંને ગભરાઈ જશે.

માનસી પપ્પા, પપ્પા બુમ પાડવા ગઈ પણ સરદારે તેના મોઢા પર હાથ દબાવીને ડોળા કાઢીને ચૂપ રહેવા જણાવ્યું.

જો, તારો જીવ વહાલો હોય તો આ મામલો શાંત ન થાય ત્યાં સુધી દુબઈની કંપનીમાં જ કામ કરજે.

પણ, હું ફાંયનાંન્સ કંપનીનો પાર્ટનર અને મારે અહીં હમાલી કરવાની? હું રાજકોટથી મોટો વેપાર કરવા મુંબઈ આવ્યો, આપણે શરૂ કરેલી નવી કંપનીમાં મેં મારા પચાસ લાખ લગાવી દીધા. મને મારી પત્ની અને દીકરીની ચિંતા થાય છે.

જો, આજે દુબઈનો પેલો સોદો ફાયનલ કરવા જઉં છું.

પણ,મને અહીંથી છોડાવ.

સરદારની પકડ ઢીલી થતાં જ માનસીએ બૂમ પાડી- પપ્પા તમે કયાં છો? જલદી આવો, આ સરદાર અંકલનો મને ડર લાગે છે.

ના,બેટા સરદાર અંકલ તો તારું અને મમ્મીનું ધ્યાન રાખે છે. એ બહુ સારો માણસ છે.

ના,પપ્પા એ બહુ ખરાબ છે. મારે અને મમ્મીને પણ એમની સાથે રાત્રે ડાન્સબારમાં જવું પડે છે.

સરદારે માનસીના હાથમાંથી ફોન ખેંચી લીધો.

મારી માનસી અહીં શું કરે છે, મારી સુમન કયાં છે?

જો, હું તો મિત્ર તરીકે મારી ફરજ બજાવુ છું. એ બંને ડાન્સબારમાં જાય છે અને રોજ નવી પાર્ટીઓમાં કમાય પણ છે.

ના-ના સરદાર અમારા ઘરમાં કોઈ સ્ત્રીઓ આમ બારડાન્સમાં જઈ દેહનું પ્રદર્શન ન કરે.

જો, હવે મારે તારી શીખ જોઈતી નથી, હું બોસ પાસે જઉં છું.

માનસી બેટા,જરા ય ડરવાનું નહીં, હું જલદી પાછો આવીશ. મંમા કયાં છે? ચંદ્રકાંતે ચિંતત થતા પૂછયું.

માનસી કંઈ જવાબ આપે તે પહેલાં જ સરદારે ફોન કટ કર્યો.

એ રાત્રે માનસી મેકઅપ કરીને ડાન્સબારના વસ્ત્રોમાં સજ્જ થઈને રાત્રે દશ વાગે પહોંચી.

આજે મ્યુઝિક અને લાઈટની ઝળાહળમાં પુરુષોની ભૂખાળવી નજર સાથે પોતાના લાચાર પિતાનો ચહેરો એની નજર સામે તરવરી રહ્યો. એણે મનોમન નક્કી કર્યું ગમે તે થાય મારા પપ્પાને હું છોડાવીશ. હું આ કામ નહીં કરું, મારે તો આઈ.ટી.નો અભ્યાસ કરવો છે.

આજે નૃત્યમાં એ નજાકત કે ચહેરા પર એ હાસ્ય કયાંથી લાવે? ધંધામાં કોઈ પ્રોબલેમ થવાથી આ અંકલે રાતોરાત પપ્પાને દુબઈ મોકલી દીધા. અમારે પણ પપ્પા કયાં છે, એ કોઈને કહેવાનું નહીં. એ વાતને બે વર્ષ થઈ ગયા. પણ,પપ્પા ઘરે આવ્યા જ નથી. મંમા તો ખૂબ બદલાઈ ગઈ છે. એ સરદાર અંકલની ઓફિસમાં જ કામ કરે છે. એમની સાથે લેટનાઈટ પાર્ટી કરે છે. મને પણ ડાન્સબારમાં મંમાએ ધકેલી છે. મને આ નથી ગમતું.

શું મંમા અને સરદાર અંકલ જાણી જોઈને મારા પપ્પાને દુબઈમાં રાખે છે? મારા પપ્પા પાછા કેમ નથી આવતા ?

માનસીનું ધ્યાન આજે નૃત્ય કે મ્યુઝિકમાં ન હતું. એક ડાન્સગર્લ સાથે મેસેજ મોકલીને બારમેનેજર પ્રકાશ ચૌધરીએ માનસીને બોલાવી.

પ્રકાશ ચૌધરીએ પુછ્યું - માનસી, એની પ્રોબલેમ- અને હોય તો પણ આ એક વ્યવસાય છે. અહીં લોકો પોતાનું દુઃખ ભૂલવા, તમારી પાસે બે ઘડી આનંદ લેવા આવે છે. તમે કસ્ટમરને એન્જોય ન કરાવો તે કેમ ચાલે?

સર, હું આ કામ કરવા માંગતી નથી. કાલથી આવીશ નહીં.

ત્યાં જ સુમન આવી, સર, જાને દો, લડકી હૈ, મૈં ઉસે સમજાઉંગી.

મંમા, મૈં કલસે નહીં આઉંગી. મુઝે પઢાઈ કરની હૈ.

તારો બાપ આપણને છોડીને દુબઈ ભાગી ગયો, એને કોઈ ચિંતા છે?

પણ, એટલે આપણે આવું કરવાનું-

તો હું શું કરું- હું કંઈ ભણેલી નથી કે મને સારી નોકરી મળે.

ત્યાં જ સરદાર આવ્યો અને સુમનને કહે- માય સ્વીટી, શું કામ માથું ભમાવે છે- મારી પાસે એનો રસ્તો છે.

માનસી નતમસ્તકે મંમાનું આ હીણરૂપ જોઈ રહી. અઢાર વર્ષની માનસીને નિઃસહાય જોઈને મેનેજરનું હૈયું દ્રવી ઉઠ્યું.

એણે કહ્યું- માનસી હું તારો મિત્ર તને અહીંથી છોડાવીશ, અને તારા પપ્પાને પણ સરદારની ચુંગાલમાંથી છોડાવીશ.

મેનેજરના કહેવાથી બીજે જ દિવસે માનસીએ ડાન્સબારના ક્ષેત્રમાં આવેલા પોલીસ સ્ટેશનમાં દૈહિકધંધો થઈ રહ્યો છે એ બાતમી પહોંચાડી દીધી.

આજે સરદાર બહુ ગુસ્સામાં હતો. એ માનસીને ધમકાવીને બળજબરીથી દાબમાં રાખવા માંગતો હતો.

એક નાની ઓરડીમાં જયાં માનસી એના કપડા બદલી રહી હતી ત્યાં સરદાર પહોંચી ગયો, એની અને સુમન વચ્ચેના આ કાંટાને દૂર કરવા એનું શેતાની મગજ ઘૂમી રહ્યું હતું-

એના કોમળ અંગોને એ પિશાચના આંગળા ભીંસી રહ્યા હતા, ત્યાં જ માનસીમાં રણચંડી જેવી શક્તિનો સંચાર થયો. સંહાર કરનારી કોઈ રુદ્રાસ્વરૂપે એણે ત્રાડ પાડી- મા અંબા, મા ભવાની આ નરપિશાચ સામે લડવા મને બળ આપ.

દારૂના નશામાં લથડાતા સરદાર સામે તે રણચંડી બનીને અડગ ઊભી રહી.

ત્યાં જ ચાર પોલીસો અને ત્રણ મહિલા પોલીસ ડાંસબારમાં આવ્યા અને છાપો મારીને છ-સાત પુરુષો સાથે સરદારની ધરપકડ કરી.

કુમળી વયની બાળાઓને તથા દૈહિક શોષણ હેઠળ મેનેજર અને સુમનને પણ કસ્ટડીમાં લીધા.

માનસીએ પ્રકાશ ચૌધરી સાથે હાથ મિલાવતાં કહ્યું-

હું, અપરાજિતા- મિશન સકસેસફુલ- ■

## ફોકસ

પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

# સોશિયલ મીડિયામાંથી કન્ટેન્ટની ચોરી તમને જેલમાં પણ ધકેલી શકે!

આ દિવસોમાં, સમગ્ર વિશ્વમાં એઆઇના વિશાળ લેંગ્વેજ મૉડલ ચેટબોટ વિશે ચર્ચા ચાલી રહી છે કે અત્યાર સુધી ઉપલબ્ધ તમામ ચેટબોટ મૉડલો છે, આ બધામાં મોટા પાયે વધુ ડેટાનો ઉપયોગ થયો છે, તે કોઈની પરવાનગી વિના સીધા ડિજિટલ વર્લ્ડમાંથી લેવામાં આવ્યો છે. તેથી,ચેટબોટના વિવિધ મૉડલના ભવિષ્યને લઈને મોટા કાયદાકીય પ્રશ્નો ઊભા થયા છે, આખરે, તેઓ જે ડેટા બનાવે છે તેનો કાનૂની આધાર શું હોવો જોઈએ? એ પણ ચર્ચાનો વિષય છે કે જો કોઈ એઆઇ મૉડલ ખોટી કે હાનિકારક માહિતી ફેલાવશે તો કોને જવાબદાર ગણવામાં આવશે? શું એઆઇ મૉડલને પ્રકાશક માનવામાં આવશે કે માત્ર એક સાધન? આ વિશે હજી ચર્ચા ચાલી જ રહી છે, જ્યારે એઆઇના વિવિધ ચેટબોટ મૉડલ્સે અત્યાર સુધીમાં ઘણા લેખકો, પત્રકારો, ડિઝાઇનરો અને કોડર્સની નોકરીઓ છીનવી લીધી છે અથવા તેમના પર અસુરક્ષાની તલવાર લટકાવી છે. તાજેતરમાં, ન્યૂયોર્ક ટાઈમ્સે ઓપન એઆઇ પર તેના એઆઇ મૉડલ્સને તાલીમ આપવા માટે મોટા ડેટાનો ઉપયોગ થયો તે બદલ કેસ કર્યો છે.

વેલ, ભારતમાં અત્યારે એઆઇ પર કોઈ સ્પષ્ટ કાયદો નથી. જોકે, સરકાર ડેટા પ્રોટેક્શન અને એઆઇ રેગ્યુલેશન પર વિચાર કરી રહી છે અને ટૂંક સમયમાં આના પર કડક નિયમો બનાવવામાં આવશે. ખાસ કરીને કોપીરાઈટ અને ગોપનિયતા સંબંધિત બાબતોમાં. પરંતુ ભારતમાં અને સમગ્ર વિશ્વમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હાજર કન્ટેન્ટને લઈને સ્પષ્ટ કાયદો છે. જો કોઈ કંપની કે વ્યક્તિ કોઈપણ લેખક અથવા સામાન્ય વ્યક્તિની કોઈપણ રચનાત્મક કન્ટેન્ટ, કોઈ માહિતી અથવા તેનો કોઈ ડિજિટલ ડેટા તેના ફેસબુક એકાઉન્ટ કે કોઇપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ચોરી કરી તેનો ઉપયોગ પોતાના માટે કરે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. આવી વ્યક્તિને જેલ પણ મોકલી શકાય છે અને ભારે દંડ પણ થઈ શકે છે. તમે કોઈ લેખકની વાર્તા, પત્રકારનો મહેનતથી સંશોધન કરેલ અહેવાલ,



ફોટોગ્રાફરની તસવીર સોશિયલ મીડિયામાંથી ઉપાડીને તેનો ઉપયોગ તમારા અંગત ફાયદા માટે કરી શકતા નથી, કારણ કે આ તમામ ડિજિટલ ડેટા તે લોકોની અંગત સંપત્તિ છે. ભારતમાં હાજર કોપીરાઇટ એક્ટ-૧૯૫૭ આપણને કાનૂની અધિકાર આપે છે કે આપણા ડેટાની કોઈપણ પ્રકારની નકલ બનાવવા, તેને અન્ય કોઈને વિતરિત કરવા, તેને તમારી દિવાલ પર પ્રદર્શિત કરવા અથવા કોઈપણ પ્રકારનો વ્યવસાયિક ઉપયોગ કરવા માટે સખત પ્રતિબંધિત છે. જો તમે તેનો ઉપયોગ કરવા માંગો છો, તો તમારે સંબંધિત વ્યક્તિ પાસેથી લેખિત મંજૂરી લેવી પડશે.

જો કોઇ લેખક કે કલાકારની અંગત માહિતી એઆઇ મૉડલમાં આવે તો પણ તે ડેટા સંરક્ષણ કાયદાનું ઉલ્લંઘન છે. ભારતમાં વર્ષ ૨૦૨૩માં ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (ડીપીડીપી) એક્ટ આ દિશામાં લેવાયેલું એક પગલું છે. જો કે આ એક્ટ હજી એટલો મજબૂત નથી કે, એઆઇને કોર્ટમાં ઊભો કરી શકે, પરંતુ વ્યક્તિગત રીતે, જો કોઈ વ્યક્તિ તેના જીવનકાળના ૬૦ વર્ષ પછી પણ લેખક અથવા કલાકારના સાહિત્ય, સંગીત અથવા કલાત્મક સર્જનનો ઉપયોગ કરે છે, તો તેણે રોયલ્ટી ચૂકવવી પડશે, તેના માટે લેખિત પરવાનગી લેવી પડશે અને જો આ બંને બાબતો કરવામાં નહીં આવે તો તેનો ઉપયોગ કરનાર વ્યક્તિ અથવા કંપની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. જો કોઈ વ્યક્તિએ ફેસબુક અથવા કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી કોઈ વ્યક્તિની કવિતા, ફોટોગ્રાફ, પેઇન્ટિંગ અથવા વીડિયોનો તેની પરવાનગી વિના ઉપયોગ કર્યો હોય, તો આ ઉપયોગ કોપીરાઈટ એક્ટનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. પ્રથમ વખત, આવા ઉલ્લંઘન માટે ૬ મહિનાથી ૩ વર્ષની જેલની સજા થઈ શકે છે, સાથે ૫૦,૦૦૦ થી ૨ લાખ રૂપિયાના દંડની સજા થઈ શકે છે, અને જો આ ઉલ્લંઘન વ્યવસાયિક લાભ માટે કરવામાં આવે છે, તો પ્રારંભિક જેલની સજા પણ એક વર્ષ અને વધુમાં વધુ ૩ વર્ષની હશે. દંડ પણ ૧ લાખથી ૨ લાખ રૂપિયા સુધીનો હશે.

જો કોઈ વ્યક્તિ તમારી પરવાનગી વગર તમારા અંગત ફોટો, વીડિયો કે ચેટનો ઉપયોગ કરે છે, તો તે આઇટી એક્ટ ૨૦૦૦ હેઠળ ગુનો છે. આમાં આઇટી એક્ટની કલમ ૪૩એ હેઠળ ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ અને ૩ વર્ષ સુધીની જેલ થઈ શકે છે. જો તે વાંધાજનક સામગ્રી અથવા મોર્ફ કરેલી તસવીરો હોય તો આઇટી એક્ટની કલમ ૬૭એ હેઠળ તેને પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. જો કોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મમાં તમારું કન્ટેન્ટ ચોરી રહ્યું હોય, તો તમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેની જાણ કરી શકો છો.

જો ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, યુટ્યુબ, એક્સ વગેરેમાં કોપીરાઇટ અને ડીએમસીએ રિપોર્ટિંગ સિસ્ટમ ઉપલબ્ધ છે, તો આના દ્વારા તમારા કન્ટેન્ટને હટાવી શકાય છે અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે છે તેના પર પ્રતિબંધિત લાગી શકે છે. આ રીતે, જો કોઈ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઈ કન્ટેન્ટ હોય અને તમને તે ગમતું હોય અને તમે તેને પોતાનું બનાવીને લોકો સમક્ષ રજૂ કરી રહ્યાં હોવ, તો તે ભયથી ભરેલું છે, તમને જેલ પણ થઈ શકે છે. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# બેરિસ્ટરઃ દર્શકને ઢંઢોળતું નાટક

એક દરવાજો બંધ થાય ત્યારે ઈશ્વર બીજો દરવાજો ખોલી આપે છે એવું અનેક વાર અનેક લોકોના મોઢે સાંભળ્યું હતું. નિરાશા જ્યારે ઘેરી વળે, કોઈ રસ્તો કે ઉકેલ સૂઝતો ન હોય ત્યારે કલ્પના પણ ન કરી હોય એ દિશામાંથી મદદ કે ઉપાય આવીને ઊભા રહે છે. આ પરિસ્થિતિ માટે જ કહેવાયું છે કે એક દરવાજો બંધ થાય ત્યારે હતાશ ન થવું, કારણ કે બીજી તક બારણે ટકોરા મારવા ઊભી જ હોય છે. સરિતા બહેન સાથે કરેલા 'દેવકી' નાટકના શો બંધ થયા પછી મહેન્દ્ર જોશીના પ્રયોગશીલ નાટક 'મોજીલા મણિલાલ'માં કામ કરી એક વેગળી ભૂમિકા સાકાર કરવાની સાથે કશુંક નવું શીખવાનો પણ લાભ મળી રહ્યો ત્યાં એ નાટક બંધ પડી ગયું. નાટકનો બોલ્ડ વિષય જનતાને પચ્યો નહીં એવી દલીલ ત્યારે કરવામાં આવી હતી. આ નિષ્ફળતાના કારણે કે બીજા કોઈ કારણસર, ભૂપેન ખખ્ખરએ ફરી ક્યારેય નાટ્યલેખન કર્યું જ નહીં.

અમારા જેવા કલાકાર માટે તો નાટકના શો બંધ થાય એટલે નાઈટ (એક શોમાં કામ કરવાનું મહેનતાણું) બંધ થઈ જાય. આવકમાં ઓટ આવે. જોકે, ફરી એક વાર પ્રભુ વહારે આવ્યા. સિદ્ધાર્થ શાહ નામની એક વ્યક્તિએ મારો સંપર્ક કર્યો. મરાઠીમાં ખૂબ ગાજેલું અને વખણાયેલું 'બેરિસ્ટર' નાટક ગુજરાતીમાં મંચન કરવાની એની ઈચ્છા હતી. આ નાટક ૧૯૭૦ના દાયકામાં પ્રથમ વાર મરાઠીમાં ભજવાયું હતું. મરાઠી ભાષાના સમર્થ લેખક, નાટ્યકાર અને પત્રકાર જયવંત દળવીની 'અંધારાચ્યા પારંબ્યા' નામની નવલકથા પરથી 'બેરિસ્ટર' નામનું નાટક તેમણે જ લખ્યું હતું. ૧૯૨૦ના દાયકાનો મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ સમુદાય, એ સમાજના રીત રિવાજો અને તેને વળગી રહેવા માગતો પરંપરાગત વર્ગ અને પાશ્ચાત્ય સંસ્કૃતિથી પ્રભાવિત સુધારાવાદી વર્ગ વચ્ચેના સંઘર્ષનું નિરૂપણ એમાં કરવામાં આવ્યું છે.

૧૯૬૦ના દાયકામાં વિકસેલી મરાઠી પ્રાયોગિક રંગભૂમિમાં નાટ્યકર્મી વિજયા મહેતાનું પણ યોગદાન હતું. મરાઠી નાટ્ય સૃષ્ટિના દિગ્ગજો વિજય તેંડુલકર, ડો. શ્રીરામ લાગુ, અરવિંદ દેશપાંડે અને વિજયા મહેતાએ સાથે મળી 'રંગાયન' નામનું થિયેટર ગ્રુપ શરૂ કર્યું હતું. આ ગ્રુપે કરેલાં નાટકોથી મરાઠી રંગભૂમિ વધુ સમૃદ્ધ બની એ હકીકત છે. નાટકમાં બેરિસ્ટરનો રોલ રંગભૂમિ તેમજ મરાઠી અને હિન્દી ફિલ્મોમાં ખ્યાતિ મેળવનારા એક્ટર વિક્રમ ગોખલેએ કર્યો હતો. ત્રણ વર્ષમાં વિક્રમ ભાઉએ આ નાટકના ૨૫૦ શો કર્યા હતા. એમના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી. આ નાટક અને એ કરતી વખતે વિજયા મહેતા પાસેથી જે કંઈ શીખવા મળ્યું એને કારણે પોતે અભિનય ક્ષેત્રે આગળ વધી શક્યા હતા એવી કબૂલાત વિક્રમ ભાઉએ જાહેરમાં કરી છે. નાટકનું સાહિત્યિક મૂલ્ય પણ ઊંચું હોવાથી મરાઠીમાં એમ.એ. કરતા વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યું હતું.

હવે તમે જ વિચારો કે આવો વલય ધરાવતા નાટકના ગુજરાતી સંસ્કરણમાં કામ કરવાની ઓફર સામે ચાલીને આવે તો કોનું હૈયું હરખાઈ ન જાય? બીજી એક વાત પર ધ્યાન દોરવું છે કે એક તરફ મરાઠી નાટકોમાં કામ કરવાનો દરવાજો બંધ થયો અને મરાઠી નાટકના જ ગુજરાતી રૂપાંતર માટે મારો સંપર્ક કરવામાં આવ્યો. મારી માતૃભાષા મરાઠી હોવાથી નાટકના સ્ત્રીપાત્રની બારીકીઓ હું વધુ તીવ્રતાથી સમજી શકીશ એવી માન્યતાને કારણે આ રોલ મને ઓફર થયો હોય એવી શક્યતા હતી. અલબત્ત મારા માટે તો એક સારા નાટક સાથે જોડાવા ઉપરાંત કોઈ કામ નહોતું અને આવક શરૂ થઈ જશે એ વિચાર પણ આનંદ આપનારો હતો.

મારું એવું દ્રઢપણે માનવું છે કે કોઈ પણ કલાકૃતિ (ટૂંકી વાર્તા, નવલકથા કે કવિતા અથવા નાટક - સિનેમા કે અન્ય કોઈ સ્વરૂપ)ની જવાબદારી મનુષ્યના ચિત્તને ઢંઢોળવાનું છે. સુષુપ્ત કે ભટકી ગયેલા મનને વિચારતા કરી દેવાનું છે. વિચાર કર્યા પછી એની તરફદારી કે વિરોધ એ જે તે સમાજ કરે છે અને એમાંથી જ એની અધોગતિ કે પ્રગતિ થતી હોય છે. 'બેરિસ્ટર' નાટકમાં વ્યથા છે, પણ દર્શકને ધ્રુસકે ધ્રુસકે રડાવતી કરુણા એમાં નથી. નાટક જોઈ દર્શકોની આંખો ભીની નથી થતી, કે નથી થતા એ લોકો લાગણીશીલ. નાટકની વ્યથા ધગધગતા એસિડ જેવી છે જે દર્શકને અંદરથી હચમચાવી નાખે છે. વિચાર કરતા મૂકી દે છે. એને ઢંઢોળે છે.

જોકે, ગુજરાતી નાટક જોતા દર્શકો 'બેરિસ્ટર'ના વિષયને સ્વીકારશે કે કેમ એ વિશે મને શંકા હતી. 'મોજીલા મણિલાલ'નો અનુભવ તાજો હતો. નાટકના રિહર્સલ શરૂ થઈ ગયા. સિદ્ધાર્થ જ એમાં મેઈન રોલ કરી રહ્યો હતો. રિહર્સલ કરતી વખતે દરેક કલાકારમાં કશુંક નવું કરી રહ્યા હોવાનો ઉત્સાહ હતો તો સાથે સ્વીકૃતિ અંગે મનમાં શંકાનાં વાદળો પણ ઘેરાયેલાં હતાં. નાટક રજૂ થયું. ઝળહળતી સફળતા ન મળી જે અપેક્ષિત હતું, પણ સાવ રદિયો પણ ન મળ્યો જે આનંદ આપનારી વાત હતી. મુંબઈ ઉપરાંત ગુજરાતમાં પણ એના શો થયા. જોકે, આ નાટક લાંબી મજલ નહીં કાપે એનો અણસાર સિદ્ધાર્થને તેમજ અમને બધાને આવી ગયો હતો. નાટક બંધ પડી જાય એ પહેલા કોઈ નવી ઓફર આવી જાય તો સારું એવી મેં મનોમન પ્રાર્થના કરી, કારણ કે જેમ કલાકાર માટે 'શો મસ્ટ ગો ઓન' કહેવાતું હોય છે એમ મનુષ્ય માટે 'લાઈફ મસ્ટ ગો ઓન' - દૈનિક જીવનની જરૂરિયાતો પૂરી કરવાની જ હોય છે.

એવામાં એક દિવસ વિનયકાંત દ્વિવેદીનો મેસેજ લઈ એમની ઓફિસના શાંતિભાઈ નાયક આવ્યાઃ 'મહેશ્વરી, એક નવું નાટક કરી રહ્યો છું. મળવા આવજો ને.' મેસેજ સાંભળ્યા પછી હું જે રીતે ઝૂમી એ જોઈ દીકરો શાંગ્રિલ બોલ્યો કે 'આઈ કાય ઝાલં? લોટરી લાગલી કા?' - મમ્મી, શું થયું? લોટરી લાગી? અને હું હસી પડી. ■



## નામ હિંમતભાઈ, નામના સ્ત્રી પાત્રોની

મૂળશંકર મુલાણી લિખિત યાદગાર નાટક 'સૌભાગ્યસુંદરી'માં જયશંકર ભોજક નામના અભિનેતાએ સુંદરીનું સ્ત્રીપાત્ર એવું પ્રભાવીપણે ભજવ્યું કે દર્શકો આફરીન પોકારી ઉઠ્યા અને આ નાટકે તેમને જયશંકર 'સુંદરી'નું બિરુદ આપ્યું. સ્ત્રીપાત્ર ભજવતા પુરુષ કલાકારનું જૂની રંગભૂમિનું આ સૌથી પ્રખ્યાત અને ખૂબ જ ગાજેલું ઉદાહરણ છે. આ સિવાય પણ એવા કેટલાક પુરુષ કલાકાર હતા જે સ્ત્રી પાત્રો કુશળતાથી ભજવી યાદગાર બન્યા હતા. એક નામ યાદ આવે છે હિંમતભાઈ કાળુભાઈ મીર. મીર કોમના હોવાથી સંગીતકળા વારસામાં મેળવનારા હિંમતભાઈએ પિતા પાસેથી અભિનય અને સંગીતની પ્રાથમિક તાલીમ મેળવી. અલબત્ત તેમને ખ્યાતિ મળી ગુજરાતી વ્યવસાયી રંગભૂમિ પર સ્ત્રી-પાત્ર ભજવનારા નામાંકિત અભિનેતા તરીકે. સવાસો વર્ષ પહેલા ભજવાયેલા ડાહ્યાભાઈ ધોળશાજીના 'ઉમાદેવડી' નાટકમાં હિંમતભાઈએ ટાઈટલ રોલ યાને કે ઉમાદેવડીની ભૂમિકા ભજવી માનપાન મેળવ્યા હતા. આ નાટકમાં કલાકાર ઉમા વકીલનો વેશ ધારણ કરી હમીરસિંહને ઉગારી લે છે એ દૃશ્યની ખૂબ પ્રશંસા થઈ હતી. આ સિવાય તેમણે 'વિજયકમળા' નાટકમાં કમળા, 'સતી સીતા'માં સીતા, સતી દ્રૌપદી'માં દ્રૌપદી, 'જાલીમ ટુલિયા'માં લુક્રેશિયા, ૧૯૧૫માં 'સતી દમયંતી'માં દમયંતીનાં પાત્રો ભજવ્યાં. મણિશંકર રતનજી ભટ્ટ કવિ કાન્ત લિખિત 'રોમન સ્વરાજ્ય' નાટકમાં રાજાશાહી વિરુદ્ધ પ્રશાસનની કથા કેન્દ્રમાં હતી. દેશી નાટક સમાજે 'રોમન સ્વરાજ્ય'ને ફેરફાર સાથે ભજવી કાન્તના નામ વિના 'જાલિમ ટુલિયા' નામથી પ્રસિદ્ધ કરેલું. રોમન રાજા ટુલિયસની બે પુત્રીના નામ ટુલિયા હતા. ત્યારબાદ હિંમતભાઈએ 'શ્રી કચ્છ નીતિદર્શક નાટક સમાજ' બેનર માટે 'અહલ્યાબાઈ' નાટકમાં અહલ્યાબાઈ, 'રુક્મિણી સ્વયંવર'માં રુક્મિણી તથા 'વીર કેસરી'માં રાણી ઇન્દિરાના રોલ કરી નામના મેળવી હતી. પુરુષ અભિનેતા સ્ત્રી પાત્રમાં છવાઈ જવાના આ બળુકા ઉદાહરણ છે.

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

### દેશના મુખ્ય સાંસ્કૃતિક, સાહિત્યિક પ્રવાહથી અલિપ્ત રહી જવા છતાં...

# ...નવી દિશા દેખાડે છે ઉડિયા ભાષાનું આધુનિક સાહિત્ય









બહુચર્ચિત પુસ્તક 'ચન્દ્રભાગા' અને 'બિબાસિની'

આપણે ત્યાં એવું થાય છે કે ભારતના અમુક ભાગ કે અમુક રાજ્યોને સાંસ્કૃતિક રીતે કે મેન સ્ટ્રીમ-મુખ્ય પ્રવાહમાં પણ અવગણવામાં આવે છે. ભારત એટલે ફક્ત ગુજરાત, મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીર, સાઉથ ઇન્ડિયા કે પંજાબ જ નહિ. એ સિવાય પણ વિશાળ પ્રદેશ ભારતનો એક ભાગ છે, જેમ કે ઓરિસ્સા.

આ ઓરિસ્સા વિશે આપણે કેટલું જાણીએ છીએ? બંગાળ અને આંધ્રની કળા -સંસ્કૃતિ વિશે જેટલું જાણીએ છીએ એટલું ઓરિસ્સા વિશે જાણીએ છીએ ખરા? કેમ ઓરિયા ભાષા કે ત્યાંની સંસ્કૃતિ સાથે આપણે ખાસ કઈ લેવાદેવા નથી? ઓરિસ્સા ફરવા પણ કેટલા ગુજરાતીઓ જાય છે? ઓરિસ્સા યાત્રા કરવા જઈએ તે અલગ વાત છે. ઉડિયા ભાષા પણ આપણા કાને પણ બહુ ઓછી પડે છે.

બીજી બાજુ જુવો તો ઉડિયા સાહિત્યનું પણ ભારતીય સાહિત્ય અને વર્તમાન સાહિત્યમાં ખાસ્સું યોગદાન છે. સુમન્યુ સતપથી નામના એક લેખક કમ સંશોધક છે. એમનું તાજું પુસ્તક આધુનિક ઓડિયા સાહિત્યની શરૂઆતની વાત કરે છે. તેમના પુસ્તકના પ્રકરણોમાં ઓરિસ્સા માટે એક અનોખી સાહિત્યિક ઓળખ ઊભી કરવા માટે જૂની પરંપરાઓને નવા વિચારો સાથે મિશ્રિત કરવામાં આવી છે અને ઉડિયા સંસ્કૃતિને સરસ રીતે રજૂ કરવામાં આવી છે.

૧૯મી સદીમાં ઓરિસ્સામાં સાહિત્યિક જાગૃતિ જોવા મળી. આ સમયગાળા દરમિયાન ઉડિયા ભાષામાં લખાતા સાહિત્યમાં થોડાક રચનાત્મક કામો થયાં, જેમ કે, 'ચંદ્રભાગા', રાધાનાથ રે દ્વારા રચિત એક ધર્મનિરપેક્ષ કવિતા લોકજીભે ચડી. તેના પછી આવી 'બિબાસિની', જે રામાશંકર રે દ્વારા આલેખાયેલી એક ઐતિહાસિક નવલકથા છે. 'છા મન આઠ ગુંઠા', ફકીર મોહન સેનાપતિ દ્વારા લખાયેલ એક સામાજિક વાસ્તવિક નવલકથા બધા વર્ગોએ વાંચી. આ સાહિત્યએ સમકાલીન મુદ્દાઓને સંબોધીને અને નવા વિષયોમાં ખેડાણ કરીને ઉડિયા સાહિત્યને નવી દિશા -આકાર આપ્યો.

પ્રખ્યાત બ્રિટિશ વિવેચક રેમન્ડ વિલિયમ્સે એક વાર કહ્યું હતું કે, ' અંગ્રેજી સાહિત્ય ૬૦૦ વર્ષ જૂનું છે, પણ અંગ્રેજી સાક્ષરતા ફક્ત ૨૦૦ વર્ષ જૂની છે...આ વાતને બીજા શબ્દોમાં કહીએ તો એનો અર્થ એ થયો કે શિષ્ટ સાહિત્ય સામાન્ય લોકો દ્વારા વાંચવામાં અને પ્રશંસા કરવામાં આવે તે પહેલાં ઘણા સમય પહેલા અસ્તિત્વમાં હતું. ઇંગ્લેન્ડમાં ૧૯મી સદી પછી જ સામાન્ય લોકો સુધી શિક્ષણ અને સાહિત્યિક કૃતિઓ પહોંચી શક્યા.

આવું જ ઓરિસ્સાનું છે. ઓરિસ્સાના આધુનિક સાહિત્યનો વિકાસ સાક્ષરતા, અખબારો અને જાહેર ચર્ચાના ઉદય સાથે થયો. ૧૮૬૬માં મુખ્ય સીમાચિહ્નરૂપ ગણાય એવા પ્રથમ ઉડિયા સાપ્તાહિક અખબાર 'ઉત્કલ દીપિકા' નો પ્રારંભ થયો.

બ્રિટિશ શાસન દરમિયાન, ઓરિસ્સાના વહીવટને વસાહતી શાસકોની સુવિધા માટે વિભાજિત કરવામાં આવ્યો હતો. ઓડિયા ભદ્ર વર્ગને બંગાળી, તેલુગુ અને હિન્દી પ્રભાવ સામે પોતાની ભાષાના અસ્તિત્વ માટે લડવું પડ્યું. આ સંઘર્ષમાં સાહિત્ય એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બન્યું. એ વખતના સ્થાનિક લેખકોએ ભાર મૂક્યો કે આધુનિકતા અને ઉડિયાની ઓળખ એકબીજા સાથે જોડાયેલા હોવા જોઈએ.

આ ચળવળના અગ્રણી વ્યક્તિઓમાંના એક ફકીર મોહન સેનાપતિ હતા. એમણે શિક્ષણના માધ્યમ તરીકે ઓડિયા ભાષાને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. એમના પ્રયાસોને કારણે, બંગાળી પાઠ્યપુસ્તકોની જગ્યાએ ઉડિયા પાઠ્યપુસ્તકો પ્રકાશિત થવા લાગ્યાં. એમની છેલ્લી નવલકથા 'પ્રયાસચિત્ત' અન્ય ભાષાઓ કરતાં ઉડિયામાં બૌદ્ધિક ચર્ચાની ભારપૂર્વક હિમાયત કરતી હતી.

બંગાળથી વિપરીત, ઓરિસ્સાના સાહિત્યે ઘણીવાર તેની ભાષા અને સંસ્કૃતિના પતન અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. આ 'કંદના' (વિલાપ) લેખન શૈલીમાં પ્રતિબિંબિત થયું. દરમિયાન, હિન્દી સાહિત્યમાં આધુનિકતાવાદે 'પ્રગતિવાદ' અને 'પ્રયોગવાદ' જેવી અનેક સાહિત્યિક ચળવળોને જન્મ આપ્યો.

'આધુનિક' શબ્દ ૧૮૪૫ ની આસપાસ ઉડિયા ભાષામાં આવ્યો, જેણે 'નૂતન' (નવું) અને 'સંપ્રતિક' (સમકાલીન) જેવા જૂના શબ્દોને બદલે તેનો ઉપયોગ કર્યો. ઉડિયા સાહિત્યમાં આધુનિકતાની શરૂઆત હતી, જેમાં પરંપરાગત વાર્તા કહેવાને વૈજ્ઞાનિક વિચારસરણી અને વાસ્તવિકતા જેવા યુરોપીય પ્રભાવો સાથે જોડવામાં આવ્યું હતું. આ સમયગાળામાં નવા સાહિત્યિક સ્વરૂપોનો ઉદભવ થયો, જેમાં ઐતિહાસિક નવલકથા, સામાજિક વાર્તાઓ, બાબાજી જેવા સુધારાવાદી નાટકો, કાંચી કાવેરી જેવા પિરિયોડિક ડ્રામા, રાધાનાથ રે અને ગંગાધર મેહરના પ્રવાસ વર્ણનો અને ધર્મનિરપેક્ષ કવિતાઓ ઇત્યાદિ ઉડિયા સાહિત્યને સમૃદ્ધ બનાવતા ગયા.

આધુનિકતાનો પ્રભાવ ફક્ત સાહિત્ય પૂરતો મર્યાદિત નહોતો. આનાથી રોજિંદા જીવન, જેમાં વેપાર-વાણિજ્યનો પણ સમાવેશ થાય છે. 'ઉત્કલ દીપિકા' જેવાં અખબારોમાં સ્વદેશી અને વિદેશી ઉત્પાદનો વચ્ચે વધતી જતી ચર્ચાને પ્રતિબિંબિત કરતી જાહેરાતો પ્રકાશિત થતી હતી. ઉદાહરણ તરીકે, 'દેશી સાલસા' અને 'હુકુમી ઓઇલ' ની જાહેરાતોએ 'ઇલેક્ટ્રો સાલસા' જેવી વિદેશી બ્રાન્ડ્સ સાથે સ્પર્ધા કરી.

આધુનિક સાહિત્યમાં ઓરિસ્સાની સફર અનોખી હતી. ફકીર મોહન સેનાપતિ જેવા લેખકોએ એક સાહિત્યિક ચળવળને આકાર આપવામાં મદદ કરી જેણે ઉડિયાની સ્વતંત્ર ઓળખને વ્યાખ્યાયિત કરી અને ભારતના સાંસ્કૃતિક પરિદૃશ્યમાં તેના યોગ્ય સ્થાન માટે લડત આપી. ભારતની તમામ ભાષા અને સાહિત્યના અલગ અલગ સ્વરૂપો જુદા જુદા સમયગાળા ઉપર એક સૂક્ષ્મ પણ આગવો દ્રષ્ટિકોણ આપે છે. ઉડિયા ભાષા સાંભળતી વખતે થોડી રુક્ષ લાગી, પણ એની બોલી-ભાષા મીઠી છે. ઉડિયા સાહિત્યમાં ભારતીયતા છલકે છે. ઓરિસ્સાની સંસ્કૃતિ ખાસ્સી સમૃદ્ધ છે. ઉડિયા સાહિત્ય ઓરિસ્સાના ભૂતકાળ અને તેની આધુનિક આકાંક્ષાઓ વચ્ચે જે રીતે સેતુરૂપ બન્યું તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# વ્યૂહરચનાને કઈ રીતે અમલમાં મૂકવી એ જાણો...

ગયા અઠવાડિયે આ કોલમમાં આપણે વાર્ષિક પ્લાન કે વ્યૂહરચના વિશે વાત કરી. એ વ્યૂહરચનાનાને અમલમાં પણ મુકવી તેટલી જરૂરી છે. વેપાર માટે વેચાણ જરૂરી છે, બીજા શબ્દોમાં વેચાણ થશે તો વેપાર ટકશે અને એ ટકશે તો ધંધો વધશે માટે યેન કેન પ્રકારે વેચાણ થાય-વધે એ જરૂરી છે. આપણે રહ્યા બ્રાન્ડના માણસ એટલે આપણને થાય કે બ્રાન્ડ બનાવી હોય તો વેપારમાં વેચાણ આસાન થાય અને બે પૈસા વધારે ગ્રાહકો પાસેથી માગી શકાય. વેચાણની માનસિકતા હશે તો જે માર્જિન મળે તે લઇ છુટ્ટા થઇ જશું, પણ દીર્ઘ દૃષ્ટિ હશે તો નફા પર પણ નજર રાખવી જરૂરી છે.

આપણે જાણીયે છીએ કે વ્યૂહરચના એ વેપારના ઉદ્દેશ્યોને હાંસલ કરવા માટે સર્વોચ્ચ યોજના અથવા ધ્યેય છે. વાર્ષિક યોજનાને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે, લક્ષની સ્પષ્ટતા રાખો, વિગતવાર તેને પ્રાપ્ત કરવાનાં પગલાં લો, સંસાધનોની ફાળવણી કરો, જે-તે વિભાગના જવાબદાર લોકો હોય એમને લક્ષ્યો સમજાવી જવાબદારી સોંપો, અને આ બધાની જરૂરી દેખરેખ માટે વ્યવસ્થિત માળખું બનાવો.




ગુજરાતીમાં કહેવત છે કે 'આરંભે શૂરા'. નવા વર્ષે લીધેલાં સંકલ્પ પહેલો મહિનો પૂરો થતા પહેલા ખોવાય જાય છે. આવું વેપારમાં પણ થાય છે, લોકો વ્યૂહરચના બનાવે તો છે પણ પછી તેના અમલ માટે સંઘર્ષ કરવો પડે છે.

આનાં મુખ્ય કારણો જોઈએ તો : સૌપ્રથમ, વ્યૂહરચના એકવારનું કામ છે પણ તે લાંબાગાળાની વિચારધારા આપે છે આથી આના માટે સમય લાગે, પણ નિશ્ચિત સમયમાં આ કાર્ય પૂરું થાય છે. બ્લુ પ્રિન્ટ તૈયાર થઇ જાય પછી તેનું અમલીકરણ રોજ થવું જોઈએ અને લોકો અહીં થાપ ખાઈ જાય છે. વ્યૂહરચના બની ગયા બાદ બધા પોતાના રોજિંદા જીવનમાં વ્યસ્ત થઈ જાય છે અને રોજેરોજની વેપારની મથામણમાં લાગી જતા સમય વીતતો જાય છે. વેચાણ થતું હોવાથી તેના પર ધ્યાન વધુ કેન્દ્રિત થાય છે પણ આપણે તે ભૂલી જઈએ છીએ કે વ્યૂહરચના આપણને વધુ વેચાણ આપશે.

બીજુ, યોજનાબદ્ધ અમલીકરણ માટે થોડો ખર્ચો પણ થઇ શકે, જેમ કે માર્કેટિંગની વ્યૂહરચના બનાવ્યા બાદ એ મુજબના કેમ્પેન બનાવવા, મીડિયામાં તેને પબ્લિશ કરવા, તેના વિવિધ કોલેટ્રલ્સ બનાવી સેલ્સ ટીમને તૈયાર કરવી વગેરે. ખર્ચની વાત આપણને રોકી દે પછી વિચારેલી વ્યૂહરચના બાજુ પર રહી જાય છે.

ત્રીજુ અને સૌથી અગત્યનું : ઘણીવાર આ યોજનાને આકાર આપવા માટે કંપની પાસે કાબેલ લોકો નથી હોતા. બીજાં ઘણા પરિબળ હોઈ શકે, પણ વ્યૂહરચનાને અમલમાં ના મુકવાના આ ત્રણ મુખ્ય પરિબળ છે. આથી જો વ્યવસ્થિત વ્યૂહરચના બનાવવાની તૈયારી હોય તો સૌપ્રથમ આ ત્રણ પરિબળને કંઈ રીતે પહોંચી વળશો તેનો સકારાત્મક વિચાર પ્રથમ કરવો પડશે.

તમે જયારે મોટી કંપની અને બ્રાન્ડ વિશે વિચારશો તો તમને આનો સુભગ સમન્વય જોવા મળશે. બાળકોના પ્રિય પાત્રો મિકી, ડોનાલ્ડના રચયિતા વોલ્ટ ડિઝનીએ જો આ વાતને ફક્ત પેપર પર રાખી હોત તો આજે આપણને ડિઝની લેન્ડ અને તેનાં પાત્રો ના મળ્યા હોત.

એમણે જે વ્યૂહરચના બનાવી તેનું તેટલી ત્વરાથી અમલીકરણ પણ કર્યું અને તેથી આજે તે એક સફળ સંસ્થા અને બ્રાન્ડ બંને છે. સફળ કંપનીના વિકાસ માટે યોગ્ય વ્યૂહરચના અને એનો અસરકારક અમલ થવો જરૂરી છે. વ્યૂહરચના વિકસાવવાની પ્રક્રિયા વર્તમાન પરિસ્થિતિની સમજ સાથે શરૂ થાય છે, જેમાં આંતરિક અને બાહ્ય પરિબળના વિશ્લેષણનો સમાવેશ થાય છે.

આ માટે ઇચ્છિત પરિણામ નક્કી કરો અને એને પામવા માટે આપણે લક્ષ્યો નક્કી કરવા જોઈએ, જરૂરી સંસાધનોને ઓળખી અને યોજનામાં સમાવેશ થવો જોઈએ. એકવાર વ્યૂહરચના ઘડવાનું પૂર્ણ કરી લો ત્યારબાદ તેના વિશે તમારી સાથે સંકળાયેલા બધા લોકોને માહિતગાર કરો, જેથી દરેક વ્યક્તિ નક્કી કરેલાં લક્ષ્યોને હાંસલ કરવામાં પોતાની ભૂમિકા સમજી શકે.

વ્યૂહરચના અને અમલીકરણ એ બંને કોઈ પણ વેપારના અવિભાજ્ય અંગ છે. એકવાર વ્યૂહરચના તૈયાર થઇ ગયા બાદ તેનાં પરિણામો પરથી જાણ થાય છે કે તેનું અમલીકરણ કેટલું સશક્ત અને અસરકારક હતું.

યોગ્ય અમલીકરણ તે નિશ્ચિત કરે છે કે કાર્યો સુનિશ્ચિત સમયે અને બજેટ અનુસાર પૂર્ણ થાય. વ્યૂહરચના પ્રમાણેના નિશ્ચિત પરિણામો જાણી તે નિર્ધારિત કરે છે કે વ્યૂહરચનામાં ફેરબદલ લાવવા જરૂરી છે કે સંપૂર્ણપણે બદલવી જોઈએ ? આમ યોજનાનો અમલ આવશ્યક છે, પરંતુ તે હંમેશાં વ્યૂહરચના અનુસાર હોવો જોઈએ. આ માનસિકતા કેળવાય ત્યારે ખરો વેપારી વ્યૂહરચના બનાવી તેના શિસ્તબદ્ધ અમલ પર ધ્યાન આપશે.

આમ વ્યૂહરચના અને તેનો અમલ એ બંને એકમેકના પૂરક થવા જોઈએ તો ફક્ત વાર્ષિક નહીં, પણ વર્ષોનાં વર્ષો સુધી વેપારમાં સફળતા મળતી રહેશે. ■

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## હિમાલયમાં કુદરતનું ઐશ્વર્ય

# હિમાચલ પ્રદેશની બાસ્પા વેલીમાં ભારતનું છેલ્લું ગામ ચિતકુલ



**હિમાચલ પ્રદેશનો** કિન્નોર પ્રદેશ કુદરતનો ખૂબ લાડકો છે, અહીં કુદરતની ન્યારી લીલા રોજબરોજ દેખાય છે. શિયાળાની ઋતુમાં આ પ્રદેશ બરફની ચાદર ઓઢીને સફેદી ધારણ કરે છે. મોકળા મને કુદરતની ભૂમિમાં ખુલ્લા પડેલા વિશાળ ઘાસનાં મેદાનો, ઠેર ઠેર પહાડો પરથી ભૂલકાઓ માફક નીકળી પડતા ઝરણાંઓ, બાસ્પા નદીને મળતી અલગ અલગ નદીઓની સરવાણીઓ, પહાડોએ આખી જ વેલીને એક અલગ જ શણગાર આપ્યો હોય એમ ઘેરી વળેલા બરફાચ્છાદિત પહાડો, ઠેર ઠેર સફરજનનાં બગીચાઓ અને મન તૃપ્ત ન થાય ત્યાં સુધી નિહાળ્યા જ કરો કે સાંભળ્યા જ કરો કુદરતી સંગીત સાથે મનમોહક પંખીઓનો ખજાનો એટલે કે બાસ્પા વેલી. ભારત-તિબેટ મહામાર્ગ પર આવેલી આ વેલી હિમાચલ પ્રદેશનાં રિકાન્ગ પિયોથી શરૂ થાય છે. નાનાં એવા ચાર પાંચ ગામડાઓ બાસ્પા નદીનાં કિનારે કુદરતી માહોલમાં આગવી જીવનશૈલીને ભરપૂર રીતે માણે છે. રિકાન્ગપિયોથી સાંગલા ત્યાંથી રક્ષમ અને છેલ્લે ચિતકુલ - જે ભારત - તિબેટ સરહદ પરનું છેલ્લું ગામ છે એટલે દેશનું છેલ્લું ગામ કહી શકાય. આ ગામ પછીનો સામાન્ય વિસ્તાર નાગરિકો માટે બંધ રહે છે અને અહીંથી ૯૦ કિમીનાં અંતરે જ તિબેટની સરહદ આવે છે. આ ગામથી પહાડીને પાર કરીને પર્વતારોહકો પગદંડી મારફતે છેક ઉત્તરાખંડનાં ગંગોત્રી રેન્જમાં આવેલા હર-કી-દૂન સુધી પહોંચે છે. અહીંથી ઉત્તરાખંડ માત્ર ૨૦ કિમીનું અંતર ધરાવે છે જે ગોવિંદ પશુવિહાર સેન્ક્ચ્યુરીમાં નીકળે છે. આ નાનકડું એવું ગામ ચોતરફ બરફાચ્છાદિત પહાડોથી ઘેરાયેલું અને બાસ્પા નદીનાં કુદરતી સૌંદર્ય સાથે પાઈન અને ઓકનાં વૃક્ષોનાં જંગલોથી ઘેરાયેલું, અત્યંત પ્રાકૃતિક સૌંદર્ય ધરાવે છે કે અહીંથી છોડીને જવાનું મન જ ન થાય.

આ વેલીની શરૂઆત રિકાન્ગ પિયોથી કરી જ્યાં કિન્નોર કૈલાશ ટોચનાં દર્શન મનને રોમાંચિત કરી મૂકે છે. સાંગલા ગામમાં ઢળતી સંધ્યાના સમયે હું પહોંચ્યો કે દિગ્મૂઢ. કિન્નોર કૈલાસ પરથી ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો અને સૂરજની છેલ્લી રોશની હિમાલયની પહાડીઓને ઝગમગાવી રહી હતી. પ્રકૃતિની સુંદરતાને ખરેખર માણવી હોય તો બાસ્પા નદીનાં કિનારે વસેલા આ પ્રદેશનાં દરેક પાનાંઓ ફેરવી જોવા. રિકાન્ગ પિયો પાસે સાંગલા વેલીમાં હિમાલયનાં ઉન્નત શિખરો પરથી પૂર્ણિમાનો ચંદ્ર એ રીતે ખીલ્યો જાણે સ્વયં શિવ મસ્તકે પૂર્ણ ચંદ્રને ધારણ કરીને અવધૂત અવસ્થામાં ધ્યાનમગ્ન બેઠા હોય. આવો નજારો સામાન્ય રીતે આપણે સ્ક્રીનનાં વોલપેપર પર સહજ રીતે મૂકતા હોઈએ કેમ કે આવા દૃશ્યો સીધા જ મનને સ્પર્શી જતા હોય છે, તો વાસ્તવિક રીતે આંખ સામે ભજવાતાં આ દૃશ્યોની આભા મારા મન સુધી કેટલે ઊંડાણ સુધી સ્પર્શી હશે? મારી પાસે તો એ અનુભવને વર્ણવવા માટે શબ્દો નથી અથવા તો કહી શકું કે મારું કોઈ સામર્થ્ય જ નથી કુદરતને શબ્દોમાં ઢાળવાનું. કુદરત બધે જ સરખો વહાલ વરસાવે છે, જો એ જે રીતે આપે છે એ જ રીતે એને સ્વીકારવાની આદત રાખો તો. જ્યાં જ્યાં માનવીય હસ્તક્ષેપ ઓછો છે ત્યાં કુદરત એના અદ્દલ રૂપમાં જ દેખા દે છે અને અહીંના માનવો ખૂબ જ સાદી જીવનશૈલી જીવે છે.

રક્ષમ આવે કે એક તરફ લાકડાનાં બનેલાં નાનકડાં ઘરો, એક તરફ ગાઢ અને લીલું જંગલ તો એક તરફ બરફાચ્છાદિત પહાડો અને ખળ ખળ વહેતા ઝરણાંઓ, નદીનો કલશોર આ બધું જાણે તમને કોઈ કુદરતી શક્તિથી એની તરફ ખેંચી રહ્યું હોય એવો અનુભવ થવા લાગશે. અહીં આવીને તમે જાતને ઓફલાઈન મોડ પર આપોઆપ લાવી દેશો. મોબાઈલ- વાઇફાઇ સઘળું એક પળમાં ભૂલીને કુદરત સાથેનો એકાકાર સાધશો જ. અહીં ઠેર ઠેર હિંદુ અને બૌદ્ધ સંસ્કૃતિનાં સંગમની ઝાંખી દેખાય છે.

ચિતકુલમાં બાસ્પા નદીના કિનારે છેક નદી સુધી ઊતરીને બેસી શકાય છે. અહીં જાણે પોતાનું અસ્તિત્વ સાવ સૂક્ષ્મ થઇ ગયું હોય એવો દિવ્ય અનુભવ કરી શકાય છે. હિમાલયની ગોદમાં પ્રચંડ વેગથી દોડતી, કમનીય વળાંકો લેતી બાસ્પા નદીનાં કિનારે બેસીને એને નિહાળવી એ એક લહાવો છે. નહિવત માનવો સાથે અહીં કુદરતનું અનેરું સગીત સંભળાય છે. સિલ્વર પાઈન અને ઓકનાં વૃક્ષો આ નદીને વધારે સોહામણી બનાવે છે. નદીઓ જ તો છે જે સતત વહેતા રહેવાનું શીખવે છે, ગુંજવાનું શીખવે છે અને છેલ્લે કોઈનામાં સમાઈને કોઈને અનુરૂપ બનીને એના જ પ્રવાહમાં વહેવાનું શીખવે છે. છે આવી ફ્લેક્સિબિલિટી આપણી પાસે? સાહસિકો માટે અહીં ખૂબ જ રસપ્રદ અને પ્રકૃતિનાં ખરાં દૃશ્યો જોઈ શકાય એવા બે ટ્રેક છે - નાગસ્તી અને રાણીકંદા. બંને ટ્રેકનાં અંતે વિશાળ ઘાસનાં મેદાનો છે જે મનને પ્રફુલ્લિત કરી મૂકે છે. અહીં માથીદેવીનું સરસ કાષ્ટનું બનેલું મંદિર છે, પથ્થરના વિશાળ પ્રાંગણ સાથેનાં આ મંદિરના પરિસરમાં વિતાવેલી પાંચ મિનિટ પણ જીવનની અમૂલ્ય ક્ષણોમાંની એક સાબિત થઇ શકે છે. માથીદેવીનું મંદિર સવારે એક જ સમયે ચોક્કસ સમય માટે ખુલે છે અને પ્રવાસીઓને અંદર જવાની છૂટ નથી. રાત પડે કે અહીં બર્ફીલા પહાડો પરથી ઝગમગાટ કરતા સિતારાઓને જોવા પણ એક લ્હાવો છે. રાતનું મધુર સંગીત ગામની કોઈ પણ રૂમ સુધી પહોંચી જાય છે. બાસ્પા નદીનો પથ્થરો સાથેનો વાર્તાલાપ એક આગવી ધૂન રચે છે. અહીંનાં જંગલોમાં ઠેર ઠેર હિમાલયન ગ્રિફોન વલચર મંડરાતા જોવા મળે છે અને ક્યારેક નસીબ હોય તો હિમાલયન બ્રાઉન બિયર પણ મહાલતા નજરે ચઢી જાય. અહીંની મુખ્ય મજા દર થોડા થોડા અંતરે બદલાતા પહાડોનાં પ્રકારો અને રંગો. અહીં જાત જાતનાં પથ્થરોનાં પહાડો જોવા મળે છે જાણે કોઈ કુશળ કારીગરે ખૂબ મહેનત કરીને એમાં કોતરણી કરીને કળાના રંગો ભર્યા હોય પણ દોસ્ત આ તો કુદરત છે, ખૂબ જ મોટો કલાકાર જેની નિપુણતાને કળવું અશક્ય છે.

ચિતકુલમાં કશું જ ન કરીને માત્ર ફુરસદનો સમય વિતાવવા માટે જઈએ તો પણ જીવનનો શ્રેષ્ઠ સમય અહીં વિતાવી શકીએ. વર્ષનાં મોટાભાગનાં સમય દરમ્યાન અહીં બરફ છવાયેલો રહે છે પણ મે મહિનાથી લઈને જૂન સુધી અને ચોમાસા પછીના અમુક મહિનાઓ અહીં આવવા માટે સર્વશ્રેષ્ઠ છે. અહીંના લોકો ખૂબ જ ભોળા અને મહેનતુ છે.અહીં રહેવા માટે એક બે હોસ્ટેલ અને સામાન્ય હોમસ્ટે પણ ઉપલબ્ધ છે. દેશભરમાં અહીંના સફરજન ખૂબ જ વખણાય છે. જૂન મહિનામાં તો અહીં ચોતરફ ઝાડનાં પર્ણો કરતાં વધુ તો સફરજન લટકતા જોવા મળે છે. અહીંનો પ્રદેશ વિપુલ માત્રામાં સફરજનનું ઉત્પાદન કરીને દેશને આપે છે. ૧૧૦૦૦ ફૂટ કરતાં વધુ ઊંચાઈએ આવેલ આ સ્થળ પર પહોંચવા માટે રિકાન્ગ પિયોથી આશરે ચારેક કલાકની મુસાફરી છે, પણ એ મુસાફરી કોઈપણને મોહપાશમાં ઝકડી લે તેટલી ખૂબસૂરત છે. અહીં ભોજનમાં સાદું અને સરળ ઉત્તર ભારતીય ભોજન મળે છે અને પહાડી લોકોનું અમૃત કહો એટલે કે મેગી ઠેર ઠેર મળે છે. અહીંની ચામાં પણ અલગ મજા છે. મારા જેવા રખડું માટે કોઈ એક સ્થળ પર વધુ સમય રોકાવું અઘરું પડે છતાં પણ હું અહીં ઘણા દિવસો સુધી રોકાઈ શકું એટલી સુંદર આ જગ્યા છે.

આખી કિન્નોરની ભૂમિ ધરતી અને સ્વર્ગ વચ્ચેની જગ્યા માનવામાં આવે છે. ટૂંકમાં જીવતેજીવ સ્વર્ગની સફરે જવું હોય તો કિન્નોર પ્રદેશની આ ભૂમિને શાંતિથી મહાલવી જોઈએ અને પોતાની જાતને કંઈક અલગ અને અનૂઠી ભેટ આપ્યાનો સંતોષ માણવો જોઈએ. અહીં આવીને પોતાની જાતને અખૂટ સમય આપી શકીએ અને નિસર્ગને ખુલ્લા મનથી માણી શકીએ. પ્રકૃતિના સંસર્ગમાં રહીને પ્રકૃતિના ગુણોનું પોતાની જાતમાં સિંચન કરી શકીએ એવો જ કઈક આ સ્થળનો જાદુ છે. ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# મદદરૂપ થવા તત્પર માણસની કદર કરો...



સુખના પાસવર્ડ જેવો બસ કંડક્ટર...

**સંવેદનશીલ** શિક્ષિકા અને લેખિકા જિજ્ઞા પટેલે એક સરસ મજાની પોસ્ટ ફેસબુક પર મૂકી હતી. એ વાંચીને આ લેખ લખવાનો વિચાર આવ્યો પ્રથમ જિજ્ઞા પટેલની પોસ્ટ વાંચીએ થોડા શાબ્દિક સુધારા સાથે.....

આજે સાંજે ભૂજથી માંડવી આવતી બસમાં બેઠી. બસ ચાલુ થઈ અને બસ સ્ટેશન બહાર નીકળી કે અચાનક જ કંડકટરે ડ્રાઈવરને ઉદ્દેશીને ઓચિંતી રાડ પાડીઃ 'એ... એ... બાપુ, સાઈડમાં ઉભી રાખો તો...' અને એ સાથે જ એમણે દોરી ખેંચીને ટ્રીન....ટ્રીન કર્યું.

અમે બધા ડોક ઊંચી કરીને 'શું થયું!' એવા આશ્ચર્યથી એના તરફ જોવા લાગ્યા. અને એ દરવાજો ખોલીને રસ્તા તરફ જોવા લાગ્યા. ડ્રાઈવરે હાકલ પાડીઃ 'એલા એય... હું સે પણ? ઝટ બોલ... આંય આઘડી ટ્રાફિક થઈ જાશે.'

'ઓલા બાપા ન'તા, ઘોડીવાળા. ઈ આઈવા નથ લાગતા. એનો થેલો તો મેં સીટમાં મૂકી દીધો'તો... પેશાપ જાવ એમ કઈ ને ગ્યા પણ આઈવા નઈ. ને આપણે (બસ) ઉપાડી લીધી. ઈ તો આ થેલો જોયો એટલે મને યાદ આઇવું.' એમના ચહેરા પર અપરાધભાવ હતો. બારીમાંથી ડોકું કાઢી એ બહાર જોઈ રહ્યા. બીજા મુસાફરો પણ જોવા લાગ્યા.

'અરે! એને તો કેટલી વાર લાગી! ને આય એમ બસ કાંઈ બસ સ્ટેશન બાર ઊભી નો રે! આવશે પાછળ બીજી બસમાં... આંય ટ્રાફિક જામ થઈ જાશે...' કહીને ડ્રાઈવરે બસ આગળ ચલાવી.

'એ માડુ મંઢો આય, બાપુ!' કદાચ ડ્રાઈવર દરબાર હશે એટલે કંડકટર એમને બાપુ કહીને સંબોધન કરતા હતા. વળી એમણે કહ્યુંઃ માણસ બિચારો પગેથી લંગડો છે... ક્યાં અટવાશે! અને પાછળ એક પછી એક બસોનો થપ્પો લાગવા માંડ્યો. હોર્ન... સિટીઓ... અવાજ... કોલાહલ... દેકારો... પણ બાપા દેખાય નહીં.

'આગળ જાવા દઉં સર્કલ બાજુ રાખીએ...' એમ કહીને ડ્રાઈવરે ફરી એક પ્રયત્ન કરી જોયો, પણ કન્ડક્ટર એકના બે ન થયા.

'બાપુ! માણસ સાવ ઘરડો છે, હાં! ન ચાલી શકે એટલું... બે મિનિટમાં કોઈનું કાંઈ બગડી નહીં જાય...' ફરી હોર્ન... સિટીઓ....

હવે તો બસમાં બેઠેલા પણ કન્ડક્ટર સામે ઘુરકતા હતા.

'અરે ભાઈ, કેટલી વાર લાગશે?'

'આમ હોય કાંઈ...'

આમ સારો એવો સમય વીત્યો પછી દાદા દેખાયા... એટલે કંડકટર બસમાંથી ઊતરી ગયા. એમની સામે ગયા. હાથ પકડીને એને લાવ્યા. દાદા બસમાં ચડ્યા એટલે સૌ એને જોવા આતુર હતા. બંને પગ નહીં. ઘોડીના ટેકે ઉપર ચડ્યા. એંસી આસપાસની ઉંમર હશે દાદાની. દાદા ચડ્યા એટલે તરત કંડકટરે દરવાજો બંધ કર્યો. એક યુવાન ઉભો થઈને કંડકટર માટે તાળી વગાડવા લાગ્યો. અમે બધાએ પણ તાળીથી માન આપ્યું. ડ્રાઈવરે દાદાની સામે જોયું. પછી હસીને કંડકટરને કહ્યુંઃ 'તારા આવાં જ કામ હોય પણ!' અને ડ્રાઈવરના મીઠા ઠપકાભર્યા શબ્દો સામે કંડકટર બાળકની જેમ હસી પડ્યા.

*****************

જિજ્ઞા પટેલે આ કંડક્ટરનો કિસ્સો લખ્યો એવા માણસો આજના સમયમાં પણ છે ખરા. આપણે એવા લોકોની બહુ કદર કરી શકતા નથી અથવા કરતા નથી. આવા લોકો વિષે લખાવું જોઈએ. કોઈ ફિલ્મસ્ટાર ક્યારેક જીવનમાં ઉપયોગી સાબિત થાય એવી કોઈ સારી વાત કહે અને તે વાત લખાય એ જુદી વાત છે,પણ કોઈ ફિલ્મસ્ટારે કેવાં કપડાં પહેર્યાં હતાં એ વિશે અથવા તો એના શૂઝ વિશે કે પછી એની હેરસ્ટાઈલ વિશે મીડિયામાં ઘણી બધી વાતો આવતી રહેતી હોય છે. અને ઘણા ખરા વાચકોને એ પસંદ પણ પડતી હોય છે,પરંતુ આવા અજાણ્યા લોકો વિશે ય લોકોએ જાણવું જોઈએ.

હું આ કોલમમાં સમયાંતરે આવા લોકો વિશે વાત કરતો રહું છું. થોડા મહિનાઓ અગાઉ એક રિક્ષાચાલકનો ખૂબ સારો અનુભવ થયો હતો. અમે ગુજરાતથી એક કારમાં મુંબઈ આવી રહ્યા હતાં. મધરાતે મુંબઈમાં પ્રવેશ્યા પછી કાંદિવલી પૂર્વમાં સમતાનગર પોલીસ સ્ટેશન પાસે કાર અચાનક બંધ પડી ગઈ. અમે કોલ કરીને સર્વિસ સેન્ટરમાં વિનંતી કરી. સર્વિસ સેન્ટરના માલિક પરિચિત હતા એટલે એમના એક મિકેનિકને લઈને થોડી વારમાં આવી ગયા. મિકેનિકે કાર ચેક કરીને કહ્યું કે 'આ કાર અહીં ચાલુ નહીં થઈ શકે.' એણે ટેકનિકલ કારણ દર્શાવ્યું પછી કહ્યું કે 'આ કારને ધક્કા મારીને સર્વિસ સેન્ટર સુધી પહોંચાડવી પડશે.'

મિકેનિક ડ્રાઈવિંગ સીટ પર બેઠો અને અમે ત્રણ જણા ધક્કા મારવા લાગ્યા. સર્વિસ સેન્ટર એક કિલોમીટર જેટલું દૂર હતું. અમે કારને ધક્કા મારીને પહોંચાડવા મથી રહ્યા હતા એ વખતે એક અજાણ્યો રિક્ષાચાલક આવ્યો. અમે કારને ધક્કો મારીને લઈ જઈ રહ્યા હતા એ તેણે જોયું. એણે કહ્યુંઃ 'તમે લોકો સાઈડ પર આવી જાઓ.'

એ પછી તેણે પોતાનો એક પગ બહાર કાઢીને કારના પાછળના ભાગ પર મજબૂત રીતે ટેકવી દીધો અને પછી રિક્ષાને ફર્સ્ટ ગિયરમાં રાખીને એક્સિલરેટર દબાવ્યું એટલે કાર સરળતાથી આગળ વધી. કાર થોડી ગતિમાં આવી એટલે એણે રિક્ષા બીજા ગિયરમાં નાખી અને તે કારને સર્વિસ સેન્ટર સુધી પહોંચાડી ગયો.

અમે ચાલીને સર્વિસ સેન્ટર સુધી પહોંચીએ ત્યાં સુધીમાં તો તે કારને રિક્ષાની મદદથી સર્વિસ સેન્ટર સુધી પહોંચાડીને જતો પણ રહ્યો હતો.

અમે પૂછ્યું : 'રિક્ષાચાલક?'

જવાબ મળ્યો : 'એ તો જતો રહ્યો.'

અમારી ઇચ્છા રિક્ષાચાલકને પૈસા આપવાની હતી. મિકેનિકે કહ્યુંઃ 'મેં તેને પૈસા આપવાની કોશિશ કરી હતી,પરંતુ તે રિક્ષાચાલકે કહ્યું કે ઇન્સાનિયત જેસી ભી કોઈ ચીજ હોતી હૈ મુઝે પૈસા નહીં ચાહિયે, આપ મુશ્કિલ મેં થે તો મૈંને ઇન્સાનિયત કા ધર્મ નિભાયા.'

એ રિક્ષાચાલક જિંદગીમાં પાછો ક્યારેય નહીં મળે, પરંતુ એ અમને સુખદ યાદ આપી ગયો.

દોસ્તો, બીજાને મદદરૂપ થવા તત્પર રહેતા માણસો પણ સુખના પાસવર્ડ સમા હોય છે. આવા માણસોની કદર કરવી જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

## ગુજ્જુ જીવનયાત્રા

# રોમમાં રસપૂરી ને પાર્લામાં પાણીપુરી

**ટાઇટલ્સઃ વધારે કેરી ને વેરી, બેઉ મોંઘા પડે.**

(છેલવાણી)

મહાકવિ મિર્ઝા ગાલિબ પર બનેલી ફિલ્મમાં ઉર્દૂના મહા લેખક મંટોએ એક સીન લખેલો કે એકવાર ગાલિબ અને મિત્રો, ઘરના ઓટલે બેસીને કેરી ચૂસી રહ્યા હતા ને જ્યાં ગોટલા ફેંકે છે, ત્યાં એને સૂંઘીને ગધેડો જતો રહે છે.

આ જોઇ, ગાલિબના વિરોધી શાયરે કહ્યું, 'મિર્ઝા, ગધા ભી આમ નહીં ખાતા.'

'વો ગધા હૈ, ઇસી લિયે આમ નહીં ખાતા.' ગાલિબે સામે કહ્યું.

ફરી કેરીની સીઝન આવી છે ને ખાધેપીધે સુખી ગુજરાતીને ત્યાં રવિવારે બપોરે રસ-પૂરી ને ઢોકળાં-પાતરાંનું જમણ ના હોય એને એનું અવતાર કાર્ય ઉર્ફ જીવવાનું કારણ અધૂરું લાગે. અગાઉ ભોજનપ્રેમી ગુજજુઓને યોજનો દૂર વર્લ્ડ-ટૂર લઇ જતી એક ટ્રાવેલ કંપનીનું સ્લોગન હતુંઃ 'રોમમાં રસપૂરી,પેરિસમાં પાતરાં'

(જો કે હવે એમાં પાર્લાની પાણીપુરી ઉમેરવું જોઇએ!)

હમણાં વરસેક અગાઉ એક ફોટો વાયરલ થયેલો, જેમાં આંબાનાં ઝાડ પર મધપૂડો હતો ને પાસે લટકતી હાફૂસ કેરી. ફોટા નીચે લખેલુંઃ

'સિઝનની પહેલી હાફૂસ કેરી, ઝેડ પ્લસ સિક્યોરિટી સાથે!'

કરેક્ટ કથન! મધપૂડો છંછેડીને કેરી તોડવાની હિંમત કોણ કરે?

હિંમતની વાત નીકળી જ છે તો બોલોઃ

'તમે આજ સુધી મોંઘામાં મોંઘી કેટલામાં કેરી ખરીદવાની હિંમત કરી છે?' ૨૦૦૦ કે ૩૦૦૦ રૂ. કિલો? તમે ૨.૭૫ લાખ રૂ. કિલો 'મિયાઝાકી' કેરી ખરીદી છે?!

દુનિયાની એ સૌથી મોંઘી કેરી જેનાં ઝાડને ૧૯૪૦માં કેલિફોર્નિયાથી લઇ જઇને જાપાનનાં 'મિયાઝાકી' શહેરમાં વાવેલું, જેથી 'મિયાઝાકી' નામ પડ્યું. એને 'એગ ઓફ ધ સન' કે 'સૂર્યનું બીજ' પણ કહેવાય છે. આ એક કેરીનું વજન ૯૦૦ ગ્રામ જેવું અધધધ છે!

(વેલ, આ કેરી માટે બેંક-લોન કેવી રીતે મળી શકે / વેલ, મળો યા લખો : માર્ગદર્શન માટે નીરવ મોદી કે વિજય માલ્યાને.)

મીઠડાં ને 'મધુ પ્રમેહ' (ડાયાબિટીસ)વાળાં ગુજરાતીઓ માટે ખુશખબર એ છે કે બિહારનાં ખેડૂત ભૂષણ સિંઘનો દાવો છે કે- 'મારી કેરીઓ, સુગર-ફ્રી છે!' જે 'અમેરિકન બ્યુટી' પ્રજાતિની છે ને ૩ વર્ષમાં ફક્ત ૧ જ વાર ઊગે ને પાકે...નોર્મલી કેરી પાકે ત્યાં સુધી ૫-વાર રંગ બદલે પણ આ સુગર-ફ્રી કેરી ૧૬-૧૬વાર રંગ બદલે છે!

(ત્યાંનાં કાંચીંડાની તો રંગ બદલી બદલીને પીદૂડી નીકળી જતી હશેને?)

અગાઉ મરાઠી પીઢ નેતા સંભાજી ભીડેજીએ 'સ્ત્રી-વિરોધી' વિચિત્ર દાવો કરેલો, 'મારાં ખેતરની કેરીનું સેવન કરવાથી સ્ત્રીઓ 'પુત્ર-રત્ન'ને જ જન્મ આપે છે!' આ ભીડેજીને તો મોટામોટા નેતાઓ મળવા જાય છે, એટલે એમના 'આમ'ની જેમ ભીડેજી પણ 'ખાસ' આદમી કહેવાયને?

**ઇન્ટરવલઃ**

**અંબુવા કી ડાલી પે ગાયે મતવાલી,**
**કોયલીયા કાલી નિરાલી.**

**(આનંદ બક્ષી)**

કેરીની સિઝન આવતાં ચંદુએ કેરીવાળાને પૂછ્યું, 'શું ભાવ?'

'૧૦૦ રૂ,ની એક .'

'૧૦૦ની ૨ કેરી આપને?',ચંદુએ ભાવતાલ કર્યો.

'૧૦૦ રૂ.માં તો કેરીની બે ગોટલી આવે.'

'તો લે ૧૦૦ રૂ. ને ૨ કેરી આપ...ગોટલીઓ તું રાખ!'

આ સુણીને કેરીવાળો કેર ઓફ પ્રભુ થઇને ગુજરી ગયો!

મારો મિત્ર જયુ, જે નેતા તો નહોતો, પણ તો યે એને ફેંકવાની જન્મજાત આદત. એની બદલી ગુજરાતથી મુંબઈમાં થઈ. ઓફિસમાં જોડાતા જ એણે બોસની સામે ઊંચી ફેંકીઃ

'સાહેબ, ગામમાં મારી ૧૦૦ વીઘાની વાડીમાં, જે રસીલી કેરીઉં થાય છે એને તો દુનિયાનાં ૨૦૦ દેશમાં એક્સપોર્ટ કરીએં, હોં.'

'પણ દુનિયામાં તો ૧૯૦ જ દેશ છેને?' બોસે લોજિકલ સવાલ કર્યો.

'ઇ તો અમુક દેશવારાઉં ખોટા સરનામે બબ્બે કરંડીયા મંગાવેને?



અરે, એકવાર તો ઓલા અમેરિકાના પ્રેસિડંટ ઓબામા અમારી કેરી ખાઇને 'ઓ-બા-મા' બોલી પડેલા, બોલો!'

'અચ્છા? તો એક પેટી મને મોકલ', બોસે કહ્યું.

એ પછી સાંજે જયુએ ઘરે વાઇફ સામે ફેંકી : 'મેં બોસને શું ઇમ્પ્રેસ કઇરા છે કે હવે ઇ આપણને પૂછીને જ પાણી પીવે, હોં.'

'તંઇ બોસને કહીને મારા ભાઈને નોકરી અપાવી દ્યોને?' પત્નીએ કહ્યું.

'એમાં હું? પણ બોસને ખુસ કરવા રત્નાગિરિ હાફૂસ કેરીની પેટી આપવી પડસે.'

'ભલે તે, તમતમારે કેરીની પેટી લાવજો. પૈસા મારાં પિયરયાં આપી દેસે.'

હવે વધુકો જયુ, છેક મહારાષ્ટ્રનાં રત્નાગિરિ જિલ્લા સુધી હાફૂસ લેવા લાંબો થયો ને બસની હાડમારીમાં કેરીની પેટી ઊંચકી મુંબઈ લઈ આવ્યો. જેવો બસ-સ્ટેન્ડ પર ઉતર્યો કે પોલીસવાળાએ પકડ્યો, 'એ ય આમાં ડ્રગ્સ તો નથી ને? પેટી ખોલ!' જયુ કરગર્યો ને છેક દિલ્લી કોંટેક્ટની વાત કરી પણ પોલીસવાળાઓએ પેટીમાંથી એક એકે કેરી લઇ જ લીધી.

હવે જયુ ફટાફટ બોસને ત્યાં જવા નીકળ્યો. એક તો ગરમી ને ઉપરથી રિક્શા ન મળે. બિચારો, કેરીની પેટી માથે મૂકીને ચાલવા માંડ્યો. આખરે એક રિકશાવાળાએ ડબલ ભાડું વતા બે કેરી માગી. ગરમીથી બેહાલ જયુ માની ગયો ને માંડ બોસના બંગલે પહોંચ્યો. ગેટ ખોલીને દરવાજે બેલ મારે એવામાં ૨-૨ એલ્સેશ્યન કૂતરાં ત્રાટક્યાં. બબ્બે શ્વાનોની સામટી સર્જિકલ સ્ટ્રાઇકથી ડરીને જયુએ ૧-૧ કેરી ફેંકી ને બેલ વગાડે રાખી. બોસની પત્નીએ બપોરની ઊંઘમાં દરવાજો ખોલ્યો.

જયુએ હાંફતા કહ્યું : ,'મેડમ, કેરી.'

'નથી જોઈતી, ઉઘાડી કેરીની પેટી. ઊંઘ બગાડી!', કહીને દરવાજો વાસ્યો.

સામે ભસતાં કૂતરાં ને બહાર કાળઝાળ ગરમી. જયુ સાંજ સુધી ત્યાં બેઠો રહ્યો ને રાતે બોસ આવ્યા ત્યારે કેરી આપી.

....પછી ઘરે પહોંચ્યો કે પત્નીએ પૂછ્યું, 'બોસને કેરી આપીને? હવે મારા ભાઇની નોકરી પાક્કી?'

તો ફેંકું જયુએ તરત કહ્યું, 'ઇ કેરી તો આપી પણ પછી બોસે કીધું કે એણે આજે જ રાજીનામું આઇપું, બોલ! પણ હવે બોસ તો હું જ બનીશને? જો કે ખુરસી પર બેહતા વેંત જ કોઇને નોકરી નો અપાયને? હવે એય ને આવતા વરસે વાત! ન્યાં હુધી સસરાજીને કહેજેઃ

આવતે ઉનાળે, બે પેટી મોકલે, હોં.'

..

**એંડ-ટાઇટલ્સઃ**
**આદમઃ કેરી ખાધી?**
**ઈવઃ ના, જોઇને પગે પડી!** ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અતિ માહિતીનું અદોદળાપણું અત્યંત ઘાતક...૨


છે છેતરપિંડી મોટી, આવી દુનિયામાં જનમ લેવો,
ન ગમતું હોય એ કાયમ ગટકવાનું જ છે અહીંયા.

બધી આંખો કરે છે ભિન્ન વૃત્તિઓના કારોબાર,
બધાંને કૂમળું વિસ્મય ખટકવાનું જ છે અહીંયા.

છે વૈભવ આંસુઓનો તો ઉદાસીની છે સમૃદ્ધિ,
અતિશય ચાહવું કાયમ ચટકવાનું જ છે અહીંયા.

બધે પુરવાર કરવું છોડી, આ... બેઠો નિરાંતે હું,
ગતિમય છે સતત એ પણ અટકવાનું જ છે અહીંયા.

વિચારી ખૂબ, મેં શબ્દોને મરવાની સજા આપી,
કલમને જાણ છે પૂરી, બટકવાનું જ છે અહીંયા.



આપણે ગયા અઠવાડિયાથી વાત માંડેલી જીવનની મોડર્ન વ્યવસ્થાઓને લીધે ઊભા થતા જ્ઞાનના અતિરેકની. કેવી રીતે આખા કાવતરાને ઓપ અપાઇ રહ્યો છે. એનો અણસાર તો આવી ગયો, પણ આ કાવતરાનાં બૌદ્ધિક મદદગારોની ખાસિયત શું છે ખબર છે? જાણ છે એમને એ શું કરી રહ્યા છે એની. આ બધા યાંત્રિકી ભગવાનો-ખુદાઓ-ક્રાઇસ્ટો અને મીડિયાના મહારાજાઓ મુદ્દલે ઇચ્છતા જ નથી કે તમે સહેજ પણ વિચારો- તમારી બુદ્ધિ કામે લગાડો. એમની એકમેવ ઇચ્છા છે કે તમારી આંગળી અને અંગૂઠા સદા કાર્યરત રહે, તમે પ્રત્યક્ષ કે ફોન પર દલીલબાજીમાં 'મસ્ત' અને વ્યસ્ત રહો, વારંવાર નિરંતર તમે ફોનને આંગળી-અંગૂઠાથી ખણખોદતા રહો. તમારું વ્યસન તમારી બદી એમનો નફો છે. એમનું બિઝનેસ મોડેલ એક જ છે કે તમે માનસિક રીતે ખલાસ થઇ જાઓ.

આનો ઇલાજ છે ખરો?? આ બધામાંથી મનને સાવ ખેંચી લો તો તમને લઇ જશે અજ્ઞાનતા તરફ. અજ્ઞાનતા તો છે બન્ને બાજુએથી બળતી મીણબત્તી. આનો ઇલાજ છે માનસિક શિસ્ત, આંગળી અંગૂઠાના વધુ પડતા શ્રમથી જાતને બચાવવી. એકાદ બે શબ્દોમાં આખા લખાણની જાણ થઇ જાય તો એ નક્કામો મેસેજ તરત જ ડિલિટ કરી નાખવો. વાંચવું ઓછું અને સમજવું વધારે. મનની સાવ ભીતરે સતત એ ઇચ્છાને ડામ દીધા કરવો કે મારે ચર્ચાઓ જીતવી છે, મારે આ શાબ્દિક યુદ્ધમાં અન્યોને પછાડવા છે, મારે વ્યર્થ વાણી (અ) વિલાસના વિજેતા બનવું છે, ઝંડા રોપવા છે, સિકંદરની શેખી સ્થાપવી છે... તમે જેમ તમારા સ્વાદાનુસાર વાનગીઓનું ચયન કરો છો એનાથી સહેજ પણ ઓછી દરકાર વગર તમે શું વાંચો છો એ ચયન કરવું. સતત પૂછ્યા કરવું તમારી જાતને; આ માહિતી મારું જ્ઞાન વધારે છે કે માત્ર મને જાણકાર બનાવે છે?

કારણ? અંતે માહિતીગમ્ય અદોદળાપણું, સ્થૂળતા શારીરિક અદોદળાપણું સ્થૂળતા કરતાં અનેકગણી વધુ હાનિકારક છે. જાડું શરીર વિચારવાની ક્ષમતા ધરાવે જ છે, પણ સ્થૂળ દિમાગ વિચારનો ભ્રમ દર્શાવતો ફકત ખખડાટ છે.

જાગો મોહન પ્યારે! ને કામ કરો અત્યારે... નિરર્થક માહિતી માટે દરવાજો કરી દો બંધ... નહીં તો બુદ્ધિ બની જશે અંધ.

આજે આટલું જ... ■

ફોકસ પ્લસ
મધુ સિંહ
feedback@bombaysamachar.com

# વિન્ડચામનો મધુર સ્વર લાવે છે ઘરમાં સમૃદ્ધિ



ઘરમાં વિન્ડચામ લગાવવાનો ટ્રેન્ડ ખૂબ પ્રચલિત છે. આ હવે એક ડેકોરેશનની વસ્તુ નથી રહી, પરંતુ તેનું મહત્ત્વ ઘણું અનેરુ છે. એ ઘરની શોભામાં વૃદ્ધિ કરે છે. હવા સાથે ટકરાતા એમાંથી મધૂર સ્વર નીકળે છે. એનાથી નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને આસપાસનું વાતાવરણ પ્રેરક બને છે. વિન્ડચામમાંથી નીકળતો મંદમંદ સ્વર અંતરઆત્માને પણ ગુંજાયમાન કરે છે. એથી આપણે પ્રકૃતિ સાથે જોડાયા હોવાનો આપણને એહસાસ થાય છે. એનો નાદ એક સુખદ અનુભવ આપે છે. વાસ્તુશાસ્ત્ર મુજબ એનું કંપન આપણી અંદર એક નવી ઊર્જાનો સંચાર કરે છે,જે આપણા જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્ય લાવે છે. ઘરમાં પણ સકારાત્મક ઊર્જાને આકર્ષક કરે છે.

વિન્ડચામનો ઉપયોગ હજારો વર્ષો પહેલાથી કરવામાં આવે છે. એનો આધ્યાત્મિક અર્થ પણ થાય છે. એનો અવાજ ભગવાનના સંદેશ સાથે જોડવામાં આવે છે. આ જ કારણ છે કે વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરામાં એનું ખાસ મહત્ત્વ રહેલું છે.

આપણા ઘર અને આજુબાજુના વાતાવરણને શાંતિ અને સકારાત્મકતાથી ભરવા માટે વિન્ડચામને લગાવતાં પહેલા એના માટે જરૂરી કેટલીક અગત્યની બાબતો પર ધ્યાન આપીએ.

**યોગ્ય પસંદગી**

જે સ્થાન માટે વિન્ડચામ ખરીદવા માગતા હોવ એના અનુરૂપ આપણે માટી, કાચ, લાકડા, ધાતુ અથવા સિરેમિકના વિન્ડચીમ પસંદ કરી શકીએ છીએ. પિતળ કે પછી સ્ટીલથી બનેલી વિન્ડચામમાં રૉડની સંખ્યા ૬ કાં તો ૭ હોવી જોઈએ. જો વાંસની બનેલી હોય તો એમાં રૉડની સંખ્યા ૩-૪ હોય છે. ઇકોફ્રેન્ડલી વિન્ડચામ ઘરમાં સકારાત્મક ઊર્જા લાવે છે.

**યોગ્ય આકાર**

આમાં અનેક પ્રકારના આકાર હોય છે. વિવિધ ડિઝાઇન, આકાર, ઘંટનો આકાર, ગોળાકાર એવી અનેક ડિઝાઇનની પસંદગી કરવી, જે પૉઝિટિવિટીથી ભરપૂર હોય.

**દિશાની પસંદગી**

ધાતુથી બનેલી વિન્ડચામ પશ્ચિમ અથવા તો ઉત્તર-પશ્ચિમ દિશામાં લગાવવું જોઈએ. લાકડાની વિન્ડચામ પૂર્વ અથવા દક્ષિણ-પૂર્વ દિશામાં લગાવવું હિતાવહ છે. વાસ્તુની સાથે-સાથે ફેંગશુઈ મુજબ એની પસંદગી કરવી જોઈએ. ૬ અને ૮ રૉડવાળી વિન્ડચામ ભાગ્યનો ઉદય કરે છે. સિરેમિકની વિન્ડચામને દક્ષિણ-પશ્ચિમ, ઉત્તર-પૂર્વ અથવા ઘરની મધ્યમાં લગાવવું જોઈએ. બગીચા માટે નાનું નહીં, પરંતુ મોટું વિન્ડચામ લગાવવું જોઈએ.

**વિન્ડચામનો રંગ**

ફેંગશુઈમાં અલગ-અલગ રંગોની વિન્ડચામને અલગ-અલગ અર્થ સાથે જોડવામાં આવે છે. કરિયરમાં આગળ વધવા માટે પીળા કલરના વિન્ડચામને ઉત્તર-પશ્ચિમ દિશામાં લટકાવવું જોઈએ. સફેદ અને સિલ્વર રંગના વિન્ડચામને પશ્ચિમ દિશામાં લગાવવાથી પરિવારના સદસ્યો વચ્ચે પ્રેમ વધે છે. બાળકોનો રૂમ ઉત્તર દિશામાં છે તો તેમના માટે પીળા રંગના ધાતુની વિન્ડચામની પસંદગી કરવી જોઈએ. એનાથી ઘરમાં શાંતિ રહે છે. ■

ફોકસ
રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

# મહાનગરોમાં હવે અનિદ્રા બીમારી નથી, લાઈફસ્ટાઈલ છે



આજે ભારતમાં ૫૦ ટકા લોકો ૬ કલાકથી ઓછી ઊંઘ લે છે, જ્યારે સમગ્ર વિશ્વના ડોક્ટરો વારંવાર કહે છે કે ઓછામાં ઓછા ૮ કલાકની ઊંઘ લેવી જરૂરી છે, પરંતુ અનિદ્રા ભારતમાં માત્ર સ્વાસ્થ્ય સમસ્યા નથી. તે એક પ્રકારની લાઇફસ્ટાઇલમાં ફેરવાઈ ગઈ છે.

આજે જો તમે ભારતના કોઈપણ શહેરનો સર્વે કરો, પછી ભલે તે મેટ્રોપોલિટન સિટી હોય કે નાનું શહેર, રાત્રે ૧૨ વાગ્યા પછી તમને ૭૦ ટકાથી વધુ યુવાનો જાગતા જોવા મળશે, તેઓ આ સમયે કદાચ ખાતા-પીતા હશે, લોકો સાથે ફોન પર વાત કરતા હોય અથવા ટીવી કે મોબાઈલ પર કંઈક જોતા હોય. પરંતુ હવે માત્ર મુઠ્ઠીભર યુવાનો જ ૧૨ વાગ્યા પહેલા સૂઈ જાય છે. ગામડાઓની પણ લગભગ આવી જ હાલત છે. જો કે ગામડાઓમાં ૧૨ વાગ્યા સુધી તો નહીં, પરંતુ રાત્રે ૧૦ વાગ્યા પહેલા ભાગ્યે જ કોઈ સૂવે છે. જ્યારે એક સમય એવો હતો જ્યારે આખું ગામ ૮ વાગ્યા સુધીમાં સૂઈ જતું હતું.

પહેલા મોડું સૂવું એ અનિદ્રાની બીમારી માનવામાં આવતી હતી, પરંતુ આજકાલ અડધી રાત સુધી જાગવું એ કોઈ રોગ નથી પણ જીવનશૈલીનો એક ભાગ છે. આજે મોડું સૂવું અથવા ઓછી ઊંઘ લેવી એ માત્ર યુવાનોની જીવનશૈલી નથી રહી, તે બાળકોની પણ આદત બની રહી છે. વાસ્તવમાં, આજના હાઇટેક યુવાનો દિવસ-રાત ટેક્નોલોજીથી ઘેરાયેલા હોય છે. વાંચનથી માંડીને મનોરંજન કરવા માટે અનેક પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. જ્યારે બાળકો કંઈક નવું જાણવા માગે છે, ત્યારે તેઓ તે વસ્તુને લગતી દરેક માહિતી જાણવા માટે કલાકો સુધી ઇન્ટરનેટ બ્રાઉઝ કરતા રહે છે. આ નવી વસ્તુ વિશે જાણવાની તેમની જિજ્ઞાસાને સંતોષવા માટે તેઓ ન તો દિવસ જોવે છે અને ન તો રાત, તેઓ માત્ર તે વસ્તુને લગતી નવી માહિતી શોધતા રહે છે. જ્યારે આ સ્માર્ટ અને હાઈટેક યુવાનોને તેમના મિત્રો સાથે વાત કરવાનું મન થાય છે, ત્યારે તેઓ તેમને મળવાને બદલે કલાકો સુધી ફોન પર ઉપલબ્ધ વિવિધ એપ્સ દ્વારા તેમની સાથે ચેટ કરતા રહે છે. ઈન્ટરનેટ દ્વારા કોઈપણ સોશિયલ નેટવર્કિંગ સાઈટની ઈન્બોક્સ સુવિધાનો લાભ લઈને મોડી રાત સુધી મિત્રો સાથે ચેટ કરવી એ આજના યુવાનોનું સામાન્ય મનોરંજન છે. યુવાનો જ્યારે કંટાળી ગયા હોય કે દિવસભરનો થાક ઉતારવા માગતા હોય ત્યારે તેઓ કાનમાં હેડફોન લગાવીને મોડી રાત સુધી ગીતો સાંભળતા રહે છે. આ રીતે તે પોતાનું મનોરંજન કરે છે. ઘણી વખત તો તે મોડી રાત સુધી પોતાના લેપટોપ પર કામ કરતો રહે છે.

આજે નવી પેઢી ખૂબ જ વ્યસ્ત જીવન જીવી રહી છે. તે તેના એક દિવસના શિડ્યુલમાં તમામ કામ કરવા માગે છે. તેથી જ તે ઘણીવાર ઊંઘ સાથે સમાધાન કરે છે. જો કે, તે સારી રીતે જાણે છે કે તેણે દરરોજ ઓછામાં ઓછી ૭ થી ૯ કલાકની ઊંઘ લેવી જોઈએ. પરંતુ આ ટેક્નોલોજીની ઘેલછા તેમનો એટલો સમય વેડફી નાખે છે કે જાણવા છતાં તેમને ૬ કલાકથી ઓછી ઊંઘ લેવાની ફરજ પડે છે. જો તેઓ મોડી રાતની ટેકનો પ્રવૃત્તિઓમાં વ્યસ્ત ન હોય તો પણ તેઓ વારંવાર તેમના ફોન ચાલુ રાખે છે અને મેસેજ નોટિફિકેશન અથવા મેઇલને સમયાંતરે તપાસતા રહે છે. આવી સ્થિતિમાં તે ગાઢ ઊંઘી શકતો નથી. આજના યુવાનોને આખી રાત તેમના ફોનની રિંગ ન વાગે કે મેસેજ ન આવવાની ચિંતા રહે છે. તાજેતરના અભ્યાસ મુજબ, મેટ્રોપોલિટન શહેરોમાં ૬૨ ટકા બાળકો સોશિયલ મીડિયા પર નિર્ભર રહેવાની ટેવને કારણે રાત્રે ઊંઘી શકતાં નથી. જ્યારે ૨૫ ટકા બાળકો રાત્રે ફોનથી દૂર રહે છે અને જલ્દી સૂઈ જાય છે.

તાજેતરના એક સર્વેમાં યુવાનોને એવા ૧૫ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેથી તેમની ઊંઘવાની આદતો જાણી શકાય. આ સર્વેમાં સામે આવ્યું છે કે આજે યુવાનો માટે રોજ સવારે વહેલા ઊઠવું એ કોઈ સમસ્યાથી ઓછું નથી. યુવાનો સારી રીતે જાણે છે કે તેમના શરીરને ઓછામાં ઓછી ૭ થી ૯ કલાકની ઊંઘની જરૂર છે, પરંતુ તેમ છતાં પણ, અનિયમિત ઊંઘની પેટર્નને કારણે, તેઓ માત્ર બે તૃતીયાંશ ઊંઘ મેળવવામાં સક્ષમ છે, જે તેમની અનિયમિત જીવનશૈલીને કારણે છે. તેઓ સામાન્ય રીતે વધુ અને વધુ ટેક્નોલોજીના ઉપયોગને કારણે આવી સમસ્યાઓનો સામનો કરે છે, પરંતુ હાઈ-સ્પીડ લાઈફસ્ટાઈલને કારણે તેઓ ઘણી બધી બાબતોમાં જૂની પેઢીઓ કરતા ઘણા આગળ હોવા છતાં ઓછી ઊંઘની સમસ્યાએ તેમનામાં ઘણી વ્યવહારિક અને સૈદ્ધાંતિક સમસ્યાઓ ઊભી કરી છે.

ઊંઘ આપણા શરીર માટે ખોરાક અને પાણી જેટલી જ મહત્ત્વપૂર્ણ છે. જેમ ખોરાક ખાવાથી આપણા શરીરને ઊર્જા મળે છે, તેવી જ રીતે ઊંઘ આપણને કામ કરવાની શક્તિ આપે છે. ઊંઘ આપણને ઊર્જા આપે છે, આ શારીરિક અને માનસિક ઊર્જાનો ઉપયોગ આપણે આપણાં કાર્યોને પૂર્ણ કરવા કરીએ છીએ. ઉપરાંત, ઊંઘ આપણા શરીરનાં સંસાધનોને સુધારવા અને સંગ્રહિત કરવામાં મદદ કરે છે. આખો દિવસ કામ કર્યા પછી, આપણી ઊર્જા ખતમ થઈ જાય છે અને આપણી ઊર્જા પાછી મેળવવા માટે ઊંઘની જરૂર પડે છે. શરીરની જેમ આપણા મગજને પણ સારી રીતે કામ કરવા માટે પૂરતી ઊંઘની જરૂર છે. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ટાઇમગેપ-અવતાર ને હવે ગિબલીએ સૌને લગાડ્યું ઘેલું

આજથી પાકાં છ વર્ષ પહેલાં ટેકનોલોજીની દુનિયામાં એક અનોખો પ્રયોગ થયો હતો. એમાં દુનિયાભરના લોકોએ પોતાની આવનારી પણ સમય સાથે બદલનારી તસવીર વર્ચ્યુઅલ સ્ક્રીન ઉપર જોઈ. આ હતુ 'ફેસબુક'એ શરૂ કરેલું ટાઇમગેપ. એ ટેકનોલોજી એવું દર્શાવતી હતી કે, આવનારા એક દાયકા પછી કે પાંચ વર્ષ પછી તમારો ચહેરો કેવો અને કેટલો બદલશે? વૃદ્ધાવસ્થાના એંધાણ આપતી આ ટેકનોલોજી દરેકને એટલી ગમી હતી કે મોટાભાગના ઇન્ટરનેટ યુઝર્સે પોતાના પ્રોફાઈલ પિક્ચર ભલે વૃદ્ધ દેખાય પણ આઇકોન તરીકે મૂકેલા હતા.

આ ટેકનોલોજી પાછળની ખાસ વાત એ હતી કે, જે વ્યક્તિએ પોતાના પ્રોફાઈલ પિક્ચર અપલોડ કરેલા હતા એના જ ટાઇમગેપ બનતા હતા. ટેકનોલોજી આવ્યા બાદ કલર્સ અને આર્ટની દુનિયા અસાધારણ રીતે બદલાઈ ગઈ છે.

એક સમયે સોફ્ટવેરની માર્કેટમાં ફોટોશોપ અને ઇન ડિઝાઇન જેવા સોફ્ટવેરની બોલબાલા હતી. કોરલ જેવા સોફ્ટવેરનો તો માર્કેટમાં કાયદેસર દબદબો હતો. આ તમામ સોફ્ટવેરની હયાતી આજે પણ અતૂટ છે અને તેનો વિકલ્પ શોધીએ તો જડે એમ નથી. પ્રોફેશનલ અને એક્યુરેસીના મામલે હજુ પણ આ સોફ્ટવેર વાપરનાર કંપનીઓની સંખ્યા લાખો- કરોડોમાં છે. આર્ટને લગતાં ટુલ્સ ભલે ગમે એટલાં આવે, પરંતુ, ગ્રાફિક ડિઝાઇનર જેવી કલરસેન્સ અને પીછીથી મારેલા સ્ટ્રોક જેવા પરફેક્ટ આકાર એ તો માનવ દિમાગની જ ઉપજ હોઈ શકે છે. AI પણ એમાં કશું જ ન કરી શકે. 'ટાઈમગેપ' પછી એક ચોક્કસ સમય બાદ પ્રોફાઇલ પિક્ચરમાં કંઈક નવું કરવા માટે સોશિયલ મીડિયા કંપનીઓએ 'અવતાર' શરૂ કર્યા, જેમાં વ્યક્તિ પોતાની જાતને જુદા જુદા તૈયાર આકાર થકી અને શરીરના વિવિધ અંગોને જોડીને એક થ્રીડી પિક્ચર તૈયાર કરી શકે.

આ માટે વ્યક્તિના જુદા જુદા ચહેરાના આકાર, આંખના રંગો, કાનના કદ અને ચામડીના રંગોની એક આખી તૈયાર લાઈબ્રેરી જે તે વેબસાઈટ દ્વારા પૂરી પાડવામાં આવતી. આમાંથી તૈયાર થતું એક પિક્ચર છેલ્લે પ્રોફાઈલ પિક્ચર સુધી સેટ થતું હતું. એ પછી એમાં જુદા જુદા આઉટ ફીટ્સને સેટ કરીને એક આખું પરફેક્ટ પ્રોફાઈલ પિક્ચર બનાવી શકાતું હતું. અવતાર ફોર્મેટ જુદા જુદા સોશિયલ મીડિયા નેટવર્ક પર શરૂ થયા બાદ એમાં થ્રી-ડી ટેક્સ્ટ અને સમયાંતરે આવતા તહેવારમાં જોવા મળતા થીમ બેઝ ફોન્ટ પણ શરૂ થયા હતા, જેમકે જન્માષ્ટમી પર કૃષ્ણની મોરલી અને પીછું આઇકોનિક ગણાય તો આ બંને વસ્તુથી આલ્ફાબેટ સેટ કરવાનો ટ્રેન્ડ શરૂ થયો હતો.

જે રીતે સમય આગળ વધે છે એમ ફોર્મેટમાં ટેકનોલોજીનો સ્પર્શ એક અસાધારણ પિક્ચર જનરેટ કરે છે. ગત અઠવાડિયે 'ગિબલી' એ દરેકને એવું ઘેલું લગાડ્યું કે, જે રીતે ફ્રીની સ્કીમ જાહેર થતાં ગ્રાહકો વધે એમ રાતોરાત 'એક્સ' પર યુઝર્સ અને 'ગ્રોક' એપ પર ડાઉનલોડ કરનાર વધ્યા. 'ગ્રોક'નું મેનેજમેન્ટ કરનાર સંસ્થાએ તો ચોખવટ કરવી પડી કે, 'મહેરબાની કરીને હવે ગિબલી માટેની રિકવેસ્ટ સાથે ફોટો ન મોકલતા.'



'મુંબઈ સમાચાર'ની ફરમાઈશથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું GHIBLI સ્ટાઈલમાં AIએ કરી આપ્યું આ રેખાચિત્ર...!

(ઘણા આ Ghibli ને 'જિબલી' કે 'ઘિબ્લી' પણ કરે છે)

એનિમેટર મિયાઝાકી હાયાઓનાનું (ગિબલી આર્ટ્સના સર્જક) એક નિવેદન ઇન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યું છે, જેમાં એણે AI જનરેટેડ એનિમેશનની ટીકા કરી હતી. જોકે, વાત પણ સાચી છે કે, આટલી મહેનત કર્યા બાદ AI ડાયરેક્ટ બધું બનાવી દે અને છતાં કોઈ ક્રેડિટ ન આપે તો ખોટું છે.

આજે, ChatGPT, Google Gemini અને Meta AI જેવા AI સાધનોએ ઇન્ટરનેટ પર આ કલાને લોકપ્રિય બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગિબલી સ્ટુડિયોની શરૂઆત જાપાનમાં ૧૯૮૫માં મિયાઝાકી હયાઓ, ઈસાઓ તાકાહાતા, તોશિયો સુઝુકી, યાસુયોશી ટોકુમા દ્વારા કરવામાં આવી હતી. ટેકનોલોજીના પાસા એ આર્ટનું ટ્રાન્સફોર્મેશન એવું કર્યું કે, સર્જક ભુલાઈ ગયા અને ટેકનોલોજી સૌને યાદ રહી ગઈ. ગિબલી શરૂ થયા બાદ ૨૪ કલાકમાં જ ફોટોની સંખ્યા મિલિયન સુધી પહોંચી ગઈ. પે સર્વિસ શરૂ થઈ પછી આઇફોનમાંથી બનાવવા કેટકેટલાય જુગાડ શરૂ થયા. સર્વિસ ટેકનોલોજીથી આર્ટની દુનિયા વધુ રંગીન થઈ, પણ ક્રેડિટ અને કોન્સેપ્ટ મામલે ઘણા મતમતાંતર છે. ગિબલી એ જાપાની કલાનો એક પ્રકાર છે જેમાં તસવીરના પાત્રોને ચિત્રોમાં દર્શાવવામાં આવ્યા છે. સ્ટુડિયો ગિબલીની સૌથી અનોખી વાત એ હતી કે અહીંના એનિમેટરોએ આ ચિત્રો કોમ્પ્યુટરથી નહીં, પણ હાથ વડે બનાવ્યા હતા!

આજે આ જ વસ્તુ AI અને બીજા ટુલ્સમાં બને છે. ગિબલીના આકર્ષણ પાછળ એની ચોક્કસતા છે. એક પણ ઇંચના ફેરફાર વગર આબેહૂબ અને રંગોનું મિશ્રણ છે. ટ્રેન્ડ સાથે અપડેટ થવું સારું છે તો ક્યારેક અનિવાર્ય પણ છે. આ સાથે મૂળ ટ્રેન્ડ મેકર્સ કોણ છે એ અંગે પણ જાણવું જરૂરી હોય છે. ■

**આઉટ ઓફ બોક્સ**

દુનિયાનો પ્રથમ રોબોટ જાપાને બનાવ્યો હતો, જેનું કામ માત્ર ભારે સમાનનું પરિવહન કરવાનું હતું.

# ઉનાળામાં દૂધને દહીં બનતું કેવી રીતે અટકાવવું?

આ સરળ કિચન હેક્સની મદદથી, રેફ્રિજરેટર વિના પણ દૂધ તાજું રહેશે

દૂધ કેવી રીતે સંગ્રહિત કરવુંઃ અહીં અમે તમને કેટલીક સરળ હેક્સ જણાવી રહ્યા છીએ, જેની મદદથી તમે ઉનાળાની ઋતુમાં રેફ્રિજરેટર વિના પણ દૂધનો સંગ્રહ કરી શકો છો અને તેને દહીં બનવાથી બચાવી શકો છો.

ઉનાળામાં તાપમાન વધવાની સાથે અનેક પ્રકારની સમસ્યાઓ પણ વધે છે. ખાસ કરીને આ ઋતુમાં ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરવો ખૂબ જ મુશ્કેલ બની જાય છે. ગરમી વધતાં ફળો, શાકભાજી અને અન્ય ખાદ્ય પદાર્થો રેફ્રિજરેટરમાં રાખવા જરૂરી બની જાય છે. ખાસ કરીને જો દૂધ રેફ્રિજરેટરની બહાર રાખવામાં આવે તો તે થોડા કલાકોમાં ખાટું થઈ જાય છે અથવા દહીં થઈ જાય છે.

જોકે જો તમારી પાસે રેફ્રિજરેટર નથી અને તમે રેફ્રિજરેટર વિના દૂધ સંગ્રહિત કરવાની રીત શોધી રહ્યા છો, તો આ તમારા માટે છે. અહીં અમે તમને આ માટે કેટલીક સરળ રસોડાની ટિપ્સ જણાવી રહ્યા છીએ. ચાલો જાણીએ કે રેફ્રિજરેટર વિના દૂધ કેવી રીતે સંગ્રહિત કરવું?

આ માટે એક સરળ ઘરેલું ઉપાય અપનાવીને તમે રેફ્રિજરેટર વિના પણ દૂધને લાંબા સમય સુધી સુરક્ષિત રાખી શકો છો.'ઉનાળામાં દૂધને દહીં બનતું કેવી રીતે અટકાવવું? આ સરળ કિચન હેક્સની મદદથી રેફ્રિજરેટર વિના પણ દૂધ તાજું રહેશે.

- દૂધ ઉકાળતી વખતે તેમાં ૧-૨ તુલસી અથવા નાગરવેલના પાન નાખો. તુલસી અને નાગરવેલના પાનમાં કુદરતી એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે, જે દૂધને ઝડપથી દહીં બનતું અટકાવવામાં મદદરૂપ થઈ શકે છે.
- જો તમે દૂધને લાંબા સમય સુધી તાજું રાખવા માગતા હો, તો તેને દિવસમાં બે વાર ઉકાળો. સવારે અને સાંજે દૂધને સારી રીતે ઉકાળો અને ઠંડું કરો. આ પ્રક્રિયાને કારણે દૂધમાં બેક્ટેરિયા વધતા નથી અને તે ઝડપથી બગડતું નથી.
- દૂધ ઉકાળો, ઠંડું કરો અને પછી તેને નાના વાસણમાં ભરો. હવે, આ વાસણને માટીના વાસણમાં મૂકો અને વાસણને ઢાંકી દો. આ પદ્ધતિ અપનાવવાથી દૂધ ઝડપથી બગડશે નહીં. ■

## મહિલા સંચાલિત શહેરનું નંબર-૧ બુટીક "ગામઠી"
## ગૃહ અને વ્યાપાર ક્ષેત્રે મલ્લીકાબેન શેઠ ની અનેરી સિદ્ધી



કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. મન હોય તો માળવે જવાય એ કહેવતને શેઠ બ્રધર્સ પરિવારના મલ્લીકાબેન શેઠ એ તેમના "ગામઠી" બુટીકને ભાવનગરનું અવ્વલ દરજ્જાનું સ્થાન અપાવીને યથાર્થ રીતે પુરવાર કરી છે. મલ્લીકાબેન એ તેમની ફેશન સેન્સ અને ક્રિએટીવીટીના કારણે થોડા જ વર્ષોમાં "ગામઠી" શો-રૂમ ને ભાવનગરનું ગૌરવ બનાવી દીધેલ છે. મલ્લીકાબેનના 'ગામઠી'માં ટ્રેડીશનલ તથા આધુનીક વસ્ત્રોનો એવો યુનીક ખજાનો છે કે ભાવનગરમાં કોઈપણનાં ઘરે મુંબઈના મહેમાન આવે તો સૌપ્રથમ 'ગામઠી'ની મુલાકાતનુ જ આયોજન હોય. મુંબઈ કરતા પણ અહીં 'ગામઠી'માં ઘણી નવી નવી વેરાયટી જોવા મળે. આની પાછળ મલ્લીકાબેનની મહેનત તો બોલે જ છે સાથોસાથ તેમનો હસમુખો મિલનસાર સ્વભાવ, ઉત્સાહપૂર્વક ગ્રાહકો સાથે વાતચીત, ગ્રાહકોની પસંદગીનું ચિવટપૂર્વકનું દયાન અને તેમનો સૌમ્ય સ્વભાવ પણ તેમની સફળતા પાછળ રહેલા છે. માત્ર "ટાઈમપાસ" શોખ પુરો કરવા શરૂ કરેલ "ગામઠી" શો-રૂમ આજે મલ્લીકાબેનની જવાબદારી પણ બની ચુકી છે. મલ્લીકાબેન સાથોસાથ તેમની ગૃહસ્થી અંગેની જવાબદારી પણ બખુબી નિભાવી રહ્યા છે. ઘરે આવેલું કોઈપણ મહેમાન મલ્લીકાબેનની મહેમાનગતીથી પ્રભાવિત થયા વિના રહેતુ નથી. દરેક સાથે આનંદ અને ઉમળકાભર્યું વર્તન મલ્લીકાબેનની આગવી ઓળખ છે. આજની નવી પેઢીની વહુઓ યા તો જોબ- ઓફિસ સંભાળી શકે છે યા તો ઘર સંભાળી શકે છે પરંતુ બંને ક્ષેત્રે બેલેન્સ કરી બંને ક્ષેત્રે અવ્વલ નંબર પર કેમ રહેવું તે મલ્લીકાબેન શેઠ પાસે શીખવા જેવું છે. ઉદારતા, માનવતા, દયા તેમના આગવા ગુણ છે અને આ કારણે જ તેમના ગામઠીનો તેમના ઘરનો તમામ સ્ટાફ મલ્લીકાબેન માટે ખૂબ જ આદર ધરાવે છે. ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ શ્રધ્ધા અને કર્મ એ જ ધર્મ છે. તેમ માનતા મલ્લીકાબેન શેઠ તેમના "ગામઠી" શો-રૂમ ના કારણે ભાવનગરનું તો ગૌરવ છે જ સાથોસાથ તેમના શેઠ બ્રધર્સ પરિવારના દરેક સભ્યો માટે મલ્લીકાબેન શેઠ એક આદરણીય અને પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ છે.

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# આજે રામનવમીથી રોજ રામલલાનું સૂર્ય તિલક કરાશે

૬ એપ્રિલ ૨૦૨૫થી એટલે કે આજથી અયોધ્યાના રામ મંદિરમાં દરરોજ રામલલાનું સૂર્ય તિલક કરવામાં આવશે. આ નિર્ણય મંદિર નિર્માણ સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે. આ અંતર્ગત લગભગ ૪ મિનિટ સુધી સૂર્યનાં કિરણો રામલલાના કપાળને શોભાવશે. સમિતિના અધ્યક્ષ અને પૂર્વ આઇએએસ નૃપેન્દ્ર મિશ્રાના જણાવ્યા અનુસાર, દરરોજ સૂર્ય તિલકનું આયોજન આગામી ૨૦ વર્ષ સુધી કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે ગત વર્ષે રામ નવમીના દિવસે એટલે કે ૧૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સૂર્યનાં કિરણો સાથે પ્રથમ વખત રામલલાનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો, જેને 'સૂર્ય તિલક' કહેવામાં આવ્યું હતું. તેની વૈજ્ઞાનિક તકનીક મુખ્યત્વે પ્રકાશના પ્રતિબિંબ અને રીફ્રેક્શનના સિદ્ધાંતો પર આધારિત છે.

**કેવી રીતે કરવામાં આવ્યું સૂર્ય તિલક?**

સૌપ્રથમ સ્ટોરેજ લેન્સ, કન્ડેન્સર લેન્સ અને અરીસાની મદદથી સૂર્યનાં કિરણોને એક નિશ્ચિત સ્થાન પર કેન્દ્રિત કરવામાં આવ્યા હતા, તે સૂર્યની સ્થિતિની ચોક્કસ ખગોળશાસ્ત્રીય ગણતરી અને એન્જિનિયરિંગનું પરાક્રમ હતું, જેના દ્વારા અરીસાઓ અને લેન્સને ચોક્કસ ખૂણા પર સ્થાપિત કરવામાં આવ્યા હતા, જેના લીધે સૂર્યનાં કિરણો સીધા રામલલાના કપાળ પર સુશોભિત થયાં. આ સમગ્ર પ્રક્રિયામાં સૌર સંરેખણ અને ભારતીય ખગોળશાસ્ત્રના સચોટ જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અગાઉ દર વર્ષે રામ નવમીના દિવસે આવું કરવાનો પ્રસ્તાવ હતો. પરંતુ આ રામ નવમીથી આવતા ૨૦ વર્ષ સુધી દરરોજ આમ થશે.

**આવું પહેલાં ક્યાંય બન્યું છે?**

મુગલો દ્વારા નુકસાન પહોંચાડ્યાના પહેલાં સુધી, સૂર્યના પ્રથમ કિરણો ઓડિસ્સાના કોણાર્કના સૂર્ય મંદિરના મુખ્ય ગર્ભગૃહ સુધી પહોંચતાં હતાં, પરંતુ કોઈપણ પ્રતિમાના માથા પર કોઈ ચોક્કસ તિલક થતું નહોતું. એ જ રીતે, મહારાષ્ટ્રના કોરાડી મંદિરમાં, સૂર્યનાં કિરણો એક ખાસ દિવસે ગર્ભગૃહમાં પ્રવેશ કરે છે. એ જ રીતે, મદુરાઈ (તામિલનાડુ) ના મીનાક્ષી મંદિરમાં, પણ સૂર્યપ્રકાશ ગર્ભગૃહ સુધી પહોંચે છે. બૃહદેશ્વર મંદિર (તંજાવુર) માં પણ, સૂર્યપ્રકાશ વિશિષ્ટ સંરેખણ દ્વારા નિશ્ચિત સમયે શિવલિંગ પર પડે છે, પરંતુ આ તમામ મંદિરોમાં, કોઈપણ મૂર્તિના કપાળ પર તિલક લગાવવાની ટેક્નોલોજી પહેલાં ક્યારેય નહોતી, જે પ્રકારની ટેક્નોલોજીથી રામલલાના કપાળને શણગારવામાં આવ્યું હતું. આવી ખાસ ટેકનિકનો પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો. અગાઉની તમામ તકનીકો પ્રકાશ સંરેખણ દ્વારા ગર્ભગૃહમાં સૂર્યનાં કિરણોને મોકલવા સુધી મર્યાદિત હતી.

**દુનિયામાં બીજે ક્યાં આવું બન્યું છે?**

અબુ સિમ્બલ મંદિર (ઇજિપ્ત)માં દર વર્ષે ૨૨ ફેબ્રુઆરી અને ૨૨ ઑક્ટોબરના રોજ, સૂર્યનાં કિરણો સીધા ફ્રાઓ રામસેસ દ્વિતીયની પ્રતિમા પર પડે છે, પરંતુ જે રીતે સૂર્યનાં કિરણો અયોધ્યાના રામ મંદિરમાં રામ લલાની મૂર્તિ પર પડે છે તેવી રીતે મૂર્તિના કપાળ જેવી ચોક્કસ જગ્યા પર થોડી મિનિટો માટે ચોક્કસ પડતા નથી.

**આ કેટલી મોટી ટેક્નોલોજી છે?**

આ ટેક્નોલોજી વાસ્તવમાં એન્જિનિયરિંગ અને ખગોળશાસ્ત્રનું સંયોજન છે. આ ટેક્નોલોજીમાં એકસાથે ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને પ્રકાશ વિજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હકીકતમાં, આ દુર્લભ ગોઠવણી અર્થાત રેર એલાઇનમેંટ, અત્યંત ચોક્કસ સમયની ગણતરી અને મિરર-લેન્સ સિસ્ટમના ઉત્તમ સંકલનનું પરિણામ છે. પહેલીવાર આ સૂર્ય કિરણ તિલક મંદિરમાં ધાર્મિક અનુષ્ઠાનનો હિસ્સો બન્યો છે. સૂર્ય તિલક એ ખૂબ જ જટિલ તકનીક છે. કોઈ ચોક્કસ દિવસે ચોક્કસ ક્ષણો માટે તેને સુનિશ્ચિત કરવું એ પણ એક કુશળતા છે.

**દરરોજ સૂર્ય તિલક કરવું કેવી રીતે શક્ય બનશે?**

રામનવમી એટલે કે ૬ એપ્રિલથી દરરોજ સૂર્ય તિલક કરવાનો પ્રસ્તાવ હોવાથી મનમાં એવા સવાલો ઉઠવા સ્વાભાવિક છે કે જ્યારે સૂર્યોદય સમયે વરસાદ, ધુમ્મસ હોય ત્યારે આ બધું કેવી રીતે શક્ય બનશે? નિષ્ણાંતોના મતે જો કોઈ દિવસે વરસાદ, વાદળો કે ખરાબ હવામાનને કારણે સૂર્યનાં દર્શન ન થાય તો સૂર્ય તિલકની ટેકનિક સંપૂર્ણપણે સીધા સૂર્યપ્રકાશ પર આધારિત હોય તો તે દિવસે સૂર્ય તિલક કરવું શક્ય નથી. કારણ કે ખગોળીય ઘટનાઓ કુદરતી રીતે હવામાન પર આધારિત છે. તેથી વિશ્વમાં ગમે ત્યાં ૧૦૦% આ કરવું કુદરતી રીતે સુનિશ્ચિત કરી શકાતું નથી. પરંતુ સૂર્યોદય વિના પણ, વિવિધ વૈજ્ઞાનિક તકનીકોથી તે ૧૦૦ ટકા શક્ય છે.

**કૃત્રિમ વિકલ્પો દ્વારા શક્ય**

જો મંદિર પ્રશાસન ઈચ્છે તો કેટલાક વૈકલ્પિક ટેક્નિકલ ઉપાયો અપનાવી શકાય જેમ કે કૃત્રિમ લાઇટિંગ સિસ્ટમ. જે રીતે સોલાર પાવર પ્લાન્ટમાં સોલાર લેમ્પનો ઉપયોગ થાય છે, તેવી જ રીતે અહીં પણ ખાસ પ્રકારની લાઇટિંગની વ્યવસ્થા કરી શકાય છે. આ એલઇડી અથવા લેસર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સૂર્યપ્રકાશનું કૃત્રિમ સ્વરૂપ બનાવી શકાય છે, જેથી તિલકની પરંપરા ચાલુ રહી શકે. રિફ્લેક્ટર મિરર સિસ્ટમથી પણ આ શક્ય છે. જો કોઈ પણ દિવસે સીધો સૂર્યોદય ન થાય તો તેના માટે પાછલા દિવસોથી એકત્રિત થયેલ પ્રકાશનો ઉપયોગ કરી શકાય છે.

**હોલોગ્રામ ટેક્નોલોજીનો વિકલ્પ**

બીજો વિકલ્પ ૩ડી પ્રોજેક્શન અથવા હોલોગ્રામ ટેક્નોલોજી હોઈ શકે છે, જે તિલકની અસર વાસ્તવિક સૂર્ય તિલક વખતે જે રીતે થાય છે તે રીતે જ બતાવશે. જો કે મંદિર પ્રશાસને હજુ સુધી કોઈપણ કટોકટીની સ્થિતિમાં કૃત્રિમ વિકલ્પો અપનાવવાની જાહેરાત કરી નથી, જો ભક્તોની માગ વધશે તો ભવિષ્યમાં કૃત્રિમ લાઇટિંગ અથવા વૈકલ્પિક તકનીકોનો સમાવેશ કરવામાં આવી શકે છે.

**અન્ય તકનીકો**

ઘણી વખત એવું બને છે કે મોસમી પરિસ્થિતિઓને કારણે સામાન્ય રીતે સૂર્ય ઊગતો જોઇ શકાતો નથી, પરંતુ વૈજ્ઞાનિકોનું માનવું છે કે તેમ છતાં સૂર્ય વાદળોની પાછળ તો હોય જ છે અને તેનો પ્રકાશ કોઈને કોઈ રૂપમાં પૃથ્વી પર આવતો હોય છે. એટલે કે નિયત સમયે સૂર્ય તેના સ્થાને ઉગી જાય છે, પછી ભલે તે વાદળોમાં છુપાયો હોય. તેનો પ્રકાશ કોઈને કોઈ સ્વરૂપે પૃથ્વી પર આવે છે. વૈજ્ઞાનિક સાધનોની મદદથી સૂર્ય તિલક માટે આ પ્રકાશનો ઉપયોગ સૂર્ય તિલક માટે શક્ય છે. આ માટે આધુનિક ઓપ્ટિકલ ટેક્નોલોજી અને સોલાર એનર્જી સ્ટોરેજ સિસ્ટમનો ઉપયોગ કરી શકાય છે. જ્યારે ઓપ્ટિકલ સેન્સર્સ અને રિલે મિરર્સ તેમજ સન ટ્રેકિંગ સેન્સર્સનો ઉપયોગ કરીને સૂર્ય દેખાતો ન હોય ત્યારે પણ આ શક્ય છે. કારણ કે આ સેન્સર સૂર્યની સ્થિતિને ટ્રેક કરે છે, ભલે તે વાદળોની પાછળ છુપાયેલ હોય. આવી સ્થિતિમાં, આ સેન્સર ખાસ મિરર સિસ્ટમની મદદથી મૂર્તિના કપાળ સુધી થોડો સૂર્યપ્રકાશ પણ પહોંચાડી શકે છે. ■

## મહિલા સશક્તિકરણ અંગે મલ્લીકાબેન શેઠ શું કહે છે?



હાલના સમયમાં સમાજમાં સ્ત્રી જેટલી સન્માનનીય છે એટલી કદાચ અગાઉ ક્યારેય ન હતી. નારી એ શક્તિનો અવતાર છે. તે તો આપણા દરેક ધાર્મિક ગ્રંથોમાં દર્શાવાયું છે. પરંતુ નારી શક્તિ જ નહીં, સ્નેહ અને સહનશીલતાની પણ મૂર્તિ છે. એક સમાજ, દેશ ત્યારે જ પ્રગતિ કરી શકે છે જ્યારે એક મહિલા આગળ વધતી હોય. નારી સંસારની જનની છે તેના વિના સૃષ્ટિ અધુરી છે. આજની નારી એ દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. પરંતુ હજુ નારીની સ્વતંત્રા, વિકાસ માટે ઘણુ કરવાનું બાકી છે. આપણે જે નારી સશક્તિકરણની વાત કરીએ છીએ તે હજુ મેટ્રો સીટી પુરતુ જ મર્યાદિત દેખાય છે. આપણો દેશ અનેક નાના ગામડાઓથી બનેલો છે અને હજુ ત્યાં સ્ત્રી-પુરુષ વચ્ચે અનેક ભેદભાવો જોઈ શકાય છે. આ માટે નારીઓએ જ આગળ આવવું પડશે અને એક સશક્ત અને આદર્શ સમાજની રચના કરવી પડશે. મારા મત પ્રમાણે નારીએ પુરુષ સમોવડી બનવાને બદલે એકબીજાના પુરક બનવું જોઈએ તો જ પરિવાર એક આદર્શ પરિવાર બની શકે.

ડૉ. ઈશ્વરલાલ ભરડા
feedback@bombaysamachar.com

# સોરઠની સંસ્કૃતિ, સમૃદ્ધિ ને સાધૂતાના કરો દર્શન માધવપુરના મેળામાં






આપણી સંસ્કૃતિ અને પરંપરા ભાતીગળ છે. દરેક તહેવારની સાથે ધાર્મિક કથા જોડાયેલી છે. આ સિવાય આપણા જાજરમાન અને વૈભવથી સભર મેળાનું પણ આગવું મહત્ત્વ હોય છે. એવો જ એક મેળો છે પોરબંદરના કિનારે આવેલા ગામ માધવપુરમાં. જેને ઘેડના નામે પણ ઓળખવામાં આવે છે. આ મેળો દર વર્ષે ચૈત્ર મહિનામાં રામ નવમીથી શરૂ થાય છે અને પાંચ દિવસ સુધી એમાં આપણી વિવિધતાથી ભરેલી સંસ્કૃતિના દર્શન થાય છે.

હિન્દુ પૌરાણિક કથા અનુસાર ૪૦૦૦ વર્ષ પહેલા ભગવાન કૃષ્ણના રુક્મિણી સાથે થયેલા વિવાહની સ્મૃતિ તરીકે આ મેળાનું આયોજન કરવામાં આવે છે. કથા તો એવી પણ છે કે રાજા ભીમકની દીકરી રુક્મિણીની ઇચ્છા ભગવાન કૃષ્ણ સાથે વિવાહ કરવાની હતી, પરંતુ તેમનો ભાઈ રુક્મિણીના લગ્ન ભગવાન કૃષ્ણના ભાઈ શિશુપાલ સાથે કરાવવા માગતા હતા. એથી કૃષ્ણએ રુક્મિણીનું અપહરણ કર્યું અને માધવપુરમાં લગ્ન કર્યા હતાં.

**શું છે આ મેળાની ખાસિયત**

સૌરાષ્ટ્રના સાગરકાંઠે પોરબંદર-માંગરોળ મધ્યે ઘેડના નાકા અને નાકું એવા માધવપુરમાં પૌરાણિક અને ધાર્મિક તેમજ સાંસ્કૃતિક દર વર્ષે ચૈત્ર સુદ ૯ થી ૧૩ સુધી સોરઠી ઢબનો મેળો ભરાય છે પાંચ દિવસ માધવપુર પંથકમાં વિવાહમય વાતાવરણ છવાઈ જાય છે પ્રાકૃતિક સૌંદર્યથી વીંટળાયેલા પશ્ચિમ સૌરાષ્ટ્રના સૌંદર્ય ધામો માંગરોળ અને ચોરવાડ જેટલું જાણીતું પ્રાચીનનગર માધવપુર (ઘેડ) છે.

સુવિખ્યાત ભજનિક સ્વ મોહનલાલ રાયણીએ (ભજનમાં ગાયું છે કે 'મારું રે માહિયારું માધવપુરમાં, મથુરાનગરમાં વેલડું જોડે તો મળવા જાઈએ' શ્રી કૃષ્ણ રુક્મિણીનીના લગ્નની વાતને હજારો વર્ષ પછી હૈયામાં સંઘરીને બેઠેલું માધવપુર(ઘેડ) સૌરાષ્ટ્રના નૈઋત્ય કોણમાં માંગરોળ થી વાયવ્યે ૧૮ માઈલ, કેશોદ સ્ટેશનથી પશ્ચિમે ૨૬ માઈલ અને પોરબંદરથી અગ્નિ ખૂણામાં ૩૬ માઈલના અંતરે આવેલું ઐતિહાસિક નગર છે. અહીં યુગપુરુષ લોકજીવનના આરધ્યદેવ અને સાડા ત્રણ હજાર વર્ષ પછીએ જેને હૈયામાં ધબકતો રહેલો ભગવાન શ્રીકૃષ્ણ અરબી સમુદ્રના કાંઠે માધવરાયના રૂપે મંદિરમાં બિરાજે છે સાગર રાણો અહર્નિશ એમના પગ પખાળે છે.

રાજ્યના મુખ્ય ત્રણ મેળા તરણેતર, શિવરાત્રી અને માધવપુરમાં માધવપુર મેળાનું મહત્ત્વ વધારે છે ઘેડમાં મુખ્ય ત્રણ નદીઓ વહે છે તેમાં ભાદર, ઓઝત્ત્વ અને મધુવંતી આ ત્રણેયનું સંગમ સ્થાન માધરવપુર છે લોક હૃદયને હૈયે પણ ગવાય છે 'ગંગા, યમુના, સરસ્વતી ગોમતી એ ગૌદાન, તેથી અધિક મધુવંતી, જ્યાં પરણ્યા શ્રી ભગવાન' આ મેળા અંગે 'માધવપુરનો માંડવો, જાદવકુળની જાન, પરણે રાણી રુક્મિણી શ્રી માધવરાય ભગવાન' કહેવત પણ ખૂબ પ્રચલિત છે.

'તીર્થ ભૂમિ ગુજરાત' પુસ્તકમાં લેખક શ્રી રાઘવીર ચૌધરી નોંધે છે કે માધપવુર (ઘેડ) સૌરાષ્ટ્ર સાગર કાંઠે વૃંદાવન છે. માધવપુર ભારતીય ધર્મ સાધકનું સંગમ સ્થળ છે. સાધકોનો માળો અને ભક્તોનો મેળો માધવપુર છે. સ્કંદપુરાણના માધવ પુરા-મહાત્મ્યમાં જે તીર્થોનો ઉલ્લેખ છે એમાનાં કેટલાંક અદશ્ય થઈ ગયાં છે, છતાં બ્રહ્મકુંડ, ગદાવાવ, કર્દમકુંડ મેરાયા, વરાહકુંડ ચોબારી, કપીલ ડેરી અને સિદ્ધતીર્થ સંગમ નારાયણ આદિના વર્ણનો મુજબ અસ્તિત્વ છે.

સાગર કાંઠાની ઊંચાઈએ શ્રી માધવરાયજીનું મંદિર છે. ત્યાંથી મધુવન ભણી જતાં શ્રી રામદેવજી મહારાજનું નૂતનમંદિર બંધાયું છે. મધુવનમાં મહાપ્રભુજીની બેઠક છે શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી એ રુક્મિણી વનમાં આવેલા કર્દમકુંડ ઉપર શ્રીમદ્ ભાગવત પારાયણ તેમજ વ્યાખ્યાન કર્યું હતું, જ્યાં પરંપરાથી એમની ભારત વર્ષની ૮૪ બેઠકોમાંની ૬૬મી બેઠક અહીં સૂચવાઈ રહી છે. મહાપ્રભુજીની બેઠક નજીક રુક્મિણી શ્રી કૃષ્ણ લગ્ન માટેની ચોરી છે માહયરું છે. માધવપુર (ઘેડ) પુરાણ કાળથી જ ઉત્સવ મેળાઓની ઉલ્લાસ ભૂમિ છે. અહીં અનેક સામાજિક પ્રસંગો એ વિશાળ માનવમેદની ઉમટતા લોકોનાં હૈયા ઉત્સવ ઘેલાં બને છે. આ ઉત્સવનો લોકમેળો એક બાજુ છે તો બીજી બાજુ રામાનુંજ, જાદવ, રામાનંદ, જાદવ કબીર આદિની સ્મૃતિ જાળવી રાખતાં સ્થળો છે. ગોરખનાથની ગુફા વિશે કહેવાય છે કે ત્યાં તેમણે તપશ્ચર્યા- સાધના કરેલી બાજુમાં નીલકંઠ મહાદેવનું મંદિર છે. ભગવાન લકુલીશની શૈવ ઉપાસનાની વિશેષતા દર્શાવતું એક શિલ્પ સચવાઈ રહ્યું છે. આમ, રામાનુજ, જાદવ, વલ્લભથી મોડીને નાથ, કબીર અને સહજાનંદની પરંપરાના અનેક સંત ભક્તોથી ભૂમિનું સેવન થયું છે

માધવપુરનો મેળો એટલે અગ્નિની સાક્ષીએ સુખ દુઃખમાં સાથે આજીવન જીવવાના બે આત્માઓને લગ્નના પવિત્ર સંબંધથી જોડતો જ્ઞાન, ભક્તિ, કર્મ અને ઉલ્લાસનો મહિમા દર્શાવતો મેળો એ માધવરાયના પરિણયનો મેળો છે. પોરબંદર જિલ્લામાં આવેલા સાગરતળે માધવરાયના સાનિધ્યમાં યોજાતો માધવરાયનો મેળો. આ મેળો દાયકાઓ સુધી ભાગ લેતા રહેલા પંડિત કે. કા શાસ્ત્રી એ કહ્યું છે કે ઘેડની પ્રકૃતિ અને સંસ્કૃતિ બન્ને સમૃદ્ધ છે. મેળા વખતે અહીં ધરતી ગ્રામીણ યુવક- યુવતીઓનાં ભાતીગળ વસ્ત્રોથી ઢંકાઈને વાસંતી બની જાય છે. સૌરાષ્ટ્રમાં દર્શનમાં આપણા ઈતિહાસ વિદ્ શંભુભાઈ દેસાઈ માધવપુર (ઘેડ) વિશે કહે છે 'નાખો એટલું જ નીપજે ને કરીએ તેટલી ખેડ, નહીં નીંદવું, નહીં ખોદવું ધબકે ગોરંભાતો ઘેડ' છેલ ફરેને છેતરે કાદવ ભાંગ કેડ, ઘઉં ચણાને ગુંધરી ઘરી ભરી દે ઘેડ' સકર કંદને સેલરાં બીજાં હરિ નામ પૂજ્યા હોય તો પામીએ શીલ સરખાં ગામ'.

માધવપુર મેળામાં ભાટ, બારોટને ચારણ કવિઓયે આવે રાતના લોકવાર્તા અને લોકગીતની રજુઆત થાય. જુવાનિયાઓ સામ સામાં દુહાની રમઝટ બોલાવે 'સાખ પડે બેડોને શેરડી કાંઠા ઘઉં કટક રેંટ ખટુકે વાડીએ ભોંય ધરા સરઠ' 'વસતી જ્યાં બહુ મહેરની, નારી પાતળ પેટ ઘી પથ્થર, વખાણવામાં ભોંય બરડો બેટ, 'માથે ભલો માળવો ઉનાળે ગુજરાત ચોમાસે સોરઠ ભલો બરડો બારે માસ'

આ ઘેડ પંથકનાં ભાતીગળ મેળામાં ભજનો ગાવામાં લોક સાહિત્યકારો પોતાનું સૌભાગ્ય માને છે સૌરાષ્ટ્રમાંથી ભજનીકો, લોક કથાકારો, બારોટો ચારણો, ગઢવીઓ, ગાયકો પોતાના સાજ સાજિંદા સાથે ભજનની રમઝટ બોલાવે છે. જગતનાં દુઃખો ભૂલી તમામ વર્ગના લોકો પાંચ દિવસ ચાલનારા આ મેળામાં આનંદ ઉલ્લાસ ભક્તિ, ભોજન અને પૂજામાં લીન થઈ જાય છે આ મેળામાં કેટલીક સેવા ભાવી સંસ્થાઓ દ્વારા સતત પાંચ દિવસ સુધી ભાવિકોને ભોજનની વિના મૂલ્યે સગવડ આપવામાં આવે છે.

અહીં મેળામાં ભાતીગળવસ્ત્રો, ખુલ્લા ચોરણામાં સફેદ પાઘડી પરિધાન કરી મૂછે વળ ચડાવી વાકલડી પાઘડી માથે વેંત એકનું છોગું ફરકાવતા જવાંમર્દ મહેર, કોળી, રબારી, આહીર જુવાનો, અનોખી ભાત પાડતા જોવા મળે છે.

આ લોક મેળાનો પ્રારંભ ચૈત્ર સુદ નોમથી સુદ તેરસ સુધી સતત પાંચ દિવસ યોજાય છે. આ વર્ષે આ મેળો આજથી શરૂ થઈ રહ્યો છે. ભગવાન શ્રી રામના પ્રાગટ્ય દિન રામનવમીના દિવસે મંડપરોપણ થાય છે. ભગવાન શ્રી માધવરાયજી ત્રિકમરાયજીના મંદિરેથી પહેલા ફૂલેકાનો પ્રારંભ રાત્રીના ૯ કલાકે થાય છે. ચૈત્ર સુદ દસમ તથા અગિયારસના દિવસે બીજું અને ત્રીજું ફૂલેકું નીકળે છે ચૈત્ર સુદ બારસ વિવાહ ઉત્સવ તરીકે ઉજવાય છે જેમાં માધવપુર (ઘેડ)ની નજીકના કડછ ગામના કડછા મહેર ધર્મના ઝંડા સાથે શણગારેલા હાથી, ઊંટ અને ઘોડા પર સવાર થઈ રુક્મિણીનું મામેરું લઈને આવે છે. ત્યારે જ ભરમેળો ગણાય છે.

મધુવનમાં આવેલ મહાપ્રભુજીની બેઠકના સાનિધ્યમાં રુક્મિણીના માવતર પક્ષની જગ્યા રુક્મિણી મઠથી બપોરે ૧૨ કલાકે ભગવાન શ્રી કૃષ્ણનું સામૈયું કરવામાં આવે છે. ત્યાર બાદ સાંજના ચાર કલાકે નીજ મંદિરેથી ભગવાન શ્રી કૃષ્ણ જાનનું પ્રયાણ થાય છે શ્રી કૃષ્ણ વરરાજા બને છે રૂપેણવાનમાં જાનનું આગમન થાય છે. વેવાઈઓ દ્વારા જાનનું સ્વાગત થાય છે.

હિન્દુ સમાજમાં થતી લગ્નવિધિ મુજબ કન્યાદાન દેવાય છે. મંગળ ફેરા ફરે છે. શાસ્ત્રોક્તવિધિ અને વેદોચ્ચાર મંત્રો સાથે શ્રી કૃષ્ણ-રુક્મિણી સાથે અગ્નિની સાક્ષીએ લગ્ન ગ્રંથી જોડાય છે લગ્નની ખુશાલીમાં કંસારનો પ્રસાદ વહેંચાય છે. લગ્નવિધિ પૂર્ણ થયા બાદ ચૈત્ર સુદ તેરસને દિવસે સવારે કરુણ વિદાય પ્રસંગ આવે છે શ્રી કૃષ્ણ વાજતે ગાજતે પરણીને બપોરના ત્રણ કલાકે નીજ મંદિરમાં પધારે છે. તે સાથે માધવપુરના મેળાની પૂર્ણાહુતિ થાય છે.

માધવપુરનો મેળો રામનવમીથી શરૂ થાય પણ અગિયારસની રાતે પુરબહારમાં ખીલે છે. વર્તમાન યુગમાં મોટર, મોટર સાઈકલો, બસો, ટ્રેકટરો, ખટારાઓ જેવાં વાહનો આવ્યાં તે પહેલા ખેતી કરનારી તમામ કોમના લોક ગાડાં જોડીને સહકુટુંબ માધવપુરનો મેળો માણતા ને શ્રીકૃષ્ણને પરણાવવા દોઢસો-બસો ગાડાં જોડીને ત્રણ ત્રણ દિવસનાં ભાતાં પોતાના લઈને મેળામાં આવતાં.

અરુણાચલ પ્રદેશની મીષ્મી આદિજાતના મૂળ રાજા ભીષ્મક સુધી વિસ્તરેલી હોવાનું મનાય છે. દિબાંગ ખીણ જિલ્લામાં રોલિંગ પાસે આવેલા ભીષ્મક નગરનો ઉલ્લેખ કલકી પુરાણમાં પણ જોવા મળે છે. પૂર્વથી ચાલી આવતી પરંપરામાં મિષ્મી આદિજાતિના લોકો ભીષ્મક અને રુક્મિણીના વંશજો હોવાનું તે વિસ્તારનાં કથાનકોમાં આલેખાયેલ છે. આવી જ રીતે મણીપુર અને અરુણાચલની ઈદુ મીષ્મી આદિજાતિના લોકનૃત્યોમાં પણ શ્રીકૃષ્ણ રુકમણીની કથાનું આલેખન જોવા મળે છે.

શ્રીમદ્ ભાગવતના દસમ સ્કંધમાં માધવપુરનો ઉલ્લેખ પણ જોવા મળે છે મહારાજા ભીષ્મક વિદર્ભના અધિપતિ હતા. તેમના પાંચ પુત્રો અને એક સુંદર કન્યા હતી તે કન્યાનું નામ રુક્મિણી હતું. રુક્મિણીએ ભગવાન શ્રી કૃષ્ણની સુંદરતા, શૌર્ય, પરાક્રમ અને વૈભવની પ્રશંસા સાંભળી મનોમન તેમને વરવાનું નક્કી કર્યું. પરંતુ રુક્મિણીનો સૌથી મોટો ભાઈ રુક્મિણી શ્રી કૃષ્ણનો અત્યંત દ્વેષી હતો, જે શિશુપાલ સાથે બહેન રુક્મિણીનો વિવાહ કરવા ઈચ્છતો હતો. જ્યારે રુક્મિણીને આ અંગે માલૂમ થયું ત્યારે તેઓએ સુદેવ નામના બ્રાહ્મણ સાથે શ્રીકૃષ્ણને સંદેશો મોકલ્યો હતો. આ લેખિત સંદેશામાં રુક્મિણીએ પોતાનું સર્વસ્વ શ્રી કૃષ્ણને વરી ચૂકેલી હોવાનું જણાવ્યું હતું. શ્રીકૃષ્ણ એ વિદર્ભના કુંદનપુર (કોડીયપુર) જઈને રુક્મિણીનું હરણ કર્યું. અને માધવપુર આવીને શ્રી કૃષ્ણ-રુકમણીના ગાંધર્વ પ્રથાથી મધુવનમાં લગ્ન થયા હતાં. તે રીતે માધવપુરાનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં છે.

ભગવાન શ્રી કૃષ્ણ સૌરાષ્ટ્રની ભૂમિ અમસ્તા ભૂલા નહોતા પડ્યા, સોરઠની પ્રજાના નિર્મળ હૃદયના પારદર્શક પ્રેમ અને ભક્તિભાવ ભાળી, જાણી જોઈને ભૂલા પડ્યા હતા અને રુક્મિણી સાથે લગ્ન કરીને સોરઠની ધરા ધન્ય બનાવી હતી. આપણા સુપ્રસિદ્ધ કવિ રમેશ પારેખે કહ્યું છે કે

આ મન પાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે

કોઈ આવ્યા છે સપનું લઈને કોઈ રાત લઈને આવ્યા છે

આમ, આ ભાતીગળ મેળામાં દિવ્ય પ્રેમ અને અલૌકિક સ્મૃતિઓનો આનંદ ઉલ્લાસ લઈને લોકો પોતપોતાના વતનની વાટે વળે છે. ■

# ભૂલ થઈ ગઈ હોવાનું ખુદ જૈનાચાર્યે જ કબૂલેલું




**જૈન સાધુ સાગરચન્દ્રસાગર મહારાજના મોબાઈલ ફોનમાંથી અશ્લીલ ફોટો ચોરનાર મહિલાએ "મુંબઈ સમાચાર" પાસે કર્યો ચોંકાવનારો ખુલાસો**

**બિમલ મહેશ્વરી**

મુંબઈઃ દુરાચારના ગંભીર આક્ષેપોથી ઘેરાયેલા જૈનાચાર્ય સાગરચન્દ્રસાગર મહારાજના મોબાઈલ ફોનમાંથી એમની એક ચૂસ્ત અનુયાયી મહિલાએ અશ્લીલ તસવીરો પોતાના ફોનમાં ફોરવર્ડ કરેલી. તનુશ્રી (નામ બદલ્યું છે) નામની આ મહિલાનો મુંબઈ સમાચારે સંપર્ક કર્યો અને આખા પ્રકરણની વિગતવાર ચર્ચા કરી. પ્રસ્તુત છે તનુશ્રી સાથે થયેલી વાતચીતના અંશ :-

**મુંબઈ સમાચાર એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુ**

★ **મુંબઈ સમાચાર : તમે જૈનાચાર્ય સાગરચન્દ્રસાગરના સંપર્કમાં કઈ રીતે આવ્યાં?**

તનુશ્રી : ૨૦૦૫માં ભાયંદરમાં તેમનો ચાતુર્માસ હતો ત્યારે હું તેમને પહેલીવાર મળેલી. ત્યારે મારાં મેરેજ પણ થયાં નહોતાં અને ધર્મની ખાસ ગતાગમ પણ નહોતી. એ પછી દોઢ વર્ષ સુધી એમની સાથે કોઈ કોન્ટેક્ટ નહોતો. દોઢ વર્ષ બાદ અમારા રહેણાંક સંકુલમાં જ એમનો ચાતુર્માસ હતો અને ધર્મમાં હવે મને રસ પણ પડવા લાગ્યો હતો. હું તેમને મળતી અને ધીરે ધીરે તેમના પ્રભાવમાં આવી ગઈ. એ ધર્મ અને સારા સંસ્કારોની વાત કરતા. ઘરોબો થઈ ગયેલો એટલે હું પણ મારા ઘરની વાતો કરતી. વાસ્તવમાં બધી ચર્ચા સદંતર નોર્મલ જ હતી. લગ્ન પછી પણ હું એમને મળતી. મને એ જાપ આપતા અને એ હું કરતી. મને પણ જીવનમાં ફરક લાગવા માંડ્યો. વાલકેશ્વર અને પ્રાર્થના સમાજમાં એમનો ચોમાસુ હતો ત્યાં પણ હું પતિની સાથે મળવા જતી.

★ *મું.સ. : તમારી સાથે એમનો વ્યવહાર કેવો હતો?*

તનુશ્રી : એમનો વ્યવહાર મારી સાથે એકદમ નોર્મલ જ હતો. ક્યારેય ખરાબ વર્તન કર્યું નથી. તેમને દરેક વયના લોકો મળવા આવતા. ક્યારેય કોઈ સાથે અજુગતું વર્તન કર્યું હોવાની ખબર પડી નથી. વિદેશમાં રહેતી એક શ્રાવિકા તેમને નિયમિત મળવા આવતી. જોકે કંઈ એવી ખરાબ હરકત મેં જોઈ નહોતી.

★ *મું.સ. : તમારી પાસે અશ્લીલ ફોટો ક્યારે અને કેવી રીતે આવ્યા?*

તનુશ્રી : માર્ચ ૨૦૨૪ની વાત છે. વસઈમાં હાઈવે પાસે એક કારખાનામાં પંચધાતુમાંથી ભગવાન ની મૂર્તિ ઢાળવાની પ્રક્રિયા ચાલતી હતી. હું પણ ત્યાં હતી. મારો દસ વર્ષથી એમની સાથે સંબંધ હતો એટલે સાગરચન્દ્રસાગરનો મોબાઈલ મારા હાથમાં આવ્યો. ઝીરો, ઝીરો, ઝીરો પાસવર્ડ નાખવાનો તુક્કો અજમાવ્યો તો લોક ખૂલી ગયું. ગેલેરીમાં ગઈ તો ત્યાં બે સાધ્વી અને એક શ્રાવિકા સાથેના ૨૫-૨૭ જેટલા ફોટો હતા અને બે વીડિયો હતા. આ બધા ફોટા અને વીડિયો મેં મારા ફોનમાં ચૂપચાપ ફોરવર્ડ કરી દીધા.

★ *મું.સ. : સાગરચન્દ્રસાગરને ખબર પડી?*

તનુશ્રી : ફોટા અને વીડિયો ફોરવર્ડ કર્યા બાદ મેં ચૂપચાપ ફોન એની જગ્યાએ મૂકી દીધો. એમને ખબર ન પડી. જોકે એ ફોટા અને વીડિયો જોઈ મારી તબિયત બગડી ગઈ. અશ્લીલ ફોટોમાં બે સાધ્વી હતી અને એક શ્રાવિકા હતી. હું ડિપ્રેશનમાં જતી રહી. નવેક મહિના સુધી હું એમને મળી જ નહીં. હું પાલિતાણા પણ ગઈ હતી, પણ એમને મળવાનું મે ટાળેલું. એમનો ફોન આવતો, પણ હું એમની પાસે સતત ખુલાસો જ માગતી.

★ *મું.સ. : કોણ બે સાધ્વી હતી?*

તનુશ્રી : ફોટો મારા હાથમાં આવ્યા એ બાદ આ બે સાધ્વી કોણ છે એની તપાસ શરૂ કરી. તપાસમાં બન્ને સાધ્વીના ચરિત્ર વિશે ખરાબ અભિપ્રાય મળ્યા. આમાંની એક સાધ્વીએ જ્યારે હું મળવા ગઈ ત્યારે એણે મારા ગાલ પર હાથ રાખેલો. મારા મતે આ બેડ ટચ હોવાનુ મને ફીલ થયું. વાસ્તવમાં મારી મોટી દીકરીને હું દીક્ષા અપાવવાની હતી, પણ ફોટો હાથમાં આવતા મેં હવે વિચાર બદલી નાખ્યો છે. સાધ્વીઓને મેં જ્યારે ફોટો વિશે પૂછ્યું તો એમણે મને એમ કહ્યું હવે અમે સાગરચન્દ્રસાગરના કોન્ટેક્ટમાં નથી.

★ *મું.સ. : તમે આ ફોટોનું શું કર્યું ?*

તનુશ્રી : એક વર્ષથી આ બધા ફોટો મારી પાસે હતા. એકવાર એમાનો એક ફોટો મેં બેમાંથી એક સાધ્વીના બહેનને વોટ્સએપ પર મોકલાવેલો. એણે જોયો કે તરત જ મેં ડીલિટ કરી નાખેલો. વિદેશથી જે શ્રાવિકા મળવા આવતી એને મેં બધા ફોટા મોકલાવેલા, પણ એણે મને એમ કહ્યું કે આ બધી વાતોમાં મને રસ નથી.

**શું છે આખું પ્રકરણ...**

**જૈનાચાર્ય સાગરચન્દ્રસાગરના તેમના જ સંઘાડાની બે સાધ્વી અને એક શ્રાવિકા સાથેના અશ્લીલ ફોટો વાયરલ થતાં જૈન સમાજમાં સોપો પડી ગયો છે. જૈન સમાજના અમુક લોકોએ સાગરચન્દ્રસાગરને પાલિતાણામાં સાંસારિક વસ્ત્રો પહેરાવી દેવાનો તાજેતરમાં પ્રયત્ન પણ કર્યો હતો. સાગરચન્દ્રસાગરના ગુરુ અશોકચન્દ્રસાગરે તેમને નિર્દોષ જાહેર કર્યા છે. જો કે આ નિર્ણયથી અસંતુષ્ટ થયેલા અમદાવાદના એક અગ્રણી કોર્ટમાં જવાની તૈયારી કરી રહ્યા છે. બીજી તરફ આ બન્ને સાધ્વી અત્યારે ક્યાં છે એની ખાસ કોઈને ખબર નથી.**

★ *મું.સ. : તમે સાગરચન્દ્રસાગરને બ્લેકમેઈલ કરતાં હતાં?*

તનુશ્રી : ફોટો મારી પાસે એક વર્ષથી હતા. જોધપુરની જિનશાસન રક્ષાર્થ સમિતિના અધ્યક્ષ કલ્પેશ સિંઘવીને ફોટો મેં નથી આપ્યા. એ કેવી રીતે લીક થયા એની મને ખબર નથી અને મેં ક્યારેય સાગરચન્દ્રસાગરને બ્લેકમેઈલ કર્યા નથી.

★ *મું.સ. : સાગરચન્દ્રસાગર તમને આર્થિક મદદ કરતા હતા?*

તનુશ્રી : કોરોનાકાળમાં મારા પતિની નોકરી પણ જતી રહેલી. અમારી આર્થિક પરિસ્થિતિ પણ નબળી હતી. એ અરસામાં મારી દીકરીઓની સ્કૂલની ફીના પૈસા બે વાર સાગરચન્દ્રસાગરે આપેલા. હા, મેં એમની પાસેથી મોબાઈલ હેન્ડસેટ પણ માગેલો જે એમણે આપ્યો નહોતો.

★ *મું. સ. : સાગરચન્દ્રસાગરે ક્યારેય તમને અશ્લીલ ફોટો વિશે ખુલાસો આપ્યો?*

તનુશ્રી : નવેમ્બર ૨૦૨૪ના હું પાલિતાણા ગઈ હતી અને ત્યાં સાગરચન્દ્રસાગરને મળી હતી. મેં ખુલાસો માગ્યો તો એમણે પોતાનાથી ભૂલ થઈ હોવાનું સ્વીકાર્યું હતું અને હવે આવી ભૂલ નહીં થાય એવું કહ્યું હતું.

★ *મું.સ. : સાગરચન્દ્રસાગરના માજી શિષ્ય મૈથિલ સાથે તમારી મિલિભગત હતી?*

તનુશ્રી : મૈથિલ સુરતનો છે અને એણે સાગરચન્દ્રસાગરના હાથ નીચે દીક્ષા લીધેલી અને ગણતરીના મહિનામાં એ સંસારમાં પાછો આવી ગયેલો. મને કોઈ અજાણ્યા નંબરથી ધમકીના મેસેજ આવતા હતા અને કોણ એ મેસેજ મોકલાવે છે એ શોધવામાં મદદ કરવાની મેં મૈથિલને વિનંતી કરેલી. એ કામ માટે એણે મારી પાસેથી ૧૯ હજાર લીધેલાં જે મેં જીપૅથી ચૂકવેલા. પછી સાગરચન્દ્રસાગર થકી મને ખબર પડી કે આ મેસેજ બેમાંની એક સાધ્વીનો પિતરાઈ નવસારીથી મને મોકલતો હતો.

★ *મું.સ. : તમે મૈથિલને ફોટો આપેલા?*

તનુશ્રી : હા. એને ખબર પડી ગયેલી કે મારી પાસે અશ્લીલ ફોટો છે. મેં એને આપ્યા એ બાદ વોટ્સએપ ગ્રૂપમાં એ વાયરલ થઈ ગયા અને સાગરચન્દ્રસાગરનો ભાંડો ફૂટી ગયો. મૈથિલે જ ફોટો લીક કર્યાની મને શંકા છે.

★ *મું.સ. : ફોટો વાયરલ થયા એ પછી સાગરચન્દ્રસાગરનો ફોન આવ્યો?*

તનુશ્રી : બેવાર આવ્યો હતો. એકવાર ફોટો લીક થયા કે આવેલો. એમને મારા પર શક હતો અને બીજીવાર મારા અને સાગરચન્દ્ર વચ્ચેનો ફોન સંવાદ લીક થયો ત્યારે આવેલો. હવે હું એમના ટચમાં નથી.

★ *મું.સ. : દીકરીને હજી પણ દીક્ષા અપાવશો?*

તનુશ્રી : ક્યારેય નહીં. હવે તો મેં પણ ઉપાશ્રયમાં જવાનું લગભગ બંધ કરી દીધું છે. ઘરમાં જ પૂજાપાઠ કરું છું અને દેરાસરમાં મૂર્તિને પગે લાગવા જાઉં છું.

★ *મું.સ. : ધમકી આવે છે?*

તનુશ્રી : ના, નથી આવતી. પારિવાર છે એટલે મારું નામ જાહેર ન કરવા વિનંતી કરું છું. ■

# સંપૂર્ણ રાજકીય સન્માન સાથે મનોજ કુમારના અંતિમસંસ્કાર

મુંબઈઃ 'ઉપકાર' અને 'ક્રાંતિ' જેવી ફિલ્મોમાં દેશભક્તિના નાયકોના ચિત્રણ માટે 'ભારત કુમાર'ના નામથી જાણીતા મનોજ કુમારના શનિવારે અહીં સંપૂર્ણ રાજકીય સન્માન અને ત્રણ તોપોની સલામી સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જુહુના પવન હંસ સ્મશાન ગૃહમાં હાજર મનોરંજન ઉદ્યોગની અગ્રણી હસ્તીઓમાં મેગાસ્ટાર અમિતાભ બચ્ચન અને પીઢ પટકથા લેખક સલીમ ખાનની હાજરી હતી.

અંતિમ સંસ્કાર સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે શરૂ થયા હતા અને દિવંગતના બે પુત્રો - વિશાલ અને કુણાલ - એ અગ્નિદાહ દીધો હતો. ૮૭ વર્ષના મનોજ કુમારનું ઉંમર સંબંધિત સમસ્યાઓને કારણે કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં અવસાન થયું હતું.

રાજ બબ્બર, અભિષેક બચ્ચન, જિમી શેરગિલ, અરબાઝ ખાન, સુભાષ ઘઈ, અનુ મલિક, ઝાયેદ ખાન, પ્રેમ ચોપડા, રાજપાલ યાદવ, રણજીત અને સુનીલ દર્શન પણ અંતિમ સંસ્કાર વખતે હાજર હતા. અંતિમસંસ્કાર બાદ બચ્ચને પુત્ર અભિષેક સાથે અને પોતાના પુત્ર અરબાઝ સાથે આવેલા ખાને કુમારના પરિવારને આશ્વાસન આપ્યું હતું.

પીઢ અભિનેતા-રાજકારણી રાજ બબ્બરે ૧૯૯૯માં ''શહીદ ઉધમ સિંહ'' પર કામ કરવાનું શરૂ કર્યું ત્યારે મનોજ કુમારના આશીર્વાદ લીધા હતા એ યાદ કરી જણાવ્યું હતું કે 'ભારતીય ફિલ્મ ઉદ્યોગે એક કિંમતી રત્ન ગુમાવ્યું છે.'

મનોજ કુમારના જુહુ સ્થિત નિવાસસ્થાને તેમની યુવાનીનો ફોટોગ્રાફ પ્રવેશદ્વાર પર મૂકવામાં આવ્યો હતો જેથી દરેક જણ આદર વ્યક્ત કરી શકે. (પીટીઆઈ)■



**અંતિમ સલામઃ** હિન્દુ ફિલ્મોદ્યોગના દિગ્ગજ કલાકાર મનોજ કુમારની અંતિમયાત્રા શનિવારે જુહુ ખાતે નીકળી હતી જેમાં અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન અને લેખક સલીમ ખાને ભાગ લીધો હતો. (પીટીઆઈ)



# જબરી ફજેતીઃ રાજ્યકક્ષાના ગૃહ પ્રધાનનો મોબાઈલ ચોરાયો

**અલબત્ત યોગેશ કદમના કાર્યાલય દ્વારા એવી સ્પષ્ટતા કરાઈ હતી કે એ મોબાઈલ તો પ્રધાનની સાથેની વ્યક્તિનો હતો**

બીડઃ રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન યોગેશ કદમની સુરક્ષાવ્યવસ્થાની ફજેતી કરતી ઘટના બીડ જિલ્લામાં બની હતી. પોલીસના ચાંપતા બંદોબસ્ત અને મીડિયાના કૅમેરા સામેથી ચાલાક ચોર કદમનો મોબાઈલ ફોન ચોરી રફુચક્કર થઈ ગયો હતો. આ ઘટનાને પગલે વિરોધ પક્ષે સુરક્ષાવ્યવસ્થાની ટીકા કરી હતી.

મળતી માહિતી અનુસાર યોગેશ કદમ શુક્રવારે બીડની મુલાકાતે ગયા હતા. કદમ મસ્સાજોગ ગામમાં સંતોષ દેશમુખના પરિવારને સાંત્વના આપવા ગયા હતા. તે સમયે સુરક્ષામાં તહેનાત પોલીસ અધિકારીઓ પણ તેમની સાથે હતા.

કહેવાય છે કે પોલીસ સુરક્ષા અને મીડિયાના પ્રતિનિધિઓની હાજરી વચ્ચે કોઈએ કદમનો મોબાઈલ તફડાવ્યો હતો. મોબાઈલ ગુમ હોવાની જાણ થતાં જ શોધખોળ શરૂ થઈ હતી. શોધ ચલાવ્યા છતાં મોબાઈલની કોઈ ભાળ ન મળતાં સુરક્ષા માટે હાજર પોલીસ માટે તો જાણે ડૂબી મરવા જેવી બીના હતી.

આ પ્રકરણે કેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ખુદ રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાને મોબાઈલ ચોરીની ફરિયાદ કરવી પડે તે ગૃહ ખાતા માટે શરમજનક બાબત હોવાની ટીકા કરાઈ હતી. દરમિયાન કદમના કાર્યાલયમાંથી ખુલાસો કરાયો હતો કે જે મોબાઈલ ચોરાયો તે યોગેશ કદમનો નહીં, પણ તેમની સાથેની એક વ્યક્તિનો હતો. જોકે કદમની હાજરીમાં પોલીસની નજર સામેથી તેમની નજીકની વ્યક્તિનો મોબાઈલ ચોરાય તે પણ કાયદા-વ્યવસ્થા સામે સવાલ ઊભો કરનારી ઘટના હોવાનું કહેવાય છે. ■

# ધનંજય મુંડેને ઝટકોઃ પહેલી પત્નીને ભરણપોષણ આપવાના આદેશ સામેની અરજી કોર્ટે ફગાવી

મુંબઈઃ પ્રથમ પત્ની હોવાનો દાવો કરનાર મહિલાને ભરણપોષણ ચૂકવવાના મેજિસ્ટ્રેટના વચગાળાના આદેશ સામે એનસીપીના નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડેની અરજી સેશન્સ કોર્ટે શનિવારે ફગાવી દીધી હતી.

એનસીપીના નેતા ધનંજય મુંડેએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે તેમણે અરજદાર મહિલા કરુણા મુંડે સાથે ક્યારેય લગ્ન કર્યા નહોતા. મેજિસ્ટ્રેટે પોતાના મગજનો ઉપયોગ કર્યો નહોતો અને અત્યાચારી આદેશ આપ્યો હતો, એવી દલીલ પણ તેમણે અરજીમાં કરી હતી.

બાન્દ્રા મેજિસ્ટ્રેટ કોર્ટે ચોથી ફેબ્રુઆરીએ ધનંજય મુંડેને કરુણાને દર મહિને ૧,૨૫,૦૦૦ રૂપિયા અને તેની દીકરીને મહિનાના ૭૫,૦૦૦ રૂપિયા ભરણપોષણ આપવાનો વચગાળાનો આદેશ આપ્યો હતો.

કરુણાએ ૨૦૨૦માં ધનંજય મુંડે સામે ઘરેલુ હિંસાનો કેસ કરી ભરણપોષણની માગણી કરી હતી. તેના પર મેજિસ્ટ્રેટ દ્વારા હજી સુધી કોઇ નિર્ણય લેવાયો નથી. (પીટીઆઇ)■

# રામનવમીએ પોલીસ સતર્ક, પ્રજાના શ્વાસ અદ્ધર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગયા વર્ષે રામનવમીની ઉજવણી દરમિયાન બનેલી તંગદિલીભરી ઘટનાઓ અને વક્ફ ખરડાના વિરોધને જોતાં મુંબઈ પોલીસ અલર્ટ મોડ પર હોવાનું કહેવાય છે. નાગપુરમાં હિંસા અને પછી ગૂડીપડવાની કળશ યાત્રા વખતે મલાડની પઠાણવાડીમાં થયેલા ધિંગાણાને પગલે પોલીસે શહેરમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સંવેદનશીલ વિસ્તારો પર ખાસ નજર રાખીને વધારાની સુરક્ષા ગોઠવવામાં આવી હોવાનું કહેવાય છે. લોકોનાં શ્વાસ પણ અધ્ધર છે કે આ દિવસ શાંતિથી નીકળી જાય.

શહેરના અમુક વિસ્તારોમાં રામનવમીની ઉજવણી નિમિત્તે

(જુઓ પાનું ૪) ▶▶

**પુણેમાં પ્રસૂતાના મૃત્યુનો કેસ**

# દોષીઓને સજા થશે જ

**મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આકરાપાણીએઃ દીનાનાથ મંગેશકર હૉસ્પિટલને ડહાપણની દાઢ આવી ને જાહેરાત કરી કે હવે ઈમર્જન્સી કેસમાં ડિપોઝિટ નહીં માગે**

પુણેઃ પ્રસૂતાને દસ લાખ રૂપિયાના એડવાન્સ વિના દાખલ કરવાનો ઈનકાર પુણેની દીનાનાથ મંગેશકર હૉસ્પિટલે કર્યા પછી તેનું મૃત્યુ થયાના વિવાદ પર શનિવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આકરાપાણીએ થતા કહ્યું હતું કે, દોષીઓને સજા કરાશે જ.

દીનાનાથ મંગેશ હૉસ્પિટલે ના પાડ્યા પછી અન્ય નર્સિંગ હૉમમાં જોડિયાં બાળકોને જન્મ આપ્યાં પછી મૃત્યુ પામનાર મહિલાના પરિવારજનો પુણેમાં મુખ્ય પ્રધાનને મળ્યા એ પછી પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, જે પણ ભૂલ થઈ છે એને સુધારી લેવામાં આવશે.

બીજી તરફ, આક્રોશનો સામનો કરી રહેલી મહારાષ્ટ્રના પુણે શહેરની દીનાનાથ મંગેશકર હોસ્પિટલે હવે પછી ઈમર્જન્સી વિભાગમાં દર્દીઓ પાસેથી ડિપોઝિટ નહીં લેવામાં આવે એવી જાહેરાત શનિવારે કરી હતી. હોસ્પિટલે દાખલ કરવાની ના પાડતા ભાજપના વિધાન પરિષદના સભ્ય અમિત ગોરખેના અંગત સચિવની પત્નીને અન્ય હોસ્પિટલમાં ખસેડવી પડી હતી. જોકે, જોડિયાં બાળકોને જન્મ આપ્યા બાદ તેનું મૃત્યુ થયું હતું. આ ઘટના દેશભરમાં ફેલાઈ હતી અને ભાજપના દરેક સ્તરેથી તેમજ નાગરિકોના સંગઠનોએ એની કડક આલોચના કરી હતી.

હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડો.ધનંજય કેળકરે એક જાહેર પત્રમાં જણાવ્યું હતું કે 'દીનાનાથ મંગેશકર

(જુઓ પાનું ૪) ▶▶

# બુકમાયશોના પ્લેટફોર્મ પરથી કુણાલ કામરાની બાદબાકી

**આવો દાવો શિવસેનાએ કર્યો પણ બુકમાયશોની હાલ ચુપકીદી**

મુંબઈઃ બુકમાયશોએ પોતાના પ્લેટફોર્મ પરના સેલ અને આર્ટિસ્ટ લિસ્ટમાંથી વિવાદાસ્પદ સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાને કાઢી નાખ્યો છે, એવો દાવો શિવસેનાના કાર્યકર રાહુલ કનાલે શનિવારે કર્યો હતો.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના સોશ્યલ મીડિયાના ઇન્ચાર્જ કનાલે બુકમાયશોના સીઇઓ આશિષ હેમરજનીનો શુદ્ધ મનોરંજનની યાદીમાંથી આવા કલાકારને દૂર કરવા માટે આભાર માન્યો હતો.

બુકમાયશોની ટીમનો સંપર્ક સાધતા તેઓએ હાલમાં આ અંગે કંઇ પણ કહેવાનો ઇનકાર કર્યો હતો.

'તમારા વેચાણ અને પ્રમોશનની લિસ્ટમાંથી આવા કલાકારને દૂર કરવા માટે હું તમારો આભાર વ્યક્ત કરું છું. આ સિવાય સર્ચ હિસ્ટ્રીમાંથી પણ તેને કાઢી મૂકવા માટે આભાર. તમે શાંતિપ્રિય છો અને એ જ સમયે અમારી લાગણીનું સન્માન પણ તમે કર્યુ છે', એમ કનાલે હેમરજનીને પત્ર લખીને તેમનો આભાર માન્યો હતો.

મુંબઈગરાઓ દરકે પ્રકારની કળાને પ્રેમ અને તેમાં વિશ્વાસ કરે છે, પરંતુ વ્યક્તિગત એજન્ડાવાળી કલાને

(જુઓ પાનું ૪) ▶▶

# બૅંકોમાં મરાઠીનો આગ્રહઃ મનસેનું આંદોલન હાલ મોકૂફ

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ શનિવારે પક્ષના કાર્યકરોને બેન્કો અને અન્ય ઓફિસોમાં મરાઠીના ઉપયોગને લાગુ કરવા માટે આંદોલન હાલ પૂરતું અટકાવવા જણાવ્યું હતું. 'અમે આ મુદ્દે પૂરતી જાગૃતિ ઊભી કરી છે,' એવી દલીલ કરવામાં આવી છે. પક્ષના કાર્યકરોને લખેલા પત્રમાં ઠાકરેએ જણાવ્યું હતું કે આ આંદોલને સ્થાનિક ભાષાના ઉપયોગ અંગે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ધારાધોરણોનું પાલન ન કરવાના પરિણામો દર્શાવ્યા છે. આ મુદ્દે પૂરતી જાગૃતિ આવી હોવાથી આ આંદોલન અટકાવી દેવામાં કશો વાંધો નથી. ચેતવણીના સૂરમાં રાજ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે 'હાલ પૂરતું આંદોલન બંધ કરો, પરંતુ એના પર ધ્યાન રાખો. કાયદાનું પાલન થાય એના પર સરકાર ધ્યાન આપે એ જરૂરી છે. જ્યાં પણ કાયદાનું પાલન કરવામાં નહીં આવે, જ્યાં પણ મરાઠી માણૂસને મહત્ત્વ નહીં આપવામાં આવે અથવા અપમાનનો સામનો કરવો પડશે એની સાથે મનસે ચર્ચા કરવા પહોંચી જશે.' યુનાઇટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખ્યાના એક દિવસ પછી રાજ ઠાકરેએ કાર્યકરોને સૂચનાઓ આપી છે. મનસેના કાર્યકરો હોવાનો દાવો કરતા લોકો બૅંકની શાખાઓમાં જઈ કર્મચારીઓને ધમકાવી રહ્યા હોવાનું એ પત્રમાં જણાવવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

# પશ્ચિમ રેલવે ૧૨ ડબ્બાની ૧૦૦ ટ્રેનસેવા ૧૫ ડબ્બાની

મુંબઈઃ પશ્ચિમ રેલવે વર્ષના અંત સુધીમાં ૧૦૦ જેટલી ૧૨ ડબ્બાની લોકલ ટ્રેન સેવાને ૧૫-ડબ્બાની સેવામાં રૂપાંતરિત કરે તેવી શક્યતા છે. આ પગલાનો હેતુ દૈનિક મુસાફરો માટે વધુ બેઠક ક્ષમતા અને આરામદાયક મુસાફરીની વ્યવસ્થા કરવાનો છે.

એક અહેવાલ અનુસાર પશ્ચિમ રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૧૫ ડબ્બાની ટ્રેનો વધારવાથી મુસાફરોને જરૂરી રાહત મળશે. તેમના આરામ અને સુવિધા બંનેમાં વધારો થશે. ગિરદીના સમયમાં ભરચક ટ્રેનોમાં મુસાફરી કરવામાં મુસાફરો અનેકવાર અગવડ અનુભવે છે.

પશ્ચિમ રેલવેએ ૨૮ જૂન, ૨૦૨૧ના દિવસે અંધેરીથી વિરાર સુધીના પશ્ચિમી માર્ગની ધીમી લાઇન પર ૧૫ ડબ્બાની લોકલ ટ્રેન શરૂ કરી હતી.

હાલમાં દરરોજ અંદાજે ૧,૨૫૦ લોકલ ટ્રેન કાર્યરત છે. તેમાંથી ૧૫ ડબ્બાની ૭૯ ટ્રેન છે, જ્યારે બાકીની ૧૨ ડબ્બાની છે. ■








પંજાબમાં મોહાલી ખાતેના મુલ્લાંપુરના સ્ટેડિયમમાં ગઈ કાલે આ વખતની ટૂર્નામેન્ટની મૅચ પહેલી વાર રમાઈ હોવાથી મૅચ અગાઉ ઓપનિંગ સેરેમની યોજાઈ હતી જેમાં અમેરિકન સિંગર જાઝમીન સૅન્ડલસ અને બીજા પર્ફોર્મર્સે પ્રેક્ષકોના અને ટીવી-દર્શકોના દિલ જીતી લીધા હતા. આ સમારંભ પછી પંજાબ અને રાજસ્થાનની મૅચ શરૂ થઈ હતી. (પીટીઆઇ)

### નાનપણના મિત્ર સૅમસનનું કથન યશસ્વીએ સાચું પાડ્યું

# યશસ્વી ભવઃ રાજસ્થાન શાનથી જીત્યું

## ▸જયસ્વાલ ફૉર્મમાં આવતાં જ પંજાબે પ્રથમ પરાજય જોવો પડ્યો

મુલ્લાંપુરઃ રાજસ્થાન રૉયલ્સે ગઈ કાલે અહીં પંજાબ કિંગ્સની યજમાન ટીમને ૫૦ રનથી હરાવીને લાગલગાટ બીજી જીત મેળવી હતી. ઓપનર યશસ્વી જયસ્વાલ (૬૭ રન, ૪૫ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર) ત્રણ મૅચની નિષ્ફળતા બાદ ગઈ કાલે ફૉર્મમાં આવી જતાં રાજસ્થાનની ટીમ જાણે અસલ મિજાજમાં આવી ગઈ હોય એવું લાગી રહ્યું છે. રાજસ્થાને ચાર વિકેટે ૨૦૫ રન બનાવ્યા બાદ શ્રેયસ ઐયરના સુકાનમાં પંજાબની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૫૫ રન બનાવી શકી હતી.

પંજાબે આ વખતે બન્ને મૅચ જીત્યા બાદ પહેલી વાર હાર જોઈ છે. હવે એકમાત્ર દિલ્હીની ટીમ ત્રણેય વિજય સાથે અપરાજિત રહી છે.

પંજાબે ૨૦૬ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ પહેલી જ ઓવરના બે ઝટકા સાથે શરૂઆત કરી હતી. રાજસ્થાનના જોફ્રા આર્ચરે પ્રથમ ઓવરમાં પ્રિયાંશ આર્ય (૦) અને કૅપ્ટન શ્રેયસ ઐયર (૧૦ રન)ને આઉટ કર્યા હતા. ૪૩ રનમાં પંજાબની ચાર વિકેટ પડી ચૂકી હતી. ત્યાર બાદ નેહલ વઢેરા (૬૨ રન, ૪૧ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) અને ગ્લેન મૅક્સવેલ (૩૦ રન, ૨૧ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) વચ્ચે પાંચમી વિકેટ માટે ૮૮ રનની ભાગીદારી થઈ હતી. જોકે ૧૩૧ રનના સ્કોર પર મૅક્સવેલ અને વઢેરા વિકેટ ગુમાવી બેસતાં પંજાબ માટે જીતવું અશક્ય થઈ ગયું હતું. મૅક્સવેલને થીકશાનાએ અને વઢેરાને હસરંગાએ આઉટ કર્યો હતો. આર્ચરે સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ સંદીપ શર્મા, થીકશાનાએ બે-બે વિકેટ લીધી હતી.

બે દિવસ પહેલાં ડોમેસ્ટિક ક્રિકેટમાં મુંબઈની ટીમ છોડીને ગોવાની ટીમમાં જોડાઈ ગયેલા યશસ્વીએ એક રીતે રાજસ્થાનના સુકાની અને નાનપણના મિત્ર સૅમસનનું ગઈ કાલની કથન સાચું પાડ્યું હતું. કૅપ્ટન સૅમસને કહ્યું હતું કે 'યશસ્વી પ્રૅક્ટિસમાં ખૂબ મહેનત કરી રહ્યો છે, તે બહુ જલદી ફૉર્મમાં આવી જ જશે અને અમે જીતવા લાગશું.'

યશસ્વી અને સૅમસન (૩૮ રન, ૨૬ બૉલ, છ ફોર) વચ્ચે પ્રથમ વિકેટ માટે ૮૯ રનની ભાગીદારી થઈ હતી. છેક ૧૧મી ઓવરમાં સૅમસનની વિકેટ પડ્યા પછી ભૂતપૂર્વ

કાર્યવાહક સુકાની રિયાન પરાગ (૪૩ અણનમ, પચીસ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) બૅટિંગમાં આવ્યો હતો અને યશસ્વી સાથે તેની ૩૪ રનની ભાગીદારી થઈ હતી.

પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયરે કુલ છ બોલર અજમાવ્યા હતા જેમાં ન્યૂ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલર લૉકી ફર્ગ્યુસનને સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ■

# ચેપૉકમાં દિલ્હીનો ૧૫ વર્ષે વિજયઃ પૉઇન્ટ્સમાં મોખરે

## શંકર-ધોની સીએસકેને વિજય ન અપાવી શક્યાઃ મૅન ઑફ ધ મૅચ રાહુલની ચાર ભાગીદારી અક્ષરની ટીમને ફળી

ચેન્નઈઃ દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ અહીં ગઈ કાલે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સામે આઇપીએલ-૨૦૨૫ની ૧૭મી મૅચના રોમાંચક મુકાબલામાં પચીસ રનથી વિજય મેળવીને સતત ત્રીજી મૅચ પણ જીતીને પૉઇન્ટ્સ-ટેબલમાં છ પૉઇન્ટ સાથે મોખરાનું સ્થાન મેળવી લીધું હતું. દિલ્હીએ ૧૫ વર્ષમાં પહેલી વાર ચેપૉકમાં જીત હાંસલ કરવામાં સફળતા મેળવી છે. ચેપૉકમાં દિલ્હીએ આ પહેલાં ચેન્નઈને હરાવેલું ત્યારે આઇપીએલની એ ત્રીજી સીઝન (૨૦૧૦) હતી અને પહેલી બન્ને સીઝન (૨૦૦૮, ૨૦૦૯)માં પણ દિલ્હીની જ ચેપૉકમાં જીત થઈ હતી.

તાજેતરમાં જ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ચેન્નઈને ચેપૉકમાં ૧૭ વર્ષે પહેલી વાર હરાવ્યું હતું અને હવે દિલ્હીએ ચેન્નઈને એના જ ગઢમાં પરાજિત કર્યું છે.

વિજય શંકર (૬૯ અણનમ, ૫૪ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) અને લેજન્ડરી-ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની (૩૦ અણનમ, ૨૬ બૉલ, એક સિક્સર, એક ફોર)ની જોડીએ વિક્રમજનક ભાગીદારી કરી હતી, પરંતુ ચેન્નઈ માટે ૧૮૪ રનનો લક્ષ્યાંક પહેલેથી જ મુશ્કેલ હતો અને છેલ્લે શંકર-ધોનીની જોડી ચેન્નઈને વિજય અપાવવામાં નિષ્ફળ રહી હતી.

### શંકર-ધોનીની રેકૉર્ડ ભાગીદારી

અક્ષર પટેલના સુકાનમાં દિલ્હીએ બૅટિંગ પસંદ કર્યા બાદ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૩ રન કર્યા હતા. ચેન્નઈએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૮ રન બનાવ્યા હતા અને દિલ્હીનો પચીસ રનથી વિજય થયો હતો. શંકર-ધોની વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૮૪ રનની ભાગીદારી થઈ હતી.





જાડેજાએ આઉટ કર્યા પછી દિલ્હીનો પોરેલ (ઉપર) પોતાની ભૂલ બદલ પસ્તાયો હતો. જોકે દિલ્હી માટે ૭૭ રન બનાવનાર રાહુલ (ડાબે) મૅચ-વિનર બન્યો હતો.

આઇપીએલમાં ચેન્નઈ વતી છઠ્ઠી વિકેટ માટેની આ સૌથી મોટી ભાગીદારી છે. તેમણે માઇક હસી અને એસ. બદરીનાથનો ૭૩ રનની પાર્ટનરશિપનો વિક્રમ તોડ્યો હતો.

### ચેન્નઈનો ટૉપ-ઑર્ડર ફ્લૉપ

ચેન્નઈનો ટૉપ-ઑર્ડર ફ્લૉપ ન રહ્યો હોત તો આ જીત ચેન્નઈના નામે લખાઈ હોત. રાચિન રવીન્દ્ર ત્રણ રન, ડેવૉન કૉન્વે પાંચ રન અને કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ પાંચ રન કરી શક્યા હતા. પાવરપ્લેની છ ઓવરની અંદર કુલ ૪૧ રનમાં ચેન્નઈની ત્રણ વિકેટ પડી ચૂકી હતી. શિવમ દુબે ૧૮ રન અને રવીન્દ્ર જાડેજા ફક્ત બે રન બનાવીને આઉટ થઈ જતાં બધો બોજ શંકર-ધોનીની જોડી પર આવી પડ્યો હતો.

દિલ્હી વતી લેગ-સ્પિનર વિપ્રાજ નિગમે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. મિચલ સ્ટાર્ક, મુકેશ કુમાર અને કુલદીપ યાદવે એક-એક વિકેટ લીધી હતી અને તમામ બોલર્સે ચેન્નઈના બૅટ્સમેનને અંકુશમાં રાખ્યા હતા.

### રાહુલના ૫૧ બૉલમાં ૭૭ રન

એ પહેલાં, મૅન ઑફ ધ મૅચ કેએલ રાહુલ (૭૭ રન, ૫૧ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) દિલ્હીની ઇનિંગ્સનો સુપરસ્ટાર બન્યો હતો. તેના સાથી ઓપનર અને ઑસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મૅકગર્કે ખલીલ અહમદની પહેલી જ ઓવરમાં શૂન્યમાં વિકેટ ગુમાવી ત્યાર બાદ રાહુલે ચાર મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરીને એલએસજીને પોણાબસો ઉપરનું ટોટલ અપાવવામાં મોટું યોગદાન આપ્યું હતું.

રાહુલે અભિષેક પોરેલ (૩૩ રન, ૨૦ બૉલ, એક સિક્સર, ચાર ફોર) સાથે બીજી વિકેટ માટે ૩૬ બૉલમાં ૫૪ રનની, કૅપ્ટન અક્ષર પટેલ (૨૧ રન, ૧૪ બૉલ, એક સિક્સર, બે ફોર) સાથે ત્રીજી વિકેટ માટે ૨૩ બૉલમાં ૩૬ રનની, સમીર રિઝવી (૨૦ રન, ૧૫ બૉલ, એક સિક્સર, એક ફોર) સાથે ચોથી વિકેટ માટે ૩૩ બૉલમાં ૫૬ રનની અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (૨૪ અણનમ, ૧૨ બૉલ, એક સિક્સર, બે ફોર) સાથે પાંચમી વિકેટ માટે ૧૯ બૉલમાં ૩૩ રનની પાર્ટનરશિપ કરી હતી.

ચેન્નઈ વતી છ બોલરે બોલિંગ કરી હતી જેમાં ખલીલ અહમદ (૪-૦-૨૫-૨) સૌથી સફળ બોલર હતો. રવીન્દ્ર જાડેજા, નૂર અહમદ અને મથીશા પથિરાનાને એક-એક વિકેટ મળી હતી, પણ મુકેશ ચૌધરી અને આર. અશ્વિનને વિકેટ નહોતી મળી.

એ અગાઉ, અહીં ચેપૉકના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ના સુકાની અક્ષર પટેલે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી. સીએસકેના કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડને કોણીમાં હવે દુખાવો ન હોવાથી રાબેતામુજબ તેણે જ ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. અગાઉ એવી ચર્ચા હતી કે ગાયકવાડ નહીં રમી શકે તો એમએસ ધોની સુકાનની જવાબદારી સંભાળશે.

### દિલ્હીના પોરેલની પણ જોરદાર ફટકાબાજી

દિલ્હીએ બૅટિંગ પસંદ કરી હતી, પણ શરૂઆતમાં જ એને ઝટકો લાગ્યો હતો. સીએસકેના પેસ બોલર ખલીલ અહમદે ઓપનર જેક ફ્રેઝર-મૅકગર્કની વિકેટ લીધી હતી. જોકે રાહુલના નવા સાથી બૅટ્સમૅન અભિષેક પોરેલે મુકેશ ચૌધરીની બીજી ઓવરમાં જોરદાર ફટકાબાજી કરી હતી. તેણે મુકેશ ચૌધરીના બીજાથી પાંચમા સુધીના ચાર બૉલમાં (૪, ૬, ૪, ૪) ૧૮ રન બનાવ્યા હતા. ચેન્નઈની ટીમમાં બે ફેરફાર કરવામાં આવ્યા છે. ઑવર્ટનના સ્થાને ડેવૉન કૉન્વેને અને રાહુલ ત્રિપાઠીના સ્થાને મુકેશ ચૌધરીને ઇલેવનમાં સમાવવામાં આવ્યા છે. ■

# ધોનીનાં માતા-પિતા પહેલી વાર આઇપીએલ જોવા આવ્યા

## ▸કરોડોના લાડલા માહીની આ છેલ્લી સીઝન છે કે શું?

ચેન્નઈઃ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને પાંચ ટાઇટલ અપાવનાર મહેન્દ્રસિંહ ધોનીની આ અંતિમ આઇપીએલ છે કે શું? તેનું ઘૂંટણ તેને બહુ સાથ ન આપતું હોવાથી તે હવે ૨૦૨૬ની આઇપીએલમાં પણ રમતો જોવા મળશે એવી સંભાવના બહુ ઓછી છે, પરંતુ તેનાં માતા-પિતા આજે પહેલી જ વાર આઇપીએલની મૅચ જોવા આવ્યા એટલે ધોનીની નિવૃત્તિની શક્યતા વધી જાય છે.

વાત એમ છે કે ધોનીના પિતા પાનસિંહ અને માતા દેવકી દેવી ગઈ કાલે પહેલી જ વખત આઇપીએલની મૅચ જોવા સ્ટેડિયમમાં આવ્યા હતા. ૨૦૦૮માં આ ટૂર્નામેન્ટ શરૂ થઈ ત્યારથી માંડીને ૨૦૨૪ સુધીની ૧૭ સીઝનમાં ક્યારેય તેઓ સ્ટેડિયમમાં નહોતાં આવ્યા, પરંતુ આ વખતે ૧૮મી સીઝનમાં ચેન્નઈની શનિવારની ચેપૉક ખાતેની દિલ્હી સામેની મૅચ જોવા આવ્યાં.

ધોનીની પત્ની સાક્ષી અને પુત્રી ઝિવા ઘણી વાર સ્ટેડિયમમાં મૅચ જોવા આવી ચૂક્યાં છે.

દિલ્હીની શનિવારની ચેન્નઈ ખાતેની મૅચ પહેલાં એક સંભાવના એવી હતી કે સીએસકેનો કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ કોણીની ઈજાને કારણે નહીં રમે તો ધોની આ



મૅચ પૂરતું સુકાન સંભાળશે. બની શકે કે તેનાં માતા-પિતા તેને 'છેલ્લી વાર' ટીમનું નેતૃત્વ સંભાળતો જોવા માટે ચેન્નઈના સ્ટેડિયમમાં આવ્યા હશે.

જોકે ગાયકવાડને કોણીમાં દુખાવો નહોતો અને તેણે રમવાનું નક્કી કરી લેતાં સુકાન પણ તેણે જ સંભાળ્યું હતું અને ધોનીએ રાબેતા મુજબ વિકેટકીપિંગની જવાબદારી સંભાળી હતી. ■

# સાક્ષી-રિવાબા ચેન્નઈમાં ચમકી, પણ સીએસકેનો પરાજય જોવો પડ્યો



ચેન્નઈમાં ચેપૉકના સ્ટેડિયમમાં ગઈ કાલે સીએસકેના એમએસ ધોનીની પત્ની સાક્ષી (જમણેથી બીજી) અને રવીન્દ્ર જાડેજાની પત્ની રિવાબા (એકદમ જમણે) એ મૅચ જોઈ હતી. આ જ સમયે બીજી બાજુ ધોનીના માતા-પિતા પણ બેઠાં હતા. (પીટીઆઇ)

# સીયર્સ-ડેરિલના વિક્રમોઃ ન્યૂ ઝીલૅન્ડની પાકિસ્તાન સામે ૩-૦થી ક્લીન-સ્વીપ

માઉન્ટ મૉન્ગેનુઇ (ન્યૂ ઝીલૅન્ડ): માઇકલ બ્રેસવેલના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડે ગઈ કાલે પાકિસ્તાનને ત્રીજી અને છેલ્લી વન-ડેમાં ૪૩ રનથી હરાવીને પ્રવાસી ટીમનો ૩-૦થી વાઇટ-વૉશ કર્યો હતો. એ સાથે કિવીલૅન્ડ પર પાકિસ્તાન ટી-૨૦ સિરીઝ ૧-૪થી હારી ગયા બાદ હવે વન-ડે શ્રેણી ૦-૩થી હારી ગયું છે.

ન્યૂ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલર બેન સીયર્સ વન-ડેમાં બૅક-ટુ-બૅક મૅચમાં પાંચ વિકેટ લેનાર પ્રથમ કિવી બોલર બન્યો હતો. એ પહેલાં, ડેરિલ મિચલ વન-ડે ક્રિકેટમાં ન્યૂ ઝીલૅન્ડ વતી સૌથી ઓછી ઇનિંગ્સમાં ૨,૦૦૦ રન પૂરા કરનાર બૅટ્સમૅન બન્યો હતો.

ન્યૂ ઝીલૅન્ડે વરસાદને કારણે ૫૦-૫૦ને બદલે ૪૨-૪૨ ઓવરની મૅચ થઈ ગયા પછી આઠ વિકેટે ૨૬૪ રન કર્યા હતા જેમાં કૅપ્ટન માઇકલ બ્રેસવેલના ૫૯ રન હાઇએસ્ટ હતા. બ્રેસવેલે આ ૫૯ રન ૪૦ બૉલમાં છ છગ્ગા અને એક ચોક્કાની મદદથી બનાવ્યા હતા. એ પહેલાં, ઓપનર રાઇસ મૅરિયુએ ૫૮ રન અને ડેરિલ મિચલે ૪૩ રનનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન વતી લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અકીફ જાવેદે સૌથી વધુ ચાર વિકેટ અને નસીમ શાહે બે વિકેટ લીધી હતી.

પાકિસ્તાનની ટીમ ૪૦ ઓવરમાં ૨૨૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ન્યૂ ઝીલૅન્ડનો ૪૩ રનથી વિજય થયો હતો. એકમાત્ર બાબર આઝમ (૫૦ રન, ૫૮ બૉલ, એક સિક્સર, ચાર ફોર) હાફ સેન્ચુરી ફટકારી શક્યો હતો. ■

# હાર્દિકે શું કામ તિલકને રિટાયર-આઉટ કર્યો? કેમ સિંગલ દોડીને સૅન્ટનરને સ્ટ્રાઇક ન આપી?: હાર્દિકે હાર બદલ જવાબદારી સ્વીકારી

લખનઊઃ હાર્દિક પંડ્યા માટે શુક્રવારનો દિવસ તેની કરીઅરમાં સુવર્ણ અક્ષરે લખાયો હોત, પરંતુ એ માટે તે પોતે જ જવાબદાર છે. હાર્દિકે બોલિંગમાં વિક્રમજનક પર્ફોર્મ કર્યું હતું, પરંતુ લખનઊ સુપર જાયન્ટ્સ સામેની આ મૅચની અંતિમ પળોમાં મુંબઇ ઇન્ડિયન્સને તે જિતાડી નહોતો શક્યો અને પરાજયની જવાબદારી ખુદ તેણે સ્વીકારી લીધી હતી.

### હાર્દિકનો વિક્રમ

હાર્દિક પંડ્યા પાંચ વિકેટ લેનાર આઈપીએલનો પ્રથમ કેપ્ટન બન્યો હતો, પણ સૂર્યકુમાર યાદવ (૬૭ રન, ૪૩ બૉલ, એક સિક્સર, નવ ફોર)ની વિકેટ પડ્યા પછી ખુદ તે (હાર્દિક) બૅટિંગમાં આવ્યો હતો.

હાર્દિકે ૧૬ બૉલમાં એક સિક્સર અને બે ફોરની મદદથી અણનમ ૨૮ રન બનાવ્યા હતા પરંતુ, છેલ્લી ઓવરમાં તેણે ભૂલ કરી હતી. આવેશ ખાનની ૨૦મી ઓવરમાં એમઆઈએ જીતવા ૨૨ રન કરવાના હતા. હાર્દિકે તેના પ્રથમ બૉલમાં સિક્સર ફટકારી હતી અને બીજા બૉલમાં તેણે બે રન લીધા હતા. જોકે ત્રીજા બૉલમાં હાર્દિકે સિંગલ દોડવાનું ટાળ્યું હતું. સામા છેડે મિચલ સેન્ટનર રન દોડવા તૈયાર હતો છતાં હાર્દિકે એ રન દોડવાને બદલે પોતે જ બાકીના ત્રણ બૉલમાં મૅચ ફિનિશ કરવાની જવાબદારી લીધી હતી. ત્યારે એમઆઈએ ત્રણ બૉલમાં જીતવા ૧૪ રન કરવાના બાકી હતા.

આવેશ ખાનના ચોથા બૉલમાં તે સ્કોરિંગ શૉટ નહોતો મારી શક્યો. એ ડૉટ બૉલને કારણે એમઆઈનો પરાજય ત્યાં જ નિશ્ચિત થઈ ગયો હતો. હાર્દિકે પાંચમા બૉલમાં દોડીને એક રન લીધો હતો પણ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. છઠ્ઠા બૉલમાં સેન્ટનર સ્ટ્રાઈક પર હતો અને એ ડૉટ બૉલ બન્યો હતો. એ સાથે, લખનઊનો ૧૨ રનથી વિજય થયો હતો અને એમઆઈના નામે આ વખતે ચાર મૅચમાં ત્રીજી હાર લખાઈ હતી.

એલએસજીએ આઠ વિકેટે ૨૦૩ રન બનાવ્યા પછી એમઆઈની ટીમ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૧ રન બનાવી શકી હતી.

### તિલક રિટાયર-આઉટ થનાર ચોથા

હાર્દિકે શાર્દુલ ઠાકુરની ૧૯મી ઓવરના પાંચમાં બૉલને અંતે સાથી બૅટ્સમૅન તિલક વર્મા (૨૩ બૉલમાં ૨૫ રન)ને રિટાયર-આઉટ કરી દીધો હતો. તિલક આઈપીએલમાં રિટાયર-આઉટ થનાર (અશ્વિન, અથર્વ ટેઇડ, સાઈ સુદર્શન પછીનો) ચોથો ખેલાડી બન્યો હતો. મીડિયામાં હાર્દિક માટે એવું કહેવાય રહ્યું છે કે તેણે પોતે જ મૅચ ફિનિશ કરવાનું નક્કી કર્યું હતું તો પછી સારું રમી રહેલા તિલકને તેણે ૧૯મી ઓવરમાં રિટાયર-આઉટ કર્યો જ શું કામ? કેમ તેણે નવા સાથી બૅટ્સમૅન સેન્ટનરને સ્ટ્રાઇક પર ન આવવા દીધો?' ■

# પંતના ૧૨ લાખ રૂપિયા કપાયા, પણ રાઠીને હવે 'નોટબુક સેલિબ્રેશન' વધુ મોંઘું પડ્યું!

લખનઊઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ શુક્રવારે હોમટાઉનમાં દિલધડક મુકાબલામાં રોમાંચક વિજય મેળવ્યો, પણ એના કૅપ્ટન રિષભ પંત અને આક્રમક સ્વભાવના સ્પિનર દિગ્વેશ રાઠીને આર્થિક રીતે નુકસાન જરૂર થયું હતું. પંત એલએસજીનો કૅપ્ટન હોવા બદલ તેને સ્લો ઓવર-રેટના નિયમનો ભંગ થવા બદલ ૧૨ લાખ રૂપિયાનો દંડ કરાયો હતો તેમ જ રાઠીએ ફરી એકવાર હરીફ ટીમના બૅટ્સમૅન સાથે ગેરવર્તન કર્યું એ બદલ તેની ૫૦ ટકા મૅચ ફી કાપી લેવામાં આવી હતી.

એલએસજીના સ્પિનર દિગ્વેશ રાઠીને વિકેટ લીધા પછી હરીફ ટીમના બૅટ્સમૅનને 'નોટબુક સેલિબ્રેશન'થી સેન્ડ-ઑફ આપવાની આદત પડી છે. તેણે પહેલી એપ્રિલે પંજાબ કિંગ્સની



મૅચમાં આવું કર્યું હતું. શુક્રવારે રાઠીએ એમઆઇના નમન ધીર સાથે એવું કર્યું હતું. નમન ધીરે ૨૪ બૉલમાં ત્રણ સિક્સર, ચાર ફોરની મદદથી ૪૬ રન કર્યા હતા. રાઠીએ તેને ક્લીન બોલ્ડ કર્યો અને તરત તેની તરફ દોડ્યો અને નોટબુક સેલિબ્રેશનથી તેને સેન્ડ-ઑફ આપી હતી. રાઠીની આ બીજી કસૂર હોવાથી તેની ૫૦ ટકા મૅચ ફી કાપી લેવામાં આવી હતી. તેના નામે હવે બે ડીમેરિટ પૉઇન્ટ થયા છે. ■

# અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત અને ચીને ટ્રેડ વૉરનું રણશિંગું ફૂંકતા બેતરફી વધઘટે અથડાયેલું સોનું

## ડિસ્કાઉન્ટમાં ઘટાડો છતાં ભાવ સ્થિર થવાની રાહ જોતા જ્વેલરો

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત બીજી એપ્રિલના રોજ ભારત અને ચીન સહિતનાં ૬૦ દેશોથી આયાત થતા માલ સામાન પર રેસિપ્રોકલ ટેરિફની અને ૧૦ ટકા બેઝલાઈન ટેરિફની જાહેરાત કરી હતી, જે આગામી નવમી એપ્રિલથી અમલી બનશે. એકંદરે ગત સપ્તાહે ટેરિફની જાહેરાત પશ્ચાત્ રોકાણકારોની સલામતી માટેની વ્યાપક લેવાલી રહેતાં ભાવ એક તક્કે ઉછળીને ઔંસદીઠ ૩૧૬૭.૫૭ ડૉલરની નવી ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલી નીકળતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફને પગલે અમેરિકામાં આર્થિક મંદી અને ફુગાવામાં વધારો થવાની ભીતિ ઉપરાંત તેની અસરોને કારણે ભવિષ્યમાં અમેરિકી ફેડરલ રિઝર્વ કેવી નાણાનીતિ અપનાવશે તેની રોકાણકારોમાં અવઢવ અને બીજી તરફ વિશ્વ બજારમાં ટ્રેડ વૉર સર્જાવાની શક્યતાને ધ્યાનમાં લેતા સોનાના ભાવ ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. જોકે, ગત શુક્રવારે ચીનનાં નાણાં મંત્રાલયે આગામી ૧૦મી એપ્રિલથી અમેરિકાથી આયાત થતી ચીજો પર ૩૪ ટકા ટેરિફ લાદવાની અને અમુક નિકાસ નિયંત્રણોની જાહેરાત કરતાં ટ્રેડ વૉરનું રણશિંગું ફૂંક્યું હોવાથી વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. તેમ છતાં વૈશ્વિક ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૯ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

આમ વૈશ્વિક બજારમાં જોવા મળેલા અફરાતફરીના માહોલને અનુસરતા સ્થાનિક બજારમાં પણ ગત સપ્તાહે સોનાના ભાવ બે તરફી વધઘટે અથડાઈ ગયા હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના સ્થાનિક વેરારહિત ધોરણે ભાવ ગત ૨૯મી માર્ચના ૧૦ ગ્રામદીઠ રૂ.

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

૮૯,૧૬૪ના બંધ સામે રૂ. ૯૦,૯૬૬ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૦,૩૪૫ અને ઉપરમાં રૂ. ૯૧,૨૦૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૨.૦૭ ટકા અથવા તો રૂ. ૧૮૫૦ વધીને રૂ. ૯૧,૦૧૪ની સપાટીએ બંધ રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે બજાર રમજાન ઈદની જાહેર રજાને કારણે બંધ રહી હોવાથી કામકાજના માત્ર ચાર જ સત્ર રહ્યા હતા. એકંદરે સપ્તાહ દરમિયાન ભાવમાં ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવાથી જ્વેલરી ઉત્પાદકોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૦ ડૉલર



સુધીના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ૩૩ ડૉલર આસપાસની સપાટીએ હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું. જોકે, અન્ય એક ડીલરે જણાવ્યું હતું કે તાજેતરમાં સોનાની આયાતમાં ઘટાડો થયો હોવાથી તેમ જ વૈશ્વિક ભાવમાં ભારે ચંચળતા હોવાથી ડિસ્કાઉન્ટમાં મર્યાદિત ઘટાડો જોવા મળી રહ્યો છે. જાકે, વધુ ભાવઘટાડાના આશાવાદે રિટેલ સ્તરની પણ માગ એકંદરે શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં ગત સપ્તાહે ખાસ કરીને ટ્રેડ વૉરની ભીતિ હેઠળ રોકાણકારોની સલામતી માટેની માગ જોવા મળી હોવાથી ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ચાર ડૉલર પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યા હતા, જ્યારે આ પૂર્વેના સપ્તાહે ભાવ ઔંસદીઠ એક ડૉલર પ્રીમિયમથી ચાર ડૉલર સુધીનાં ડિસ્કાઉન્ટમાં ઑફર થઈ રહ્યા હતા. ચીન સ્થિત એક વિશ્લેષક રોઝ નોર્મને જણાવ્યું હતું કે હાલ બજારમાં બેતરફી ચાલ જોવા મળી રહી છે. એક તરફ અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા નવાં રોકાણકારોનું સોના તરફ ધ્યાન ખેંચાઈ રહ્યું છે, જ્યારે બીજી તરફ અગાઉથી ખરીદ કરેલ રોકાણકારો તેજીને ધ્યાનમાં લઈ નફો ગાંઠે બાંધી રહ્યા છે.

અમેરિકાની ૬૦ જેટલા દેશો પર લાદેલી રેસિપ્રોકલ ટેરિફ અને બેઝ લાઈન ૧૦ ટકાની ટેરિફની જાહેરાત સાથે અન્ય દેશો વળતા પગલાંના ભાગરૂપે અમેરિકાથી થતી આયાત પર ટેરિફ લાદશે અને વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની સ્થિતિ સર્જાવાની શક્યતાને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગને ટેકે વૈશ્વિક સોનાના ભાવે નવી ટોચ બતાવવાનો ક્રમ જાળવી રાખ્યો હતો, પરંતુ ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીને દબાણ હેઠળ ભાવમાં કામચલાઉ ધોરણે પીછેહઠ જોવા મળી છે. તેમ છતાં સલામતી માટેની માગ અને ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટના આશાવાદ, કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડોનો સોનામાં આંતરપ્રવાહ જળવાઈ રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં અન્ડરટોન મજબૂતીનો જ રહેવાની ધારણા એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે વ્યક્ત કરી હતી. અમેરિકાની નવી ટેરિફ નીતિથી આર્થિક મંદી અને ફુગાવો વધવાની ચિંતા ઉપરાંત વેપારલક્ષી વિવાદો વધતાં વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આર્થિક આઉટલૂકમાં ફેરફાર કરી શકે છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ટેરિફની જાહેરાત પશ્ચાત્ અમુક વર્ગ એવું માની રહ્યો છે કે નીતિ સ્પષ્ટ હોવાથી ગૂંચવણો ઓછી થવાની સાથે ભાવ સામેનાં જોખમો હળવાં થશે, જ્યારે અમુક વર્ગ એવું પણ માની રહ્યો છે કે ટ્રેડ વૉરને કારણે પરિસ્થિતિ વણસી શકે છે. તેમ છતાં અમારા મતે સોનામાં મક્કમ અન્ડરટોન જળવાયેલો રહેશે. અમારા મતે હાલ વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૦૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૩૨૦૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૭,૫૦૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને રૂ. ૯૧,૫૦૦ની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાનાં જાહેર થયેલા નોન ફાર્મ પે રૉલ ડેટામાં રોજગારોની સંખ્યામાં ૨,૨૮,૦૦૦નો ઉમેરો થયો હોવાના અહેવાલ હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતની દિશામાં વિચારી શકે છે, એમ એલિગન્સ ગોલ્ડના ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ ઈબાકરિમે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહના અંતે અમેરિકી ઈક્વિટી માર્કેટમાં ડાઉ જૉન્સમાં ૨૨૩૧ અને એસ ઍન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સમાં ૩૨૨ પૉઈન્ટનો તથા નાસ્દેકમાં ૯૪૮ પૉઈન્ટનો કડાકો બોલાઈ જતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનામાં રોકાણકારોની સલામતી માટેની લેવાલીને ટેકે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૨.૯ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૦૨૪.૨૦ ડૉલર આસપાસ રહ્યા હતા.

જોકે, તે પૂર્વે ભાવ ઔંસદીઠ ૩૦૧૫.૨૯ ડૉલર સુધી ઘટ્યાં હતાં. તેમ જ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો, પરંતુ આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૫.૩ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. એકંદરે હાલ સોનાના ભાવમાં ભારે ચંચળતા જોવા મળી રહી હોવા છતાં રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળતો રહેશે, એમ સિટી ઈન્ડેક્સના વિશ્લેષક મેટ્ટ સિમ્પસને જણાવ્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ૬.૫૯૬ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત ૨૮મી માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામતો ૬.૫૯૬ અબજ ડૉલર વધીને ૬૬૫.૩૯૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૫૨૯ અબજ ડૉલર વધીને ૬૫૮.૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

તાજેતરમાં કરન્સીમાં રિવેલ્યુએશન અને રિઝર્વ બૅન્કનો ફોરેક્સ બજારમાં હસ્તક્ષેપ રહેતાં રૂપિયાની ચંચળતામાં ઘટાડો થવાથી છેલ્લા ચાર સપ્તાહથી દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો થઈ રહ્યો હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે આ પૂર્વે ગત સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ હાજર બજારમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતી હોવાથી અનામતમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૬.૧૫૮ અબજ ડૉલર વધીને ૫૬૫.૦૧૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત પણ ૫૧.૯ કરોડ ડૉલર વધીને ૭૭.૭૯૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬.૫ કરોડ ડૉલર ઘટીને ૧૮.૧૭૬ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૧.૬ કરોડ ડૉલર ઘટીને ૪.૪૧૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ધાતુમાં આગળ ધપતો ભાવઘટાડો

મુંબઈઃ અમેરિકાએ રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરવાની સાથે ચીને પણ વળતા જવાબ રૂપે અમેરિકાથી આયાત થતી ચીજો પર ૩૪ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લેતા વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર સર્જાવાની ભીતિ સપાટી પર આવતા વૈશ્વિક બજારોમાં ધાતુઓના ભાવમાં ગાબડાં પડ્યાં હતાં આમ દરિયાપારની બજારોનાં નિરુત્સાહી અહેવાલે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૯૩ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ નહોતા ક્વૉટ થયા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૯૩ ઘટીને રૂ. ૩૧૩૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૪૦ ઘટીને રૂ. ૭૯૧, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૩૮ ઘટીને રૂ. ૧૩૩૮, કોપર સ્ક્રેપ હેવીના કિલોદીઠ રૂ. ૩૬ ઘટીને રૂ. ૭૮૨, કોપર વાયરબારના કિલોદીઠ રૂ. ૩૪ ઘટીને રૂ. ૮૦૭, કોપર આર્મિચરના કિલોદીઠ રૂ. ૩૩ ઘટીને રૂ. ૭૭૫ અને બ્રાસ શીટ કટિંગ્સના રૂ. ૧૮ ઘટીને રૂ. ૫૭૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૨૩૭ અને ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૨૫૭ અને રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૪૦ અને રૂ. ૧૯૮ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ ક્વૉટ નહોતા થયા. ■

# ભારતીય ચોખા પર ૨૭ ટકા ટેરિફ એ કામચલાઉ અંતરાયઃ નિકાસકારો

નવી દિલ્હીઃ અમેરિકાએ ભારતથી થતી આયાત સામે ૨૭ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હોવાથી ભારતીય ચોખાના નિકાસકારોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે. જોકે, ઉદ્યોગનાં અગ્રણીઓ જણાવે છે કે ભારતીય ચોખામાં પરંપરાગત સ્પર્ધાત્મકતા વધુ હોવાથી લાંબા ગાળે તેની અસર મર્યાદિત રહેશે.

એકંદરે ટેરિફને પગલે આગામી ટૂંકા સમયગાળામાં ભાવમાં વધઘટ રહેશે, પરંતુ બેથી ત્રણ મહિનામાં બજારમાં સ્થિરતા આવી જતાં ૨૭ ટકા ટેરિફ એ કામચલાઉ અંતરાય છે તેનાથી કાયમી ધોરણે નિકાસ અટકશે નહીં. વ્યૂહાત્મક યોજના અને ફ્લેક્સિબિલિટીથી આપણા વેપારમાં માત્ર સલામતી જ નહીં આવે, પરંતુ અમેરિકી બજારમાં આપણો પગપેસારો પણ વધશે, એમ ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશનનાં રાષ્ટ્રીય પ્રમુખ પ્રેમ ગર્ગે જણાવતા ઉમેર્યું હતું કે ટેરિફ નોંધપાત્ર હોવા છતાં નિકાસકારોએ ચિંતા કરવા જેવું નથી કેમ કે ભારતીય બાસમતી ચોખા માટે અમેરિકા ભારતની મોટી બજાર નથી. ગત નાણાકીય વર્ષ ૨૦૨૪માં ભારતની બાસમતી ચોખાની નિકાસ ૫૨.૪ લાખ ટનની થઈ હતી તેમાં અમેરિકા ખાતે નિકાસ ૨.૩૪ લાખ ટનની રહી હતી, જ્યારે ગત એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન થયેલી કુલ ૪૨ લાખ ટન બાસમતી ચોખાની નિકાસમાંથી અમેરિકા ખાતે ૨.૦૪ લાખ ટનની નિકાસ થઈ હતી. જોકે, પશ્ચિમ એશિયા ભારતીય બાસમતી ચોખાનું મુખ્ય બજાર હોવાનું તેમણે જણાવ્યું હતું. વધુમાં નિકાસકારો જણાવે છે કે અમેરિકાએ ટેરિફમાં વધારો કર્યો હોવા છતાં ભારતને અન્ય સ્પર્ધક દેશોના ભાવની સરખામણીમાં લાભ મળી રહ્યો છે. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ચોખાની નિકાસ કરતાં મુખ્ય દેશો પર ઊંચી ટેરિફ લાદી છે. જેમાં ખાસ કરીને ચીન પર ૩૪ ટકા, વિયેટનામ પર ૪૬ ટકા, પાકિસ્તાન પર ૩૦ ટકા અને થાઈલેન્ડ પર ૩૭ ટકા ટેરિફ લાદી છે. આમ અન્ય દેશોની સરખામણીમાં ભારત પર લાદવામાં આવેલી ૨૭ ટકા ટેરિફ પ્રમાણમાં ઓછી હોવાથી ટેરિફનો પણ સ્પર્ધાત્મક ધોરણે લાભ મળ્યો છે. આમ ઓછી ટેરિફનો ભારતને સ્પર્ધાત્મક લાભ મળશે, એમ ગર્ગે જણાવ્યું હતું. વધુમાં કોલકાતા સ્થિત ચોખાના નિકાસકાર રાઈસવિલાનાં ડિરેક્ટર સુરજ અગરવાલે જણાવ્યું હતું કે અમેરિકી ટેરિફને કારણે લાંબાગાળે ભારત પર કોઈ અસર જોવા નહીં મળે. ભારતીય બાસમતી ચોખાએ અમેરિકન ગ્રાહકનો વિશ્વાસ અંકે કરેલો છે. ■

# સુંદર બાળપણ : અત્યારનાં બાળકો બુદ્ધિશાળી અને ચપળ પણ મા-બાપો માટે મોટી મોબાઈલ સમસ્યા

આજના ટેકનોલોજીના દોરમાં મોબાઇલ એ જરૂરી દૂષણ બની ગયેલ છે. ગમે કે ના ગમે પણ તેના વગર જીવન શકય નથી. આજકાલના આ સ્કૂલ ગોઇંગ ચિલ્ડ્રનમાં બુદ્ધિમતાની કમી નથી, ઇનફેકટ તેઓ આપણે જયારે તેની ઉંમરના હતા તેના કરતાં તેઓ વધારે બુદ્ધિશાળી અને ચપળ છે પણ મોબાઇલ ફોન આ વિદ્યાર્થીઓના મા-બાપો માટે બહુ મોટી સમસ્યા થઇ ગયેલ છે.

આવી જ સમસ્યાનો સામનો ઇસ્ટ ઇંગ્લેન્ડની સુફોલ્ક કાઉન્ટીની એક શાળાએ જતી ૮ વર્ષની વિદ્યાર્થિનીની ૪૧ વર્ષની માતા ડેઇઝી ગ્રીનવેલ ગડમથલમાં હતી કે તેની બાળકીને મોબાઇલ ફોન આપવો કે નહીં, પણ આખરે નક્કી કર્યું કે આપવો જોઇએ, તેથી આપી દીધો. પણ જયારે તેણે આ વાત અન્ય પેરેન્ટસને કરી તો જાણ્યું કે બધા આ જ દ્વિધામાં હતા કે શું કરવું નિશાળે જતા બાળકોને મોબાઇલ ફોન આપવો કે નહીં?

ડેઇઝીને અન્ય માતા-પિતા સાથે આ અંગે વાતો કરતા જાણવા મળ્યું કે સ્કૂલ ગોઇંગ ચિલ્ડ્રન ઉપર મોબાઇલ ફોનની અવળી અસરો તેઓના ભણવા ઉપર પડે છે તેથી નિશાળે જતા વિદ્યાર્થી કે વિદ્યાર્થિઓને ૧૧ વર્ષ કે ૧૬ કે ૧૮ વર્ષ કઇ ઉંમરે મોબાઇલ ફોન ઉપલબ્ધ કરાવવો જોઇએ તે અંગે તેના વિચારો વ્યક્ત કરીને વધુ ચર્ચા કરવા તેણે વૉટસઍપ ઉપર સ્કૂલે જતા ચિલ્ડ્રનના પેરેન્ટસનું એક ગ્રૂપ બનાવ્યું અને તેને એટલો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો કે જોતજોતામાં ૧૩,૦૦૦ બ્રિટિશ સ્કૂલના ૧,૨૪,૦૦૦ પેરેન્ટસ એ સ્માર્ટફોન ફ્રી ચાઇલ્ડ હૂડ મોહિમ શરૂ કરી દીધી. તેઓના સર્વેમાં જાણવા મળ્યું કે ૧૫ વર્ષથી નીચની વયના બાળકોમાં સ્માર્ટ ફોનના કારણે ૬૯ ટકા બાળકોમાં અશ્લીલ બિભત્સ અને વાયોલન્ટ કન્ટેનના કારણે બહુ નેગેટીવ અસરો પડે છે જે તેના બિહેવિયરમાં વ્યક્ત થાય છે. જેમ ડ્રગ્ઝના બંધાણીઓ ડ્રગ્ઝ વગર તડફડે છે તેમ એકવાર સ્માર્ટ ફોનના આદી બાળકો જયારે તેમના પાસેથી સ્માર્ટફોન લઇ લેવામાં આવે છે ત્યારે તેઓ પણ સ્માર્ટફોન વગર નથી રહી શકતા અને તેઓનું વર્તન બહુ જંગલી અને ભાષા પણ બહુ ખરાબ થઇ જાય છે.

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

બ્રિટનમાં સોશિયલ મીડિયા અને સિવિલ સોસાયટી પણ આ હકીકતથી વાકેફ છે કે સ્માર્ટફોન આવતીકાલની પેઢીને બરબાદ કરી રહ્યું છે. તે વિષયને અનરૂપ એક ટીવી શો ‘એડોલસન્સ’ બહુ પ્રચલિત છે. જેમાં એક ટીનએજર બાળક ટીવી પરના પ્રોગ્રામો જોઇને એક મર્ડર કરે છે. આ શોના પ્રોડયુસરને બ્રિટનના પ્રાઇમ મિનિસ્ટર કૈર સ્ટારમરે તેના ઘરે ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાં બોલાવ્યા અને કહ્યું કે તે આ પ્રોગ્રામ તેના દીકરા અને દીકરી સાથે જુઓ છે અને શો સરસ છે પણ બાળકોમાં સ્માર્ટ ફોનની સમસ્યા ગંભીર છે પણ તે કાયદાથી કંટ્રોલ કરવી શકય નથી. તેના માટે મા-બાપ અને શાળાઓએ જ રસ્તો શોધવાની જરૂર છે. યુરોપના દેશોમાં પણ બાળકોના હાથમાં સ્માર્ટ ફોનની સમસ્યા છે. તેથી જ ડેનમાર્ક સરકારે સ્કૂલમાં સ્માર્ટ ફોન ઉપર બેન લગાવેલ છે. ફ્રાન્સમાં તો ૨૦૧૮થી જ પ્રાથમિક શાળામાં મોબાઇલ ફોન બેન કરેલ છે. નોર્વે પણ આ દિશામાં જઇ રહ્યું છે.

પેરેન્ટસ ગ્રૂપે તેઓના સર્વેમાં જાણ્યું કે બાળકો માત્ર સ્માર્ટફોનથી ખુશ નથી પણ ત્યાર પછી કોણ કયા બ્રાન્ડનો ફોન વાપરે છે. કઇ સાઇઝનો છે વગેરેના કારણે સુપરીયોરિટી અને ઇન્ફીરીયોરિટી કોમ્પ્લેકસનો ભોગ બને છે.

સ્માર્ટ ફોન કરી ચાઇલ્ડહૂડ ગ્રૂપની મીટિંગોમાં જાણવા મળ્યું કે ૧૨ વર્ષની આયુના બાળકો અઠવાડિયામાં ૨૧ કલાક સ્માર્ટ ફોનના સ્ક્રીન ઉપર ટાઇમ પાસ કરે છે અને ૧૫થી ૧૮ વર્ષની વયના બાળકોમાંથી ૭૯ ટકા બાળકો મહત્તમ સમય સ્માર્ટફોન ઉપર ગુજારે છે. મીટિંગમાં એ પણ જાણવા મળ્યું કે કેટલાંક શોના કન્ટેન્ટમાં ડિપ્રેશન, ટીનએજર્સની દોસ્તીમાં બ્રેકઅપ, મા-બાપ સામે બળવો અને ડ્રગ્ઝના કારણ વધી રહેલા પાર્ટી કલ્ચરના કારણે જે બાળકોની આર્થિક શક્તિ આવા ખર્ચા કરવા માટે શકય નથી તેઓમાં આપઘાતના પ્રયાસો થતા જોવા મળેલા છે.

મા-બાપ પણ કન્ફયુઝડ છે કે સલામતીની દૃષ્ટિએ અને બાળકો એક બીજા સાથે તેના વિષયોની ચર્ચા કરવા અને ઇર્મજન્સીમાં ફોન આપવો જરૂરી છે. તેથી બીજા દૂષણોની અવગણના કરીને પણ મોબાઇલ ફોન ૧૮ વર્ષની નીચેની ઉંમરના બાળકોના હાથમાં આપવો જરૂરી છે. આવામાં એક સમાચાર આવ્યા કે ફેબ્રુઆરી ૨૦૨૫માં બારનેટ પ્રોવીન્સના કોલીન્ડેલે નક્કી કર્યું છે કે ત્યાંની પબ્લિક સ્કૂલસમાં મોબાઇલ ફોન બેન કરવામાં આવે છે જેના કારણે ૬૩,૦૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલમાં મોબાઇલ લાવવાની મનાઇ છે. સોશ્યિલ મીડિયાના માધ્યમથી આ સમાચાર વાયુ વેગે ફેલાઇ રહ્યાં છે અને તેના કારણે અન્ય શાળાઓમાં અને વાલીઓમાં સ્માર્ટ ફોન ફ્રી ચાઇલ્ડહૂડની અસરો જોવા મળે છે. આ ડાર્ક સમયમાં એક સ્કૂલ બહુ સુંદર આઇડીયા લઇને આવી કે આજના જમાનામાં સલામતી અને સંદેશા માટે કદાચ બાળકોને મોબાઇલ ફોન આપવો જરૂરી છે. તેથી તેઓએ તેમના સ્ટુડન્ટસને નોકીયાના મોબાઇલ ફોન આપ્યા જેમાં માત્ર ફોન કરવાના, ફોન રિસિવ કરવાના અને એસએમએસ મોકલવાના જ ફીચર્સ છે. નથી તેના કેમેરા, નથી રેડિયો કે નથી યુ ટ્યુબ વગેરેની સવલતો.

મને ખબર નથી કે ભારતના કોઇ પ્રદેશો કે શહેરમાં આવું સ્માર્ટ ફોન ફ્રી ચાઇલ્હૂડ જેવું ગ્રૂપ છે કે નહીં કે જેમાં લાખો વાલીઓ જોડાયેલા હોય અને એક મોહિમ ચલાવતા હોય અને કલેક્ટિવલી સમસ્યાનું સમાધાન શોધતા હોય પણ આ વિચાર અને મોહિમ ખરેખર અસરકારક છે. કારણ કે આજના બાળકો એટલા સ્માર્ટ અને હોશિયાર છે કે તેઓને ભણાવવાની ચિંતા નથી પણ કેમ મોબાઇલ અને ટીવી સ્ક્રીનથી દૂર રાખવા તે જ માતા-પિતા માટે માથાનો દુખાવો છે. ‘‘ચાઇલ્ડહુડ ઇઝ ધ મોસ્ટ બ્યુટીફુલ મોમેન્ટસ ઓફ વન્સ લાઇફ નર્ચર ધેમ એન્ડ ડોન્ટ કીલ.’’ હવે પછીનો લેખ ૮ સપ્તાહના અવકાશ પછી પ્રસિદ્ધ થશે આપ સૌ વાંચકમિત્રોના સ્નેહબદલ ખૂબ ખૂબ આભાર. ■

# હાજર ખાંડમાં નરમાઈ, નાકા ડિલિવરીમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૪૦માં ટકેલા ધોરણે થયા હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૪થી ૧૨નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ ખપપૂરતી માગ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા



મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪થી ૧૨ના ઘટાડા સાથે રૂ. ૪૦૨૨થી ૪૧૨૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૭૦થી ૩૯૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૦થી ૪૦૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

# ટ્રેડ વૉરની ચિંતા અને પાંખાં કામકાજે ખાદ્યતેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતાં વિશ્વભરની કૉમૉડિટી બજારોમાં નરમાઈનું વલણ જોવા મળી રહ્યું હોવાથી ગઈકાલે શિકાગો ખાતે પણ સોયાતેલના વાયદામાં ૧૨૨ સેન્ટનો ઘટાડો આગળ ધપ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ અનિશ્ચિતતાનો માહોલ અને મલયેશિયન બજારના અહેવાલની ગેરહાજરી વચ્ચે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં નરમાઈના અન્ડરટોને ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૨૫ અને રૂ. ૧૨૮૦, અદાણીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૩૦ અને રૂ. ૧૩૯૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૪૦, રૂ. ૧૨૭૦ અને રૂ. ૧૩૯૦, ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૨૫ અને રૂ. ૧૩૮૦ તથા રૂચી અને એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નિરસ હતા અને માત્ર રવાનગીનાં કામકાજો થયાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૫, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૩૩૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનમાં વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હતા. ■



રાજકોટ માર્કેટયાર્ડમાં ૧૬૦૦થી વધુ વાહનોની આવક, આમાં ઘઉં, તુવેર, કપાસ, જીરું, એરંડા, કલોજીનો સમાવેશ.. (તસવીર–પ્રવીણ સેદાણી,રાજકોટ)

# કૉંગ્રેસ કાર્યાલયમાં ગ્યાસુદ્દીન શેખ-ભરત મકવાણા વચ્ચે લોકસભા ચૂંટણીના ફંડ મુદ્દે બબાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રદેશ કૉંગ્રેસ કાર્યાલય ખાતે બે નેતાઓ આમને-સામને આવી જતા માહોલ ગરમાયો હતો. કૉંગ્રેસ પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને લોકસભાના કૉંગ્રેસમાં અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના ઉમેદવાર ભરત મકવાણા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. એક સમય માટે વાતાવરણ એટલું ગરમ થઈ ગયું હતું કે બંને નેતાઓએ એકબીજા પર અપશબ્દોનો વરસાદ કરી નાખ્યો હતો.

૬૪ વર્ષ બાદ ગુજરાત ખાતે કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળવા જઈ રહ્યું છે. રાષ્ટ્રીય અધિવેશન માટે જે અંતર્ગત કૉંગ્રેસ કાર્યાલય ખાતે તબક્કાવાર બેઠકનો ધમધમાટ ચાલી રહ્યો છે. અલગ-અલગ કમિટીઓ બનાવી નેતાઓને અલગ-અલગ જવાબદારીઓ સોંપવામાં આવી છે. જે અંતર્ગત પ્રદેશ કૉંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક ચાલી રહી હતી તે જ સમયે પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને ૨૦૨૪ લોકસભા ચૂંટણી માટે અમદાવાદ પશ્ચિમ બેઠકના ઉમેદવાર ભરત મકવાણા વચ્ચે કોઈ વિષય પર બોલાચાલી થઈ હતી. બંને નેતાઓ વચ્ચે ચર્ચા એટલી ઉગ્ર બની હતી કે બંને નેતાઓ અપશબ્દ બોલવાની શરૂઆત કરી નાખી હતી.

આ બબાલ વચ્ચે કૉંગ્રેસના અનેક નેતાઓ હાજર હતા. પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખની ઓફિસમાં જ આ બબાલ થતા મામલો વધુ ગરમાયો હતો. મળતી માહિતી મુજબ બંને નેતાઓ વચ્ચે લોકસભા ચૂંટણીના ફંડ મુદ્દે બબાલ થઈ હતી. જે વધુ ઉગ્ર બની હતી અને એક નેતાએ તો બીજા નેતાનો કોલર પણ પકડ્યો હતો. જોકે હાજર રહેલા અન્ય નેતાઓએ મધ્યસ્થી કરી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. ■

# પાન મસાલા અને તમાકુના વેપારીઓને ત્યાં જીએસટીના દરોડા

## પાંચ કરોડથી વધુની કરચોરી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જીએસટી વિભાગની ટીમે રાજ્યમાં પાન મસાલા અને તમાકુના વેપારીઓને દરોડા પાડ્યા હતા. સ્ટેટ જીએસટી વિભાગને મળેલી ચોક્કસ બાતમીના આધારે જીએસટીના અધિકારીઓ એ રાજ્યના અલગ અલગ શહેરોમાં દરોડા પાડ્યા હતા. અમદાવાદ, વાપી, વલસાડ, ડીસા, હિંમતનગર અને સતલાસણામાં જીએસટી વિભાગે સપાટો બોલાવ્યો હતો. આઠ વેપારીઓને ત્યાં ૨૦થી વધુ સ્થળોએ જીએસટી વિભાગે રેડ કરી હતી. જેમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ, ગોડાઉન, ડિસ્ટ્રિબ્યૂટર્સ અને છૂટક વેપારીઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન બિનહિસાબી રોકડ વ્યવહારો, બિનહિસાબી વેચાણ અને બિનહિસાબી સ્ટોક સહિતની ગેરરીતિઓ સામે આવી હતી. જેમાં જીએસટી વિભાગની રેડ દરમિયાન પાંચ કરોડની ચોરી પકડાઈ હતી. ■

# રામનવમી બંદોબસ્તની સમીક્ષા કરવામાં આવીઃ અમદાવાદમાં શોભાયાત્રાઓની ૨૩ જેટલી અરજી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રામનવમીના તહેવાર સંદર્ભે અમદાવાદ પોલીસના તમામ પીઆઈ અને ઉચ્ચ અધિકારીઓની એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં અસામાજિક તત્ત્વો વિરુદ્ધ કામગીરીની સમીક્ષા કરાઈ. રામનવમી તહેવાર અંગે સુરક્ષા બંદોબસ્તની ચર્ચા થઈ હતી. ડીજીપીએ આપેલા નિર્દેશો અનુસાર ૧૦૦ કલાક બાદ થયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

અમદાવાદ શહેર કમિશ્નર જી.એસ. મલિકે જાણકારી આપતા કહ્યું હતું કે, સીસીટીવીનો મહત્વનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. અમે સીસીટીવી ઈન્સ્ટોલેશન માટે લોકોને સમજાવ્યા હતા. ૧૪૦૦૦ પૈકી ૨૫૦ સીસીટીવી કેમેરાની ફીડ કન્ટ્રોલ રૂમ સુધી મળે છે. સંવેદનશીલ વિસ્તારમાં એસઆરપી બંદોબસ્તમાં ગોઠવાઈ છે. આ ઉપરાંત આજે રામનવમી પર્વ નિમિત્તે જે યાત્રાઓ નીકળવાની છે તેની સુરક્ષા મુદ્દે પણ સમીક્ષા કરવામાં આવી.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ આગામી રામનવમી તહેવાર નિમિત્તે શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સચેત છે. અમદાવાદ જેવા વિશાળ શહેરમાં અનેક રામ મંદિરો છે. જેમાંથી મોટા રામ મંદિરો યાત્રાનું પણ આયોજન કરવાના છે. તેથી પોલીસને અત્યાર સુધી આવી યાત્રાઓ માટે ૨૩ અરજીઓ મળી ચૂકી છે. તેથી જ સમગ્ર શહેરના સંવેદનશીલ વિસ્તારોમાંથી ૨૫૦ સીસીટીવી કેમેરા કંટ્રોલ રૂમને લાઈવ ફીડ મોકલશે. જેના પરિણામે કોઈ છમકલુ કે અનિચ્છનિય ઘટના બનવાની શરૂઆતમાં જ પોલીસ એક્શન લઈ શકે. ■

# નાકમાંથી રક્તસ્ત્રાવ કરાવતી ગરમી

## ૪૪.૫ ડિગ્રી સાથે ભારતમાં સૌથી વધુ તાપમાન ભુજમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભીષણ ગરમીના વર્તારા વચ્ચે રણપ્રદેશ કચ્છમાં ચૈત્ર માસના ધોમધખતા તાપે જનજીવનને બાનમાં લીધું છે. ચૈત્રી નવરાત્રીની દુર્ગાષ્ટમીના સપરમા દિવસે ભુજ ૪૪.૫ ડિગ્રી સેલ્સિયસ જેટલા મહત્તમ તાપમાન સાથે દેશનું સૌથી ગરમ મથક બન્યું હતું. વાતાવરણમાંથી ભેજ અદ્રશ્ય થતાં અને ૨૨ કિલોમીટર પ્રતિ કલાકે ઉત્તર-પશ્ચિમ દિશાએથી વાઈ રહેલા ગરમ પવનોને કારણે ગરમીની અનુભૂતિ ૪૬ ડિગ્રી સે.જેટલી થવા પામી રહી છે જે વિશ્વના ગરમ પ્રદેશોની સમકક્ષ છે.

હજુ ચૈત્ર મહિનાને એક પખવાડિયાનો સમય બાકી હોઈ, આ ગરમી ક્યાં જઈને અટકશે તે વાત ટોક ઓફ ધી ટાઉન બનવા પામી છે. વાગડથી લઇ કોટેશ્વર સુધી ગરમ વાયરા ફૂંકાતા જનજીવન તોબા પોકારી ઊઠ્યું છે. કંડલા (એ) કેન્દ્રમાં મહત્તમ તાપમાન ૪૨. ડિગ્રીએ પહોંચતા અંજાર-ગાંધીધામ વિસ્તાર ગરમીમાં શેકાયા હતા અને સવાર પડવાની સાથે જ આભમાંથી અગનજવાળા વરસવાનું શરૂ થઈ ગયું હતું. કંડલા પોર્ટમાં ૪૧ અને નલિયામાં ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. લઘુત્તમ પારો ૨૭ ડિગ્રી જેટલો ઊંચો રહેતા ઉકળાટનો દોર યથાવત રહ્યો હતો. રણકાંધીના રાપરમાં ૪૩ જયારે ખાવડામાં ૪૨ ડિગ્રી તાપમાને ગરમીનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળ્યું હતું. ■

# રાજકોટમાં ડમી શાળા સંચાલકો માત્ર રજિસ્ટર પર શાળા ચલાવતા હોવાનો ઘટસ્ફોટ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માત્ર વસ્તુઓ કે અધિકારીઓ જ નહીં પરંતુ શાળાઓ પણ ડમી ચાલતી હોવાનું બહાર આવ્યું હતું. રાજકોટમાં ડમી શાળા સંચાલકો માત્ર રજિસ્ટર પર શાળા ચલાવતા હોવાનો ઘટસ્ફોટ થયો હતો. સ્થાનિક તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કે તપાસ કરવામાં આવી નહોતી. મહત્ત્વની વાત એ છે કે, રાજ્ય શાળા સંચાલક મહામંડળના મહામંત્રી પ્રિયવદન કોરાટે આ મામલે અનેક વખત પત્ર લખ્યાં હતા. આ મામલે ગંભીરતાથી તપાસ થવી જરૂરી હોવાથી કેન્દ્રમાંથી તપાસ કરવામાં આવી અને જેના કારણે ગુજરાતનું શિક્ષણ વિભાગ પણ દોડતું થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર શિક્ષણ વિભાગે ખાનગી રીતે આ શાળાની તપાસ કરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું અહીં શાળામાં કોઈ વિદ્યાર્થીઓ તો ભણતા જ નથી, તેમના નામ માત્ર રજિસ્ટરમાં દાખલ કરી દેવામાં આવ્યાં હતાં. શાળા સંચાલકોએ ક્લાસિસ સંચાલકો સાથે ગોઠવણ કરી હતી. જેમાં ધોરણ ૧૦ પછી વિદ્યાર્થીઓના શાળામાં માત્ર નામ ચઢાવવામાં આવતા હતા. બાકી આ વિદ્યાર્થીઓને ક્લાસિસ કરવા માટે મોકલી દેવામાં આવતાં! જેમાં વિદ્યાર્થીઓને બમણી ફી ભરવી પડતી હતી. મહત્ત્વની વાત એ છે કે, આના કારણે સામાન્ય પરિવારોમાંથી આવતાં બાળકોને વધારે તકલિફનો સામનો કરવો પડતો હતો.

ધોરણ ૧૦ પાસ કર્યા પછી જ્યારે ૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં માત્ર દસ્તાવેજો પર જ વિદ્યાર્થીઓના નામની નોંધણી કરવામાં આવતી હતી. એટલું જ નહીં પરંતુ ડમી શાળા સંચાલકો ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષા માટે નકલી હોતું, જેમાં કોઈ પણ પ્રકારની પ્રેક્ટિકલ પરીક્ષા આપ્યાં વિના વિદ્યાર્થીઓને પાસ કરી દેવામાં આવતા હતાં. સ્થાનિક તંત્રએ આ બાબતે કોઈ કાર્યવાહી કરી નહોતી એવા પણ આક્ષેપો લાગ્યાં છે. જો કે, કેન્દ્રમાંથી તપાસ થતા આખરે રાજ્યનું શિક્ષણ વિભાગ દોડ્યું અને, પરંતુ પ્રશ્ન એ છે કે, અત્યારે શાળામાં રજાઓ ચાલી રહી હોવાથી કાર્યવાહી અટકી ગઈ છે.

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગે સઘન તપાસ કરાવવી જોઈએ કે રાજ્યમાં આવી કેટલી ડમી શાળાઓ ચાલે છે! આવી શાળાઓના સંચાલકો સામે કાર્યવાહી પણ થવી જોઈએ. કારણ કે, વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે, આવા લોકો માત્ર રૂપિયા માટે વિદ્યાર્થીઓને ભવિષ્યને બગાડી રહ્યાં છે. એટલું જ નહીં પરંતુ એવી ક્લાસિસ સામે પણ કાર્યવાહી થવી જોઈએ જે આવી રીતે વિદ્યાર્થીઓના ભાવિ સાથે રમત રમી રહ્યા છે. ફરિયાદો તો અનેક થઈ રહી છે પરંતુ તંત્ર દ્વારા કેવી કાર્યવાહી કરવામાં આવે છે તે જોવું રહ્યું! ■

# બે હજારની લાંચ લેવાના કેસમાં દેશલપર (ગુંતલી)ની મહિલા તલાટીની જામીન અરજી એસીબી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અરજદાર પાસે ગ્રામ પંચાયતનો દાખલો આપવાના બદલામાં બે હજાર રૂપિયાની લાંચ લેતા પકડાયેલી નખત્રાણાના દેશલપર (ગુંતલી)ની મહિલા તલાટી ચંદ્રિકાબેન મગનલાલ ગરોડાએ દાખલ કરેલી નિયમિત જામીન અરજી ભુજની વિશેષ એસીબી કોર્ટે ફગાવી દીધી હતી. હોટેલ-રેસ્ટોરન્ટ ઉદ્યોગ માટે એક અરજદારે ૫૨૫ ચોરસ મીટર સરકારી પડતર જમીન ફાળવવા મહેસૂલ તંત્ર સમક્ષ મૂકેલી માંગણી અન્વયે આ જમીન ગૌચરની નથી તેવા અભિપ્રાયનો દાખલો અને પંચાયતનો ઠરાવ આપવાની અવેજમાં આરોપીએ વોટસએપ પર સંદેશો મોકલીને બે હજાર રૂપિયાની લાંચની માંગણી કરી હતી.

ત્યારબાદ ગત ૨૧મી માર્ચના રોજ લાંચ રુશવત વિરોધી શાખાએ પંચાયત કચેરીમાં છટકું ગોઠવીને આરોપીને લાંચ સ્વીકારતાં રંગેહાથ ઝડપી લીધી હતી. ગુનામાં આરોપીની પ્રાથમિક સંડોવણી હોવાનું માનીને કોર્ટે તપાસ હજુ ચાલું હોવાનું જણાવી જો જામીન પર છોડાય તો તપાસને અસર થઇ શકે છે તેમ કહી વિશેષ જજ શિલ્પાબેન કાનાબારે અરજી ફગાવી દીધી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભચાઉના કડોલમાંથી બોગસ તબીબ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ તાલુકાના કડોલ ગામમાંથી પોલીસે વગર ડિગ્રીએ લોકોની દવા કરતા એક બોગસ તબીબને પકડી લઇ ગુનો નોંધ્યો હતો. કડોલ ગામમાં રામમંદિર પાસે આશીર્વાદ ક્લિનિક નામનું પતરાંનું દવાખાનું ચલાવનારા શખ્સ પાસે કોઈ માન્ય ડિગ્રી ન હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે અરબન હેલ્થ ઓફિસરને સાથે રાખી છાપો માર્યો હતો.

પોલીસે સનેસડા, ભાભર, બનાસકાંઠાના બળદેવ તલાજી ઠાકોર નામના શખ્સની ધરપકડ કરી હતી. મેડિકલ કાઉન્સિલના પ્રમાણપત્ર વગર લોકોની દવા કરી, સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા આ શખ્સની દુકાનમાંથી રકતચાપ (બ્લડપ્રેશર) માપવાનું મશીન, જુદી-જુદી ગોળી, ઈન્જેકશન વગેરે મળીને કુલ રૂપિયા ૫૪૪૬નો મેડિકલને લગતો સામાન જપ્ત કરી, તેની વિરુદ્ધ કાયેદેસરની તપાસ હાથ ધરી છે. ■

## ‘અટલ બિહારી બાજપાઈજી ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ’

# ભાવનગરમાં આજથી અટલ બિહારી બાજપાઈજી ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ૭ એપ્રિલ ૨૦૨૫ ભારતીય જનતા પાર્ટીના ૪૬મા સ્થાપના દિવસની સંધ્યાએ ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં શહેર સંગઠન દ્વારા ‘અટલ બિહારી બાજપાઈજી ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ’ શરૂ થશે, જેમાં ભાવનગર ભાજપના સ્વર્ગીય આગેવાનો તેમ જ દેશના વિરલાઓ, શહીદો અને મહાનુભાવો જેમકે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ઇલેવન તેમ જ મહારાણા પ્રતાપ ઇલેવન, છત્રપતિ શિવાજી મહારાજ ઇલેવન, સુભાષચંદ્ર બોઝ, શહીદ ભગતસિંહ, વિરાંગના રાણી લક્ષ્મીબાઈ અને રાણી ઝલકારી બાઈ (મહિલા ઇલેવન), ચંદ્રશેખર આઝાદ, શહીદ રાજ્યગુરુ, ડો. શ્યામાપ્રસાદ મુખરજી, પંડિત દીનદયાળજી, સરદારસિંહજી રાણા, નાનાજી દેશમુખ, સ્વ. હરીસિંહજી ગોહિલ, સ્વ. નગીનભાઈ શાહ, સ્વ. અશોકભાઈ દવે, સ્વ. જે ટી દવે, સ્વ. સનતભાઈ મોદી ઇલેવન જેવી અઢાર જેટલી ટિમો વચ્ચે બોલ અને બેટનો જંગ જામશે. ■

# પાલનપુરમાં નાયબ નિરીક્ષક સાત હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આરોગ્યને લગતું પરમીટ કાઢી આપવા પેટે અરજદાર પાસેથી રૂ. સાત હજારની લાંચ લેતા પાલનપુરના નશાબંધી અને આબકારી કચેરીના નાયબ નિરીક્ષક હિતેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ મસાણીને બોર્ડર એકમ ભુજના લાંચ રુશવત વિરોધી શાખાએ રંગેહાથ ઝડપી લેતાં ભ્રષ્ટ સરકારી બાબુઓમા ફફડાટ વ્યાપ્યો છે.

આ કાર્યવાહી અંગે પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, હેલ્થ પરમીટ લાઇસન્સ કાઢી આપવા માટે આરોપીએ અરજદાર પાસેથી લાંચ માગી હતી, જે અંગે અરજદારે લાંચ રુશ્વત બ્યૂરોને જાણકારી આપતાં ટ્રેપિંગ અધિકારી એન.એ. ચૌધરી-પીઆઈ અને સુપરવિઝન અધિકારી એમ.જે. ચૌધરી-ઈન્ચાર્જ મદદનીશ નિયામક, એસીબી બોર્ડર એકમ-ભુજએ ગોઠવેલા છટકામાં આરોપી હિતેન્દ્રસિંહ લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે તેમની સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભાવનગરના ધોળા ગામે રિસામણે રહેતી પત્ની પર પતિએ છરીના ઘા ઝીંકી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ઉમરાળા તાલુકાના ધોળા ગામે રહેતી પરિણીતાના પિયરમાં આવી પતિએ બપોરના સુમારે પત્નીને ઘર કંકાસને પગલે છરીના તિક્ષ્ણ ઘા ઝીંકી દઇ પરિણીતાની હત્યા કરી નાખતા અરેરાટી મચી હતી. આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના સિહોર ખાતે સાસરિયું ધરાવતી સોનલબેન ગોવિંદભાઇ રાઠોડ ઘરકંકાસ અને પતિ ચારિત્ર્ય પર શંકા કરતો હોય જેને લીધે સાતેક માસથી તેના ધોળા ગામે પિયરમાં રહેતી હતી જે વેળાએ સોનલબેનનો પતિ સંજયભાઇ પાટડીયા ધોળા ગામે આવી, સસરા સાથે સમાધાન કરવા આવ્યો છું તેમ સાસુને કહી, પરિણીતાને તારાં માટે કપડા લાવ્યો છું. તેમ કહી સોનલબેનને રસોડામાં લઇ ગયો હતો અને બાદમાં પરિણીતા રસોડામાં આવતા પત્ની ઉપર ઉપરાછાપરી પેટના ભાગે છરીના ઘા ઝીંકી, લોહીલુહાણ કરી, નિર્મમ હત્યા કરી નાસી છૂટ્યો હતો. જે બાદ રસોડામાં લોહીલૂહાણ હાલતે રહેલ સોનલબેનને તેના ભાઇ, માતા અને પિતાએ ખાનગી એમ્બ્યુલન્સમાં ઉમરાળા ખાતે સરકારી હોસ્પિટલ ખાતે લઇ ગયા હતા, પરંતુ તબીબે સોનલબેનને મૃત જાહેર કરતા સમગ્ર બનાવ હત્યામાં પલટાઇ જવા પામ્યો હતો.

બનાવની જાણ ઉમરાળા પોલીસને થતાં પોલીસે ધોળા ગામે જઇ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી અને ફરાર થયેલા પતિની શોધખોળ શરૂ કરાઇ છે. સોનલબેનની માતા વસંતબેને તેના જમાઇ સંજય પાટડિયા વિરુદ્ધ ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

## ખાવડા માર્ગ પર વેકરિયાના રણ પાસે ડમ્પર અને કાર વચ્ચે સર્જાયેલા

# ગમખ્વાર અકસ્માતમાં ભુજના જાણીતા યોગ શિક્ષકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ તાલુકાના અકસ્માત ઝોન બની ચૂકેલા ખાવડા માર્ગ પર ગત શુક્રવારે બપોરે વેકરિયાના રણ અને ભીરંડિયારા વચ્ચે ટાટા નેનો કાર અને ડમ્પર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં કચ્છના પૂર્વ યોગ કો-ઓર્ડિનેટર હિતેશ પ્રવીણચંદ્ર કપૂર (ઉ.વ.૫૧)નું કમકમાટીભર્યું મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ભુજની સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજમાં યોગ શિક્ષક તરીકે ફરજ બજાવતા હતભાગી હિતેશ કપૂર બપોરના અરસામાં પોતાની કારથી ખાવડા માર્ગ પરની એગ્રોસેલ કંપનીમાં યોગની તાલીમ આપવા માટે જઈ રહ્યા હતા. તેઓ વેકરિયાના રણ પાસે પહોંચ્યા ત્યારે સામેથી આવેલા ડમ્પર સાથે અકસ્માત નડ્યો હતો. ભીષણ ટક્કર બાદ પલટી મારેલી કારમાંથી હિતેશભાઈ ફંગોળાયા હતા, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

## અમદાવાદની વીએસ હોસ્પિટલની મેડિકલ કોલેજના બીજા વર્ષમાં ભણતી

# વિદ્યાર્થિનીએ હોસ્ટેલ રૂમમાં ગળે ફાંસો ખાધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વીએસ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી એનએચએલ મેડિકલ કોલેજમાં એમબીબીએસના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી વિદ્યાર્થિનીએ કયા કારણસર આપઘાત કર્યો તે મામલે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

એનએચએલ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કોલેજની હોસ્ટેલમાં રૂમ નંબર ૪૨૪માં અન્ય વિદ્યાર્થિની સાથે રહેતી હતી. શુક્રવાર રાતના સમયે વિદ્યાર્થિનીએ તેની મિત્ર બહાર જતા રૂમનો દરવાજો બંધ કરી ૧૦ વાગ્યાની આસપાસ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વિદ્યાર્થિનીની મિત્ર રૂમ પર પરત આવતા રૂમ બંધ હોવાથી તપાસ કરતા વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ લીધો હોવાની જાણ થઈ હતી.

બનાવની જાણ થતા જ કોલેજ પ્રશાસન અને પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતક પાસેથી કોઈ સુસાઇડ નોટ મળી આવી નથી. મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરી પરિવારને સોંપવામાં આવ્યો છે. મૃતકનો મોબાઈલ નંબર કબજે કરી પોલીસ મોતનું કારણ જાણવા તપાસ કરી રહી છે. ■

# ગુજરાતમાં આઠ જિલ્લાની કોર્ટમાં વકીલો માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવાશેઃ ૮૨ કરોડની વહીવટી મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારના પ્રવક્તા અને કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની કુલ ૮ જિલ્લાની કોર્ટ જ્યુડિશિયરીની કોર્ટ પરિસરમાં વકીલોને બેસવા માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવવામાં આવશે. આ બિલ્ડિંગના બાંધકામ માટે કુલ ૮૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાતમાં વકીલાત કરતા વકીલોના હિત માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા વકીલ મિત્રો માટે કોર્ટ પરિષદમાં એક અલાયદી બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. તેમના માટે કોર્ટ પરિષદમાં જ એક અલાયદા બેઠક વ્યવસ્થા બનાવવામાં આવશે.

જે અંતર્ગત જામનગરમાં રૂ. ૩૨.૪૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગરમાં રૂ. ૭.૨૦ કરોડ, ભાવનગરમાં રૂ. ૧૪.૪૩કરોડ, મોરબીમાં રૂ. ૭.૭૮ કરોડ, મહિસાગર-લુણાવાડામાં રૂ. ૧.૫૪ કરોડ, નડિયાદ- ખેડામાં રૂ. ૯.૮૨ કરોડ, આણંદ-બોરસદમાં રૂ. ૩.૨૩ કરોડ તથા છોટા ઉદેપુરમાં રૂ. ૫.૬૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. ■